Dirty Game (Gujarati Edition)

Bharat Tanna

VISIT...

LANZAROTE Caliente.COM

પાવર, પૈસા
અને પ્રતિષ્ઠા માટે
ખેલાતા ખેલની
દિલધડક કથા

DIRTY GAME

ભરત તન્ના

લોકપ્રિય નવલકથા 'Total બોયફ્રેન્ડ'ના લેખક



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

DIRTY
ગેમ

પાવર, પૈસા અને પ્રતિષ્ઠા માટે
ખેલાતા કાતિલ ખેલની દિલધડક કથા

ભરત તન્ના

સંપર્કસૂત્ર
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
7, 'અર્થબાગ' 116, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

DIRTY GAME

Novel

Written by Bharat Tanna
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2019


ePub Version 3.0.1
eISBN : 978-93-8888-262-0

અર્પણ

વ્હાલસોયી ભગીનીઓ,
સ્વ. નર્મદાબહેન, સ્વ. સવિતાબહેન અને સ્વ. નિર્મળાબહેનને,
વિનમ્રભાવે, સહોદરી સ્નેહ સાથે.....

સમયની સાથે જેઓ સરકી ગઈ,
હૃદયકુંજે સદા વિલસતી રહી

મૈત્રીના મંત્રની પ્રેરણાત્મક કથા



'હાફ' નહીં, પણ 'Total બૉયફ્રેન્ડ!'

બે પ્રેમીઓ જ્યારે લગ્ન પછી 'વાઇફ' – 'હસબન્ડ' બને છે ત્યારે પણ, શું એ બંને જણાં એકબીજાં માટે, લગ્ન પહેલાં હતાં એવાં જ, 'મિત્રો' બનીને રહી શકે? લગ્ન પહેલાંની ફ્રેન્ડશિપમાં જેટલી ઉત્કટતા અને પરસ્પરને પામવાની તીવ્ર તરસ હોય છે એટલી જ ઉત્કટતા લગ્ન પછી પણ લીલીછમ્ રહી શકે?

હું લગ્ન પછી તારો પતિ તો ખરો જ, પણ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી હું તારો ફ્રેન્ડ, તારો બૉયફ્રેન્ડ, તારો Total બૉયફ્રેન્ડ બનીને રહીશ!

આવો એકરાર આજ સુધી કોઈએ કર્યો છે ખરો? અને કર્યો હોય તો નિભાવ્યો છે? આજ સુધીની તમામ લવસ્ટોરી કરતાં કંઈક જુદી જ આબોહવામાં જન્મેલી અને પાંગરેલી આ કથા તમને કોઈ જુદી જ દુનિયામાં લઈ જશે.

કોઈની ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ 'હાફ' નહીં પણ Total જ હોવા જોઈએ – પરફેક્ટ જ હોવા જોઈએ! આવા Total બૉયફ્રેન્ડને મળવું હોય તો આ નવલકથા તમે અચૂક વાંચો જ!

આજે જ વાંચો...

Total બૉયફ્રેન્ડ

નજીકનાં બુકસેલરને ત્યાં મળશે.

ઋણ સ્વીકાર

પરમની પ્રેરણા, પોતાનાનો પ્રેમ, પ્રકાશકશ્રીની પ્રતિબદ્ધતા અને વાચકોના વ્હાલથી જ પુસ્તક પ્રકાશ પામી શકે. મારા માટે આ બધું આત્મીય ઋણ છે, જેનો સદૈન્ય સ્વીકાર કરતા હું ધન્ય થયો છું.

મારા જેવા પા પા પગલી પાડનાર કલમીની આંગળી પકડીને, પંકમાંથી સીધો પાકા રસ્તા પર ચઢાવનાર, ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત પ્રકાશનગૃહ મે. આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.નો હું વિશેષ ઋણી છું. મારી પત્ની
ડૉ. મધુનું ઋણ અદા કરી તેને વામણી નહીં દેખાડું પરંતુ તેનો નામોલ્લેખ નહીં કરું તો હું અધૂરો રહીશ. મારા સંતાનો, કુલદીપ, ભૂમિ, અમી અને શેખરે સસ્નેહ અમારી જવાબદારી સ્વીકારી છે, તેઓનો હું ઋણી છું.

આમુખ

'Dirty ગેમ' એક પત્રકારની વ્યાવસાયિક જિંદગીમાં ડોકિયું કરાવતી નવલકથા છે. પત્રકારિત્વને વ્યવસાય તરીકે અપનાવવો એ જ એક દાદ માંગતું પગલું છે. જીવનની અનિયમિતતા, રઝળપાટ અને માથા પર મોત લઈને ફરવા છતાં તેના મેળવેલા સમાચારોને વર્તમાનપત્રમાં કેટલું મહત્ત્વ મળશે તે એક સવાલ રહેતો હોય છે.

પત્રકારો મોટા ભાગે ઝિંદાદિલ માણસો જ બની શકે છે. તેમાં પણ ક્રાઇમ ઇન્વેસ્ટિગેટીવ જર્નાલિઝમ તો મિત્રો થોડા અને દુશ્મનો ઝાઝા ઊભા કરાવે છે. મીડિયાનો વ્યવસાય ઉપર ઉપરથી ઝાકઝમાળવાળો દેખાય છે પણ તેનું અસલી રૂપ તો જુદું જ હોય છે. હિંમત, ધગશ અને મહેનત તેને સફળતા જરૂર અપાવે છે, પરંતુ ત્યાં સુધી પહોંચતાં મોટા ભાગની જિંદગી લડતમાં જ ખર્ચાઈ જાય છે.

નવલકથાનો નાયક આ વાતને યથાર્થ કરે છે. નવલકથાનાં કેટલાંક પ્રકરણોમાં શિષ્ટ વાચકોને પસંદ ના તેવી વાતો છે, પરંતુ તે પણ સમાજમાં જોવા મળતી આધુનિક વિચારશૈલી છે. તેને આપણે મને-કમને અનુમતિ આપવી પડે છે. સુજ્ઞ વાચકો મારી વાત સાથે સહમત થશે તેવું હું માનું છું. આશા રાખું કે આપને સૌને નવલકથા ગમશે જ. અસ્તુ.

ભરત તન્ના

...1...

શિવરંજનીના બસસ્ટોપ પરથી શિવાને વિદાય આપી વિનિ ફ્લૅટ પર પાછી ફરી. ફ્લૅટનો દરવાજો ખોલી, બત્તી જલાવ્યા વિના જ સીધી બેડરૂમમાં આવીને બેડ પર પોતાની જાતને ઊંધી નાખી. હા, પલંગ પર પોતાની જાતનો રીતસર ઘા જ કર્યો. પગમાંથી ચપ્પલ કાઢવાની પણ દરકાર ના કરી. વિનિની આંખમાંથી ચોધાર આંસુઓ વહી રહ્યાં હતાં. તે રડતી રડતી ક્યારે નિદ્રાધીન થઈ ગઈ તેનું પણ તેને ભાન ના રહ્યું. જ્યારે તેની આંખ ખૂલી ત્યારે સવાર થઈ ચૂકી હતી. પથારીમાં પડ્યા પડ્યા જ તેણે સેલફોનમાં સમય જોયો તો આઠ વાગ્યા હતા. તેનું આખું શરીર કળતું હતું તેથી પથારીમાંથી ઊઠવાનું મન થતું નહોતું, પરંતુ સાડાદસ વાગ્યે ઑફિસે પહોંચવાનું છે તે યાદ આવતાં પથારીમાંથી સટાક કરતી ઊભી થઈ ગઈ. ઘર વ્યવસ્થિત કરવાનું હતું, ટિફિન તૈયાર કરવાનું હતું અને સમયસર ઑફિસે પહોંચવાનું હતું. વિનિ તરત જ વૉશરૂમમાં ગઈ. શાવર લઈને અડધા કલાકમાં તૈયાર થઈને બહાર આવી ગઈ. ફ્રીઝમાંથી દૂધ કાઢી, ચા બનાવી, નાસ્તાના ડબ્બાઓ ખોલી, ટેબલ પર ચા-નાસ્તો કરવા બેઠી. ચા સાથે બિસ્કિટ ખાતાં ખાતાં વિચારે ચડી ગઈ.

"ક્યાં સુધી આવી રીતે જીવીશું? શિવા સાથે લવમૅરેજ કર્યે આજ આઠ આઠ વર્ષો વીતી ગયાં છતાં શિવા સાથે આઠ દિવસ પણ આનંદથી રહેવાનો વખત મળ્યો નથી. ક્યારેય પણ બેમાંથી ત્રણ થવાનો વિચાર સુધ્ધાં આવ્યો નથી. બસ, જ્યારે જુઓ ત્યારે કરિયર બનાવવા માટે બંને જણાં દોડાદોડી જ કરતાં હોઈએ છીએ. અડધી જિંદગી તો ભાગદોડ કરવામાં જ નીકળી ગઈ. લગ્ન બાદ આઠ દિવસ પણ શિવા સાથે પોતાના કહી શકાય તેવા માણ્યા નથી. ભાગદોડ, ભાગદોડ અને સતત ભાગદોડ... સખત તાણ અને ભય ભરી જિંદગી જ જીવવાની હોય તો તેના કરતાં મોત ઘણું સારું. થાકી ગઈ છું આ લાઇફથી હું..." વિનિની આંખમાંથી અશ્રુધારા વહેતી રહી. એકાદ બે બિસ્કિટ્સ અને એક કપ શુગર ફ્રી ચાનો નાસ્તો કરી ઑફિસ જવાની તૈયારી કરવા લાગી. દરરોજ આઠ વાગતાં સુધીમાં સુઘડ થઈ જતો વિનિનો એક બેડરૂમનો ફ્લૅટ આજે અસ્તવ્યસ્ત પડ્યો હતો. ડ્રૉઇંગરૂમમાં સોફા પર શિવાનાં મેલાં કપડાં પડ્યાં હતાં, TV પર શિવાની બુક્સ તથા પેપર્સ પડ્યાં હતાં અને રૂમમાં ચારે તરફ કાગળના ડૂચા પડ્યા હતા. બેડરૂમમાં બેડની ચાદર તથા ઓશીકા જેમતેમ પડ્યા હતા પરંતુ વિનિએ તે બધું ઠીકઠાક કરવાની જરા પણ દરકાર કરી નહીં અને તે પોતાની મારુતિ ઝેન લઈને ઑફિસે જવા નીકળી પડી. ગાડી ડ્રાઇવ કરતાં કરતાં પણ વિનિના મનમાં શિવાના વિચારો ઘૂમરાતા હતા.

* * *

'શિવા થૉમસ' ઇન્વેસ્ટિગેટીવ જર્નાલિઝમનું એક ગુંજતું નામ. પત્રકાર જગતનો એક ચમકતો સિતારો. શિવા દેશની એક અગ્રગણ્ય સમાચાર સંસ્થા તથા TV ચૅનલનો પત્રકાર હતો. શિવાની કલમ તેજીલી અને સત્યશોધક હતી. દર શુક્રવારે અખબારમાં તેની કલમનો મિજાજ જોવા મળતો. વાચકોને તેના લેખ વાંચવાનો ઇંતઝાર રહેતો. તેના અખબારની તે દિવસની નકલો દરરોજ કરતાં વધારે ખપતી તેનું એક જ કારણ શિવાની સત્યશોધક સ્ટોરી હતી. દેશભરના રાજકારણીઓ તથા વ્યાપારી ગૃહો શિવાના નામથી ગભરાતા. ક્યારે, કેવી અજાણી પણ સત્ય કહાની શિવાની પેન પર આવી જશે અને ક્યારેય અને ક્યાંય આપણે ભરાઈ ના જઈએ તેવા ભયથી તેઓ શિવાથી દૂર ભાગતા. છતાં પણ ભલભલા રાજકારણીઓ તથા વ્યાપારીઓની પોલ ખોલવામાં શિવા કદી પાછળ રહ્યો ના હતો.

શિવા બ્રેવો હતો. પાંચ ફૂટ નવ ઇંચની હાઇટ ધરાવતો શિવા સૂકલકડી હતો. કાળી ફ્રેમમાં પારદર્શક ગ્લાસના ચશ્માં પહેરતા અને ટ્રીમ કરેલી દાઢી રાખતા શિવાનો દેખાવ એવરેજ માણસ જેવો હતો પરંતુ તેની કલમ ગમે તેવા ચમરબંધીના મગજમાં ઘૂસી જતી અને જે કાઢીને બહાર આવતી તેને શિવા એવી અસરકારકતા સાથે પેશ કરતો કે સામાવાળાના છક્કા છૂટી જતા. એક નાના ટેબ્લોઇડના પત્રકાર

તરીકે કારકિર્દી શરૂ કરનાર શિવા આજે પત્રકારોમાં ખેરખાં ગણાતો.

વિનિ વિચારતી હતી, 'શિવા ફરી ક્યારે આવશે?' છેલ્લા છ માસમાં ફક્ત ચાર દિવસ જ તે ઘરે રહ્યો છે. જૂનના પહેલા વીકમાં અને નવેમ્બરના ત્રીજા વીકમાં બે બે દિવસો જ, બાકી તો પોતાની જાતને જાણે અખબારને વેચી દીધી હોય તેમ સ્ટોરીની શોધમાં શિકારીની જેમ દિવસરાત ભટકતો રહે છે. ઘરે આવે તો પણ તેને ક્યાં નિરાંત હોય છે? ફોન અને લૅપટોપ સતત ચાલુ જ રહે છે. જ્યારે કહીએ ત્યારે કહેતો રહે, 'વિનિ, માય ડિયર, મારે તને આ દેશના અગ્રગણ્ય અખબારની માલકીન તરીકે જોવી છે. હું તેની તપસ્યા કરી રહ્યો છું. તું મને સાથ ના આપે?' વિનિ ઢીલી પડી જતી. પ્રેમથી તેને ગળે વળગી પડતી, તેની છાતી સાથે પોતાની છાતી ઘસતી, બે પગ પહોળા કરી શિવાને પોતાની જાતમાં સમાવી પોતે મહોબ્બતની દુનિયાની સફર ખેડી આવતી. શિવાનો બે દિવસનો એ ગાંડો પ્રેમ વિનિને એક અરસા સુધી જીવવાની સંજીવની આપી જતો. વિનિના વિરહના દિવસો એ પ્રેમ વાગોળતા વાગોળતા ક્યાં પસાર થઈ જતા તેનો વિનિને ખ્યાલ પણ નહોતો રહેતો. ડ્રાઇવ કરતાં કરતાં વિનિના ચહેરા પર શરારત ભર્યું સ્માઇલ આવી ગયું.

વિનિએ રીઅર મિરરમાં જોયું તો પાછળ બૉસની ગાડી આવી રહી હતી અને પોતે ગુજરાતના અગ્રગણ્ય અખબારના પ્રાંગણમાં પહોંચી ગઈ હતી. તેણી પોતાના પાર્કિંગ લોટમાં ગાડી પાર્ક કરી, ઑફિસ બિલ્ડિંગમાં જવા નીકળી.

"હાય, વિનિ, ગૂડ મોર્નિંગ." વિનિએ પાછળ ફરીને જોયું. તેના બૉસ આવી રહ્યા હતા.

'ગૂડ મોર્નિંગ સર', વિનિએ નમ્રતાથી પ્રત્યુત્તર આપ્યો. તેને બૉસનો આજના અવાજનો ટોન ના ગમ્યો અને ઝડપથી લિફ્ટ તરફ આગળ વધી.

અખબારનું બિલ્ડિંગ ચાર માળનું હતું અને પંદર હજાર ચો.મી.માં ફેલાયેલું હતું. તેના બૅઝમેન્ટમાં પ્રિન્ટિંગ કામ થતું, પ્રથમ માળે ઍડિટિંગ વિભાગ હતો, બીજા અને ત્રીજા માળે સેક્રેટરીએટ વિભાગ અને ચોથા માળે CEO કમ મૅનેજિંગ ડિરેક્ટરની ઑફિસ તથા ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટ હતો. CEOની ઑફિસ ભવ્ય હતી. બે હજાર ફૂટમાં પથરાયેલી ઑફિસને આધુનિક બનાવવમાં આવી હતી. વિશાળ લૉંજના બીજા છેડે ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટની હેડ વિનિની ઑફિસ હતી. વિનિ અખબારની ફાઇનાન્સ મૅનેજર હતી. ઑફિસના ગ્રાઉન્ડફ્લૉર પર બે લિફ્ટ રહેતી હતી. એક લિફ્ટ ફક્ત ચોથા માળ માટે હતી, જેનો ઉપયોગ ફક્ત CEO તથા ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટના ઑફિસર્સ જ કરતા હતા. બીજી લિફ્ટનો ઉપયોગ કર્મચારીઓ તથા વિઝિટર્સ કરતા હતા. સામાન્ય રીતે વિનિ વિઝિટર્સની લિફ્ટનો જ ઉપયોગ કરતી. વિનિ તે તરફ આગળ વધતી હતી ત્યાં જ તેના CEOએ ફરી બોલાવી,

"વિનિ, ચાલ આ લિફ્ટમાં આવતી રહે"

"થૅંક્યુ સર, મારે ત્રીજા માળે થોડું કામ છે તેથી આ લિફ્ટમાં જવું પડશે બાકી તે લિફ્ટમાં તમારી સાથે જ આવતી.' વિનિએ નમ્રતાથી જવાબ આપ્યો.

વિનિને તેના બૉસના રંગીન મિજાજની ખબર હતી તેથી તે તેનાથી ખૂબ દૂર રહેતી. આજ પણ બીજી લિફ્ટ દ્વારા પોતાની ઑફિસે પહોંચી અને કાર્ડ પંચ કર્યું. તેટલામાં બૉસનો ઇન્ટરકોમ આવતાં તે પોતાની હેન્ડ બૅગ ટેબલ પર મૂકી બૉસની ઑફિસમાં ગઈ. બૉસે તેનું લાગણીપૂર્વક સ્વાગત કર્યું અને ઘણા પ્રેમભર્યા અવાજમાં પૂછ્યું:

"વિનિ, તમે આજ બહુ ચિંતામાં હો તેવું લાગી રહ્યું છે. એની થિંગ રોંગ વીથ યુ? કોઈ સમાચાર એવા નથી ને કે તમને કોઈ ચિંતા થાય?"

"નો સર, હું સંપૂર્ણ સ્વસ્થ છું. નથિંગ ઇસ રોંગ વીથ મી." વિનિએ જવાબ આપ્યો."

"તમને કોઈ મદદની જરૂર હોય તો જણાવજો. તમને ઉપયોગી થવું મને ગમશે."

"થૅંક્યુ સર."

"તમે આઠ આઠ વર્ષથી એકલાં રહો છો. તમને એકલા કંટાળો નથી આવતો?" બૉસે વિશેષ હમદર્દી

દર્શાવી કહ્યું.

"નો સર, આઇ એમ હેપી. હજુ ગઈ કાલે જ શિવા ગયો." વિનિએ શિવાના નામ પર ભાર મૂકતા કહ્યું. શિવાનું નામ સાંભળતાં જ બૉસ ઢીલો થઈ ગયો. તેના ચહેરા પર નરમાશ આવી ગઈ.

"ઓલ રાઇટ, તમે આનંદમાં હો તે જ આનંદની વાત છે. તમારા ડિપાર્ટમેન્ટનું કામ બરાબર ચાલે છે ને?"

"યસ સર. હવે હું રજા લઉં?"

"યસ, બાય ઓલ મીન્સ. તમે હવે જઈ શકો છો."

વિનિના ચહેરા પર થોડા હાસ્યના ભાવ આવી ગયા. શિવાના નામ માત્રથી બૉસના ચહેરાનું નૂર ઊતરી ગયું તે વિનિએ જોયું.

* * *

વિનિની નરોત્તમ મોદી...

જેને મિત્રો તથા સગાંવહાલાઓ વિનિના ટૂંકા નામથી ઓળખતા તે દિલ્હી યુનિવર્સિટીની ફાઇનાન્સમાં MBA હતી. તેનાં માતાપિતા તો બરોડામાં જ રહેતાં હતાં પરંતુ વિનિને તેઓએ દેહરાદૂન અને દિલ્હીમાં જ ભણાવી હતી. જ્યારે તે એમ.બી.એ.માં હતી ત્યારે તેનો ભેટો શિવા સાથે થયો હતો. એક આર્ટ ગૅલરીમાં તે ચિત્રપ્રદર્શન જોઈ રહી હતી ત્યાં શિવા સાથે પહેલી મુલાકાત થઈ હતી. શિવા અમુક ચિત્રશૈલી વિષે ઍક્ઝિબિટર્સ સાથે ડિબેટ કરી રહ્યો હતો. શિવાની ધારદાર દલીલોને પ્રેક્ષકો તરફથી ખૂબ 'દાદ' મળતી હતી. તે સમયે વિનિ શિવાના વ્યક્તિત્વથી આકર્ષાઈ હતી. શિવા વિનિની આંખમાં વસી ગયો અને બંને વચ્ચે મૈત્રી થઈ.

શિવા જર્નાલિઝમનો વિદ્યાર્થી હતો અને હોશિયાર હતો. જેમજેમ તેઓની મુલાકાતો વધતી ગઈ તેમતેમ વિનિ શિવામાં ઊંડો રસ લેવા લાગી. શિવા બોલ્ડ હતો, શિવા વિચારશીલ હતો, શિવા ઑનેસ્ટ હતો, શિવા વફાદારીમાં માનનારો હતો અને શિવા સપનાંઓની આગને દિલમાં લઈ ઘૂમનારો અલગારી હતો. શિવા વિનિને માનથી જોતો. તે વિનિનો આદર કરતો અને તેને પ્રેમથી ભીંજવી પણ દેતો. જીવનમાં 'કાંઈક' બનવું છે તેવા દૃઢ મનોબળ સાથે આગળ વધી રહ્યો હતો. જ્યારે તેઓની ઓળખાણ થઈ ત્યારે બંને પૉસ્ટ ગ્રૅજ્યુએશન કરી રહ્યાં હતાં અને છેલ્લાં બે સેમેસ્ટર્સ બાકી હતાં. વિનિ અને શિવા અવારનવાર મળતાં રહેતાં હતાં. વિનિ શિવાના પ્રેમમાં તણાતી જતી અને યુવાનીના ઉન્માદમાં તેને વળગી પડતી પણ શિવા 'વેઇટ પ્લીઝ' કહીને તેને પાછી વાળી દેતો.

એક વર્ષ બાદ બંનેએ પૉસ્ટ ગ્રૅજ્યુએશન પૂરું કર્યું. વિનિ કૅમ્પસ ઇન્ટરવ્યૂના પહેલા રાઉન્ડમાં સિલેક્ટ થઈ ગઈ અને ગુજરાતના અગ્રણી અખબારની આસિસ્ટન્ટ ફાઇનાન્સ મૅનેજર બની. શિવા ઇન્વેસ્ટિગેટિવ પત્રકારિત્વમાં ટોપ પર રહ્યો. કૉન્વોકેશન બાદના મેળાવળામાં તેણે આપેલી સ્પીચથી દિલ્હીના એક મોટા દૈનિક અને TV ચૅનલના માલિકની નજરમાં વસી ગયો. ઘણા ઊંચા પગારે શિવાને પોતાના પત્રકારોની ટીમમાં સમાવી લીધો. શિવા એકાદ વર્ષ TV ન્યૂઝના રિપોર્ટર તરીકે રહ્યો. તેની કાર્યપ્રણાલી અને બુદ્ધિપ્રતિભાના જોરે એક જ વર્ષમાં તેને સબ એડિટર બનાવી દેવામાં આવ્યો. શિવાએ તેનું પત્રકારિત્વ છોડ્યું ના હતું. ઑફિસના કલાકો બાદ તે નવી નવી સ્ટોરી શોધવા નીકળી પડતો. તેના લેખો તથા કૉલમોએ વાચકોમાં તેને વધારે લોકપ્રિય બનાવ્યો.

શિવાને નોકરીમાં બંધન જેવું લાગતું હતું તેથી તેણે નોકરી છોડી અને ફ્રીલાન્સ પત્રકાર તરીકે કાર્ય શરૂ કર્યું. રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને અન્ય મોટા માથાઓને ટારગેટ કરી સનસનાટીભર્યા લેખો લખવા લાગ્યો. થોડા જ સમયમાં તે અગ્રગણ્ય પત્રકાર તરીકે સ્થાપિત થઈ ગયો. તે સમારંભોમાં, પ્રદર્શનોમાં, વ્યાપારમેળાઓ વગેરેમાં ફરી નવી નવી સ્ટોરીઓ સમાચાર માધ્યમોને આપતો તેમાંથી એ પુષ્કળ કમાણી કરતો. વિનિતી સાથેનો તેનો ભેટો આવા એક પ્રદર્શનમાં થયો હતો, જે એક વર્ષના સંવનન બાદ લગ્નમાં પરિણમ્યો હતો. લગ્ન બાદ શિવાને ફરીથી દિલ્હીના એ ન્યૂઝ ચૅનલ તથા

અખબારની ઑફર આવી જેનો શિવાએ સ્વીકાર કર્યો અને તે મોટા પગાર સાથે ઇન્વેસ્ટિગેટિવ પત્રકાર ડિપાર્ટમેન્ટનો હેડ બન્યો. તે હંમેશાં નવી નવી સ્ટોરી માટે રખડતો રહેતો અને વિનિને પૂરતો સમય ફાળવી નહોતો શકતો. પરંતુ વિનિ શિવાની મહત્ત્વાકાંક્ષા જાણતી હતી તેથી તે જુદાઈ સહન કરીને પણ શિવાને સાથ આપતી.

વિનિતી પોતાની ઑફિસમાં પહોંચી ત્યાં જ શિવાનો ફોન આવી ગયો. તે દિલ્હી પહોંચી સવારની ફ્લાઇટમાં કોલકાતા જવા નીકળી ગયો હતો. કોલકાતાના શણ ઉદ્યોગના મહારથી શેઠ હજારીમલ મારવાડીની હત્યા થઈ હતી. શિવા તેની ઇનસાઇડ સ્ટોરી જાણવા જઈ રહ્યો હતો. વિનિને મનમાં આનંદ થયો. કોલકાતાની ક્રાઇમ સ્ટોરી દિલ્હીના અખબારમાં છપાશે તો દિલ્હીના સત્તાધીશોને લેફ્ટફ્રંટ પર આક્રમણ કરવાની તક મળશે અને શિવાને તેની ક્રૅડિટ મળશે. વિનિના ચહેરા પર સ્મિત આવી ગયું.

* * *

રાત્રીના દસ વાગી ચૂક્યા હતા. વિનિતીને ઘરે પહોંચ્યાને ત્રણ કલાક વીતી ગયા હતા. ઘરે પહોંચી ઘરને વ્યવસ્થિત કર્યું કારણ કે સવારે ઘર અસ્તવ્યસ્ત મૂકીને ચાલી નીકળી હતી. શાવર લીધો અને આખા દિવસનો થાક ઉતારી પોતાના માટે ચા અને સૅન્ડવિચ બનાવી. TV જોતાં જોતાં તે રાતનું ખાણું લઈ રહી હતી ત્યાં TV પર ન્યૂઝ ફ્લૅશ થયા કે શેઠ હજારીમલની હત્યા માઓવાદીઓએ કરી હતી. શેઠ હજારીમલ પાસે ખંડણીની મોટી રકમ માંગવામાં આવી હતી, જે શેઠ આપી શક્યા ના હતા તેથી તેને મારી નાખવામાં આવ્યા હતા. વિનિએ તરત શિવાને ફોન લગાવ્યો.

"હલ્લો, ડાર્લિંગ, તું કેમ છે? આજે તું ખૂબ થાકી હશે ને?" શિવાએ ફોન ઉપાડતાં જ પૂછ્યું.

"હાય, શિવા, હું થાકી નથી. તું ક્યાં છો? હું તને સમાચાર જોવા કહું છું કે, TV પર શેઠ હજારીમલની હત્યાના સમાચાર ફ્લૅશ થઈ રહ્યા છે. તેમની હત્યા માઓવાદીઓએ કરી છે તેવું બતાવે છે."

"વિનિ, TVના ન્યૂઝ પર ધ્યાન ના દઈશ કારણ કે તેઓ ક્યારેક પૂરી વિગતો જાણ્યા વિના જ અથવા તો લોકોનું ધ્યાન બીજી તરફ વાળી સત્ય હકીકત છુપાવવા માટે આવા ન્યૂઝ પ્રદર્શિત કરી દેતા હોય છે માટે તું તેને મહત્ત્વ ના આપતી. આ કેસમાં મેં સવારથી જ તપાસ શરૂ કરી દીધી છે અને મને લાગે છે કે કાંઈક જુદું જ રહસ્ય નીકળશે. હું અત્યારે હોટલ પર છું અને અડધાએક કલાક બાદ ફરી તપાસમાં જઈ રહ્યો છું." શિવાએ કહ્યું.

"શિવા તું જ્યાં સુધી ત્યાં રહે ત્યાં સુધી તને દર બે-ત્રણ કલાકે ફોન કરી ડિસ્ટર્બ કરતી રહીશ અને તારા સમાચાર પૂછતી રહીશ. તું મારા સંપર્કમાં જ રહેજે." વિનિએ કહ્યું.

"વિનિ, તારે ચિંતા કરવા જેવું કાંઈ જ નથી. મેં મારો એક મિત્ર જે ખાનગી ડિટેક્ટિવ કંપની ચલાવે છે તેને આ કામ સોંપી આપ્યું છે. એકાદ દિવસમાં જ તે સાચી હકીકત બહાર લઈ આવશે. હું તો આવતી કાલની સવારની ફ્લાઇટથી દિલ્હી પાછો ફરું છું."

"શિવા, તારી તબિયત તથા તારી સેફ્ટીની મને સતત ચિંતા રહે છે. તું દરેક બાબતમાં સતર્ક રહેજે. ગૂડ નાઇટ શિવા."

"ગુડ નાઇટ વિનિ." શિવાએ ફોન સ્વિચ ઑફ કરી દીધો.

હજારીમલના ખૂનના ત્રીજા દિવસે દિલ્હીના એક અગ્રગણ્ય અખબારમાં સ્ટોરી પ્રકાશિત કરવામાં આવી જેમાં હજારીમલની હત્યાની સીલસીલાબંધ સ્ટોરી હતી. હજારીમલના ખૂન માટે તેના જમાઈ અને ત્યાંના મિલ ફેડરેશનના પ્રમુખ જિતેન્દ્ર ધારીવાલને જવાબદાર ગણવામાં આવ્યો હતો. કોલકાતા તથા દિલ્હીમાં આ વાતે હાહાકાર મચી ગયો હતો. ધારીવાલ બંગાળ સરકારની મિલ ઍડવાઇઝરી કમિટીનો પણ ચૅરમૅન હતો તેથી બંગાળ સરકાર પણ ગતિમાં આવી ગઈ હતી. આજે સંસદમાં વિરોધ પક્ષો આ મુદ્દા પર ચર્ચા પણ માંગવાના હતા. સમાચારપત્રમાં શેઠ હજારીમલનું ખૂન કોણે કર્યું, શા માટે થયું અને કેવી રીતે કર્યું તેની પુરાવા સહિતની સ્ટોરી છાપવામાં આવી હતી. પત્રકારો તથા TV વાળાઓ કોલકાતામાં ધારીવાલને ઘેરી લઈ પ્રશ્નોની ઝડી વરસાવી રહ્યા હતા. જિતેન્દ્ર ધારીવાલ આ સમાચાર તદ્દન પાયાવિહોણા ખોટા જણાવી અખબાર પર કેસ કરવાની ધમકી આપી રહ્યા હતા. દેશભરના TV અને ન્યૂઝ ચૅનલોએ આ સમાચારને બ્રેકિંગ ન્યૂઝમાં પ્રસારિત કરી દીધા હતા તેથી ચારે તરફ તેની જ ચર્ચા ચાલી રહી હતી.

વિનિતીએ સવારમાં ઊઠી, ચાનાસ્તો કરી અખબાર હાથમાં લીધું ત્યાં જ તેની નજર હજારીમલના ખૂનના સમાચાર પર ગઈ. તેને ખ્યાલ આવી ગયો કે આ કામ શિવાનું જ છે. તેણે શિવાને ફોન કર્યો,

"શિવ બ્રેવો... શિવ, બ્રેવો..." વિનિએ ફોનમાં કહ્યું.

શિવાએ ફોન ઉપાડ્યો. હજી તે સૂતો હતો તેથી ઊંઘમાં જ બોલી રહ્યો હતો, "બોલ, વિનિ શું બ્રેવો ?"

"તારી હજારીમલની સ્ટોરીએ આખા દેશમાં ચર્ચા જગાવી દીધી છે. તને તેના અભિનંદન"

"અરે યાર, સૂવા દેને. આવી સ્ટોરી તો અખબારમાં આવતી જ હોય છે. આપણે ક્યાં કાંઈ નવું કર્યું છે ? આપણે તો જે સત્ય હતું તે સામે લાવીને રાખી દીધું છે." શિવાએ કહ્યું.

"દેશભરના સમાચાર માધ્યમોએ આ સમાચાર બ્રેકિંગ ન્યૂઝમાં આપ્યા છે અને કોલકાતામાં ન્યૂઝ ચૅનલોએ ધારીવાલનો ઇન્ટરવ્યૂ પણ લઈ લીધો છે. તે આ આરોપને નકારી કાઢે છે."

"ભલેને નકારી કાઢે, શિવાની કલમ કોઈ દિવસ ખોટું લખતી નથી અને લખશે પણ નહીં. મારી પાસે તમામ પુરાવા છે, વિનિ. ચાલ હવે હું ઊઠીને તૈયાર થઈ જાઉં, ફરી તારી સાથે વાત કરીશ."

ફોન મૂકી શિવાએ ઊઠવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેની આંખોમાં ઊંઘ ભરી હતી. તેણે ઘડિયાળમાં જોયું, સવારના નવ વાગ્યા હતા. હજુ તે અડધોએક કલાક ઊંઘી શકે તેમ હતો તેથી તેણે આંખો બંધ કરી પરંતુ તેને ઊંઘ ના આવી. તે આંખો બંધ કરી પડી રહ્યો. દસેક મિનિટ થઈ હશે ત્યાં ફરીથી તેના ફોનની ઘંટડી રણકી ઊઠી.

"હલ્લો, શિવા સ્પિકિંગ." શિવાએ ફોન ઉપાડતાં કહ્યું. "હું રાકેશ લોઢા, કોલકાતાથી લોઢા ઍન્ડ કંપનીમાંથી બોલી રહ્યો છું. અમારી કંપની મૃતક શેઠ હજારીમલની લીગલ ઍડવાઇઝર કંપની છે. આજના સમાચાર માધ્યમોમાં પ્રસારિત થયેલા હત્યાના સમાચાર ક્યાંથી આવ્યા તે શોધતાં તમારું નામ જાણવા મળ્યું છે. આપ મને આ અંગે વિશેષ માહિતી આપી શકશો ?" સામા છેડેથી પ્રશ્ન આવ્યો.

"આપને ફોન પર મળી ઘણો આનંદ થયો. આ સમાચારની જે કાંઈ વિગતો હું જાણું છું તે બધી તેમાં પ્રસારિત થઈ છે. તેનાથી વધારે માહિતી મારી પાસે નથી." શિવાએ કહ્યું.

"શિવા, તમે તમારા સમાચાર માધ્યમના સહતંત્રી છો તેથી તમે આપો તે સમાચાર સાતત્યપૂર્ણ જ હોય તેમાં શંકા નથી. શેઠ હજારીમલના હત્યારાને શોધવામાં આપનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું. આપ જે કાંઈ માહિતી આપશો તેનું યોગ્ય વળતર આપને મળી જશે તેની આપ ખાતરી રાખજો."

"જી, મેં સમાચાર આપ્યા છે તે ખરાઈ કર્યા બાદ જ આપ્યા છે તેથી તે સાચા જ હોય. હું

સમાચારપત્રને કાયમ વફાદાર રહેનારો સેવક છું. તમારી સમાચાર વેચવાની વાત મારા ગળે ઊતરે તેવી નથી. મારી વફાદારીને નુકસાન થાય તેવી વાત તમે કરશો નહીં." શિવાએ કહ્યું.

"મારો કહેવાનો અર્થ એવો નથી કે તમે ધારીવાલને બ્લેકમેઇલ કરી રહ્યા છો. અમારી કંપની પણ દઢપણે માને છે કે શેઠ હજારીમલની હત્યા માર્ક્સવાદીઓએ કરી નથી. અમે પણ સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છીએ તેમાં તમારો સાથ અમને જોઈએ. અખબાર પ્રત્યેની તમારી વફાદારી અમે સ્વીકારીએ છીએ. તમને જે ઑફર કરવામાં આવી છે તે ફક્ત તમારો સાથ મળે તે માટે છે."

"સૉરી, આ બાબતમાં વધારે વાત કરવાનો મારી પાસે સમય નથી. મારે ઑફિસે જવાનો સમય થયો છે." કહેતાં શિવાએ ફોન બંધ કર્યો.

થોડીવાર બાદ ફરીથી ફોનની રિંગ વાગી અને શિવાએ ફોન ઉપાડ્યો.

"યસ, શિવા હિયર."

"ઓહ, શિવા હું રાકેશ લોઢા વાત કરી રહ્યો છું. સાંભળો, આ સમાચારની વિશેષ વિગતો છાપવાની ભૂલ ના કરશો. તે તમારા માટે સારું રહેશે. મિ. ધારીવાલે રૂપિયા દસ કરોડ સુધીની ઑફર આપી છે, જો આપ સ્વીકારો તો."

"છટ્, ફરી એ જ વાત? તમે મને ખરીદી નહીં શકો. આઇ એમ શિવા. જે સત્ય હશે તે બહાર આવીને જ રહેશે."

"શિવા, તમે અમારી વાત માની આ પ્રકરણનો અહીં જ વીંટલો વાળી દ્યો તે તમારા માટે ફાયદાકારક રહેશે. હું તમને પચીસ કરોડ સુધી અપાવી શકીશ. તમે નહીં માનો તો તેના પરિણામ ભોગવવા તૈયાર રહેજો..."

"તમે જે ધારો તે કરી શકો છો. મને આર્થિક સંકળામણ નથી અને હું વેંચાઈ જાઉં તે વ્યક્તિ પણ નથી. તમારી ધમકીથી ડરી જવાનો નથી. તમારી ધમકીનો નંબર કેટલામો હશે તે પણ મને યાદ નથી, તેથી હવે ફોન કરી મારો સમય બરબાદ ના કરશો." શિવાએ કહ્યું.

...3...

"ચાલ, ચાની ચૂસકી ભરીએ." અલયે શિવાને ઑફર કરી.

"ચૂસકીની વાત ક્યાં કરે છે? આજ તો સવારના પહોરમાં જ ચૂટકી ભરાઈ ગઈ." શિવાએ કહ્યું.

"કેમ, આજકાલ વિનિ અહીં છે? તને સવાર સવારમાં જ પ્રેમ કરવાનો મોકો મળી ગયો? તો તને આજ સ્ટોરીનું મહેનતાણું મળી ગયું એમ ને?" અલયે ટીખળ કરતાં કહ્યું.

"તને પ્રેમ સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી. દર બે વર્ષે બૈરીનું પેટ ફુલાવીને ફરતો હોય છે. અહીં તો વાત કરવાના પણ વાંધા છે. વિનિ તો અમદાવાદમાં બેઠી છે. આપણે તો અહીં સુકાયેલા મૂળા જેવા પડ્યા છીએ. બોદ્દુ, વાત હજારીમલની છે. હજારીમલનો વકીલનો ફોન હતો. તે હજારીમલના ખૂનની સ્ટોરી બંધ કરવા માટે પચીસ કરોડ રૂપિયાની ઑફર કરતો હતો. મારો બેટો, મને ખરીદવા માંગતો હતો." શિવાએ જરા આક્રોશમાં આવી કહ્યું.

"શું કહે છે, શિવા? તેં ના પાડી દીધી? હું હોઉં તો પાંચ લાખમાં પણ હા પાડી દઉં અને બૈરીને લઈ દુબઈ ફૅસ્ટિવલમાં જઈ આવું." અલય બોલ્યો.

"અલય, તને આ અખબારની ઑફિસમાં નોકરી કરતાં કેટલાં વરસ થયાં?" શિવાએ પૂછ્યું.

"નવ વર્ષ." અલયે કહ્યું.

"નવ વર્ષમાં તું કેટલી સ્ટોરી લઈ આવ્યો અને તને કેટલા પ્રમોશન મળ્યા?" શિવાએ પૂછ્યું.

"પ્રમોશન તો મળ્યા ને, બે છોકરાઓનો બાપ બની ગયો અને ફાંદવાળી બૈરીનો ઘરવાળો. બાકી તો હોતી હૈ ચલતી હૈ." અલયે કહ્યું અને જોરથી હસી પડ્યો. તેના હાસ્યમાં તેનામાં છુપાયલું દર્દ છતું હતું.

"અલય, એક વાત કહું? જ્યારે માણસ વેચાવા તૈયાર થઈ જાય છે, ત્યારે તે કોડીનો બની જાય છે અને જો તે પોતાના ઈમાનને સાચવી રાખે છે ત્યારે તે અમૂલ્ય બની જાય છે."

અલય આડું જોઈ ગયો. તેણે ચાની કિટલી પર ઊભેલા છોકરાને કહ્યું,

"એય, ટપોરી, બે ચાય લાવ."

"સાહેબ, ટપોરી ના કહો ને?" છોકરાએ રડમસ અવાજે કહ્યું.

"અલ્યા, આજકાલ ટપોરી બનવું એ તો ફૅશન છે. ટપોરી બનીએ તો જ બધું મળે. આ શિવાની જેમ ગાંધી બાપુ બનવા જઈએ તો કોઈ પોતડી પહેરાવી ચાલ્યું જાય." અલયે શિવાના વાંસામાં ધબ્બો મારતાં કહ્યું.

"અલય, બહુ થયું હવે હો." કહેતા શિવાએ અલયની આંખ સાથે આંખ મેળવી.

અલયની આંખના ખૂણામાંથી અશ્રુબિંદુઓ ગાલ પર સરી પડ્યા. શિવાએ અલયના ગાલ પર આવેલાં આંસુઓને પોતાની આંગળીથી લૂછ્યા અને તેના ખભ્ભા પર હાથ મૂક્યો. અલયે શિવાના ખભ્ભા પર માથું ટેકાવી મન મોકળું મૂકી દીધું.

"અલય... અલય આ શું? તારી આંખોમાં આંસુ? દરરોજ જેના ચહેરા પર હાસ્ય જ હોય તેની આંખમાં આજ આંસુ કેમ આવી ગયા?" શિવાએ કહ્યું.

"કાંઈ નહીં, શિવા. તારી મારા તરફની હમદર્દી જોઈને મન હળવું થઈ ગયું."

"અલય, મેં તને હંમેશાં હસતો અને રમૂજ કરતો જોયો છે. જ્યાં સુધી મને ખબર છે તે પ્રમાણે તારો સંસાર પણ સુખી છે. તારો આ નેત્રબંધ એકાએક કેમ છલકાઈ ગયો? આવ, આપણે બાંકડા પર બેસીએ. હજી ઑફિસમાં જવાને પંદર મિનિટની વાર છે ત્યાં સુધી મને તારું આ રડવાનું કારણ કહે." શિવાએ કહ્યું અને અલયને બાંકડા પર બેસાડ્યો.

"શિવા, હું સુખી છું. મારા માટે મને કોઈ ફરિયાદ નથી. મારી પાસે પૈસો, કુટુંબ અને સ્થિર નોકરી છે. મને આવતીકાલની ચિંતા નથી, મારી વાઈફ પણ મને બહુ પ્રેમ કરે છે, તેની કોઈ તકલીફ નથી. આજ ઘણા દિવસે ખભ્ભે હાથ મૂકનારો કોઈ મળ્યો એટલે મન ઢીલું પડી ગયું બાકી મને કોઈ તકલીફ

નથી." અલયે કહ્યું.

"અલય, તારી આંખો કાંઈક બીજું જ કહી રહી છે. તું ભલે ના કહે પરંતુ તારા મનમાં કોઈ એવી વાત છે, જે તને નાસૂરની જેમ ખોતરી રહી છે. તું મને કહે, હું પણ તારો મિત્ર જ છું ને? તારા દુઃખમાં ભાગ લેવાની મને મજા આવશે."

"શિવા, મને કોઈ ફરિયાદ નથી, મને કોઈ દુઃખ નથી. તને જોઈને જ મને થાય છે કે તું જ મારો સાચો મિત્ર છે. મારી પાસેની તારી હાજરીથી મને આનંદ થાય છે. ભલે તને ઑફિસમાં આવ્યાને વધુ સમય નથી થયો, પરંતુ જ્યારથી તું આવ્યો છું ત્યારથી દિલને એક સાંત્વન મળી રહ્યું છે કે ઑફિસમાં કોઈક તો આપણું છે. મને આ ઑફિસમાં આવ્યે નવ વર્ષ થઈ ગયાં પણ અત્યાર સુધી તારા જેવો તરવરિયો અને સત્યનિષ્ઠ પત્રકાર નથી જોયો. મને એકને જ નહીં, અખબારના દરેક કર્મચારીને તારી હિંમત, તારું સાલસપણું, તારી ન્યાયપ્રિયતા અને સત્ય માટે મરી ફીટવાની તૈયારી ખૂબ ગમે છે, સિવાય એક વ્યક્તિ." અલયે કહ્યું.

"કોણ છે એ વ્યક્તિ?" શિવાએ પૂછ્યું.

"અખબારના માલિકની પુત્રી, આપણી મૅનેજિંગ ડિરેક્ટર... મિસ મારિયા." મારિયા પત્રકારિત્વની પૉસ્ટ ગ્રૅજ્યુએટ છે અને તેને પણ તારી જેમ ઇન્વેસ્ટિગેટિવ પત્રકારિત્વમાં રસ છે. મારિયાએ એક ટીમ ઊભી કરી છે જેમાં બે ખડૂસ વકીલો, બે બુઢ્ઢા પત્રકારો અને બે ગુંડાઓ છે. તારી લોકપ્રિયતા તેને ખૂંચે છે. તે માને છે કે જો તું આ અખબારમાં ના હોત તો આ કામ તે કરતી અને નામ અને દામ કમાતી. તારા આવવાથી તેની ટીમ શૂન્ય થઈ ગઈ છે. અમે બધા કર્મચારીઓ આ વાત જાણીએ છીએ. તને આ વાત કહેવાનો મોકો મળતો નહોતો. તું આજ વહેલો આવ્યો અને ચા પીવાના બહાને તને બહાર લઈ આવ્યો છું. તને હું ચેતવવા માગું છું કે અહીં તને સાથ દેનારા ઓછા છે અને તારા ખૂનના પ્યાસા ઘણા છે.' અલયે કહ્યું અને તેણે કહેવાનું ચાલુ રાખ્યું...

"તું કોલકાતાથી સ્ટોરી લઈને આવતો હતો ત્યારે બે વ્યક્તિઓ તારો પીછો કરતી હતી, જેનો તને ખ્યાલ પણ નહીં હોય. મારિયાએ મોકલેલા એ બે તારા મારાઓ હતા. કોલકાતાના કેસની વિગતો, તેઓ તારી પાસેથી પડાવી તારું કાસળ કાઢી નાખવાના હતા. તે સ્ટોરી મારિયા તેના પોતાના નામ પર છપાવવા માગતી હતી, પરંતુ તેઓને હાથતાળી દઈ તું સવારની ફ્લાઇટમાં આવી ગયો અને તેઓ હાથ ઘસતા રહી ગયાં. મને તારી વાત સાંભળતાં જ અને તારા નિખાલસ સ્વભાવને ઓળખતા જ તને ચેતવી દેવાનું મન થયું. મારી આંખમાં આંસુ એટલે આવ્યા કે આ લોકો તને ફસાવી ના દે અને અમે તને ગુમાવી ના બેસીએ."

"અરે, અલય, આવી વાતોમાં આંસુઓ સારવાના ના હોય. ગાંડા, હું તો મોત અને કફન સાથે જ લઈને ફરું છું. તને ખબર છે? આ રસ્તો કેટલો વિકટ છે? અહીં તો દરેક પગલે મોત તમારી રાહ જોઈને ઊભું હોય છે. તમારી રાહ અંગારાઓ અને કંટકોથી લથપથ ભરાયેલી છે, તેના પર ખુલ્લા પગે ચાલીને તમારે ટોચ પર પહોંચવાનું છે. અહીં સપોર્ટ આપનારા કરતાં પગ ખેંચનારા વધારે મળવાના છે. દુનિયાના કોઈ પણ ધંધા કરતા અહીં સો ગણી હરીફાઈ આ પત્રકારિત્વમાં છે. મારો પીછો થઈ રહ્યો હતો તેનો મને અંદાજ આવી ગયો હતો. હું ઘણી ભૂલભૂલામણીમાંથી પસાર થઈને અહીં પહોંચ્યો છું, તે મારિયાને ખબર નહીં હોય." શિવાએ કહ્યું.

"મારિયા ઈર્ષાળુ છે તેના કરતા પણ સ્વાર્થી વધારે છે. પોતાના સ્વાર્થ માટે બીજા કોઈનું કોઈ પણ હદ સુધી નુકસાન કરી દે તેવી છે."

"અલય, તું મારિયાના સ્વભાવથી પરિચિત છો એટલે તું મને ચેતવે છે તે માટે તારો ઘણો ઘણો આભાર, પરંતુ લાખ કોશિશ કરે તો પણ મારિયા મારું કાંઈ બગાડી શકશે નહીં. એટલું યાદ રાખજે, જે લોકો બીજાના બળ ઉપર આધાર રાખીને જીવતા હોય છે તેઓ કોઈ દિવસ આગળ આવી શકે નહીં. મારિયા તો હવાઈ સપનાંઓમાં રાચે છે. મને લાગે છે કે તે થોડા સમયમાં જ ડિપ્રેશનમાં સરી જશે."

શિવાએ કહ્યું.

"મારિયા તો ડિપ્રેશનમાં જ જીવે છે તેની તને જાણ નહીં હોય. તે અહીં આવી તે પહેલાં તેણે ઘણા સમય સુધી ડિપ્રેશનની સારવાર લીધી છે. તેની તો વાર્તા ઘણી લાંબી છે. તે તને હું નિરાંતે કહીશ પરંતુ હાલ પૂરતું તો તને એટલું જ ચેતવવાનું કે તું તારી જાતને સંભાળીને રહેજે." અલયે કહ્યું.

"જરૂર. તારા જેવો મને મિત્ર મળ્યો છે તેનો મને ગર્વ છે. આજે રાત્રે તને સમય મળે તો આપણે ડીનર સાથે લઈએ."

"ના ફરી ક્યારેક લઈશું. ચાલ, અત્યારે ઑફિસનો સમય થઈ ગયો છે." બંને ઑફિસમાં પહોચ્યા ત્યારે સવારના સાડા દસ થવા આવ્યા હતા.

...4...

આથમતી રાતનાં અંધારાં હવે હારી ગયાં હતાં. પરોઢે પૃથ્વીના પ્રાંગણમાં પગ મૂકી દીધો હતો. ઉનાળાની સવારના છ વાગતા જ હવાઓ ગરમ થવા લાગી હતી. સૂરજનાં કિરણોની ગરમી કરતાં પ્રદૂષણથી ફેલાતી ગરમી વધારે હતી તેથી લોકોમાં તાજગી કરતાં સુસ્તી વધારે હતી. શહેરના રસ્તાઓ ધમધમવા લાગ્યા હતા, પરંતુ મોડી રાત સુધી જાગનારાઓ હજી સૂતા હતા.

વિનિની ઊંઘ આજ વહેલી ઊડી ગઈ હતી તેથી સવારના છ વાગતાં જ ઊઠી ગઈ હતી.

સામાન્ય રીતે સવારે સાત વાગ્યે ઊઠતી વિનિ આજ એક કલાક વહેલી હતી. વિનિએ સેલફોનમાં સમય જોયો. ફોન હાથમાં લેતા જ તેનું શિવાને ફોન કરવાનું મન થયું પણ શિવા સૂતો હશે તેમ માની તે માંડી વાળ્યું. બેડમાંથી ઊઠી, સીધી વૉશરૂમમાં ગઈ. અડધા કલાકમાં તે બાથ લઈને બહાર આવી ગઈ. તેને ગાર્ડનમાં લટાર મારવા જવાનું મન થયું. તે ફ્લૅટની બાલ્કનીમાં આવી. તેને વાતાવરણમાં રહેલી ગરમીનો અનુભવ થયો એટલે જવાનું માંડી વાળ્યું અને ઘરમાં બેસી પ્રાણાયામ કર્યા તેટલામાં સાત વાગી ગયા હતા.

"મૅડમ, દૂધ..." દરરોજ સવારે સાત વાગ્યે દૂધવાળો દૂધ આપવા આવતો.

વિનિનો ઊઠવાનો સમય સાત વાગ્યાનો હતો તેથી દૂધવાળો દૂધ બહાર મૂકી ચાલ્યો જતો. વિનિને ખબર ના હતી કે તેને દૂધ આપવા કોણ આવે છે. આજ તે વહેલી ઊઠી થઈ હતી તેથી દૂધ લેવા માટે દરવાજો ખોલ્યો ત્યાં તેણે પોતાની ઑફિસમાં કામ કરતા કર્મચારીને જોયો.

"રમણ, તું...? દરરોજ દૂધ આપવા તું આવે છે?" વિનિએ આશ્ચર્યથી પૂછ્યું.

"જી હા, મૅડમ, આપને દરરોજ દૂધ હું પહોંચાડું છું." રમણે કહ્યું.

"એટલે તું સવારે દૂધ આપવા જવાનું કામ તથા આખો દિવસ તું નોકરી કરે છે?" વિનિએ કહ્યું.

"યસ, મૅડમ. સવારે પાંચ વાગ્યાથી આઠ વાગ્યા સુધી દૂધ આપવા જઉં છું, આઠથી સાંજના છ વાગ્યા સુધી નોકરી કરું છું અને રાત્રે બે ત્રણ કલાક રિક્ષા ચલાવું છું."

"ઓહ માય ગૉડ, તું આટલી બધી મહેનત કરે છે?" વિનિએ આશ્ચર્ય પામતા કહ્યું.

"યસ, મૅમ, ત્યારે તો ઘરખર્ચના બે છેડા માંડ ભેગા થાય છે." રમણે કહ્યું.

"ચાલ, તારે ચાય પીવી છે?" વિનિએ રમણને પૂછ્યું. "હું રોકાઈ ના શકું. આપનો આભાર." કહેતાં રમણે ચાલતી પકડી.

વિનિએ પોતાના માટે ચાય બનાવી. આજે રવિવાર હોવાથી ઑફિસે જવાનું ના હતું. વિનિએ ગરમ નાસ્તો કરવાનું વિચાર્યું અને ઉપમા બનાવી નાસ્તો કર્યો.

આજ યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં 'મૅનેજમૅન્ટઃ બાય ઍન્ડ લાર્જ એટ ધ સાઇટ ઑફ ધ સોસાયટી' વિષે વર્કશૉપ તથા પ્રદર્શન હતું તેમાં તેને જવાનું નિમંત્રણ હતું. તે તૈયાર થઈ દસ વાગતાં સુધીમાં ત્યાં પહોંચી. યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં આજે વિનિને એવા ઘણા મિત્રો મળ્યા જેઓ ફાઇનાન્સ સાથે સંકળાયેલા હતા. બપોરે જ્યારે વિનિ લંચ લેવા જઈ રહી હતી ત્યારે તેની બચપણની ખાસ બહેનપણી આયામી મળી ગઈ અને વિનિને પોતાનો દિવસ સફળ થતો લાગ્યો. લંચ લેતા પહેલાં તેણે આયામીને જોઈ. આયામીએ તેને જોતાં જ બોલાવી.

* * *

"હાય, વિનિ તું અહીંયાં?" આયામીએ પૂછ્યું.

"વાઉ, આયુ તું? તને અહીં જોઈને મને ઘણો આનંદ થયો. શું કરે છે અહીં? આજકાલ ક્યાં છે તું?" વિનિએ પૂછ્યું.

"વિનિ, હું પણ અહીં અમદાવાદમાં જ છું. બરોડા યુનિ.માંથી ફિનાન્સમાં MBA કરી અને અહીંની

'Plan:O:Money' કંપનીની ફિનાન્સ મૅનેજર છું. તું અહીં શું કરે છે?"

"હું પણ અહીંના એક અખબારમાં ફિનાન્સ મૅનેજર છું. મેં દિલ્હીથી MBA કર્યું" વિનિએ જવાબ આપ્યો. "હા, તને બરોડા ક્યાં ફાવતું હતું. અલી, તું પૈણીબૈણી કે નહીં?" આયામીએ પૂછ્યું.

"હા, પરણીને, શિવા સાથે. શિવા દિલ્હીમાં ન્યૂઝ એક્સપ્રેસમાં ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમનો હેડ છે."

"તેં પણ છાપાવાળાને પકડી પાડ્યો કેમ? ક્યાં, એ નથી આવ્યો?"

"ના એ દિલ્હી છે. આયુ, તારું તો કહે." વિનિએ પૂછ્યું.

"મેં મારી કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર સાથે ચોખઠું ગોઠવી દીધું છે. તે અમદાવાદી ગુજુ છે અને આવતા મહિને અમે પરણી જવાના છીએ." આયામીએ આંખ મિંચકારી કહ્યું.

"અલી, તું આ સાઉથ ઇન્ડિયનને ક્યાંથી પકડી લાવી? આયામીએ લટકો કરતાં પૂછ્યું.

"આયુ, ક્યારેક લંકાની લાડી અને ઘોઘાનો વર હોય તો, ક્યારેક બરોડાની લાડી અને સાઉથનો વર પણ હોવો જોઈએ ને?" બંને ખડખડાટ હસી પડી. બંને લંચ લેવા સાથે જ ગઈ. લંચ અવર્સમાં વિનિને તેનો બૉસ મળ્યો.

"હલ્લો, વિનિ હાવ આર યુ?" કહેતાં તેનો બૉસ તની પાસે આવ્યો. વિનિએ તેની ઓળખાણ આયામી સાથે કરાવી અને હલ્લો હાય કરતી બંને દૂર જતી રહી.

લંચ પૂરું થવા આવ્યું ત્યારે તે ફરી પાછો આવ્યો અને વિનિને કહેવા લાગ્યો:

"વિનિ, આજના ઓરેશનમાંથી આપણે અપનાવવા જેવા આઇડિયાઓની નોંધ કરજે."

"યસ, સર, હું એ કરતી જ રહી છું." વિનિએ કહ્યું.

"આજ સાંજનો પ્રોગ્રામ શું છે?" બૉસે વિનિને પૂછ્યું.

"આજ સાંજનો પ્રોગ્રામ નક્કી નથી." વિનિએ કહ્યું.

"તો આજ સાંજે અમારા ઘરે આવવાનું રાખો." બૉસે આમંત્રણ આપતાં કહ્યું.

"શિવા આવશે ત્યારે તેને લઈને તમારે ત્યાં જરૂર આવીશ." વિનિએ બૉસને ટાળવા માટે કહ્યું.

"શિવા આવે ત્યારે ફરીથી આવજો, પરંતુ આજ અમારી મૅરેજ ઍનિવર્સરી છે તેથી કેટલાક મિત્રો ફૅમિલી સાથે આવવાના છે. તમે આવશો તો મને આનંદ થશે. બહુ મોટું ફંક્શન નથી રાખ્યું. તમે જ કહો વીસ વરસ બાદ ઍનિવર્સરીનું ફંક્શન નાનું જ હોય ને?" બૉસે હસતા હસતા કહ્યું.

"થેંક્યુ સર, આજે રાત્રે શિવાનો ફોન આવવાનો છે અને તે ક્યારે આવે તે નક્કી નહીં તેથી આજે તો નહીં આવી શકાય. આઇ આમ સૉરી."

"ઓ.કે. વિનિ, ચાલો તો આપણે અહીં રેસ્ટોરન્ટમાં જઈ કાંઈ ઠંડું લઈએ." બૉસે ફરી ઑફર કરી.

"નહીં, સર. શિવા વિના મને હોટલમાં જવું ગમતું નથી." વિનિએ નમ્રતા છતાં કડકાઈથી કહ્યું.

શિવાનું નામ સાંભળતાં જ બૉસના છક્કા છૂટી જતા હતા તે વિનિ જાણતી હતી. તેમાંય આજકાલ શિવા સમાચારોમાં ટોપ પર હતો. શિવાનું નામ આવતાં જ બૉસ ઠંડો પડી ગયો. તે સમજી ગયો કે વિનિ અલગ માટીની બનેલી છે તે આપણા નાખ્યા દાણા ગળશે નહીં. તેમ માની ત્યાંથી ચાલ્યો ગયો.

કન્વેન્શન પૂરું થતાં વિનિ ઘરે આવી અને તેણે શિવાને ફોન જોડ્યો.

"હાય, શિવા ક્યાં છે તું?"

"અખબારની ઑફિસમાં." શિવાએ ટૂંકો જવાબ આપ્યો.

"આજ રવિવારે સવારથી તારા ફોનની રાહ જોઉં છું પણ તારો ફોન ના આવ્યો એટલે મને થયું કે તું ટૂરમાં હશે."

"ના વિનિ, આવતીકાલે અખબારમાં એક અગત્યના સમાચાર આપવાનો છું તેની ગડમથલમાં પડ્યો છું. હું આજ રાત્રે તને ફોન કરવાનો જ હતો ત્યાં જ તારો ફોન આવ્યો."

"શિવા, તું ક્યારે આવીશ? તારા ગયાને બે મહિના થયા. એકાદ દિવસ તો તું આવી જા." વિનિએ કહ્યું.

"ચોક્કસ વિનિ, હું પણ તારી પાસે આવવાનો મોકો શોધી રહ્યો છું. પરંતુ અહીં એક પછી એક ઘટનાઓ એવી બને છે, ઊંઘવાનો પણ પૂરતો સમય નથી મળતો. વિનિ, હવે તો મને પણ એવું થાય છે કે હું પાંખો લગાવી લઉં જેથી સવારે ઊઠીને તારી પાસેથી ઑફિસે તથા સાંજે ફરી પાછો તારી પાસે આવી જઉં. ત્યાં કોઈ સારા વિંગ ટ્રાન્સપ્લાન્ટ સર્જન તારા ધ્યાનમાં હોય તો કહે, તેનો પહેલો કેસ હું થઈશ." શિવા હસ્યો.

"ઓહ, શિવા તને દરેક વાતમાં મશ્કરી સૂઝે છે અને અહીં તારા વિના દિવસરાત લાંબા થતા જાય છે. તું આવ ને?"

"હની ગર્લ, હું તો ચોવીસેય કલાકો તારી પાસે રહેવા માંગું છું ને? હવે તો થોડો વખત જ દૂર રહેવાનું છે. પછી તો આપણે આનંદથી જોડે જ રહી શકીશું."

"આઠ વરસ આજ વાત સાંભળવામાં ગયાં, શિવા!" વિનિએ કહ્યું.

"હવે આઠ મહિના પણ નહીં લાગે. ચાલ, "આવતા રવિવારે એક રાત માટે તારી પાસે જરૂર આવીશ." શિવાએ કહ્યું.

"બસ, એક જ રાત માટે?" વિનિએ દુ:ખી અવાજે પૂછ્યું.

"પ્રેમ કરને કે લીએ એક રાત ભી કાફી હી હૈ." શિવાએ ડાયલૉગ ફટકાર્યો.

"એ એક રાત ઘણી ટૂંકી પડી જાય છે અને બાકીની રાતોની લંબાઈ વધી જાય છે, તે તું જાણે છે?" વિનિએ હસતાં કહ્યું.

"તારે દરજી પાસે જઈને કહેવાનું, યે રાતો કો એક બિલાંગ છોટી કર દો." શિવા અને વિનિ હસી પડ્યાં.

"વિનિ, હજારીમલ હત્યાનો કેસ આપણા માટે શુકનિયાળ સાબિત થશે, તેવું મને દેખાઈ રહ્યું છે. લગભગ એકાદ વીકમાં જ ગુનેગારો પકડાઈ જશે. આપણી મહેનત સફળ થશે."

"શિવા, તારી સફળતા માટે હું પ્રાર્થના કરીશ. તારી જાતને તું સંભાળીને કામ કરવાનું રાખજે. ખાવાપીવામાં તથા મુસાફરી કરવામાં ધ્યાન રાખજે." વિનિએ કહ્યું.

"યસ, મૅડમ, આપની સલાહ પ્રમાણે જ વર્તવામાં આવશે. બોલો, બીજો કોઈ હુકમ?" શિવાએ ધીમેથી કહ્યું.

"શિવા, આજ હું યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ગઈ હતી. એક ફાઇનાન્સની કૉન્ફરન્સમાં હાજરી આપી. ત્યાં મને મારી બચપણની એક મિત્ર મળી ગઈ જે અહીં અમદાવાદમાં એક કંપનીમાં ફાઇનાન્સ મૅનેજર છે. તેની સાથે સમય પસાર કર્યો." હજુ વિનિ આગળ બોલવા જતી હતી ત્યાં શિવાએ ફોન કટ કરતાં કહ્યું.

"વિનિ, એક અગત્યનો ફોન આવી રહ્યો છે તે પૂરો થયેથી તારી સાથે ફરી વાત કરીશ."

"સી... ટ્ર..." કહેતાં વિનિએ ફોન બંધ કરી બેડ ઉપર ફેંક્યો અને પોતાની જાતને પણ બેડ પર ફેંકી.

"જાલિમ છે, સાલ્લો... શિવો..." કહેતાં રડી પડી. ક્યારે તેની આંખ મીંચાઈ ગઈ તેની તેને ખબર ના રહી. જ્યારે તે જાગી ત્યારે રાતના દસ વાગ્યા હતા.

વિનિને હવે ભૂખ લાગી હતી. તેણે રસોડામાં જઈને નાસ્તાના બધા ડબ્બાઓ ખોલી જોયા. બધા ખાલી હતા. તે તૈયાર થઈને હોટલમાં જમવા જવા બહાર નીકળી.

આજ રવિવારની સાંજ હોય, શહેરના દરેક ખાણીપીણીના સ્ટોલો તથા રેસ્ટોરન્ટો ભરચક હતા. વિનિને કકડીને ભૂખ લાગી હતી તેથી ફાસ્ટફૂડથી ચાલે તેમ ના હતું. તે એસ. જી. હાઇવે પરના એક ઢાબામાં પહોંચી. ઢાબાઓ પણ સહેલાણીઓથી ભર્યા હતા. તે એકલી હોય તેને એક ચારપાઈ પર જગ્યા મળી ગઈ. વિનિએ વાનગીઓનો ઑર્ડર આપ્યો, તે સમયમાં તેની સામે તેની જ ઉંમરની એક યુવતીએ સ્થાન લીધું.

"હાય, હું કુશાંગી મલ્હોત્રા. હું અહીં કૉલ સેન્ટરમાં કામ કરું છું. એકલી રહું છું. મારા મિત્રો મને

કુશી કહીને બોલાવે છે." કુશાંગીએ વિનિ સાથે હાથ મેળવવા હાથ લંબાવ્યો. વિનિએ તેના હાથે ના અડતાં હાય કહેતાં કહ્યું,

"હાવ, નાઇસ. માયસેલ્ફ વિરાજ શિવા. હું અહીં ફ્રીલાન્સ પત્રકાર છું." વિનિએ પોતાની ઓળખાણ છુપાવી. તેણે કાંડા પર રહેલી વૉચ ઉપર હાથ ફેરવ્યો અને તેમાં રહેલા કૅમેરા અને રેકોર્ડર ચાલુ કરી દીધા.

"વેરી નાઇસ. મને તમારાં નામ તથા કામ બંને ગમ્યાં. કુશીએ કહ્યું અને આંખ મિચકારી.

"થૅંક્સ." વિનિએ ટૂંકમાં જવાબ આપ્યો. એટલામાં બેરો ઑર્ડર લેવા આવી ગયો.

વિનિએ દહીં, પુલાવ અને સલાડ મંગાવ્યા અને કુશાંગીએ પંજાબી ડીશ મંગાવી.

"મને પંજાબી ફૂડ બહુ ભાવે છે. અહીંનું પંજાબી ફૂડ શુદ્ધ અને સ્વાદિષ્ટ હોય છે. અહીંનું વાતાવરણ પણ સારું છે તેથી મન બહેલી જાય છે. હું અહીં મહિનામાં બેત્રણ વખત આવું છું." કુશાંગીએ કહ્યું.

"વૅલ, તમારી ચૉઇસ સારી છે." વિનિએ કહ્યું.

બંનેની ડીસ આવી ગઈ. તેઓ જમતા હતા ત્યાં કુશાંગીના ફોનની રિંગ વાગી. કુશાંગીએ ફોન ઉપાડ્યો.

"બોલ, આશિષ, કેમ તેં મને યાદ કરી?" કુશાંગીએ ફોનનું સ્પીકર ચાલુ કરતાં કહ્યું. "આજ તું મને ડીસ્ટર્બ ના કરીશ. આજે રજા છે."

"વાઉ, બેબી, આજની રાત તો તારે મારી સાથે ગાળવાની હતી. તું કેમ ના પાડે છે?" ફોનમાંથી અવાજ આવ્યો.

"આજ હું થાકી છું. ગઈકાલની રાત મેં મલયની પાર્ટીમાં ગાળી, સવારે વહેલી ઊઠી અને આજનો આખો દિવસ દોડધામમાં ગયો." કુશાંગીએ ફોનમાં કહ્યું.

"ઓહ ડિયર, આજનો તો તારો વાયદો હતો તે તું ભૂલી ગઈ 'સન્ડે નાઇટ' ડિયર...?"

"તું બોચિયો થા નહીં. હું આજ નહીં આવી શકું. મારો ફોટો પડખામાં રાખીને સૂઈ જા." કુશાંગીએ ફોન સ્વિચ ઑફ કરતાં કહ્યું.

કુશાંગીએ ફોન સ્વિચ ઑફ કરી દીધો અને ખાવા લાગી. વિનિ પોતાની ડીસ પૂરી કરવામાં હતી.

કુશાંગીએ કહ્યું: "હું અહીં કૉલ સેન્ટરમાં કામ કરું છું. ત્યાં અમે ચાર છોકરીઓ અને ચાર છોકરાઓ કામ કરીએ છીએ. અમે ફ્રી લાઇફ જીવીએ છીએ અને એકબીજાની જરૂરિયાતો સમજીએ છીએ. યુવાનીના દિવસો છે અત્યારે નહીં જીવીએ તો ક્યારે જીવીશું? મને મારી આ લાઇફ ગમે છે." તેમ કહી એક આંખ મિચકારી અને ફરી જમવા લાગી.

વિનિએ ફિંગરબાઉલ મંગાવ્યો. તે બીલ પે કરી બહાર આવી ત્યાં તો કુશાંગી પણ તેની પાછળ આવી અને કહ્યું,

"ચાલો, મારી સાથે ચાલો."

વિનિએ ના પાડી તેટલામાં વિનિની આસપાસ ચાર હેકરો આવી વિનિને ઉઠાવી ગાડીમાં બેસાડી હંકારી ગયા. કુશાંગીએ રાડ પાડી. ઢાબામાંથી બેચાર યુવાનોએ ગાડીનો પીછો કર્યો પરંતુ તેટલામાં ગાડી ક્યાંય દૂર નીકળી ગઈ હતી.

* * *

વિનિનું અપહરણ થઈ ચૂક્યું હતું. કોણ તેને ઉઠાવી ગયું તે પ્રશ્ન સૌના ચહેરા પર હતો. રાતના સાડા અગિયાર વાગ્યા હતા, એસ. જી. હાઇવે પર હજી ચહલપહલ ઘણી હતી. જાણે કાંઈ બન્યું ના હોય તેમ દરેક વિખેરાઈ ગયા. કુશાંગી પણ પોતાનું એક્ટિવા લઈ નીકળી પડી. વિનિની ગાડી ઢાબા પાસે પડી હતી.

સવારના ચાર વાગ્યા હતા. શિવા હોટલના રૂમમાં ઊંઘી રહ્યો હતો ત્યાં ઇન્ટરકોમની રિંગ વાગી. શિવાએ ફોન ઉપાડ્યો.

"શિવા સ્પિકિંગ"

"સર, આપના માટે મુંબઈથી ફોન છે." રિસેપ્સનીસ્ટે ફોન પર કહ્યું.

"એલાવ ઇટ" કહી શિવાએ ફોનનું રિસીવર બરાબર પકડ્યું. તે ભર ઊંઘમાં હતો.

"સાંભળ, શિવા તારી વિનિ અમારા કબજામાં છે. તેને તારે જોઈતી હોય તો આજે રાત્રે હોટલ પેલિકન ઇનના રૂમ નંબર 712માં આવી જા." સામા છેડેથી અવાજ આવ્યો અને ફોન કટ થઈ ગયો.

શિવાએ ઇન્ટરકોમ પર ઓપરેટરને ફોન નંબર આપવાનું કહ્યું. ઓપરેટરે કૉલર આઇ ડી પરથી ઇન કમિંગ ફોનના નંબર આપ્યા. શિવાએ તે નંબર ડાયલ કર્યો પરંતુ તે નો રિપ્લાય થયો. શિવા સમજી ગયો કે અપહરણકારે પબ્લિક ફોનબૂથ પરથી ફોન કર્યો હતો. તેણે તરત જ દિલ્હીમાં કરોલબાગ પોલીસને ફોન જોડ્યો.

"હલ્લો, કરોલબાગ પોલીસ સ્ટેશન?"

"યસ સર, હું હેડ કૉન્સ્ટેબલ માધવ તિવારી બોલું છું."

"હું શિવા નારંગ અહીંના વસંતવિહાર એરિયામાંથી બોલું છું. હું ન્યૂઝપેપર ઇન્ડિયન મિરરનો સબ એડિટર છું. મારી પત્ની વિનિ મોદીનું અમદાવાદમાંથી અપહરણ થયું છે. તેને પાછી સોંપવા માટે મને મુંબઈની હોટલ પેલિકન ઇનમાં આજે મળવાનું કહ્યું છે તેની ફરિયાદ લખાવવાની છે."

"હલ્લો સર, હું તમારા પત્રકાર મિત્ર અલયનો ફ્રેન્ડ છું અને તમને પણ ઓળખું છું. તમારી ફરિયાદ ફોન પર લઈ લીધી છે પણ તમારે રૂબરૂ આવવું પડશે. તમારી ફરિયાદની મુંબઈ પોલીસને હું હમણાં જ જાણ કરી દઉં છું."

"હું ત્યાં આવવા નીકળી ચૂક્યો છું અને હમણાં જ ત્યાં હું પહોંચી જઈશ."

શિવાએ ફોન પર વિનિનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો પરંતુ તે થઈ ના શક્યો. શિવા પોલીસચોકીએ પહોંચ્યો. તેણે FIR. લખાવી અને ફોન આવ્યો હતો તેની વિગત આપી. તે પોતાની ઑફિસે ગયો. સવારના છ વાગીને પિસ્તાલીસ મિનિટ થઈ હતી. ઑફિસમાંથી બેચાર કાગળો લીધા, વૉચમેનને જાણ કરી, અલયને ફોન કર્યો અને મુંબઈની ફ્લાઇટ પકડવા નીકળી પડ્યો. અખબારના એમડીને હાલ જાણ કરવાની જરૂર નહોતી. તેને મુંબઈ વહેલાસર પહોંચવું હતું. તેને સાત વાગ્યાની ફ્લાઇટ મળી ગઈ.

સવારના સાડા નવ વાગ્યે તે મુંબઈમાં બાંદ્રા પોલીસચોકીમાં પહોંચી ગયો. બાંદ્રા પોલીસચોકીમાં ઇન્સ્પેક્ટર વાનખેડે તેના પરિચિત હતા તેથી તેણે ત્યાંથી જ આગળ કાર્યવાહી કરવાનું નક્કી કર્યું હતું. અત્યાર સુધી જે કાંઈ કરવામાં આવ્યું હતું તે ગુપ્ત રાખવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસને પણ ફરિયાદ અંગે મૌન જાળવવાની સૂચના આપવામાં આવી હતી.

શિવાએ ફરીથી વિનિનો ફોન પર સંપર્ક કરવા પ્રયત્ન કર્યો. વિનિના ફોનમાં સર્વિસ પ્રોવાઇડરને તે ફોનના લોકેશનની જાણ કરવા કહ્યું અને જે માહિતી મળી તેની પોલીસને જાણ કરી.

શિવાની પત્રકાર તરીકેની છાપ ઘણી સારી હતી. પોલીસબેડામાં પણ તેની ઓળખાણ સારી હતી તેથી તેનું કામ તરત થઈ જતું.

સવારે અગિયાર અને ત્રીસ મિનિટે તેની ઑફિસેથી ફોન આવ્યો. શિવાએ ફોન પર દરેક વિગત આપી અખબારમાં આ સમાચારને હાલ પ્રસિદ્ધ ના કરવા વિનંતી કરી. મારિયાએ તેની વિનંતી માન્ય રાખી અપહરણના સમાચાર ગુપ્ત રાખવાનું વચન આપ્યું.

શિવા બેચેન હતો. તેના માટે સમય ચાલવાનું ભૂલી ગયો હોય અને ઘડિયાળના કાંટા ધીમા ચાલતા હોય તેવું તેને લાગતું હતું. પોલીસ ઇન્સ્પેક્ટર વાનખેડે જે પ્લાન નક્કી કરે તે પ્રમાણે ચાલવાનુ હતું. તે બાંદ્રા પોલીસ સ્ટેશનના કૉરિડૉરમાં આમથી તેમ આંટા મારતો હતો. તેના ચહેરા પરના ભાવ સતત બદલાતા રહેતા હતા. ક્યારેક ચહેરા પર ગુસ્સાના ભાવ આવતા હતા તો ક્યારેક ગમગીન બની જતો હતો. ક્યારેક આંખ ભીની થઈ જતી હતી. થોડી થોડી વારે ફોન પર કોઈનો સંપર્ક કરવા પ્રયત્ન કરતો હતો પણ તે થતો ના હતો. તેના શરીરના હાવભાવ પરથી તેની બેચેની વધતી જતી હોય તેવું લાગતું

હતું. સવારના ફોન આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં મોઢામાં કાંઈ નાખ્યું ના હતું. તેની ભૂખ-તરસ મરી પરવારી હતી. તેની જાડી ફ્રેમના ચશ્માંને વારેવાર અડકતો હતો, ક્યારેક દાઢી પર હાથ ફેરવતો હતો તો ક્યારેક બહાર રોડ પર ચાલ્યાં જતાં વાહનોને તાકી રહેતો હતો.

બપોરના બે વાગવા આવ્યા હતા છતાં વિનિના કોઈ સમાચાર આવ્યા ના હતા. તે બેશુમાર દબાણ નીચે આવી ગયો હતો. તે ટેન્શન ઓછું કરવાની કોશિશ કરતો હતો તેમ તેમ તેનું ટેન્શન વધતું જતું હતું. બરાબર બે વાગ્યે વાનખેડેએ તેને પોતાની ચેમ્બરમાં બોલાવ્યો. વાનખેડેએ ટેબલ પર ટિફિન ખોલી રાખ્યું હતું અને તેની બાજુની પ્લેટમાં બે વડાપાઉં અને બે કપ ચા હતા. ઇન્સ્પેક્ટરે તેને સાથે બેસી જમવા કહ્યું. શિવાને પણ ભૂખ કકડીને લાગી હતી. તેણે વાનખેડે સાથે લંચ લીધું. તે દરમ્યાન શિવાએ વિગતવાર વાત કરી જેની વાનખેડેએ નોંધ કરી.

“શિવા તમારી વાતો પરથી મને એવું લાગી રહ્યું છે કે આ કામ કોઈ કોલકાતા વાળી ગેંગનુ ગોઠવેલું હોવું જોઈએ. હજારીમલની હત્યાના સંદર્ભમાં તમને મળેલી ધમકીઓ અને વિનિનું અપહરણ થયું તે બંનેનો દોરીસંચાર એક જ જગ્યાએથી થઈ રહ્યો હોય તેવી મારી માન્યતા છે.”

“યસ, વાનખેડે સાહેબ, મને પણ એમ જ લાગે છે. આ કામ હજારીમલના જમાઈએ જ કરાવેલું હોવું જોઈએ.”

“જિતેન્દ્ર ધારીવાલ ઘણી પહોંચ ધરાવતી વ્યક્તિ છે. તે ધારે તો ભારત સરકારના ગૃહ મંત્રાલય સુધી પહોંચી શકે તેવો અને ગમે તેને ફોડી શકે તેવો છે. તેં તેની સાથે બાથ ભીડવાનું સાહસ ખોટું કર્યું છે.”

“હવે જે થઈ ગયું છે તેમાં પીછેહઠ થઈ શકે તેમ નથી. મારા માટે મારી કારકિર્દીનો સવાલ છે. મારા જીવન અને મોતનો સવાલ છે. હું આ પ્રકરણ અહીં છોડી દઉં તો મારી નામોશી થાય અને હું જીવી ના શકું, તેથી ગમે તે ભોગે મારે આગળ વધવું જ પડશે. મારી પાસે જે માહિતી છે તે તેને ગુનામાં ફિટ કરવા માટે પૂરતી છે.”

“શિવા, તું અત્યારે એવા કિનારા પર આવીને ઊભો છે, જ્યાંથી તું પાછો ના ફરે તો તારે વિનિને ગુમાવવી પડે. તેથી હું તને સલાહ આપું છું કે તું અહીંથી જ પાછો ફરી જા. હું માનું છું કે આવા કેસમાં કોલકાતાની ‘ઓમાર કાલી’ ગેંગનો જ હાથ હોય. બીજા કોઈ તારા જેવા પત્રકાર સામે ના પડે અને ફોન કરી તને હોટલમાં મળવા બોલાવી ના શકે.” વાનખેડેએ કહ્યું.

“ઓમાર કાલીનો મુખિયો કોણ છે?”

“ઓમાર કાલી સુબ્રુતો દત્ત અને જપન સરકાર ચલાવે છે.”

“સુબ્રુતો દત્ત? કોલકાતા સિક્યોરિટી વાળો?”

“યસ, તે મોટો ગેંગ લીડર છે.”

“તે તો મારો મિત્ર છે. હાલ જ હું તેને ફોન કરું છું.”

શિવાએ સુબ્રુતોને ફોન જોડ્યો.

“હલ્લો, સુબુ, હું શિવા બોલી રહ્યો છું તારો ખાંડ્યો, બોચિયો પત્રકાર, દિલ્હીવાળો, શિવો.”

“હાય, શિવા મને કેમ યાદ કર્યો? ક્યાંય સલવાણોતો નથી ને? કયા રાજકરણીની સળી કરવા ગયો હતો? તું જ્યાં સુધી ફસાય નહીં ત્યાં સુધી મને યાદ કરે તેમ નથી.” સામે છેડેથી સુબ્રતો બોલતો હતો.

“સુબુ, આ વખત હું નહીં, વિનિ ફસાણી છે. ગઈકાલે અમદાવાદમાંથી વિનિનું અપહરણ થઈ ગયું છે. અપહરણકારે મને આજ મુંબઈની એક હોટલ પેલિકન ઇનમાં મળવા માટે બોલાવ્યો છે. મને આજે સવારે ફોનથી જાણ કરી છે એટલે હું અત્યારે મુંબઈ આવ્યો છું.”

“શિવા, તું મને બાર કલાક પછી યાદ કરે છે?”

“સુબુ, મારું મગજ ભમી ગયું છે. મને અહીં ઇન્સ્પેક્ટર વાનખેડેએ કહ્યું ત્યારે તું મને યાદ આવ્યો.”

“તું મુંબઈ પહોંચી ગયો છે એમ ને? વાનખેડેને મારા સલામ કહે, અને કહે કે ભાયંદરવાળા વાલમને

ફોન કરીને અપહરણની દરેક વિગત આપી દે. હું તને એક કલાક પછી ફોન કરીશ. તું એકલો હોટલ પર જતો નહીં અને મગજ પર ટૅન્શન પણ રાખતો નહીં. વિનિ બેત્રણ કલાકમાં ઘરે સલામત રીતે પહોંચી જશે." સુબ્રતોએ કહ્યું અને ફોન પૂરો થયો.

શિવાએ ફોન બંધ કરીને વાનખેડે સામે જોયું. વાનખેડેના ચહેરા પર આશ્ચર્યના ભાવ હતા.

વાનખેડે થોડો ભયભીત દેખાતો હતો.

"સાહેબ, સુબ્રતોએ આપને સલામ કહ્યા છે અને ભાયંદરના વાલમને ફોન કરવાનું કહ્યું છે." શિવાએ કહ્યું.

વાલમ ભાયંદરનો મોટો બુટલેગર હતો અને બસ્સો કરતાં વધારે ગુનાઓ જેવા કે અપહરણ, ચોરી, લૂંટ, ખૂન વગેરેમાં સંડોવાયેલો હતો છતાં તે કદી જેલ નહોતો ગયો હતો કે ના, તો પોલીસ તેને પકડી શકી હતી.

વાનખેડેએ પોતાના મોબાઇલ ફોનમાંથી વાલમને ફોન કર્યો.

"વાલમભાઈ, હું બાંદ્રાથી વાનખેડે બોલું છું."

"બોલ, વાનખેડે, તારે ગઈકાલે અમદાવાદમાંથી થયેલા અપહરણની માહિતી જોઈએ છે ને?" સામા છેડેથી અવાજ આવ્યો.

"જી હાં, ભાઈ, મારા એક દોસ્તની એ પત્ની છે, ભાઈ. આ કામ અહીં જ પૂરું થઈ જવું જોઈએ."

"વાનખેડે, તારો દોસ્ત તારી સામે જ બેઠો છે ને? તેને કહેજે, રાત્રે આઠ વાગ્યે તેને આપેલા ઍડ્રેસ પર તે પહોંચી જાય, ત્યાં તેને તેની પત્ની મળી જશે."

"ભાઈ, આ બધું શું બની રહ્યું છે?" વાનખેડેએ પૂછ્યું.

"તું એ પછી પૂછજે. અત્યારે કોલકાતાથી સુબ્રતોનો ફોન આવી રહ્યો છે. હું તને બધી વાત પછી કહીશ." સામા છેડેથી ફોન કટ થઈ ગયો.

વાનખેડેએ શિવાને કહ્યું,

"શિવા તારું કામ થઈ ગયું. તું સાંજના આઠ વાગ્યે હોટલ પેલિકન પહોંચી, રિસેપ્સનિસ્ટને મળજે. તે તને તારી પત્ની પાસે લઈ જશે."

"શું કહો છો સર? આટલી સહેલાઈથી મારું કામ થઈ જશે? આભાર આપનો."

"જરૂર, શિવા, વાલમ જ્યારે કહે ત્યારે સો ટકા કામ પૂરું જ થઈ જાય. ચાલ, હવે નિરાંત રાખ. આવ, આપણે ચા પીએ."

વાનખેડેએ બે કપ ચા મંગાવી અને બંનેએ પીધી. શિવાના ચહેરા પર વ્યગ્રતા છવાયેલી હતી. તેણે વિનિને ફોન જોડવા પ્રયત્ન કર્યો પરંતુ તેનો ફોન બંધ આવતો હતો. શિવા આંખ બંધ કરી ખુરશી પર બેસી રહ્યો.

સાંજના છ વાગ્યે વાનખેડેની ડ્યૂટી પૂરી થતી હતી. તેણે શિવાને સાથે લીધો. તેઓ હોટલ પેલિકન જવા સાથે નીકળ્યા.

* * *

કુશાંગી, કામ પૂરું?' કુશાંગી કોઈ સાથે ફોન પર વાત કરી રહી હતી.

"યસ, સર. મુદ્દામાલ રવાના થઈ ગયો છે. સવાર થતાં જ ડિલિવરી થઈ જશે, માલ મળી જાય એટલે જણાવજો." કુશાંગીએ જવાબ આપ્યો અને ફોન બંધ કર્યો.

ઢાબામાંથી નીકળી કુશાંગી કૉલ સેન્ટર પર આવી. આજે નાઇટડ્યૂટીમાં તેની સાથે વિરાંગ હતો. રાતના દસ અને પિસ્તાલીસ મિનિટ થઈ હતી. આજે તે ડ્યૂટી પર આવવામાં પોણો કલાક મોડી હતી. તેણે મિનિતાને છોડાવવાની હતી, તે કુશાંગીની રાહ જોતી ઊંચીનીચી થતી હતી. મિનિતા સાથે ડ્યૂટી પર પીયૂષ હતો તેને વિરાંગે વહેલો છોડાવ્યો હતો, તે ચાલ્યો ગયો હતો.

"હાય મિનિતા, આજે મને આવતાં મોડું થયું. આઇ એમ સૉરી." કુશાંગીએ કહ્યું.

"હાય કુશાંગી, તું તો આમ પણ લેઇટ લતીફ જ છો ને. તું ક્યાં કોઈ દિવસ સમયસર આવે છે? હવે જલદી કર, ઓવર લઈ લે એટલે હું ઘરે જવા નીકળું." કુશાંગીએ ઓવર લીધો અને મિનિતા ઘર જવા નીકળી. કૉલ સેન્ટરમાં કુશાંગી અને વિરાંગ બે જ રહ્યાં.

આજે રવિવાર હોવાથી કામનો બોજ ઓછો હતો. વિરાંગે પોતાની ચૅર કુશાંગીની નજીક લીધી અને પૂછ્યું:

"કુશાંગી, કેવી રહી ગઈકાલ રાત્રે મલયની પાર્ટી?"

"સો, સો. એક તો ડ્રિંક્સમાં કાંઈ ઠેકાણા નહોતાં અને ડી.જે. પણ બરાબર નહોતો, છતાં મલય સાથે મોડી રાત્રે મજા કરી." કુશાંગીએ કહ્યું.

"પાર્ટીમાં કોણ કોણ હતા?" વિરાંગે પ્રશ્ન કર્યો.'

"મલયના અંગત મિત્રો જ હતા તથા હું અને હિરણ્યા હતી. હિરણ્યા તો વહેલી નીકળી ગઈ હતી એટલે છોકરીઓમાં તો છેલ્લે હું એક જ હતી." કુશાંગીએ કહ્યું.

"તો તો પાર્ટીમાં તારો રુઆબ જોરદાર રહ્યો હશે. કેટલાને ઘાયલ કર્યા તેં?"

"ના, ના કોઈને નહીં. બધા ગે જેવા હતા અને મલયને તો તું જાણે છે ને? તે બેડરૂમમાં તો બકરી જેવો થઈ જાય છે." કુશાંગીએ જોશથી હસતાં કહ્યું.

"કાંઈ સમજ્યો નહીં." વિરાંગે કહ્યું.

"ખાઈપીને ખાટલામાં પડ્યા એવું થયું. કાલની રાત આખી કોરી ગઈ." કુશાંગીએ આંખ મિચકારી કહ્યું અને વિરાંગની જાંઘ ઉપર હાથનો પંજો મૂક્યો.

વિરાંગ પણ કુશાંગીને ફ્લર્ટ કરવા જતો હતો ત્યાં જ ફોનની ઘંટડી રણકી ઊઠી.

"ઓહ, મિયાં ગિરે તો ભી મધરાત કો." ઓવરસીઝ ફોન આવવા શરૂ થઈ ગયા હતા.

...5...

રાતના આઠ વાગ્યા હતા. શિવા હોટલ પેલિકન ઇનના રિસેપ્શન કાઉન્ટર પર ઊભો હતો. રિસેપ્શનીસ્ટે તેનું આઇ.ડી. કાર્ડ ચેક કર્યું. તેને રૂમ નંબર 712માં લઈ જવા માટે સિક્યોરિટીને કહ્યું. સિક્યોરિટી શિવાને લઈને લિફ્ટમાં પહોંચ્યો. લિફ્ટમાં બીજી ચાર વ્યક્તિઓ હાજર હતી. તેમાંથી બે બાઉન્સર જેવા અને બે સામાન્ય લોકો જેવા લાગતા હતા. સાતમા માળે લિફ્ટ ઊભી રહેતા શિવાની સાથે તેઓ પણ ઊતર્યા અને તેની સાથે જ ચાલવા લાગ્યા. શિવાના દિલની ધડકન હવે વધવા લાગી હતી. એક તરફ વિનિની ચિંતા, ઉજાગરો, ભૂખ અને તેમાં સાથે આ ચાર અજાણ્યા માણસો, શિવાના શરીરમાં ધ્રુજારી પ્રસરી ગઈ. રૂમ નંબર 712 આવતાં એક જણે આગળ વધી દરવાજાને ધક્કો માર્યો ત્યાં બારણું ખૂલી ગયું. તેણે શિવાને અંદર જવા કહ્યું.

શિવાએ રૂમમાં દાખલ થતાં જ જોયું તો સામે સોફામાં એક કદાવર વ્યક્તિ બેઠી હતી. છ ફૂટ સાત ઇંચ ઊંચી, પહોળી છાતી, સ્નાયુબદ્ધ બાહુઓ, માંસલ દેહ અને લાલઘૂમ આંખોવાળી એ વ્યક્તિને જોઈને શિવા તો અવાક થઈ ગયો. તેને જોતાં જ તે જ્યાં ઊભો હતો ત્યાં જ ઊભો રહી ગયો. એક ડગલું પણ આગળ વધી ના શક્યો. સોફામાં બેઠેલી તે વ્યક્તિએ કહ્યું:

"શિવા, અહીં આવ. તું ગભરાઈશ નહીં, હું તારો શુભેચ્છક છું. તને મદદ કરવા આવ્યો છું. જ્યારથી તારી કાર્યશૈલીની જાણ થઈ છે ત્યારથી તારા માટે મને માન થયું છે. આવ અને મારી સામે બેસ."

"યસ સર", શિવાએ કહ્યું અને સોફા પર સંકોચાતો બેઠો.

"સર નહીં, તારો મિત્ર કહે. કોલકાતાથી ખાસ તને મદદરૂપ થવા બપોરની ફ્લાઇટથી અહીં આવ્યો છું. તારી પત્ની વિનિ સલામત છે અને સારી જગ્યાએ છે. તેનો કોઈ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. તું નિશ્ચિંત થઈ થોડો હળવો થા." સામેની વ્યક્તિએ કહ્યું.

શિવા હવે સ્વસ્થ થતો જતો હતો. તેના ચહેરા પરની વ્યગ્રતા ઘટતી જતી હતી.

"આપનો આભાર, વિનિ સલામત છે તે જાણી મને હવે નિરાંત થઈ છે. વિનિ અત્યારે ક્યાં છે તે બતાવશો?" શિવાએ કહ્યું.

"તું ચિંતા ના કર, વિનિ અમદાવાદમાં ઘણા સલામત સ્થળે છે. અમે છેલ્લા ચાર કલાકથી તારી અને વિનિની ચિંતા કરી રહ્યા છીએ. તારા સાહસિક અને ઇન્વેસ્ટિગેટિવ પત્રકારિત્વને કારણે તને નામના મળે છે, પરંતુ વિનિએ સહન કરવું પડે છે. જ્યારથી હજારીમલ હત્યાનો કેસ તેં હાથમાં લીધો છે, ત્યારથી તારા પર આફતનાં મંડાણ શરૂ થઈ ગયાં છે. તારા જ નહીં, વિનિના જીવન પર પણ ખતરો છે. માટે એક મિત્ર તરીકે તને આ કેસમાંથી ખસી જવાની સલાહ આપું છું. નહીં તો તારી અને વિનિની જાન ગુમાવવાનો સમય પણ આવે."

"આપની અમારા પ્રત્યે ઘણી લાગણી માટે આપનો આભારી છું અને આપની સલાહની પણ હું કદર કરું છું. આજની મારી પરિસ્થિતિ જોતાં એવું લાગે છે કે હજારીમલની હત્યાના કેસમાં મેં ખોટો હાથ નાખ્યો છે. પરંતુ મારું અસ્તિત્વ એમ કહે છે કે જો સાચા ગુનેગારો, જેઓ સજ્જનતાનો ચહેરો પહેરી સમાજને ગુમરાહ કરી રહ્યા છે, તેઓને ખુલ્લા પાડવામાં નહીં આવે તો આવનારા સમયમાં સમાજ ગુનાહિત કામ કરનારાઓથી જ ખદબદતો હશે. પૃથ્વી પર જીવનારાઓનું જીવન હિંસક પ્રાણીઓ જેવું હશે જે તેમને વિનાશ તરફ દોરી જશે. આ બધું અટકાવવા કોઈએ તો અવાજ ઉઠાવવો જ પડશે, કોઈએ તો પોતાના સર્વસ્વની આહુતિ આપી સમાજને બચાવવો જ પડશે, સમાજની રક્ષા કરવી જ પડશે. મારા જીવનની સત્ય હકીકત જાણશો તો તમે જ મને કહેશો કે મેં જે હિંમત કરી છે તે યોગ્ય છે. અથવા તો મને સાંભળીને તમે કહેશો તો હું મારું ગુનાશોધક પત્રકારિત્વ છોડી દઈશ અને હું પણ સમાજમાં સાથે ચાલતાં અન્ય વ્યક્તિઓની જેમ ટોળામાં ઘેંટાની માફક ભળી જઈશ." શિવાએ પોતાની જાતને સ્પષ્ટ કરતાં કહ્યું.

"શિવા, તું સો ટકા સાચો છે. તારી પાસે ધારીવાલ વિરુદ્ધ પૂરતા પુરાવા પણ છે. તારી પાસે જે માહિતી છે તે પણ સાચી છે. તારી પાછળ ફક્ત ધારીવાલ જ નહીં, તારા નજીકના માણસો પણ પડી ગયા છે. તું આગળ આવે તેવું તેઓ ઇચ્છતા નથી."

શિવાએ કહ્યું, 'માફ કરજો. હું આપનું શુભ નામ જાણી શકું?'

"મને લોકો 'જપન સરકાર'ના નામથી ઓળખે છે. મારું સાચું નામ તો મને પણ યાદ નથી કારણ કે જ્યારથી સાન આવી છે ત્યારથી આ કામમાં હું જોડાઈ ગયો છું. મારું કામ પણ તારા જેવું જ છે. હું પણ લોકો માટે લડી રહ્યો છું. મારી પાસે સામ અને દંડ છે, દામ અને ભેદ નથી. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે તારા જેવા તરવરિયાઓને અને મહિલાઓને મારી મદદની જરૂર પડે છે ત્યાં હું પહોંચી જાઉં છું. તેમને મદદ કરું છું તથા ફરીથી તેમના પર સંકટ ના આવે તેની વ્યવસ્થા કરું છું."

"આપની વાત પરથી મને લાગે છે કે આપણે બંને એક જ રાહના મુસાફર છીએ. આપ પણ સમાજના દુશ્મનો સામે લડી રહ્યા છો. આપના તરફ મને માન ઊપજે છે. આપની વાતથી મને ઘણું પ્રોત્સાહન મળ્યું છે. સમાજને ગેરમાર્ગે દોરી સમાજને નુકસાન પહોંચાડનારા કરતાં સમાજનું રક્ષણ કરી સમાજને સાચે માર્ગે દોરનારા તથા સમાજના વિકાસ માટે વિચારનારા અધિક છે તેથી જ સમાજ ટકી રહ્યો છે. આપને મારા વંદન. આપની સામે મારું માથું નમાવતાં મને આનંદ થાય છે." શિવાએ માથું ઝુકાવતાં કહ્યું.

"શિવા, આ સમય ચર્ચાનો કે વાતોનો નથી. તું વહેલી તકે અમદાવાદ પહોંચી જા, તારી વિનિને મળી તું સાંત્વના આપ. હું પણ મારા અહીં બીજાં બેત્રણ કામો છે તે પૂરાં કરી રાત્રે કોલકાતા પહોંચું. તારા પર શું વીતી તેનું સાચું ચિત્ર હું તને ફોન પર બતાવીશ. હાલ તું જે ફ્લાઇટ પહેલી મળે તે પકડી વિનિ પાસે પહોંચી જા. મારા સાથીઓ તને સલામત રીતે ઍરપૉર્ટ પહોંચાડી દેશે. હજારીમલ હત્યા કેસમાં આગળ વધજે, તેમાં હજુ તને ઘણી મુશ્કેલીઓ આવશે પણ હું તારી સાથે છું. તને જ્યારે મારી જરૂર પડે ત્યારે યાદ કરજે. હું હાજર થઈ જઈશ." જપન સરકારે કહ્યું.

શિવા હોટલની બહાર આવ્યો. જપનના માણસોએ તેને સલામત રીતે ઍરપૉર્ટ પહોંચાડી દીધો.

* * *

સવારના છ વાગવા આવ્યા. કુશાંગીના ચહેરા પર થાક વર્તાતો હતો. તેને ડ્યૂટી પરથી છૂટવાને હજી એક કલાકની વાર હતી. તે વહેલી છૂટી થાય તેવું ઇચ્છતી હતી. તેનું મન કામમાં લાગતું ના હતું. આજ આખી રાત કામ ઘણું રહ્યું હતું. તેણે વિરાંગની સામે જોયું. વિરાંગ પણ કામમાં સખત ડૂબેલો હતો. આજ રાત્રે કામના દબાણના કારણે એકબીજા સાથે વાત કરવાનો મોકો પણ મળ્યો ન હતો. કુશાંગી ઝોલાં ખાતી હતી અને ફોન ઍટેન્ડ કરતી હતી એટલામાં તેનો મોબાઇલ ફોન રણક્યો. તેણે તેના ડીસ્પ્લે સ્ક્રીન પર જોયું અને ફોન તરત જ બંધ કરી દીધો. તેના ચહેરા પર ભયના ભાવ ઊતરી આવ્યા અને હાથપગ ધ્રૂજવા લાગ્યા. તેને ચક્કર આવતાં હોય તેવું ફીલ થયું. તે ફોન ઍટેન્ડ કરતી અટકી ગઈ અને ધડામ કરતી ફ્લૉર પર પડી. વિરાંગ ફોન પર હોલ્ડ રાખવાનું કહી કુશાંગી પાસે દોડી આવ્યો. કુશાંગી બેહોશ પડી હતી. તેણે તેના ચહેરા પર પાણીનો છંટકાવ કર્યો અને મિનિતાને ફોન કર્યો. પાણી ચહેરા પર પડતાં જ કુશાંગી થોડી ભાનમાં આવી. તેણે વિરાંગને પોતાની નજીક જોયો. કુશાંગી વિરાંગના ખોળામાં માથું રાખી રડવા લાગી. તેણે કુશાંગીને વ્યવસ્થિત સુવડાવી અને કૉલ ઍટેન્ડ કરવા ગયો. તેટલામાં મિનિતા આવી પહોંચી. મિનિતા કુશાંગીની રૂમ પાર્ટનર હતી.

"હાય, કુશાંગી શું થયું?"

મિનિતા કુશાંગીની બાજુમાં બેઠી અને પૂછ્યું. તેટલામાં વિરાંગ કૉલ પૂરો કરીને આવી ગયો અને મિનિતાને જે કાંઈ થયું હતું તે વાત કરી. કુશાંગી ભાનમાં હતી પરંતુ તે આંખો બંધ કરીને પડી હતી. મિનિતાએ તેનો હાથ હાથમાં લઈ નાડી તપાસી, તેટલામાં કુશાંગી તેના ગળે વળગી પડી. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા.

"મિની, હું બહુ થાકી ગઈ છું. મારાથી નથી ઊભું રહેવાતું કે નથી બેસી શકાતું. મારું શરીર ધ્રૂજી રહ્યું છે. મારા મન પર પણ ખૂબ ટૅન્શન છે. તું મને બચાવી લે."

"કુશાંગી, તું થોડી સ્વસ્થ થા. તારે બે રાતોનો ઉજાગરો છે તેથી તું થાકી ગઈ છો. તું અહીં થોડો આરામ કર. હું તારા કૉલ ઍટેન્ડ કરું છું." મિનિતાએ કહ્યું.

કુશાંગી આંખો બંધ કરી ખુરશીમાં બેસી રહી. સવારના સાત વાગ્યે મૉર્નિંગ સ્ટાફ ડ્યૂટી પર આવતાં કુશાંગી, વિરાંગ અને મિનિતા કૉલ સેન્ટરની બહાર નીકળ્યાં. તેઓ ચાની કિટલી પર ગયાં અને ચા-નાસ્તો કર્યાં.

"કુશાંગી, તું મારા ફ્લૅટ પર ચાલ. તારે આજે એકલા નથી રહેવાનું." વિરાંગે કહ્યું.

"ના, વિરાંગ. આજે મારે હૉસ્ટેલ પર પહોંચવું જરૂરી છે. હું બે રાતથી બહાર હતી તેથી મારા કેરટેકર નારાજ થશે." કુશાંગીએ કહ્યું.

"તારે વિરાંગ સાથે જવું હોય તો જા, હું હૉસ્ટેલમાં કહી દઈશ." મિનિતાએ કહ્યું.

"ના, મિનિતા હું હૉસ્ટેલ પર જ આવું છું." કુશાંગીએ કહ્યું.

હૉસ્ટેલ પહોંચતા કુશાંગીએ સૂવાની તૈયારી કરી ત્યાં જ તેના ફોનની ઘંટડી વાગી. કુશાંગીએ ડીસ્લે પર જોયું તો કોલકાતાથી દેવદત્તનો ફોન હતો. તેણે કુશાંગીને બપોરે બે વાગ્યે વિરાજ મૅડમ સાથે વાત કરવાની સૂચના આપી.

વિરાજ મૅડમનું નામ સાંભળતા જ કુશાંગીના હોશકોશ ઊડી ગયા. તેની ઊંઘ પણ ઊડી ગઈ. સવારના સાડા સાત થવા આવ્યા હતા. તે વિચારતી હતી, વિરાજ મૅડમને ફરી મારું શું કામ પડ્યું હશે? મન ફરી ઉધામા કરવા લાગ્યું. એ વિચારમાં જ તેની આંખ ક્યારે મીંચાઈ ગઈ તેનો તેને ખ્યાલ ના રહ્યો. તે જ્યારે જાગી ત્યારે સાંજ પડી ગઈ હતી. તેનું શરીર થરથર કાંપવા લાગ્યું.

સાંજના સાત વાગ્યા હતા. કુશાંગી વિરાજને ફોન કરી શકી ના હતી. વિરાજના ગુસ્સાની તેને જાણ હતી. તેની નારાજગીનો ભોગ બની હતી તેથી તેને સજાના ભાગ રૂપે કોલકાતાથી અમદાવાદ આવવું પડ્યું હતું. હવે શું થશે? તેવું વિચારતાં જ તેની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

* * *

શિવા, જપન સરકારને મળી ઍરપૉર્ટ જવા નીકળ્યો. રસ્તામાં તેણે વિનિને ફોન જોડ્યો. વિનિનાં ફોનની રિંગ જઈ રહી હતી. ત્રણ વખત રિંગ પૂરી થતાં તેનો ફોન ઊપડ્યો.

"શિવા... શિવા... તું ક્યાં છે? તું મારી પાસે જલદી પહોંચી જા. હું અમદાવાદમાં જ છું તેમ મને કહેવામાં આવ્યું છું." વિનિએ રડતાં રડતાં કહ્યું.

"વિનિ, હું અમદાવાદ આવવા માટે મુંબઈથી નીકળી ગયો છું. તું સલામત છે ને?"

"શિવા, હું સલામત છું. અમદાવાદમાં મારા ફ્લૅટમાં રહેવું મારા માટે સલામત ના હોય, મને રોયલ પૅલેસ હોટલમાં રાખવામાં આવી છે. તું શક્ય તેટલી વહેલી ફ્લાઇટ પકડી આવી જા. તું અમદાવાદ ઍરપૉર્ટ પર પહોંચે ત્યારે મને ફોન કરજે. તું કઈ ફ્લાઇટમાં આવી રહ્યો છે તે પણ મને જણાવજે." વિનિએ કહ્યું.'

"વિનિ, હું શક્ય હોય તેટલો વહેલો જ નીકળી જઈશ. તું સલામત છે ને?"

"હા", વિનિએ કહ્યું અને ફોન કટ થયો.

શિવા હોટલની બહાર નીકળ્યો ત્યાં વાનખેડેનો ફોન આવ્યો. શિવાએ જે કાંઈ બન્યું હતું તેની તમામ વિગતો વાનખેડને ફોન પર આપી દીધી. વિનિ અમદાવાદમાં સલામત છે અને પોતે નૅક્સ્ટ ફ્લાઇટથી અમદાવાદ જઈ રહ્યો છે તે પણ જણાવ્યું. જ્યારે તે ઍરપૉર્ટ પહોંચ્યો ત્યારે રાત્રીના સવા દસ થયા હતા. ઍરપૉર્ટ પહોંચતાં તેણે જોયું કે જપન સરકાર તેની પાછળ જ હતો. તેને જોઈને શિવા તેની પાસે ગયો એટલે જપન સરકારે કહ્યું:

"અમે તારી પાછળ જ આવી રહ્યા હતા. લે, આ તારી ફ્લાઇટની ટિકિટ બુક થઈ ગઈ છે. તું નીકળ્યો

કે તરત જ તારી ટિકિટ બુક કરાવી લીધી હતી. તું મુંબઈ ના છોડે ત્યાં સુધી તારી રક્ષા કરવી એ અમારી ફરજમાં આવે છે. તારા પર તારા પ્રતિસ્પર્ધીઓ ગમે તે સમયે હુમલો કરી શકે તેમ છે. તે વહેલી ફ્લાઇટથી અહીંથી નીકળી જા તે મારે જોવાનું છે. અમદાવાદ ઍરપૉર્ટ પર મારા માણસો તારી સલામતી માટે હાજર જ છે. તેઓ તને વિનિ પાસે મૂકી જશે. મારે વિનિ સાથે પણ વાતચીત થઈ ગઈ છે. તે ત્યાં સલામત છે. હું પણ હવે કોલકાતા જવા રવાના થઈશ."

"થૅંક્યુ સર, તમે મારી ઘણી મદદ કરી છે. હું તમારો કાયમનો ઋણી રહીશ." શિવાએ કહ્યું અને તે જરૂરી વિધિ કરી ફ્લાઇટમાં બેઠો.

તેની ફ્લાઇટ અગિયાર વાગ્યાની હતી. તે અમદાવાદ ઍરપૉર્ટ પર ઊતર્યો ત્યારે સાડા બાર વાગ્યા હતા. તે ઊતર્યો ત્યાં ટૅક્સીમાં તેની રાહ જોઈને જપન સરકારના માણસો ઊભા હતા. તેઓ તેને વિનિ પાસે લઈ ગયા. જ્યારે તે વિનિ પાસે પહોંચ્યો ત્યારે રાતના બે વાગ્યા હતા. તેણે રૂમનો દરવાજો ખટખટાવ્યો એટલે દરવાજો ખૂલ્યો. શિવાએ જોયું કે રૂમમાં વિનિ એકલી નહોતી તેની સાથે એક અન્ય યુવતી પણ હતી. જેવો તેણે રૂમમાં પ્રવેશ કર્યો, પેલી યુવતી બહાર નીકળી ગઈ. શિવાએ રૂમ અંદરથી બંધ કર્યો. વિનિ શિવાને ગળે વળગી જોરથી રડવા લાગી.

"શિવા... શિવા... શિવા... વિનિએ શિવાના નામનો પાઠ જ શરૂ કરી દીધો અને તેને પોતાના બંને હાથ વચ્ચે ભીંસતી રહી. જાણે કોઈ વેલ ઝાડના થડને વીંટળાઈ વળે તેમ તેને વળગી રહી. શિવા તેના માથા પર હાથ ફેરવતો રહ્યો અને તેને ધીમે રહી બેડ પર લઈ ગયો. વિનિ તેનું માથું શિવાના ખોળામાં નાખી કેટલીય વાર સુધી રડતી જ રહી. રડતી વિનિના માથા પર શિવા હાથ ફેરવતો રહ્યો.

"વિનિ, વિનિ... બી કામ, વિનિ... લુક હિયર... વિનિ પ્લીઝ... સ્ટોપ ક્રાઇંગ... આઇ એમ હિયર નાવ... હું તારી પાસે આવી જ ગયો છું... બી કૂલ... શિવા વિનિને શાંત કરવાની કોશિશ કરી રહ્યો હતો પરંતુ વિનિ રડવાનું બંધ કરતી જ નહોતી.

શિવા તેને ખોળામાં લઈ તેના વાંસામાં હાથ પ્રસરાવી રહ્યો, તેના વાળમાં આંગળીઓ ફેરવી રહ્યો અને વિનિ રડતાં રડતાં જ સૂઈ ગઈ. શિવાએ જોયું કે વિનિએ રડવાનું બંધ કર્યું છે પરંતુ તે બોલતી નથી. શિવાને ડર લાગ્યો કે વિનિને કશું થઈ નથી ગયું ને? તે બેશુદ્ધ થઈ નથી ગઈ ને? તે પલંગ પરથી ઊઠ્યો અને બૉટલમાંથી પાણી લઈ વિનિના ચહેરા પર છાંટ્યું. વિનિએ આંખો ખોલી અને શિવાના ચહેરા તરફ સતત જોતી રહી.

શિવાએ તેના ગાલ પર એક ચૂંટી ખણી અને વિનિએ શિવાને બાથ ભરી લીધી. શિવા હજી પણ વિનિના વાંસા પર હાથ ફેરવતો હતો.

"વિનિ, તું બહુ જ મોટા જોખમમાંથી બહાર આવી ગઈ. હવે તું સલામત છે. મારા કારણે તારી આ હાલત થઈ તેનું મને ઘણું દુઃખ છે. હવે તને ક્યારેય મારાથી અળગી નહીં રાખું. તારા પર શું નહીં વીત્યું હોય? તું મને વાત કરીશ?" શિવાએ કહ્યું.

વિનિ શિવાથી અળગી થઈ. તેની આંખોમાં ભયના ઓથાર દેખાઈ રહ્યા હતા. વિનિએ બોલવા પ્રયત્ન કર્યો પણ બોલી ના શકી અને ફરીથી ચોધાર આંસુ તેની આંખમાંથી ચાલી નીકળ્યાં. તે ઘણી વાર સુધી રડતી જ રહી અને શિવા તેના પર હાથ પસવારતો રહ્યો. રાત્રીનો ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો. શિવાને પણ હવે ઊંઘ આવતી હતી. તે વિનિને વળગીને ક્યારે સૂઈ ગયો તેની ખબર ના રહી. જ્યારે તેઓની ઊંઘ ઊડી ત્યારે અડધો દિવસ માથે ચડી ગયો હતો.

હજારીમલના ખૂન કેસને ખાસ્સી ગતિ મળી ગઈ હતી. વિનિના અપહરણના બીજા દિવસે નેશનલ અને પ્રાદેશિક ન્યૂઝ ચેનલોમાં તથા અગ્રગણ્ય અખબારોમાં તે સમાચાર આવી ગયા હતા. શેઠ હજારીમલની હત્યા કેસમાં મોટાં માથાંઓની સંડોવણીના કારણે પત્રકાર શિવાની પત્ની, વિનિનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેનો નાટ્યાત્મક રીતે છૂટકારો થયો છે. હત્યાના કેસમાં ફસાયેલાઓએ પત્રકારિત્વનું ગળું ઘોંટવાનો અને સત્યની સામે પોતાના બદઇરાદાઓ પાર પાડવા મેદાને પડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. દરેક સમાચાર માધ્યમોએ સોયની અણી જિતેન્દ્ર ધારીવાલ તરફ તાકી હતી. વળી કોઈ શિવા માઓવાદીઓના નિશાના પર હોવાનું પણ કહેતા હતા. શિવા તથા વિનિ હાલ ક્યાં છે તે વાત કોઈ કહેતું નહોતું. શિવાની નિડર પત્રકારની છાપ તથા તેના વડે ઉઠાવાતાં જોખમોની સમાચારોમાં ચર્ચા થતી હતી. તે આખો દિવસ સમાચાર માધ્યમોએ જાણે શિવા માટે જ ફાળવ્યો હોય તેવું લાગતું હતું. લોકોને પણ રોજના ચિલાચાલુ સમાચારો જેવા કે મોંઘવારી, રાજકારણીઓના ગોટાળા, ત્રાસવાદીઓ વગેરેમાંથી મુક્તિ મળી હતી. જેઓ સમાચાર માધ્યમો સાથે સંકળાયેલા હતા તેઓના મનમાં આ બનાવથી ડર પણ પેસી ગયો હતો. સનસનાટી ભર્યા સમાચારપત્રોના એડિટરો, પોલીસ અધિકારીઓ તથા રાજકારણીઓનાં નિવેદનો તથા અભિપ્રાયો આપવામાં આવતા હતા. શિવા અને વિનિ આખો દિવસ ન્યૂઝમાં છવાયેલાં રહ્યાં હતાં. શિવા અને વિનિનું શું થયું? શું થઈ શકે? તેમ થાય તો શું થશે? તેના સેંકડો તારણો નીકળી ગયાં હતાં.

શિવા અને વિનિ જ્યારે ઊંઘ પૂરી કરીને ઊઠ્યાં ત્યારે સવારના અગિયાર વાગી ગયા હતા. શિવાએ ભીંત પર ટીંગાતી ઘડિયાળ સામે જોયું અને વિનિને કહ્યું:

"વિનિ, ચાલ, સવારના અગિયાર વાગી ગયા છે. રૂમની બહાર શું ચાલી રહ્યું છે તેની આપણને જાણ નથી. હું TV ચાલુ કરી, સમાચાર જોઈ લઉં."

શિવાએ TV ચાલુ કર્યું ત્યારે TVની સ્ક્રોલિંગ લાઇનમાં તેના વિષે જ સમાચાર આવતા હતા.

"પત્રકાર શિવા નારંગની પત્નીના અપહરણ બાદ નાટ્યાત્મક છૂટકારા પછી શિવા અને વિનિ અમદાવાદમાં સલામત જગ્યાએ પહોંચી ગયાં છે." TV ન્યૂઝ રીડરે પણ સમાચાર બ્રીફ કરતાં કરતાં શિવા અને વિનિના સમાચાર આપ્યા હતા.

સમાચાર માધ્યમો માટે વિનિના સમાચાર વાસી થઈ ગયા હતા. શિવાને હસવું આવ્યું. વિનિ પથારીમાં પડી પડી ન્યૂઝ જોઈ રહી હતી. તેના શરીરમાંથી ધ્રુજારી વછૂટી ગઈ. તેણે શિવાને બાથ ભરી લીધી અને કહેવા લાગી,

"શિવા, ગઈ બે રાત મારા પર કુદરતનો કોપ વરસી ગયો. મારી હાલત હું જહન્નમમાં હોઉં તેવી હતી. મારા મન પર હજારો મણનો બોજ ખડકાયેલો હતો મારું અસ્તિત્વ મટી જવાની અણી પર હતું હું પાગલ થઈ જઈશ તેવું લાગતું હતું. તને મેં રૂમમાં આવતાં જોયો અને મારા મન પરથી બોજ હટી ગયો. રવિવારની સાંજે હું થાકેલી હતી તેથી રાતનું ખાણું ઘરે બનાવવાને બદલે એસ. જી. રોડના ઢાબામાં ગઈ. શહેરના રેસ્ટોરાંઓમાં લાંબી લાઇનો હતી. હું જમીને ઢાબામાંથી બહાર નીકળી ત્યાં મને પાર્કિંગમાં મારી ગાડીની પાસે ચાર અજાણી વ્યક્તિઓ જોવા મળી. તેઓએ મને ઘેરી લીધી. એ મને ખેંચી મારી ગાડીની બાજુમાં પડેલી ગાડીમાં બેસાડી દીધી. મારી આજુબાજુ બે વ્યક્તિઓ હતી. ડ્રાઇવરની બાજુની સીટમાં એક યુવતી બેઠી હતી. તેણે બુકાની બાંધી હોવાથી ઓળખી શકી નહોતી. જે ચાર વ્યક્તિઓ મારી પાસે હતી તેમાંથી એક બાઇક પર આગળ નીકળી ગયો. ગાડી એસ. જી. હાઇવે પર આગળ વધી રહી હતી. તેને મહેસાણા તરફ લઈ ગયા. થોડીવાર બાદ મને કાંઈક સુંઘાડવામાં આવ્યું અને હું બેભાન થઈ ગઈ હતી પછી મને ક્યાં લઈ જવાઈ તે મને ભાન રહ્યું નહોતું. ત્રણેક કલાક બાદ મારી ઊંઘ ઊડી ત્યારે હું આ રૂમમાં હતી. હું રૂમમાં એકલી જ હતી. કોઈ મારી પાસે હતું નહીં.

રૂમમાં લાઇટ નહોતી. ચારે તરફ અંધારું જ હતું. મેં રાડ પાડી બોલવાની કોશિશ કરી પરંતુ મારા ગળામાંથી અવાજ બહાર આવી શકતો નહોતો. જેમ હું બોલવાનો પ્રયત્ન કરતી હતી તેમ મારી છાતીમાં મૂંઝારો થતો હતો. આખી રાત મેં અજંપાભરી કાઢી હતી. સવારથી જ મારા રૂમના ફોન પર કોઈના ફોન આવવા શરૂ થઈ ગયા હતા. જેમાં વારંવાર કહેવામાં આવતું હતું,

"શિવા કી જાન ખતરે મેં હૈ, ઉસસે બોલો હજારીમલ હત્યા કેસ મેં ટાંગ અડાના છોડ દે. શિવાકા ભી કિડનેપ હો ગયા હૈ, ઉસકે પર ભી બહુત સિતમ હો રહા હૈ. અગર વહ હજારીમલ ખૂન કેસ મેં આગે બઢેગા તો તુમ દોનો મારે જાઓગે."

મારી ઊંઘ ઊડી ગઈ હતી. હું બેડમાં બેઠી થવા જતી હતી પણ ઊભી થઈ શકતી નહોતી. રાત્રે મને પીવાનું પાણી પણ આપવામાં આવ્યું નહોતું. રૂમમાં સખત અંધારું હતું અને ક્યાંયથી પ્રકાશ આવતો નહોતો તેથી મારી ગભરામણ વધતી જતી હતી. બીજા દિવસે બપોરના બે વાગ્યે રૂમનો દરવાજો ખૂલ્યો. મને ચા અને પાણી આપવામાં આવ્યાં. બટલરે મને મારો સેલફોન આપ્યો પણ તેની બૅટરી ડિસ્ચાર્જ હતી. તેને મેં રૂમ ઍટેનડન્ટને તે ચાર્જ કરવા પાછો આપ્યો. હવે મારા રૂમના ફોન પર ફોન આવવા બંધ થઈ ગયા હતા. મારા રૂમને બહારથી લોક કરવામાં આવ્યો હતો તેથી હું બહાર નીકળી શકું તેમ નહોતી. તેટલામાં મારો ફોન ચાર્જ થઈ આવી ગયો અને તારો ફોન આવ્યો. તારી સાથે વાત થતાં જ મને નિરાંત થઈ.' વિનિએ આખી ઘટનાની અથથી ઇતિ સુધી કહી સંભળાવી.

"વિનિ, તારે મારા કારણે ઘણું સહન કરવું પડ્યું. તેં સહેલી યાતનાઓનું વર્ણન સાંભળતાં પણ મને કંપારી છૂટે છે તો તારી શું દશા થઈ હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. મને દહેશત હતી જ કે ધારીવાલ હું આ કેસમાં આગળ ના વધુ તે માટે મને હેરાન કરશે જ. પરંતુ તે તારો પત્તો મેળવી તને પરેશાન કરશે તેવો વિચાર પણ આવ્યો નહોતો. ખેર, હવે તો લડી જ લેવાનું છે. આપણે આવતીકાલે દિલ્હી જઈએ છીએ, તું તારી ઑફિસે તેની જાણ કરી દેજે."

* * *

શિવાએ જ્યારે ઑફિસમાં પ્રવેશ કર્યો ત્યારે જ તેને જાણવા મળ્યું કે તેના માટે ઑફિસમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો. તેના બૉસ બે માસ માટે વિદેશ ચાલ્યા ગયા હતા અને મારિયા ચૅર પરસન થઈ ગઈ હતી. અલયને આગલા દિવસે જ લાંબી રજા પર ઉતારી દેવામાં આવ્યો હતો અને (શિવા) પોતાની જગ્યા પર તેના જુનિયરને ઍડિટર બનાવી દેવામાં આવ્યો હતો. શિવાએ ઑફિસમાં પહોંચી પહેલું કામ મારિયાને મળવાનું કર્યું. તે તેની ચૅમ્બરમાં પરમિશન વિના જ ઘૂસી ગયો. તેણે કહ્યું: "મૅડમ, ગુડ મૉર્નિંગ, આજ સવારે જ હું દિલ્હી આવી ગયો છું અને આજથી હું મારી ફરજ પર હાજર થઈ ગયો છું."

"સૉરી, શિવા, બૉસની સૂચના પ્રમાણે તને તારી ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. બૉસ બે માસ માટે પરદેશ ગયા છે અને તને ફરજમુક્તિનો ત્રણ માસનો પગાર આપવાનું કહી ગયા છે.' મારિયાએ કહ્યું

"ફરજમુક્તિ...? શા માટે? મેં કોઈ ગુનો કર્યો હોય કે અખબારને કોઈ નુકસાન પહોંચાડ્યું હોય તો મને કારણ આપી બરતરફ કરી શકો, પરંતુ કોઈ પણ કારણ બતાવ્યા વગર મને છૂટો ના કરી શકો." શિવાએ દલીલ કરી.

"શિવા તારી વાત સાચી છે, પરંતુ બૉસ સિવાય આ બાબતમાં કોઈ કાંઈ કરી ના શકે. આ રહ્યો બૉસનો લેટર અને તારા પગારનો ચેક જે તું લઈ જઈ શકે છે." મારિયાએ કહ્યું

"મિસ મારિયા, હું કાંઈ અખબારનો સામાન્ય નોકર નથી કે તમે મને આ રીતે નોકરીમાંથી કાઢી શકો. હું ચેકનો તથા લેટરનો અસ્વીકાર કરું છું અને ફરજ પર હાજર થયાનો લેટર તમને આપી રહ્યો છું. તમે તેના પર સહી કરી આપો" શિવાએ કહ્યું.

"સૉરી, શિવા એ મારાથી નહીં થઈ શકે. તે માટે તું બૉસ સાથે વાત કરી શકે છે." મારિયા બોલી.

"હાં, મને બૉસ સાથે વાત કરાવો. મને તેમની હોટ લાઇન જોડી આપો." શિવાએ કહ્યું.

મારિયાએ બૉસને ફોન જોડી શિવાને આપ્યો. શિવા ફોન પર બૉસ સાથે જે વાત કરી રહ્યો હતો તે ટેપ થઈ રહી હતી.

"યસ, બૉસ, મારી બરતરફીનું કોઈ કારણ? આટલાં વર્ષોનું મારું અખબાર માટે બલિદાન અને તમે એક જ સેકન્ડમાં મને બરતરફ કરવાનો નિર્ણય લઈ લીધો? બૉસ, કાંઈક ખોટું થઈ રહ્યું હોય તેમ મને લાગે છે." શિવાએ કહ્યું:

"શિવા, તને છૂટો કરવામાં મને ઘણું દુઃખ થાય છે પરંતુ મારે મારા અખબારની બગડતી જતી ઇમેજને બચાવવી જરૂરી છે ને? હજારીમલ ખૂનકેસમાં તારું સંડોવાવું, તારી પત્નીનું અપહરણ થવું, કોલકાતાની કુખ્યાત ગેંગનો તારે સહારો લેવો આવી બધી બાબતોથી અખબારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી છે. પ્રિન્ટ મીડિયા આજ કાલ કેટલી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે તે તું તો સારી રીતે જાણે છે. આથી મારે ના છૂટકે આ નિર્ણય લેવો પડ્યો છે." બૉસ ફોન પર શિવાને સમજાવતા હતા.

"બૉસ, અખબારની પ્રતિષ્ઠા પર કોઈ ઘા થયો નથી. ઊલટાની અખબારના સાતત્યની ચારે તરફ પ્રસંશા થઈ રહી છે. તમે જે ઊલટી ગંગા વહાવી રહ્યા છો તેની પાછળનું કારણ હું સમજી શકું છું. તમે હત્યારાના દબાણથી મને છૂટો કરી રહ્યા છો. અખબાર તરફની મારી સેવાઓ તથા મારી વફાદારીનું આથી વિશેષ ઇનામ બીજું કયું હોઈ શકે? શિવાનું સત્ય હંમેશાં સત્ય જ રહેશે અને જ્યારે પરિણામ આવશે ત્યારે આપને જાણ થશે કે શિવાને ગુમાવીને આપને ઘણું નુકસાન થયું છે. વેલ, ગુડબાય બૉસ, હજુ તો હજારીમલ કેસની તપાસ જ શરૂ થઈ છે. તમને તમારી યાત્રા સફળ રહે તેવી શુભેચ્છા. શિવા તો શિવા જ રહેવાનો અને 'શિવ' બનીને બહાર આવવાનો, થેંક્યુ..." શિવાએ ફોન મૂકી દીધો.

"મારિયા, મને ચેક અને લેટર આપો." શિવાએ મારિયાને કહ્યું. મારિયાએ શિવાને ચેક અને લેટર આપ્યા. શિવા તે લઈને ઑફિસની બહાર આવ્યો. ચોકીદારે તેને ફેરવેલ સલામી આપી. શિવા લિફ્ટ વાટે નીચે આવી ચાની કિટલી પર પહોંચ્યો. ચાની લારીએ અલયને ઊભેલો જોયો. અલય શિવાને જોતાં જ તેની તરફ દોડ્યો અને તેને વળગીને ખૂબ રોયો. શિવાએ તેને આશ્વાસન આપ્યું.

"અલય, બેઅર ઇટ. તારી સાથે શું થયું તેની મને જાણ નથી પણ મારી સાથે જે કાંઈ પણ થયું તે તારી સાથે થયું હશે. શાંત થા. ચાલ, આપણે ચા પીએ."

"શિવા, મારી નોકરી જવાથી હુ બરબાદ થઈ ગયો છું. હું હવે ક્યાંયનો ના રહ્યો. મારું કુટુંબ અને મારાં બાળકો મારી નોકરી ગઈ તેનો આઘાત સહન નહીં કરી શકે." અલયે કહ્યું.

"પરંતુ આ બધું થયું ક્યારે?" શિવાએ પૂછ્યું.

"શિવા, તારા ગયા બાદ ઑફિસમાં કોઈ ફોન આવ્યો હતો તેમાં તને અખબારમાંથી છૂટો કરવાની સૂચના આપી હતી અને જો તને છૂટો ના કરે તો અખબારના ચૅરમૅનની હત્યા કરવાની તથા અખબારની ઑફિસ બાળી નાખવાની ધમકી આપવામાં આવી હતી તેમ ઑફિસમાંથી જાણવા મળ્યું હતું. તારી સાથેની મારી મિત્રતાના કારણે મને પણ કાઢી મૂકવામાં આવ્યો. તેમને એ બીક હતી કે જો હું ઑફિસમાં રહીશ તો જે કાંઈ ઑફિસમાં થશે તે વાતો તને પહોંચી જશે. તું અખબારને બદનામ કરતો તેથી મને પણ રજા આપી દેવામાં આવી."

"કોઈ બાત નહીં અલય, તને ત્રણ મહિનાનો પે તો આપવામાં આવ્યો જ છે ને?" શિવાએ પૂછ્યું.

"હા મને ત્રણ મહિનાના પે ઉપરાંત થોડી વધારે રકમ પણ આપવામાં આવી છે. જેથી હું મારો કોઈ બિઝનેશ કરી શકું." અલયે કહ્યું.

"તું ચિંતા ના કર દોસ્ત, તું એમ જ માન કે તારી નોકરી ચાલુ જ છે. આપણે આવતા ત્રણ માસમાં તો આપણું પોતાનું અખબાર શરૂ કરી દઈશું તેનો મને પૂરતો વિશ્વાસ છે." શિવાએ મક્કમતાથી કહ્યું.

"શિવા, મને તારી વાતો પર વિશ્વાસ છે. મને તારા આદર્શો અને વિચારો ગમે છે. હું તારા માટે જાનની બાજી પણ લગાવી શકું છું."

"અલય, અત્યારે તું તારા ઘરે જા. હું અને વિનિ બપોરની ફ્લાઇટમાં કોલકાતા જવા નીકળીએ છીએ. તું અહીંના અખબારોમાં જે કાંઈ આવે તેની નોંધ રાખતો રહેજે. હું તને જરૂર પડ્યે ફોન કરતો રહીશ. ઓ.કે. બાય અલય." કહી શિવા વિનિ પાસે જવા નીકળ્યો. વિનિ પાસે જઈ શિવાએ વિનિને કહ્યું,

"વિનિ, ચાલ આપણે અત્યારે જ કોલકાતા જવા નીકળવાનું છે. હું લૅપટૉપ પર થોડું કામ કરી લઉં ત્યાં સુધીમાં તું તારી તૈયારી કરી લે. આપણે એકાદ વીક ત્યાં રોકાવાનું થશે."

"આમ અચાનક જ જવાનું છે?" વિનિએ પ્રશ્ન કર્યો.

"વિનિ, હું તને એ પ્લેનમાં બેસીને સમજાવીશ. અત્યારે મારે એક અગત્યનો મૅસેજ મૂકવાનો છે તે કરી લઉં." શિવા ઇ-મેઇલ કરવા બેઠો.

અડધી એક કલાકમાં તેઓ ઍરપૉર્ટ જવા બહાર નીકળી ગયાં. ઍરપૉર્ટ પહોંચી શિવાએ જપન સરકારને ફોન કર્યો અને તે કોલકાતા પહોંચી રહ્યો છે તેની જાણ કરી. જપન સરકારે તેને ફોન પર વૅલકમ કર્યો. ત્રણ કલાક બાદ શિવા કોલકાતાના ઍરપૉર્ટ પર વિનિ સાથે ઊતર્યો.

કોલકાતાના ઍરપૉર્ટથી જપન સરકારની ઑફિસે જવા શિવાએ ટૅક્સી ભાડે કરી. રસ્તામાં તેણે અલયને ફોન કરી કોલકાતા પહોંચી ગયાની જાણ કરી અને વાનખેડેને પણ જે કાંઈ થઈ રહ્યું હતું તેની ખબર આપી.

જપન સરકાર કોલકાતાનો જાણીતો અન્ડરવર્લ્ડ ડૉન હતો તેથી તેને તેની ઑફિસે પહોંચવામાં તકલીફ ના પડી. જપન સરકારની ઑફિસ પાર્કસ્ટ્રીટમાં કોલકાતા હાઉસના સાતમા માળે હતી. આખો ફ્લૉર તેની ઑફિસ માટે રાખેલો હતો. પોતાની પીઠ પાછળ બૉસે કરેલા ઘાની કળ તેને હજી વળી ના હતી. તેણે વિનિની ઑફિસમાં ફોન કરી તેની રજાઓ લંબાવી લીધી. રસ્તામાં વિનિને કોલકાતાના રસ્તાઓ, બિલ્ડિંગોની વાતો કરતો રહેતો હતો જેથી વિનિનો સમય પસાર થઈ જાય અને અપહરણના વિચારોમાંથી મુક્તિ મળે.

શિવા અને વિનિ ઑફિસમાં પહોંચ્યાં. રિસેપ્સનિસ્ટ તેઓને જપન સરકારની ચૅમ્બરમાં લઈ ગઈ. ચેમ્બર વિશાળ હતી. તેના મધ્યમાં જપન સરકારનું અર્ધચંદ્રાકાર ટેબલ હતું. ચેમ્બરના એક ખૂણામાં મહાકાલીની માનવ કદની મૂર્તિ હતી તો બીજા ખૂણામાં આર્ટિફિસિયલ પ્લાન્ટ હતો. ચેમ્બરનું ફર્નિચર એન્ટિક હતું. શિવા અને વિનિ અંદર પ્રવેશ્યાં કે જપન સરકારે ઊભા થઈ બંનેનું સ્વાગત કર્યું. તેઓને ખુરશી પર બેસવાનું કહ્યું અને બંને માટે ઠંડુ પીણુ મંગાવ્યું. શિવા અને વિનિ હતાશ થયેલાં હતાં. જપન સરકારે તેઓને રિલેક્સ થવા કહ્યું.

શિવાનો ચહેરો ગમગીન હતો અને વિનિની આંખમાંથી ચોધાર આંસુઓ ચાલ્યાં જતાં હતાં.

"વિનિ, ડૉન્ટ ક્રાય... ડૉન્ટ ક્રાય... નાવ યુ આર સેઇફ. ડૉન્ટ ગેટ ફ્રસ્ટેટેડ. તમે બંને નર્વસ થઈ ગયાં છો... શા માટે? તમારી સાચી લડાઈ તો હવે શરૂ થાય છે. જો તમે અત્યારથી જ હિંમત હારી જશો તો આગળ કેમ વધશો? શિવાના સાહસમાં તમારો સાથ-સહકાર ખૂબ જરૂરી છે. શિવાને તેના કામમાં સફળતા મળવાની જ છે. તમે નર્વસ ના થાઓ. આજે તમે બંને આરામ કરો. આવતીકાલથી જ શિવા તેના મિશનમાં આગળ વધશે. તમે મારા મહેમાન છો તેથી તમારું અને શિવાનું રક્ષણ કરવું એ અમારી ફરજ છે. તમને સલામત સ્થળે રાખવામાં આવશે અને શિવાના કામમાં મદદ કરવામાં આવશે. મને શિવાનો નિડર અને સાહસી સ્વભાવ ગમે છે. તેના દરેક કામમાં હું સાથે જ રહીશ." જપન સરકારે કહ્યું.

"જપનજી, તમે મને બચાવી તે માટે આપનો ઘણો ઘણો આભાર. શિવાએ તમારી સાથેના તમારા સંબંધોની વાત કરી. મને વિશ્વાસ છે કે શિવાને આગળ લાવવામાં તમે ખૂબ મદદ કરશો જ. તમારા પર મને ઘણું માન છે. શિવાને તો તમારા પર ભરોસો છે એટલે તો દોડીને તમારી પાસે ચાલ્યાં આવ્યાં છીએ." વિનિએ કહ્યું.

"જુઓ, આજથી શિવા અમારી સાથે રહેશે અને તમે મારા કુટુંબ સાથે રહેશો. મારા કુટુંબમાં મારી પત્ની, મારા બે બાળકો તથા મારાં માતા-પિતા છે. તેઓ ડાયમંડ હાર્બરમાં રહે છે. શિવાનું મિશન પૂરું થાય ત્યાં સુધી તમે તેઓની સાથે રહેશો. મારા માણસો તમને ત્યાં મૂકી જશે. હું અને શિવા, અમને સમય મળશે ત્યારે આવી જઈશું. અમારી ચિંતા કરશો નહીં. અમારી સાથે મારા સો માણસો તથા કોલકાતાની પોલીસ છે તેથી અમારી સલામતીની ખાતરી રાખજો. તમને મારા માણસો મારા નિવાસ સ્થાને મૂકી જશે."

"થેંક્યુ." વિનિએ કહ્યું.

ડાયમંડ હાર્બર પાર્કસ્ટ્રીટથી થોડું દૂર થાય. ત્યાં જપન સરકારની પૈતૃક સંપત્તિનું ફાર્મ હાઉસ હતું. તે લગભગ સો એકર જમીનમાં પથરાયેલું હતું. જપન સરકારનો પરિવાર ત્યાં રહેતો હતો. જપન સરકારના પિતા મોટા જાગીરદાર હતા. તેના ફાર્મમાં દરરોજ સોથી વધારે માણસો કામ કરતા હતા.

શિવાથી દૂર થવાનું વિનિને ગમતું ના હતું પરંતુ શિવાના કામ માટે તેનાથી દૂર રહેવું પડે તેમ હતું. તેને જપન સરકારના માણસો ફાર્મ હાઉસે મૂકી ગયા. શિવાથી દૂર થવામાં વિનિને આકરું તો લાગતું હતું પણ શિવાની સલામતી માટે તેનાથી દૂર રહેવું જરૂરી હતું. તેણે જપન સરકારના પરિવારજનો સાથે પરિચય કર્યો.

જપન સરકારે વિનિના ગયા પછી બેત્રણ સ્થળોએ ફોન કરી માહિતી એકઠી કરી. શિવા સાથે શેઠ હજારીમલના ઘરે પહોંચ્યો.

...7...

હજારીમલનો કોલકાતાના પોશ એરિયામાં વિશાળ બંગલો હતો. હજારીમલના કુટુંબમાં તેની પત્ની, બે દીકરાઓ અને એક દીકરી હતી. તેણે દીકરીને જિતેન્દ્ર ધારીવાલ સાથે પરણાવી હતી. તેના મોટો દીકરો આદિત્ય કોલકાતાનો બિઝનેશ સંભાળતો હતો તે તેની સાથે રહેતો હતો. તેના લગ્ન જયપુરના અગ્રણી ઉદ્યોગપતિ શેઠ ધનરાજમલની પુત્રી સાથે થયા હતા. તેનો નાનો પુત્ર રીતેશ દાર્જીલિંગમાં રહી ચાના બગીચાઓ તથા રિયલ ઍસ્ટેટનો વહીવટ સંભાળતો હતો. તે કોલકાતાના ખ્યાતનામ રીઅલ ઍસ્ટેટ ડેવલપર લોઢા પરિવારમાં પરણ્યો હતો. હજારીમલનું બાંગ્લાદેશ, મ્યાનમાર અને ભુતાનમાં પણ મોટું રોકાણ હતું જેનો કારોબાર તેણે પોતાના હાથમાં રાખ્યો હતો.

હજારીમલની હત્યા પછી તેના કુટુંબની સિક્યોરિટીની વ્યવસ્થા જપન સરકારની ફર્મને આપવામાં આવી હતી. હજારીમલ પાંચસો કરોડની પાર્ટી ગણાતી. જપન સરકાર શિવાને લઈને હજારીમલના રહેઠાણે આવ્યો ત્યાં હજારીમલનો મોટો દીકરો આદિત્ય, રીતેશ અને જિતેન્દ્ર ધારીવાલ હાજર હતા. શેઠની હત્યા થયે હજી પંદર દિવસ પણ થયા નહોતા તેથી સગાસંબંધીઓની આવનજાવન ચાલુ હતી. જપને શિવાની ઓળખાણ તેના મિત્ર તરીકેની આપી. શેઠ હજારીમલના ખૂની સુધી પહોંચવામાં તેની મદદ જરૂરી છે તે પણ જણાવ્યું.

હજારીમલના આકસ્મિક અવસાનથી તેના કુટુંબીજનો ડઘાઈ ગયા હતા. હજારીમલનું સાચું નામ તો લક્ષ્મીચંદ હતું પરંતુ તેની અઢળક સંપત્તિના કારણે તે હજારીમલ તરીકે ઓળખાતા હતા. તેમના કુટુંબીજનો વચ્ચે સારો મનમેળ હતો. ચૌરંગીલેનમાં તેમની વિશાળ ઑફિસ હતી જે હજારીમલ હાઉસથી ઓળખાતું હતું.

દરેક દીકરાઓના વહીવટ માટે શેઠ હજારીમલે અલગ વ્યવસ્થા રાખી હતી. તેના પર પોતાનું ધ્યાન કાયમ રહેતું. હજારીમલ સરળ સ્વભાવના અને સાહસિક હતા. વારસામાં મળેલી પિતાની સંપત્તિને પોતાની કુનેહથી અનેક ગણી કરી હતી. તેનું કોલકાતામાં સ્થાવર મિલ્કતમાં જંગી રોકાણ હતું જેની કિંમત અબજોમાં અંકાતી હતી. જિતેન્દ્ર ધારીવાલ તેને ત્યાં એકાઉટન્ટ તરીકે નોકરી કરતો હતો. તે ઘણો બુદ્ધિશાળી અને પ્રામાણિક હતો. તેની પાસે હજારીમલના દરેક વેપારની નાનામાં નાની માહિતી રહેતી હતી. હજારીમલ તેની બુદ્ધિપ્રતિભાથી આકર્ષાયા હતા તેથી જ તેની એકની એક દીકરી શ્વેતાના લગ્ન ધારીવાલ સાથે કર્યા હતા.

ધારીવાલના લગ્ન પછી શેઠે તેને તેના વેપારમાં પાંચમો ભાગીદાર બનાવ્યો હતો. ધારીવાલે પણ સાહસ અને કુનેહથી વેપારનો ખૂબ જ વિકાસ કર્યો હતો. જિતેન્દ્રનું શેઠ પાસે ઘણું ઊપજતું તથા શેઠ પણ તેને સામાજિક સંસ્થાઓમાં આગળ કરતા. ધારીવાલ ક્રિકેટનો શોખીન હતો અને હજારીમલના સહકારથી કોલકાતા ક્રિકેટ બૉર્ડનો ચૅરમૅન પણ બન્યો હતો. ધારીવાલે અંગત રીતે શણ ઉદ્યોગમાં રોકાણ કર્યું હતું તેમાંથી તે ઘણું કમાયો. તેણે હવે શેઠ હજારીમલથી અલગ થઈ પોતાના નામની જ્યૂટ મિલ નાખી હતી.

જિતેન્દ્રએ સ્વતંત્ર ઉદ્યોગ સ્થાપ્યા બાદ રાજકારણમાં રસ લેવા લાગ્યો હતો. તે પોતે રાજકારણીઓને મદદ કરી ચૂંટણીઓમાં જિતાડતો. પોતાની વગથી તે બંગાળના જ્યૂટ વેપારી એસોસિયેશનનો પ્રમુખ પણ રહ્યો હતો. આ ઉપરાંત તે ઘણી સામાજિક, શૈક્ષણિક અને રાજકીય સંસ્થાઓમાં પ્રમુખ બન્યો હતો.

જિતેન્દ્રના જુદા થયા પછી પેઢીનો મોટાભાગનો વહીવટ આદિત્ય જ સંભાળતો હતો. ધારીવાલ તેમને વેપારમાં ઘણો મદદરૂપ થતો. ધારીવાલ અને હજારીમલ પરિવાર એકબીજા માટે ઘણી લાગણી ધરાવતા હતા. સમય જતાં ધારીવાલની ગણના કોલકાતાના અગ્રણીઓમાં થવા લાગી હતી.

ધારીવાલને બે પુત્રો અને એક પુત્રી હતાં. બંને પુત્રો દેશમાં ગ્રેજ્યુએશન કરી અમેરિકામાં આગળ

અભ્યાસ કરતા હતા. તેણે તેની પુત્રીને પણ ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ મોકલી આપી હતી. તેથી કોલકાતામાં તેઓ પતિપત્ની જ હતાં તેથી મોટા ભાગનો સમય તેઓ હજારીમલને ત્યાં જ રહેતા હતા. ઘણીવાર ધારીવાલ હજારીમલના પુત્રો પર પોતાનો પ્રભાવ જમાવવાની કોશિશ કરતો.

હજારીમલને પોતાના કુટુંબમાં ધારીવાલનું વધતું જતું પ્રભુત્વ પસંદ ના હતું. હજારીમલના પુત્રો હોશિયાર અને સરળ હતા. બંને ભાઈઓ વચ્ચે સારો સુમેળ હતો અને બંનેએ પોત પોતાના ક્ષેત્રમાં સારી પ્રગતિ કરી હતી.

મોટા પુત્ર આદિત્યને ત્યાં એક પુત્ર હતો જે અમેરિકામાં ભણતો હતો. નાના પુત્રનો પુત્ર કોલકાતામાં જ રહી મેડિકલમાં અભ્યાસ કરતો હતો. શેઠ હજારીમલની ઇચ્છા મોટા પુત્રનો દીકરો પેઢી સંભાળે તથા નાના દીકરાના દીકરાને સુપર સ્પેશિયાલીસ્ટ બનાવી તબીબી વ્યવસાયમાં ઝંપલાવવુ. તેમણે મેડિકલ વ્યવસાયને ધંધાદારી અભિગમ અપનાવી તેનો વિસ્તાર કરવા વિચાર્યું હતું.

જિતેન્દ્ર ધારીવાલના વધતા જતા પારિવારિક પ્રભાવને હજારીમલ સહન કરી શકતા ના હતા તેથી તેની તે મોટેભાગે અવગણના કરતા. તે ધારીવાલની મહત્ત્વકાંક્ષાઓને જાણતા હતા. તે ભવિષ્યમાં પોતાની પેઢી પર કબજો જમાવી લેશે તેવો ભય તેમને હંમેશાં રહેતો. જ્યારે સરકાર તરફથી હજારીમલની કંપનીને કોલબ્લોક ફાળવવામાં આવ્યો ત્યારે ધારીવાલે ઘણા કાવાદાવા કરી કોલબ્લોક પોતાની કંપની માટે પણ મેળવ્યો હતો. સરકાર તરફથી પાવર સેક્ટરનો વિકાસ કરવાના પ્રોજેક્ટ લાવવામાં આવી રહ્યા હતા. ફરી હજારીમલ તથા ધારીવાલે કોલબ્લોકની હરરાજીમાં ભાગ લીધો અને ધારીવાલે હજારીમલનો હરીફ હોય તેમ કામ કર્યું. હજારીમલને તે ના ગમ્યું, છતાં હજારીમલે જતું કરી તેની સાથે સંબંધો સાચવ્યા. હજારીમલની જતું કરવાની વૃત્તિ અને વ્યાપારી કુનેહ આગળ ધારીવાલ પાછો પડતો જતો અને વેપારમાં તો એને પહોંચી શકતો ન હતો.

આદિત્યમાં પણ હજારીમલના જ ગુણો ઊતર્યા હતા આથી વેપારમાં તેનું વર્ચસ્વ વધતું જતુ હતું. તે ધારીવાલને ખૂંચતું હતું. આદિત્ય હંમેશાં ધારીવાલને માનથી જોતો. ધારીવાલ તેની સાથે બહારથી સંબંધ સારા રાખતો પરંતુ અંદરખાને આદિત્યની ઈર્ષા કરતો.

કોલકાતાના ગ્રામ્ય વિસ્તારમાં બંનેએ પાવર પ્લાન્ટ નાખવાનું નક્કી કર્યું અને તે માટે સરકાર પાસે જમીનની માંગણી કરવામાં આવી. જિતેન્દ્રએ સરકારમાં પોતાની વગનો ઉપયોગ કરી જમીન સસ્તામાં લઈ લીધી, જ્યારે હજારીમલને તેટલી જ જમીનનો ઘણો ભાવ આપવો પડ્યો. હજારીમલને તે વાત ખટકી અને ધારીવાલ સાથે સંબંધો નહીંવત કરી નાખ્યા.

ધારીવાલ પણ હવે વધુ મહત્ત્વાકાંક્ષી બન્યો હતો. તેની નજર શેઠની અઢળક સંપત્તિ પર હતી. પોતાની પત્નીને શેઠની મિલકતમાંથી ભાગ મળે તેવી ઇચ્છા હતી. એ માટે તે તેની પત્નીને હંમેશાં સમજાવતો. આખરે હજારીમલની દીકરીએ પિતાની મિલકતમાંથી ભાગની માંગણી કરી હતી જે વાત હજારીમલને નારાજ કરી ગઈ હતી.

ધારીવાલના ખરાબ ઇરાદા સામે પોતાની પુત્રીને સમજાવવાની હજારીમલે ઘણી કોશિશ કરી હતી, પરંતુ ધારીવાલની સતત ઉશ્કેરણીના કારણે તે પોતાના પિતા પાસે ભાગ માગી રહી હતી. અંતે શેઠ હજારીમલે પોતાના વીલમાં તેની તમામ સંપત્તિ બંને પુત્રો તથા તેના વારસદારોના નામે કરી પોતાની પુત્રીનો ભાગ જ કાઢી નાખ્યો હતો. હજારીમલના આ પગલાથી ધારીવાલ ગિન્નાયો હતો. હજારીમલના પરિવારે ધારીવાલ સાથેના વહેવારો ઓછા કરી નાખ્યા હતા.

ધારીવાલનું હજારીમલ પરિવારમાં આવવા જવાનું લગભગ બંધ થઈ ગયું હતું. સમય જતાં આદિત્ય ધારીવાલથી વેપારમાં ઘણો આગળ નીકળી ગયો અને રાજકારણમાં પણ તેનુ સારું ઊપજવા લાગ્યુ. હજારીમલ પરિવાર બંગાળના ઉદ્યોગ જગતમાં બંચમાર્ક બની ગયો. બંને ભાઈઓના સહિયારા પ્રયાસથી આર્થિક ઉપાર્જન અનેક ગણું થઈ ગયું હતું. પેલી બાજુ ધારીવાલના વળતા પાણી શરૂ થયા હતા. તેણે ધંધામાં મોટી નુકસાની કરી હતી. તેથી તે માનવા લાગ્યો હતો કે શેઠ હજારીમલ તેના

રસ્તાનો કાંટો બની બેઠા છે. તેણે તેનું કાસળ કાઢી નાખવાનું નક્કી કરી નાખ્યું હતું. આ માટે તેણે શેઠના વિશ્વાસુ મૅનેજરને ફોડવાની કોશિશ કરી હતી, પરંતુ મૅનેજરે તેનો ઊધડો લઈ તેને જેલ ભેગો કરવાની ધમકી આપી. હજારીમલ તરફની વફાદારી નિભાવી હતી. ધારીવાલને તેને ફોડવામાં નિષ્ફળતા મળી હતી.

* * *

શિવાને લઈને જપન સરકાર જ્યારે હજારીમલના ઘરે પહોંચ્યો ત્યારે હજારીમલ પરિવારના તમામ સભ્યો હાજર હતા. હજારીમલ હત્યા કેસમાં સાચા ગુનેગાર સુધી પહોંચવા માટે શિવાને જરૂરી માહિતી આપવાનું કહ્યું.

"હલ્લો, શિવા નારંગ, તમે અમારા પપ્પાના હત્યારાઓને ખુલ્લા પાડવા માટે જે અભિયાન ચલાવ્યું છે તે માટે તમારો ઘણો આભાર. આપને અમારો પૂરો સહકાર મળી રહેશે તેની હું ખાતરી આપું છું." આદિત્યએ કહ્યું.

"આદિત્યજી, શેઠની હત્યા માટે જેને જવાબદાર માનવામાં આવે છે તે નકસલાઇટ પર મને શંકા ઓછી જાય છે. તમારા સહુનું ધ્યાન સાચા હત્યારાથી ડાઇવર્ટ કરવા માટે આ સ્ટોરી તૈયાર કરવામાં આવી છે. જ્યાં સુધી મારો પત્રકારિત્વનો અનુભવ છે તે પ્રમાણે હું કહી શકું કે સાચા હત્યારા તમારી આજુબાજુમાં જ છે. મને મળેલા દસ્તાવેજો પરથી એ નક્કી જ થાય છે કે આપના પપ્પાની હત્યામાં તમારા જીજાજીની કોઈક પ્રકારની સંડોવણી તો છે જ. આ કામ માટે સુપારી પણ મોટી આપવામાં આવી છે. મારી પાસે તેના પણ પરાવા છે. પરંતુ ધારીવાલની રાજકીય વગ એ તેના અંડરવર્લ્ડ સાથેના મીઠા સંબંધોના કારણે સાચી વાત છુપાવી દેવામાં આવી છે. સત્ય શું છે તે હું જાણું છું પણ ત્યાં સુધી પહોંચવાનો રસ્તો કઠીન છે. જો આપનો તથા આપના પરિવારનો સાથ મળે તો સાચા હત્યારાને ઝડપથી પકડી શકાય તેમ છે. આ માટે મને આપના કુટુંબની ઘણી અંગત માહિતીની જરૂર છે. આપ આ આપવા તૈયાર હોય તો હું આગળ વધી શકું." શિવાએ કહ્યું.

"મને તમારા વિષે ઘણું જાણવા મળ્યું છે. તમે પત્રકારિત્વને વ્યવસાય કરતાં પોતાના ઈમાન તરીકે અપનાવ્યું છે અને ઘણી નાની ઉંમરે તમે સારી પ્રગતિ કરી છે. મારા પપ્પાના મૃત્યુથી અમે ભાંગી પડ્યા છીએ. મારા પપ્પાના વ્યાપારિક કે સામાજિક સંબંધોમાં ક્યાંય કડવાશ ના હતી. મારા પપ્પાનો સ્વભાવ સરળ અને દયાળુ હતો. અમારા કર્મચારીઓ તથા મજૂરો પ્રત્યે પણ ઘણા સહિષ્ણુ હતા. કોઈ પણ વ્યક્તિને તેમના તરફ ફરિયાદ હોય તેવું મારા ધ્યાનમાં પણ નથી આવ્યું. અમારા વ્યવસાયને તેઓ પવિત્ર જવાબદારી માનતા અને ગ્રાહકો સાથે હંમેશાં આદરથી વર્તતા હતા. તેઓનું સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રોમાં મોટું પ્રદાન હતું. તેઓ પોતાના કરેલા દાનનો ક્યારેય ઉલ્લેખ ના કરતા. તેઓ કીર્તિદાન અને પ્રીતિદાનની વિરુદ્ધ હતા. તેઓ જે કાંઈ કરતા તે તેઓની પ્રાણીઓ તરફની અનુકંપાનું પરિણામ હતું. અમારા પરિવાર માટે પણ તેઓને ખૂબ જ લાગણી અને પ્રેમ હતો. અમારાં સગાંવહાલાંઓ તથા સંબંધીઓ તેઓનું આદરપૂર્વક માન જાળવતા. તેઓ અમને સમયે સમયે ભેટ-સોગાદો આપી અમને પ્રોત્સાહિત કરતા અને અમારું જમીર જગાડતા. અમારા પરિવારની પ્રગતિ, તેઓના પરગજુ, પ્રેમાળ અને પ્રામાણિક વ્યવહારને કારણે જ કાયમ રહી છે. તેઓની હત્યાથી અમે જ નહીં, કોલકાતાનું ઉદ્યોગ જગત આઘાત પામ્યું છે. નકસલવાદીઓએ કરેલા આ કૃત્યથી કોલકાતાના વ્યાપાર અને ઉદ્યોગ જગતમાં ફડફડાટ પેશી ગયો છે. પોતાની સલામતી માટે સહુ ચિંતાતુર થયા છે. મને સમજાતું નથી કે મારા જીજાજીની આ હત્યામાં સંડોવણી તમને કેમ દેખાય છે? મારા જીજાજી આજે જે કાંઈ છે તે મારા પપ્પાના પ્રેમના કારણે છે. મારા જીજાજી સાથેના અમારા સબંધો પણ સારા છે, તેથી તેના પર શક કરવો તે અજુગતું લાગે છે, પરંતુ તમારા પાસે નક્કર પુરાવા હોય તો અમે તે બાબત પણ વિચાર કરીશું." આદિત્યએ કહ્યું.

"આદિત્યજી, મારી પાસે ચોક્કસ પુરાવાઓ છે, પરંતુ હાલ તે તમને આપી શકું તેમ નથી કારણ કે

તમારા પર પણ જાનનું જોખમ રહેલું છે. તમારો સહકાર આપી મને જરૂરી માહિતી આપતા રહેશો તો આપણે સાચા ગુનેગારને જલદી પકડી શકીશું. આમાં તમારા તથા મિસિસ ધારીવાલ એટલે આપના દીદીના સાથની જરૂર પડશે." શિવાએ કહ્યું.

"હું મારા સાથ-સહકારની ખાતરી આપું છું, પરંતુ આપ આ કેસમાં સમજીને આગળ વધજો. અમારા કુટુંબની આબરૂને ધ્યાનમાં રાખી તમે કામ કરજો. અમને અમારા માન-મોભાની ઘણી કિંમત હોય છે. જો તમે કેસ નહીં સાબિત કરી શકો તો તમારે બદનક્ષી બદલ સજા માટે તૈયાર રહેવું પડશે. વારુ, તમે આ કેસમાં આટલો ઊંડો રસ શા માટે લઈ રહ્યા છો?" આદિત્યએ કહ્યું.

"મારું કાર્ય તપાસનું અને સત્ય શોધનનું છે. જે સત્ય હોય તે બહાર આવે અને બેગુનાહ વ્યક્તિ બચી જાય. જે ગુનેગાર આસામી હોય તેને સજા મળે, વારંવાર થતા આવા ગુનાઓ ઓછા થાય અને સમાજ સારી રીતે જીવી શકે તેવા ધ્યેયથી અમે કાર્ય કરતા હોઈએ છીએ. તમારા પરિવારને ફરી કોઈ ટાર્ગેટ બનાવી ફરી તમને આઘાત ના પહોંચાડે તે માટે પણ તમારે મને મદદ કરવી જોઈએ. સમાજની સેવા કરવી અને તે પણ આવા ગુનાહિત તત્ત્વો સાથે બાથ ભીડવી એ અમારો સ્વભાવ થઈ ગયો હોય છે. એ મારું પેશન છે. આટલા માટે જ આ કેસમાં આગળ વધી રહ્યો છું." શિવાએ કહ્યું.

આદિત્યએ પ્રશ્ન કર્યો: 'શું ધારીવાલ એટલા નીચે ઊતરી ગયા છે કે ભવિષ્યમાં અમને પણ નડતા રહેશે.? અમારા પરિવારના લોકો તેમને માનથી જુએ છે અને તેમણે આપેલા માર્ગ પર અમે ચાલી રહ્યા છીએ. તે અમારા પરિવારનું અહિત કેમ કરી શકે?'

"આદિત્યજી, લક્ષ્મી અને અહમ એ બે એવી વસ્તુઓ છે જેના માટે કોઈ પણ માણસ ગમે તે કરી બેસે. એક વાર ટોચે પહોંચ્યા પછી તે માણસ અમર્યાદ અહં ધરાવતો થઈ જાય છે, પછી તેને ઈશ્વર પણ નાનો લાગવા લાગે છે. જો તમે માનતા હો કે જિતેન્દ્ર ધારીવાલ આવા ના હોય શકે તો તમે ભૂલ કરો છો." શિવાએ કહ્યું.

"શું તમે આટલી બધી હિંમતથી અને ચોક્કસપણે કહી શકો છો કે ધારીવાલ જ આ હત્યા માટે જવાબદાર છે?"

"હજી એ અમારે પુરવાર કરવાનું બાકી છે, તેથી તમારા આ પ્રશ્નનો જવાબ હાલ આપી ના શકું, પરંતુ નજીકના ભવિષ્યમાં જ તમને સત્ય જાણવા મળી જશે."

"જો તમારી વાત સત્ય નીકળશે તો તમને અમારા પરિવારના હિતેચ્છુ ગણી રૂપિયા એક કરોડનું ઇનામ આપીશ અને જો તમે જૂઠા નીકળ્યા તો તમારા પર બદનક્ષીનો કેસ કરીશ અને તમારી કારકિર્દીનો અંત આવી જશે, માટે તમે જે કાંઈ કરો તે સમજી અને વિચારીને કરજો. મારા તથા મારા પરિવારનો તમારા સત્ય શોધનના કામમાં સાથ-સહકાર મળી રહેશે."

"આદિત્યજી, મને આપની વાત મંજૂર છે. આપના હકારાત્મક સહકાર માટે આપનો આભાર. હું ટૂંક સમયમાં જ આપને ફરીથી મળવા આવીશ ત્યારે વિશેષ ચર્ચા કરીશુ." શિવાએ કહ્યું.

"જરૂર, તમે મને ગમે તે સમયે મળવા આવી શકો. તમે આવો તેના એક કલાક પહેલાં મને જાણ કરીને આવશો. હું તમારા માટે જરૂર સમય ફાળવી રાખીશ."

"હું આપને આપની ઑફિસે જ મળવા આવીશ અને શક્ય હશે તો તમને લંચ અથવા ટી ટાઇમમાં જ મળવાનું રાખીશ અને આવતા પહેલાં તેની જાણ કરીશ." શિવાએ કહ્યું.

જપન સરકાર અને શિવા આદિત્યને મળી જપન સરકારની ઑફિસે આવ્યા. વિનિને ફોન કરી શિવાએ કામ શરૂ થઈ ગયાની વાત કરી. લંચ સમય થતાં બંનેએ લંચ સાથે લીધું. જપન સરકારને શિવાની હિંમત તથા કૃતનિશ્ચયતા માટે માન થયું.

જપન સરકાર 'કાલી સર્વિસ ઑફ કોલકાતા'ના વાઇસ ચૅરમૅન હતો. કાલી સર્વિસ ઑફ કોલકાતા, કેએસકે(ksk)ના ટૂંકા નામથી ઓળખાતી હતી. કંપનીનું કાર્યક્ષેત્ર પર્સનલ સિક્યોરિટી અને ક્રાઇમ ડિટેક્ટિવ હતું. પર્સનલ સિક્યોરિટી આપતી આ કંપનીની એક સિસ્ટર કંપની હતી જે 'ઓમાર કાલી'ના

નામથી ઓળખાતી હતી. સુબ્રતો દત્ત આ બંને કંપનીનો ચૅરમૅન હતો. ઓમાર કાલીનો વહીવટ સુબ્રતો સંભાળતો હતો જ્યારે કેએસકેનું સંચાલન જપન સરકાર કરતો હતો.

બંને સંચાલકો બાળપણના ગોઠિયા મિત્રો હતા. બંને પડોશીઓ તથા સહાધ્યાયીઓ હતા. તેઓ અભ્યાસમાં સાધારણ હતા પણ માર્શલ આર્ટના નિષ્ણાત હતા. કૉલેજકાળથી જ તેઓનું કામ કોઈના ઝઘડા પતાવવાનું અને કોઈને જરૂર પડ્યે સિક્યોરિટી પૂરી પાડવાનું વધારે રહેતું. બંને મિત્રોએ કૉલેજનો અભ્યાસ પૂરો કરી ‘કેએસકે’ અને ‘ઓમાર કાલી’ની સ્થાપના કરી. જપન અને સુબ્રતો બંને સત્યના ચાહક તથા મહાકાલીના ભક્તો હતા તેથી તેઓની શહેરના આગેવાનોમાં થતી હતી.

“ઓમાર કાલી’નું કાર્યક્ષેત્ર, ઝઘડા પતાવવા, સંરક્ષણ પૂરું પાડવું, કોઈની દાદાગીરી સામે લડવું, નબળા તથા આર્થિક પછાતોને સહાય કરવી અને સરકારી ઑફિસોમાં અધિકારીઓ સાથે સંબંધો કેળવી કામ કઢાવવા જેવી બાબતો હતી જ્યારે કેએસકેનું કામ પર્સનલ અને ઔદ્યોગિક સંરક્ષણ પૂરું પાડવા પૂરતું સીમિત હતું. જપન સરકાર પાસે સો જેટલા બાઉન્સરો તથા પચાસેક નિવૃત્ત આર્મીમેન્સ હતા જેઓ કોલકાતામાં જરૂર પડ્યે કામ આવતા હતા. સરકારી તથા ખાનગી સમારંભો, મેળાવળાઓ, પ્રદર્શનો, નાટકો વગેરેમાં કેએસકેની જ સિક્યુરિટી જ જોવા મળતી. તેઓના ધંધામાં હરીફાઈ જેવું ના હતું જેથી કેએસકેની મૉનોપૉલી જેવું હતું. સુબ્રતો દત્ત અને જપન સરકાર નામ અને દામ ખૂબ કમાયા હતા. સુબ્રતો થોડો ગુસ્સાવાળો હતો જ્યારે જપન ઠરેલો અને મળતાવળો હતો તેથી મોટા ભાગે લોકો જપન સરકારને જ ઓળખતા, જ્યારે સરકારી ઑફિસોમાં સુબ્રતોનું નામ આગળ પડતું હતું. તેઓએ તેમના નિવાસ હુબલી નદીના કિનારે કોલકાતાથી થોડે દૂર રાખ્યા હતા. ત્યાં પણ તેઓ પડોશીઓ જ હતા. બંનેના કુટુંબ વચ્ચે સારા સંબંધો હતા. જપન સરકારને શિવાના કામની માહિતી સુબ્રતોએ આપી હતી.

શિવા તેના કૉલેજકાળ દરમિયાન બેત્રણ વખત કોલકાતા આવ્યો હતો ત્યારે તેની ઓળખાણ સુબ્રતો સાથે થઈ હતી જે ગાઢ પરિચયમાં પરિણમી હતી. શિવા અને સુબ્રતો એકવાર કૉલેજના ફંક્શનમાં મળ્યા હતા ત્યારે શિવાએ જે પ્રેઝન્ટેશન આપ્યું હતું તે સુબ્રતોને આકર્ષી ગયું હતું. શિવા ત્યારે જર્નાલિઝમમાં પૉસ્ટ ગ્રૅજ્યુએટ કરતો હતો. ત્યારપછી શિવા જ્યારે જ્યારે કોલકાતા આવતો ત્યારે તે સુબ્રતોને અવશ્ય મળતો અને અવારનવાર ફોન પર પણ મળતા રહેતા. જ્યારથી શિવા વિનિના પરિચયમાં આવ્યો અને નોકરી પર લાગ્યો ત્યારથી તેઓના વચ્ચે ફોન ઓછા થતા ગયા, પરંતુ સંબંધોમાં કમી આવી ના હતી. જ્યારે હજારીમલનું ખૂન થયું ત્યારે શિવાને તેના એક પત્રકાર મિત્રએ સમાચાર આપ્યા અને તેમાં ષડયંત્ર હોવાની શંકા કરી જેથી શિવાને તેમાં ઊંડું ઊતરવાનું મન થયું. શિવાના સાહસનું પરિણામ આવે તે પહેલા જ સંજોગોએ શિવાને સુબ્રતો પાસે લાવી રાખી દીધો. જ્યારે શિવાને અખબારમાંથી કાઢી મૂક્યો ત્યારે શિવાએ સુબ્રતોનો સંપર્ક કર્યો હતો અને સુબ્રતોએ તેને કોલકાતા આવી જવા કહ્યું હતું. સુબ્રતોએ શિવાને મદદ કરવાનું વચન આપ્યું હતું. તે પોતે કોઈ કામ માટે બહારગામ ગયો હોય, જપન સરકારે તેને સાથ આપ્યો હતો.

જપન સાથે શિવાએ ટૂંકા સમયમાં જ મિત્રતા કેળવી લીધી હતી. જપન સરકારને શિવાએ સુબ્રતો સાથે ફોન પર થયેલી વાતથી પરિચિત કર્યો. જપન સરકારના જણાવ્યા પ્રમાણે સુબ્રતો કોઈ અગત્યના કામ માટે બહાર ગયો હતો. તે આવે ત્યાં સુધી શિવાએ જપન સરકાર સાથે જ રહેવાનું અને તે કહે તે પ્રમાણે કરવાનું હતું. શિવાએ સુબ્રતો સાથે ફોન પર વાતચીત કરી.

“સુબ્રતો, હું મારા મિશનમાં આગળ વધવા માગું છું. હજારીમલ હત્યા કેસમાં મને જે પુરાવાઓ મળ્યા છે, તે હત્યારા સુધી પહોંચવા માટે પૂરતા છે. તેમાં મને હજારીમલના પરિવારનો સાથ જોઈએ.”

“હજારીમલ પરિવારનો તને સાથ મળી રહેશે, કારણ કે હજારીમલની હત્યા પછી તે પરિવારની સિક્યોરિટીની જવાબદારી અમારી કંપનીને સોંપવામાં આવી છે. તેથી તારે જે કાંઈ માહિતી જોઈએ તે મળી જશે.” સુબ્રતોએ ફોન પર કહ્યું.

"સુબ્રતો, વિનિને તેના અપહરણને આઘાત ઘણો લાગ્યો છે. તેને હું મારી સાથે કોલકાતા લઈ આવ્યો છું. તેને પણ હવે ક્યાંય એકલી રાખવી નથી તેથી તે પણ સલામત સ્થળે રાખવી પડશે."

"તારે અને વિનિએ અહીં આવ્યા પછી રહેવાની અને સલામતીની ચિંતા કરવાની ના હોય. તે અમારા પરિવાર સાથે જ રહેશે."

"સુબ્રતો, હજારીમલની હત્યાના મૂળ સુધી પહોંચવામાં તારા સિવાય અન્ય કોઈ મદદ કરી શકે તેવું નથી. જો હજારીમલ હત્યા કેસમાં હત્યારા સુધી ના પહોંચી શકાય તો મારી જિંદગી બરબાદ થઈ જાય માટે મારી તને વિનંતી કે તું મને આ મારા કામમાં સાથ આપે."

"ગાંડા કાઢ નહીં, શિવા તું તારા મિશનમાં આગળ વધ, તારા એક ફોન પર જ વિનિનો અપહરણકારો પાસેથી છૂટકારો થઈ હતો ને? હું અને જપન તારી સાથે જ છીએ. તારા કામમાં સફળતા મળશે જ." સુબ્રતોએ વાત પૂરી કરી.

શિવા અને જપન લંચ લેવા માટે ગયા. લંચ લઈ જપન અને શિવા બહાર જવા નીકળ્યા. જપન સરકારને કોલકાતામાં જ્યાં જ્યાં તેની સિક્યોરિટી સર્વિસ આપતા હોય ત્યાં દરરોજ એક વખત ચેકિંગ માટે જવાનું થતું. બંને જપનની ગાડીમાં આઠથી દસ જગ્યાએ ફર્યા. શિવાએ જોયું કે જપનની કંપનીની કાર્યશૈલી શિસ્તબદ્ધ છે. સ્ટાફ પણ સશક્ત, સર્વિસ માઇન્ડેડ અને એલર્ટ છે. તેના સ્ટાફના કોઈ પણ મેમ્બર માટે ફરિયાદ નથી. તેના ગ્રાહકોમાં પણ તેમની સર્વિસથી સંતોષ છે અને તેમનું માન ઘણું છે. સાંજ પડતા સુધીમાં તેઓ કોલકાતાના મોટાભાગના વિસ્તારમાં જઈ આવ્યા. સાંજે છ વાગ્યે તેઓ ઘરે જવા નીકળ્યા. રસ્તામાં બંનેએ બીજા દિવસે શું કરવું તે કાર્યક્રમ ગોઠવતા ગયા.

જપન સરકારના મતે શિવાનું કામ પાર પડવું થોડું અઘરું જરૂર હતું.

જપને શિવાને કહ્યું, 'શિવા, હજારીમલના હત્યારા સુધી પહોંચવું અઘરું નથી લાગતું? હજારીમલ પરિવારનો સાથ-સહકાર મળે તો પણ તેમાંના કોઈને તેઓ ઓળખી શકશે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે, કારણ કે કોઈએ હત્યારાઓને જોયા નથી, ઉપરાંત જો હત્યામાં ધારીવાલની સંડોવણી હોય તો તે તો પહોંચેલો માણસ છે. તેણે હત્યારાઓને અત્યાર સુધી જીવતા રહેવા દીધા પણ ના હોય. જો તું ધારીવાલ પરનો આક્ષેપ પુરવાર ના કરી શકે તો તારે જેલની હવા ખાવાનો વખત આવે. માટે જો તું તારા પુરાવા પર ચોક્કસ હોય તો જ આ કેસમાં આગળ વધજે. હજી કાંઈ મોડું થયું નથી. તારા લેખથી ધારીવાલ ઘણો ગુસ્સે થયો છે, પરંતુ તેને મનાવતા તો એક જ મિનિટ લાગશે. પણ તારી વાત સાચી હશે તો તેને સાબિત કરવામાં ઘણો સમય લાગશે.'

"જપનજી, મેં જે પુરાવાઓ મેળવ્યા છે તે ધારીવાલના અંગત માણસ પાસેથી મેળવ્યા છે. જેને હજારીમલની હત્યાના ત્રીજા દિવસે જ ગુમ કરી દેવામાં આવ્યો છે. મેં તેનો ફોન પર સંપર્ક કરવા ઘણો પ્રયત્ન કર્યો પરંતુ તેમાં નિષ્ફળતા મળી છે. મારે તેનો પત્તો મેળવવામાં તમારી સહાયની જરૂર છે." શિવાએ કહ્યું.

"શિવા, તેનું નામ અને તેનો ફોન નંબર આપ." જપને કહ્યું.

"તેનું નામ અબ્દુલ સતાર છે અને તે ધારીવાલનો ડ્રાઇવર છે. તે બાંગ્લાદેશથી ભાગીને અહીં આવ્યો છે. ત્યાં તે વૉન્ટેડ છે અને ધારીવાલ તેને ત્યાં પાછો મોકલી શકે તેમ નથી." શિવાએ કહ્યું. તેનો ફોન નંબર આપ્યો.

"ઓહ, અબ્દુલ બાંગ્લાદેશી? ધારીવાલનો ડ્રાઇવર?" જપન સરકાર પ્રશ્ન કરી બેઠો.

"જી, હા, જપનજી, હજારીમલની હત્યાના બીજા દિવસે જ હું કોલકાતા આવી ગયો હતો. હજારીમલની ઑફિસ પાસે પહોંચતા મને મારો એક પત્રકાર મિત્ર, અમર્ત્યરાય મળી ગયો હતો. અમર્ત્યરાય એક ફ્રીલાન્સ પત્રકાર છે અને ઘણો નાનો માણસ છે. તેની આર્થિક સ્થિતિ બહુ સારી નથી. તે આવા કિસ્સાઓમાં માહિતી એકઠી કરી અન્ય પત્રકારોને વેચી મારે છે અને તેમાંથી તેનું ગુજરાન ચલાવે છે.

અમર્ત્યરાય હજારીમલની હત્યા બાદ તેની ઑફિસ આસપાસ માહિતી મેળવવા માટે આંટા મારતો હતો ત્યાં આકસ્મિક રીતે જ તેની સાથે મારી મુલાકાત થઈ. જર્નાલિઝમના અભ્યાસ દરમ્યાન અમે બંને સાથે હતા તેથી અમે એકબીજાને ઓળખતા હતા. મને હજારીમલની ઑફિસ પાસે જોઈ તે મારી પાસે આવ્યો હતો અને મને માહિતી આપી હતી. તેણે આપેલી વિગત પ્રમાણે બપોરના બે વાગ્યાની આસપાસ બે વ્યક્તિઓ હજારીમલની ઑફિસ આવ્યા હતા. તેઓ આશરે છ ફૂટ ઊંચા, પાતળા અને બાંગ્લાદેશી પહેરવેશ પહેરેલા હતા. તેઓ બાઇક પર આવ્યા હતા અને બાંગ્લા ભાષા બોલતા હતા. તેઓ સીધા હજારીમલની ઑફિસમાં ઘૂસી ગયા હતા અને પૉઇન્ટબ્લેન્ક રિવૉલ્વરથી શેઠની હત્યા કરી હતી. પિસ્તોલ પર સાઇલેન્સર ચડાવેલું હોવાથી કોઈ અવાજ થયો ના હતો. બંને સાથે જ હજારીમલની ઑફિસમાં ગયા હતા અને સાથે જ બહાર નીકળી ગયા હતા. ફક્ત બે મિનિટમાં જ તેઓએ તે કામ પતાવી દીધું હતું.

જ્યારે તેઓ ઑફિસમાં ગયા ત્યારે તેઓના ચહેરા તેઓની ટોપીથી છુપાવેલા હતા. ચહેરા ક્લિન શેવ્ડ હતા. બંનેએ ઘેરા કાળા રંગના ચશ્માં પહેરેલા હતા. બપોરના સમયે લંચ રિસેસમાં ઑફિસમાં હજારીમલની સેક્રેટરી સિવાય બીજું કોઈ હતું નહીં. બપોરના બેથી ત્રણ વાગ્યા સુધી લંચ અવર હોય, હજારીમલની ચૅમ્બરમાં સ્ટાફમાંથી કોઈ અંદર ગયું નહોતું. ત્રણ વાગ્યે સેક્રેટરી ઑફિસની અંદર ગઈ ત્યારે તેણે હજારીમલને લોહી નીતરતી હાલતમાં જોયા. તેનું માથું ખુરસીની એક બાજુ ઢળી પડેલું હતું અને કપાળમાંથી લોહી નીકળતું હતું. ગાલ અને ચહેરા પર થીજી ગયેલું લોહી પણ હતું. ચેમ્બરનો દરવાજો ખોલતાં જ સેક્રેટરીએ આ દૃશ્ય જોઈને રાડ પાડી હતી અને ઑફિસ સ્ટાફ ત્યાં એકઠો થઈ ગયો હતો. તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી તથા હજારીમલના મોટા દીકરાને તેડાવી લીધો હતો.

જ્યારે પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે સાંજના ચાર વાગ્યા હતા ત્યારે હજારીમલનો દીકરો તથા જમાઈ પણ આવી પહોંચ્યા હતા. આ માહિતી હજારીમલની સેક્રેટરીએ પ્રેસને આપ્યા હતા. પોલીસે પ્રાથમિક તપાસ કરી લાશને પોસ્ટમૉર્ટમ માટે હૉસ્પિટલ મોકલી આપી હતી. હજારીમલની હત્યા બપોરે અઢી વાગ્યાની આસપાસ થયાનું તારણ કાઢ્યું હતું." શિવાએ આખી ઘટનાનું વર્ણન કર્યું.

"મને પણ આ જ પ્રમાણે વાત મળી છે." જપને કહ્યું.

"હત્યારાને પકડવા માટે ધારીવાલનો બાંગ્લાદેશી ડ્રાઇવર મહત્ત્વની કડી છે તેમ મારું માનવુ છે." શિવાએ કહ્યું.

"હત્યારાઓએ ઘણા દિવસો સુધી ઑફિસની રેકી કરી હોવી જોઈએ અને ઑફિસના સ્ટાફમાંથી કોઈની આમાં સંડોવણી હોવી જોઈએ." જપન સરકારે કહ્યું.

"મને પણ તેમ જ લાગે છે પરંતુ ઑફિસ સ્ટાફ સાથે હજારીમલના સંબંધો ઉષ્માભર્યા હતા." શિવાએ કહ્યું.

"તે ઉપરથી ભલે તેમ લાગતું હોય, અંદરખાને તેમનો કોઈ વિરોધી ઑફિસમાં હશે જ."

"હજારીમલની ઑફિસમાં તેની સેક્રેટરી સિવાયનો તમામ સ્ટાફ હમણાં જ ભરતી કરવામાં આવ્યો છે. હજારીમલના તેની સેક્રેટરી સાથેના સંબંધો સારા જ હતા." શિવાએ કહ્યું.

"મને ત્યાં જ શંકાની સોય લાગી રહી છે. સેક્રેટરીના કહેવા પ્રમાણે લંચ અવરમાં કોઈ અજાણ્યા માણસો ઑફિસમાં ઘૂસી જાય અને સિક્યોરિટી પણ તેઓને ના રોકે તે વાત નવાઈ પમાડે તેવી છે. કારણ કે હજારીમલની ચૅમ્બરમાં જતા પહેલાં બે જગ્યાએ સિક્યોરિટી હોય છે. એક મેઇન ગેટ પાસે અને બીજી તેની ચૅમ્બરની બહાર પ્યૂન હોય છે." જપન સરકારે કહ્યું.

"લંચ અવરમાં લગભગ આખો સ્ટાફ રિફ્રેશમેન્ટ રૂમમાં હોય છે અને શેઠ હજારીમલની લોકપ્રિયતા જોતા તેનો આવો અંત આવે તેવું કલ્પનામાં પણ ના આવે. એટલે જ કોઈ કૌટુંબિક પ્રશ્ને આ હત્યા થઈ હોવાનું માનવામાં આવે છે. તેમાં ધારીવાલની સંડોવણી નકારી ના શકાય."

"પરંતુ તે સાબિત થયા વિના આપણે કહી ના શકીએ." જપને કહ્યું.

* * *

થોડીવાર માટે બંને મૌન રહ્યા બાદ ફરી જપન સરકારે શિવાને પ્રશ્ન કર્યો,

"તારી પાસે વિનિના અપહરણકારોની કોઈ માહિતી છે? તેઓ કેટલા હતા અને દેખાવમાં કેવા લાગતા હતા? આપણે ધારીવાલના ડ્રાઇવર સુધી પહોંચવા માટે તે માહિતી જરૂરી છે."

"વિનિએ કરલા વર્ણન પ્રમાણે કહું તો તેઓ ચાર જણા હતા. છ એક ફૂટની હાઇટ અને કદાવર બૉડીવાળા ચારેય અપહરણકારોએ બ્લેક ટીશર્ટ, જીન્સ અને ચહેરા પર રૂમાલ બાંધ્યા હતા તથા કાળા ગોગલ્સ પહેર્યા હતા. તેઓ હિન્દી ભાષામાં વાતચીત કરતા હતા. વિનિના માનવા પ્રમાણે તેઓ મુંબઈના હોવા જોઈએ. તેઓમાંના બે વિનિની આસપાસ ગોઠવાઈ ગયા હતા. એક આગળ બેઠો હતો અને એક ડ્રાઇવિંગ કરતો હતો. વિનિની આસપાસ બેઠેલામાંથી કોઈએ વિનિને સ્પર્શ પણ કર્યો ના હતો. તેઓએ કારમાં બેઠા પછી મૌન જ રાખ્યું હતું, અને વિનિને હોટલમાં છોડી એ સૌ ચાલ્યા ગયા હતા." શિવાએ કહ્યું.

"તેમાંથી અપહરણકારો અંગે વિશેષ માહિતી મળે નહીં. ઉપરાંત અપહરણ કરનારી ગેંગ પણ કોલકાતાની નહીં પરંતુ મુંબઈની છે તેથી તેની પણ ભાળ મેળવવી પડશે." જપને કહ્યું.

"તમે મુંબઈના ગેંગસ્ટરો પાસેથી તે ન જાણી શકો?" શિવાએ પૂછ્યું.

"ના, અમારા ધંધામાં ઘણા કડક નિયમો હોય છે. અમે એકબીજાનું કામ કરી આપીએ પરંતુ અમારી અન્ય કોઈ માહિતી લીક થઈ શકે નહીં. અહીં કોલકાતામાં જ આશરે સોથી વધારે ગેંગ્સ કામ કરી રહી છે, પરંતુ કોઈ પણ ગેંગ બીજી ગેંગની માહિતી ના આપે. અમારી પાસે દરેક ગેંગની માહિતી હોય છે. મુંબઈની કોઈ ગેંગને અહીંની ગેંગની સંડોવણીની ખબર હોય તો પણ તે તમને માહિતી ક્યારેય આપશે નહીં. અમે એકબીજાના કામમાં દખલગીરી ક્યારે પણ કરીએ નહીં." જપને કહ્યું.

શિવાની મુશ્કેલી વધતી જતી હતી. તે જાણતો હતો કે ધારીવાલ પહોંચેલો માણસ છે અને તેણે જે કામ કર્યું હશે તેમાં ક્યાંય કચાશ છોડી નહીં હોય. પરંતુ તેની પાસે જે માહિતી હતી તેના પર તેને પૂરો ભરોસો હતો તેથી તેને હિંમત હતી કે ભલે સંઘર્ષ કરવાથી સફળતા જરૂર મળશે. તેણે જે બાથ ભીડી હતી તે હવે છોડવાની ના હતી. ઘરે જતાં પહેલાં આદિત્યને મળતા જવાનું હતું તેથી આદિત્યને ફોનથી જાણ કરી તેના નિવાસ સ્થાને પહોંચ્યા.

"આવો, જપનજી અને શિવા." આદિત્યએ બંનેને આવકાર આપ્યો.

શિવા અને જપને આદિત્ય સાથે વાતચીત કરી. શેઠ હજારીમલના ઑફિસના સ્ટાફની માહિતી લીધી. હજારીમલની સેક્રેટરીની માહિતી એકઠી કરી આદિત્યના કહેવા પ્રમાણે હજારીમલની સેક્રેટરીનું નામ આનંદી મુખરજી હતું અને તે બર્દવાનની હતી. કોલકાતામાં તે બડા બાજાર વિસ્તારમાં રહેતી હતી. તે MBA થયેલી હતી. છેલ્લાં પચીસ વર્ષથી આ પેઢીમાં કામ કરતી હતી. તેની પાસે હજારીમલની દરેક માહિતી જેવી કે કોઈ સાથે મુલાકાત ગોઠવવાની હોય કે વ્યાપારની નાનામાં નાની માહિતી હોય અથવા શેઠના તબિયતના રિપોર્ટ હોય તે તમામ ફાઇલો તેની પાસે રહેતી. હજારીમલ તેને દીકરીની જેમ જ રાખતા હતા અને આનંદી પણ શેઠને પિતાતુલ્ય ગણતી હતી. તેનો પતિ એક મલ્ટીનેશનલ કંપનીમાં મૅનેજર હતો. તેને એક દીકરો હતો જે હાયર ઍજ્યુકેશનમાં હતો. શેઠને આનંદી પર ઘણી લાગણી હતી. તે તહેવારમાં અને શુભ પ્રસંગોએ તેના પરિવાર સાથે પોતાના ઘરે આમંત્રિત કરતા અને ભેટસોગાદો આપતા. આનંદી પણ પચીસ વરસમાં ક્યારેય કામ સિવાય ગેરહાજર રહી નહોતી, છતાં ક્યારેક તેની હાજરી ઑફિસમાં ના હોય તો શેઠનાં કામ બધાં અટકી પડતાં. શેઠને ઑફિસના કોઈ અન્ય કર્મચારી સાથે આટલો ઘરોબો નહોતો.

"ધારીવાલ સાથે આનંદીના સંબંધો કેવા હતા? 'શિવાએ પૂછ્યું.

શિવાનો આ સવાલ સાંભળતા જ આદિત્યના ચહેરા પરના ભાવ થોડા બદલાઈ ગયા. તેની ભ્રમરો

ખેંચાણી, આંખો તંગ થઈ ગઈ અને હોઠ પર ધ્રુજારી આવી. આ એક ક્ષણ માટે જ થયું એ તેણે સ્વસ્થતા જાળવી લીધી, પરંતુ તે શિવાની નજર બહાર ના રહ્યું.

"શિવા, આનંદીને આ કેસ સાથે શું લેવાદેવા? આનંદી અમારી એક વફાદાર સેક્રેટરી છે. તેને આ કેસમાં કોઈ જાણકારી નહીં હોય. તેના માટે કોઈ પ્રશ્ન ન પૂછો તો સારુ."

"આદિત્યજી, જ્યારે શેઠની હત્યા થઈ ત્યારે પ્રથમ જાણ આનંદીને થઈ હતી. હત્યારાઓને કોઈ પણ અટકાયત કે પૂછપરછ કર્યા વગર શેઠની ઑફિસમાં જવા દીધા અને તેઓ તેમનું ખૂન કરીને નીકળી ગયા છતાં આનંદીએ તેની નોંધ લીધી નહોતી. હત્યારાઓની પૂરી માહિતી પણ તે આપી શકી નહોતી. હું માનું છું કે એક સેક્રેટરી તરીકે તેણે હત્યારાઓને શેઠની ચૅમ્બરમાં જતા અટકાવવા જોઈએ, તેઓની માહિતી મેળવવી જોઈએ અને કોઈ મુશ્કેલી ઊભી થાય તો તેની જાણ અન્ય સ્ટાફને પણ કરવી જોઈએ. અહીં તો આનંદી અજાણી થઈને બેઠી જ રહી છે. આ બનાવ બન્યાના એક કલાક બાદ તે શેઠની ચૅમ્બરમાં જાય છે. મને આનંદીનું આ વર્તન તેના માટે શંકાસ્પદ લાગે છે, તેથી જ આનંદી માટે પૂછી રહ્યો છું. ધારીવાલ આનંદી સાથેના પોતાના સબંધોનો લાભ ઉઠાવીને અથવા તેના પર ધાકધમકીથી દબાણ લાવીને આનંદીને તેની ફરજ બજાવતા અટકાવી હોવી જોઈએ." શિવાએ કહ્યું.

"આનંદી અને ધારીવાલજી પપ્પાની ઑફિસમાં એક જ સમયે નોકરીમાં રહ્યાં હતાં. આનંદી પર્સનલ સેક્રેટરી અને ધારીવાલ માર્કેટિંગ મૅનેજર તરીકે કામ કરતાં હતાં. ધારીવાલ અને આનંદી બંને પ્રામાણિક અને વફાદાર હતાં. તેઓ વચ્ચે સારા સંબંધો હતા. આનંદી હંમેશાં ધારીવાલનું માન સાચવતી. જ્યારે તેઓ નોકરીમાં રહ્યાં ત્યારે બંને અપરણિત હતાં. તેઓ બંને એકબીજાને પસંદ કરતાં હતાં. પરંતુ આનંદી રૂઢીચુસ્ત બંગાળી બ્રાહ્મણ કુટુંબમાંથી આવતી હતી તેથી તેઓના લગ્ન ના થઈ શક્યા. આનંદી તેની જ જ્ઞાતિના યુવક સાથે પરણી ગઈ. ધારીવાલને આઘાત તો લાગ્યો, પરંતુ તેમણે તેનું મન કંપનીના કામમાં વાળી લીધું. ધારીવાલ ઘણા મહત્ત્વાકાંક્ષી અને હોંશિયાર હતા. કંપની માટે કોઈ પણ જોખમ ઉઠાવી લેતા. કંપનીનું સરકારી કામકાજ તેઓ જ સંભાળતા અને સરકાર પાસેથી કંપનીનું કામ કઢાવી લઈ કંપનીને ફાયદો કરાવતા. તે દરરોજ બારથી ચૌદ કલાક કામ કરતા અને પપ્પાનો પડછાયો બનીને જ રહેતા હતા.

ધારીવાલના પ્રયત્નોથી કંપનીને ઘણો ફાયદો થયો હતો. સરકારી ખાતામાં અમારી વગ વધી. એકવાર પપ્પા બીમાર પડ્યા ત્યારે ધારીવાલે તેમની રાતદિવસ સેવા કરી હતી. પપ્પાને તેનો સ્વભાવ ગમતો હતો. ધારીવાલની વફાદારી અને કાર્યકુશળતા જોઈ પપ્પાએ વિચાર્યું કે જિતેન્દ્ર દેખાવડો છે, હોંશિયાર અને નમ્ર છે અને એક દીકરા જેટલી તેની સંભાળ રાખે છે. તેને પોતાની પુત્રી પરણાવશે તો તે તેને સારી રીતે રાખશે અને દીકરી પણ મારી નજર સામે જ રહેશે. આમ વિચારી અમારી બહેનના લગ્ન તેની સાથે કર્યા. અમે પરિવારના સભ્યોએ આ વિચારનો સખ્ત વિરોધ કરેલો પરંતુ અંતે તેઓની વાત માન્ય રાખી ધારીવાલને અમારા જીજાજી બનાવ્યા. લગ્ન પછી પંદર વર્ષ તેઓ અમારી સાથે રહ્યા. છેલ્લાં ત્રણ વર્ષથી જ તેઓ અલગ રહેવા ગયા. જો કે અમારા વિકાસમાં તેમનો સિંહ ફાળો રહ્યો છે.

"આનંદીના લગ્ન બાદ આનંદી સાથે તેના સંબંધો કેવા હતા?" શિવાએ પ્રશ્ન કર્યો.

"આનંદી તેના લગ્ન બાદ ધારીવાલ સાથે મર્યાદામાં રહી વર્તન કરતી અને ધારીવાલે પણ કદી આનંદી સાથે અઘટિત વર્તન કર્યું નથી. ધારીવાલની વાત તે કદી ઉથાપતી નહીં." આદિત્યએ કહ્યું.

જપન સરકાર અને શિવાએ ઘણો સમય હજારીમલને ત્યાં પસાર કર્યો.

રાતના અંધારા પૃથ્વી પર ઊતરી આવ્યા હતા. જપન અને શિવાને હવે ઘરે પહોંચવાની ઉતાવળ હતી. શિવાને વિનિની ચિંતા થતી હતી. તેઓએ વાત પૂરી કરી અને આદિત્યને ફરી મળવાનો સમય નક્કી કરી બહાર નીકળ્યા.

ગાડીમાં બેસી વાતો કરતા તેઓ જે વાતો થઈ તેનું એનાલિસીસ કરતા જતા હતા. આનંદીનું આ બનાવમાં નજરઅંદાજ કરવું, ધારીવાલ સાથે તેના ભૂતકાળના મીઠા સંબંધો, શેઠ હજારીમલ સાથે

ધારીવાલના બગડેલા વ્યાપારિક તથા સામાજિક સંબંધો, ધારીવાલનું વ્યાપારમાં પાછા પડવું વગેરે પાસાંઓની ચર્ચા થતી હતી. પરંતુ હત્યા કરવાનું કારણ શું? એ એક મોટો પ્રશ્ન હતો. હત્યારા પાસે પહોંચવા માટે તે જાણવું જરૂરી હતું. આદિત્ય સાથેની વાતોમાંથી એવો એક પણ પોઇન્ટ મળ્યો ના હતો જે હત્યારા તરફ દોરી જાય. જપન સરકારના નિવાસે બંને પહોંચ્યા ત્યારે રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થવા આવ્યો હતો. જપન સરકારે શિવાને તેનો ઉતારો બતાવ્યો અને ફ્રેશ થઈને રાત્રીનું ખાણું લેવા ડાઇનિંગ રૂમમાં આવવા કહ્યું. શિવા રૂમમાં ગયો. ત્યાં વિનિ હાજર હતી. વિનિ રાત્રીનું ખાણું જપનના ફેમિલી સાથે લઈ ગેસ્ટરૂમમાં શિવાની રાહ જોતી બેઠી હતી.

શિવાને સલામત આવ્યો જોઈને તેને ખુશી થઈ. શિવા ફ્રેશ થઈ, વિનિના ખબર પૂછી ડાઇનિંગ રૂમમાં આવ્યો. જમતી વખતે પણ દિવસભર થયેલી વાતોની ચર્ચા થતી રહી.

...8...

કુશાંગી આજ સવારથી જ થોડી અપસેટ હતી. નાઇટ ડ્યૂટી કરી ઘરે આવવા નીકળતી હતી ત્યારે જ તેના સ્કૂટરના વ્હીલમાં પંક્ચર થયું હતું. રાત્રે તેની સાથે ડ્યૂટી પર વિરાંગ હતો, તે પણ તેની સાથે જ ડ્યૂટી પરથી છૂટ્યો હતો. તેણે કુશાંગીને લિફ્ટ આપી તેના રૂમે મૂકી જવાની ઑફર કરી. કુશાંગીએ થોડીવાર તેની ઑફર નકારી પરંતુ હજી સવારના સાત વાગ્યા હતા અને પંક્ચર સાંધવાવાળા સાડા આઠ પહેલા મળે તેમ ન હતા. તે વિરાંગ સાથે તેની બાઇક પર ઘરે જવા નીકળી. સવારનો સમય હતો. કુશાંગી વિરાંગને ચીપકીને બેઠી હતી. બંને થોડી ઉત્તેજના અનુભવતા હતા. કુશાંગીએ તેના બંને હાથ વિરાંગની કમર ફરતા વીંટાળ્યા અને તેથી પીઠ પર માથું ટેકવીને બેસી ગઈ. વિરાંગે બાઇકની સ્પીડ ઓછી કરી નાખી. એકબીજાના સ્પર્શથી તેઓ ઉત્તેજીત થઈ ગયાં હતાં. વિરાંગે કુશાંગીને તેના રૂમ પર આવવાનું આમંત્રણ આપ્યું. કુશાંગી પણ વિરાંગનો સહવાસ ઝંખવા લાગી હતી તેથી તે વિરાંગ સાથે જવા તૈયાર થઈ ગઈ. પોતાના રૂમ પર હજી બીજા રૂમ પાર્ટનરો હશે તેથી થોડો સમય ચાની લારી પર પસાર કરવાનું નક્કી કરી બંનેએ ચા અને નાસ્તો કર્યાં. રોડસાઇડની ચાની કિટલી પર બેસી બંને નાસ્તો કરતાં હતાં ત્યાં કુશાંગીના મોબાઇલ ફોનની રિંગ વાગી.

"હલ્લો, હું કુશાંગી, તમે કોણ?"

"કુશાંગી, હું મિનિતા બોલું છું."

"બોલ, આજે તેં મને સવારના પહોરમાં યાદ કરી?" કુશાંગીએ કહ્યું.

"કુશાંગી, આજ હું ઇવનિંગ ડ્યૂટી નહીં કરી શકું તો તું આજે મારી તે ડ્યૂટી કરી આપશે?"

"ઓહ, મીનુ..., આઈ એમ સૉરી. આજે રાત્રે કૉલ ટ્રાફિક હેવી હતો તેથી મને ખૂબ થાક લાગ્યો છે. અત્યારે પણ હું થાક અનુભવું છું. તારી સાથે પરાણે વાત કરી રહી હોઉં તેવું લાગે છે. મને સખત ઊંઘ આવે છે. વળી મારું ઍક્ટિવા ખરાબ થઈ ગયું છે તેથી પરેશાન છું. તું યાર... બીજા કોઈને કહે ને?" કુશાંગીએ ફોનમાં કહ્યું અને ફોન સ્વિચ ઑફ કર્યો.

કુશાંગીએ મીનુ સાથે ફોન પર થયેલી વાત વિરાંગને કહે અને તેને પણ મિનિતા પૂછે તો ડ્યૂટી કરવાની ના કહેવા કહ્યું. તેઓએ આજનો દિવસ સાથે ગાળવાનું નક્કી કર્યું હતું. ચાનાસ્તો કરી વિરાંગે રસ્તાની સામેની બાજુએ મેડિકલ સ્ટોર્સમાંથી કૉન્ડોમ લીધા અને કુશાંગીને લઈને રૂમ પર પહોંચ્યો. ફ્લૅટનું તાળું ખોલીને રૂમમાં આવ્યાં ત્યાં સુધીમાં તો બંનેના સંયમના તાળા તૂટી ચૂક્યા હતા. વિરાંગે કુશાંગીને એક દીર્ઘ ચુંબન આપ્યું. તેઓના હાથ એકબીજાના અંગઉપાંગો પર ફરવા લાગ્યા. થોડીવાર માટે બાહ્યક્રીડાઓ કરી, નિર્વસ્ત્ર થઈ, આલિંગન આપી પલંગમાં સૂતા અને કામસુખ માણ્યું. ઉજાગરા અને થાકના કારણે એ જ સ્થિતિમાં ઊંઘી ગયાં. જ્યારે બંનેની ઊંઘ ઊડી ત્યારે સાંજના ચાર વાગ્યા હતા. કુશાંગી ઊઠીને શાવર લેવા બાથરૂમમાં ગઈ. વિરાંગ તેની પાછળ બાથરૂમમાં પહોંચ્યો. ફરીથી તેઓએ ઉત્તેજના અનુભવી. ફરીથી બંનેએ શરીર સુખ માણ્યું. જ્યારે સ્નાન કરીને બહાર આવ્યાં ત્યારે સાંજના પાંચ વાગ્યા હતા. કુશાંગીએ વિરાંગને ઍક્ટિવા લેવા જવાનું યાદ કરાવ્યું. વિરાંગે ચા બનાવી અને બંનેએ નાસ્તો કર્યો અને કુશાંગીનું સ્કૂટર લેવા કૉલ સેન્ટર પર પહોંચ્યાં.

કુશાંગીનું ઍક્ટિવા કૉલ સેન્ટરની બહાર પડ્યું હતું તે લઈને વિરાંગ પંક્ચર રિપેર કરાવવા ગયો. કુશાંગી વિરાંગના બાઇક પાસે ઊભી હતી. તેટલામાં એક ટ્રક સ્પીડમાં આવી અને કુશાંગીને હડફેટે લીધી. કુશાંગી રોડ પર ફેંકાઈ ગઈ અને ટ્રકના વ્હીલ તેની ખોપરી પર ફરી વળ્યા. પળવારમાં કુશાંગીએ છેલ્લા શ્વાસ લીધા. કોલકાતાથી આવેલી કુશાંગીએ અમદાવાદના એસ.જી. હાઇવે પર જીવ ગુમાવ્યો.

અકસ્માત કરી ટ્રક દીવાલ સાથે અથડાયો. ટ્રકનો ડ્રાઇવર ટ્રકને ત્યાં જ છોડી ચાલ્યો ગયો. રસ્તા પરના રાહદારીઓ ત્યાં એકઠા થઈ ગયા અને કોઈએ ફોન કરી ઍમ્બ્યુલન્સ બોલાવી ત્યાં સુધીમાં

પોલીસ આવી પહોંચી અને વિરાંગ પણ ઍક્ટિવા લઈને આવી ગયો. વિરાંગે રસ્તા પર કુશાંગીને લોહીલોહાણ હાલતમાં જોઈ અને તે બેહોશ થઈ ગયો. ઍમ્બ્યુલન્સ આવતા બેહોશ થયેલા વિરાંગને તેમાં સુવડાવ્યો. કૉલ સેન્ટરની આજુબાજુ રહેલા ગલ્લાવાળાઓ કુશાંગી અને વિરાંગને ઓળખી ગયા હતા. તેમણે કૉલ સેન્ટરમાં બનાવની જાણ કરી. હાઇવે પોલીસે લાશનો પંચક્યાસ કર્યો અને ઇમર્જન્સી વાનમાં લાશને પોસ્ટમૉર્ટમ માટે હૉસ્પિટલ રવાના કરી. વિરાંગ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે ઇમર્જન્સી વાન ચાલી ગઈ હતી.

કૉલ સેન્ટરમાંથી કર્મચારીઓ બહાર આવ્યા તેમાં મિનિતા પણ હતી. મિનિતાએ વિરાંગ સામે જોયું, વિરાંગ જોરશોરથી આક્રંદ કરવા લાગ્યો. કુશાંગીની ઓચિંતી વિદાઈથી તે હતપ્રભ થઈ ગયો હતો. તે મિનિતાને ગળે વળગી નાના બાળકની જેમ રડી પડ્યો. રાહદારીઓ પણ આ દૃશ્ય જોઈને આંખો લૂછી રહ્યા હતા. કાળે તેનું કામ કરી લીધું હતું. કૉલ સેન્ટરના તમામ કર્મચારીઓ કુશાંગીના અકાળ મૃત્યુથી દ્રવી ઊઠ્યા હતા. મિનિતાએ કોઈને વિરાંગને લઈ હૉસ્પિટલ જવા કહ્યું અને પોતે કુશાંગીના મૅડમને કોલકાતા જાણ કરવા કૉલ સેન્ટરમાં ગઈ, જેઓ તેના પ્લેસમૅન્ટ ગાર્ડિયન હતા.

થોડા દિવસો બાદ કુશાંગીના મોતની જાણ શેઠ હજારીમલની ઑફિસમાં થઈ ત્યારે ત્યાંના કર્મચારીઓને પણ ઘણું દુઃખ થયું, કારણ કે કુશાંગી અમદાવાદ કૉલ સેન્ટરમાં કામ કરવા ગઈ તે પહેલાં હજારીમલની ઑફિસમાં તે રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી હતી. તેના મળતાવડા સ્વભાવને સહુએ યાદ કરી તેના મૃત્યુ માટે શોક વ્યક્ત કર્યો.

...9...

શિવા અને વિનિ આજે ઘણા દિવસો બાદ નિરાંતે ઊંઘી શક્યાં હતાં. શિવા અને વિનિતી પરથી આફત તો હાલ પૂરતી ટળી ગઈ હતી, પરંતુ શિવાનું મિશન હજારીમલ ક્યારે પૂરું થશે તે એક સવાલ હતો. વિનિતી સવારે ઊઠી ત્યારે નવ વાગ્યા હતા. શિવા હજુ ઊંઘી રહ્યો હતો. રાત્રે જપન સરકારથી છૂટા પડ્યા ત્યારે સવારે દસ વાગ્યે મળવાનું નક્કી કર્યું હતું. વિનિતીએ શિવાને આરામ મળી જાય તેમ માની ઉઠાડ્યો નહીં. તેને સૂવા દીધો અને પોતે બ્રશ કરતી કરતી TV ચાલુ કરી સમાચાર જોવા બેઠી. વિનિને દરરોજ સવારે પ્રાદેશિક ગુજરાતી સમાચાર જોવાની આદત હતી. તેણે TV ઓન કર્યું ત્યારે જ સ્ક્રીન પર કુશાંગીના અકસ્માતના સમાચાર ફ્લેશ થયા. તેમાં કુશાંગીનો ફોટો પણ બતાવાયો હતો. વિનિતીએ ફોટો જોતાં જ કુશાંગીને ઓળખી લીધી અને તેણે શિવાને જગાડ્યો અને સમાચાર જોવા કહ્યું, તેટલામાં સમાચાર બદલાઈ ગયા હતા.

વિનિતીએ કહ્યુંઃ ‘શિવા, આ એ જ છોકરી હતી જે મને મારા અપહરણની રાત્રે ઢાબા પર મળી હતી. મારી સાથે ઔપચારિક વાતો કર્યા બાદ મારી સામે બેસીને તેણે ડીનર લીધું હતું અને મારા અપહરણ પછી તરત જ ઍક્ટિવા લઈને ભાગી ગઈ હતી.’

“તું TV પર તેને બરાબર ઓળખી શકી? શું તે એ જ છોકરી હતી?” શિવાએ પૂછ્યું.

“હા, શિવા, સો ટકા વાત સાચી છે. ગઈકાલે તેને અકસ્માત પણ એસ.જી. હાઇવેના કોઈ કૉલ સેન્ટર પાસે જ થયો હતો. જેમાં તેનું મૃત્યુ થયું.”

“ફરી ન્યૂઝમાં બતાવવામાં આવે કે ના પણ આવે તારી પાસે જે માહિતી હોય તે મને કહે” શિવાએ કહ્યું.

“મારી પાસે વિશેષ માહિતી શું હોઈ શકે? પણ હા, તેણે જમતાં જમતાં કહ્યું હતું કે તે એસ.જી. હાઇવે પરના એક કૉલ સેન્ટરમાં કામ કરે છે. બિન્ધાસ્ત જીવે છે અને જિંદગીનો આનંદ ઉઠાવે છે. એટલી જ વાત અમારા વચ્ચે થઈ હતી. મેં તેની સાથે વધારે વાત કરવાનું ટાળ્યું હતું.” વિનિએ કહ્યું.

“આપણે તૈયાર થઈ જઈએ, દસ વાગ્યે સમાચારનું રિપીટ ટેલિકાસ્ટ થશે તેમાં તેનો ફોટો જોઈ લઈશું.” શિવાએ કહ્યું.

બંને દસ વાગતાં જપન સરકારના ડાઇનિંગ હૉલમાં પહોંચી ગયાં. જપન સરકાર ડાઈનિંગ હૉલમાં હાજર હતા.

“જપનજી, TV ઓન કરી ગુજરાતી સમાચાર લો, તેમાં એક અગત્યના સમાચાર આવી રહ્યા છે. વિનિના કહેવા પ્રમાણે ન્યૂઝમાં અમદાવાદના એક સમાચાર બતાવે છે જેમાં એક યુવતીનું અકસ્માતમાં મોત થતું બતાવ્યું છે. તે જ યુવતી વિનિને રવિવારની રાત્રે ઢાબા પર મળી હતી અને તે અપહરણકારોની સાથે સંકળાયેલી હોય તેવું લાગે છે.” શિવાએ કહ્યું.

“જરૂર, મને તો નાસ્તા સમયે TV જોવાની ટેવ નથી. બાળકો અને ઘરના સભ્યો જોતા હોય છે. આજે તેઓ નથી તો તમે જોઈ શકશો.” કહી જપન સરકારે TV ઓન કરી ગુજરાતી ચૅનલ ચાલુ કરી. સ્ક્રીન પર ન્યૂઝનું ટેલિકાસ્ટ ચાલુ હતું. તેઓ નાસ્તો કરતા હતા ત્યાં જ સમાચારના સમાપન સમયે સંક્ષિપ્ત સમાચારોમાં કુશાંગીના અકસ્માતના સમાચાર ટેલિકાસ્ટ થયા અને તેનો ફોટો પણ બતાવ્યો અને વિનિતીએ રાડ પાડી,

“આ એ જ છે, આ છોકરી એ જ છે, જે મને રવિવારે ઢાબા પર મળી હતી.”

“સ્યોર? તો આ સમાચાર આપણા માટે ઘણા જ અગત્યના છે.” શિવાએ કહ્યું.

“યસ, આ જ છોકરી હતી તેમાં કોઈ શંકા નથી.” વિનિએ કહ્યું.

“વેરી ગૂડ, હત્યારા સુધી પહોંચવા આપણા માટે આ મહત્ત્વની કડી છે. આપણા કેસમાં આ સમાચારથી સારો વળાંક આવી શકે.” જપન સરકારે કહ્યું.

વિનિને કાંઈક ઓચિંતું યાદ આવ્યું હોય તેમ તેણે હાથમાંથી વૉચ કાઢી અને ટેબલ પર મૂકીને બોલી,

"આ વૉચમાં કૅમેરો છે જે હું જ્યારે કોઈ અજાણ્યા સ્થળે જઉં ત્યારે ચાલુ કરી દઉં છું. કૅમેરામાં વીડિયો તથા ઓડિયો રેકોર્ડિંગની સગવડતા છે. તેમાં રવિવારે રાત્રે થયેલા બનાવોનું રેકોર્ડિંગ હોઈ શકે, પરંતુ તે જોવા માટે તેને કૉમ્પ્યૂટર અથવા TV સાથે જોડવું જરૂરી છે."

"ઓહ, વેરી ફાઇન. આ વાત તું પહેલાં કેમ કરતી નથી?" શિવાએ આશ્ચર્ય સાથે પૂછ્યું.

"ઉપરાઉપરી આવતી આફતોની વણજારમાંથી કાંઈ મુક્ત થાઉં તો યાદ આવે ને? રવિવારની રાતથી આજ સુધી આપણે વાત કરવાનો મોકો પણ ક્યાં મળ્યો છે?"

જપન સરકાર બંનેની વાત સાંભળી રહ્યા હતા. તે તરત ઊઠ્યા અને પોતાનું લૅપટૉપ લઈ વૉચ સાથે જોડ્યું.

"વિનિ, તારી પાસે આ વૉચ ક્યાંથી આવી?" શિવાએ પૂછ્યું.

"અમદાવાદમાં એક દિવસ હું ચાઈના બજાર ગઈ હતી, ત્યાંથી મેં ખરીદી હતી. મને મારી સલામતીની ચિંતા કાયમ રહેતી હતી, કારણ કે મારે ઑફિસમાં તથા ફ્લૅટમાં એકલું રહેવાનું થતું હતું. અમદાવાદમાં મારા નજીકના કહી શકાય તેવા કોઈ સગાંસબંધી નહોતા તેથી હું એકવાર જ્યારે લૅમ્પ લેવા ચાઈના બજાર ગઈ ત્યાં આ વૉચ જોઈ. મને તેનું મૉડલ ગમી ગયું. ત્યાં જ મને દુકાનદારે તેમાં રહેલા કૅમેરા વિષે કહ્યું. મને અચાનક સ્ટ્રાઇક થયું કે આ વૉચ મને ઉપયોગ થઈ શકે અને મેં તે ખરીદી લીધી. ચાઈનાનો માલ હતો તેથી તેના પર વિશ્વાસ તો નહોતો કે તે કેટલું ચાલશે પરંતુ છ મહિના થયા તે ચાલે છે."

"તું નસીબદાર છું કે 'મેઇડ ઇન ચાઈના' વૉચ છ મહિનાથી ચાલે છે." શિવાના ચહેરા પર ટીખળનો ભાવ હતો.

જપન સકરારે લૅપટૉપ પર રેકોર્ડેડ વિગતો લેવાનું ચાલુ કર્યું. તેમાં વિનિ ઘરેથી નીકળી ઢાબામાં કુશાંગી સાથે બેસી જમતી હતી અને વાતો કરતી હતી, જમ્યા બાદ બંને ઢાબાની બહાર આવ્યા. ત્યાં ચાર બદમાશો હાજર હતા, કુશાંગીએ બદમાશો તરફ ઇશારો કર્યો અને તેઓએ વિનિને ખેંચીને કારમાં બળપૂર્વક બેસાડી ત્યાં સુધીનું ઓડિયો અને વીડિયો બંને રેકોર્ડિંગ હતું. વિનિને કારમાં બેસાડ્યા બાદનું ઓડિયો રેકોર્ડિંગ હતું, વીડિયો નહોતું. વિનિને ફરીથી હોટલના રૂમમાં લાવવામાં આવી તેનું ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગ હતું હોટલમાં અને ત્યાર પછીના આજ સુધી જે જે બનાવો બન્યા તે બધાનું રેકોર્ડિંગ હતું. વચ્ચે જ્યારે વિનિએ રેકોર્ડિંગ બંધ કરેલું તે બનાવો નહોતા. તેથી શિવા તેને હોટલમાંથી લઈને કોલકાતા પહોંચ્યો તે સિવાય જપન સરકારની ઑફિસમાં પહેલી વાર આવ્યા તે બધું હતું. જપન સરકારે અને શિવાએ તે ધ્યાનથી જોયું.

"કુશાંગી કોલકાતાની છે તો આપણે તેનાં માતાપિતા કોણ છે અને તે કયા વિસ્તારમાં રહે છે અને કુશાંગી અમદાવાદ કેવી રીતે પહોંચી તે તપાસ કરી શકીએ. આપણે તે જાણવું જરૂરી છે." જપન સરકારે કહ્યું.

"આવડા મોટા કોલકાતામાં તેનાં માબાપની ભાળ કેવી રીતે મળી શકે?" વિનિએ પ્રશ્ન કર્યો.

"તે મેળવવી ઘણી જ સહેલી છે. અમદાવાદ પોલીસે કોલકાતા પોલીસને આ અકસ્માતની જાણ કરી જ હશે. તેની લાશને તેના સગાંવહાલાને સોંપવાની હોય, કૉલ સેન્ટરમાંથી તેનું ઍડ્રેસ મેળવી કોલકાતા પોલીસને મોકલ્યું હશે અને કોલકાતા પોલીસે તેનાં માબાપને આ અકસ્માતની જાણ કરી હશે. ઉપરાંત જે બીપીઓના પૅ રોલ પર તે હશે ત્યાં પણ તેનું ઍડ્રેસ અને અન્ય માહિતી હશે એટલે થોડી જ વારમાં તે કામ થઈ જશે. અમે નાસ્તા બાદ ઑફિસે જતા પહેલા માહિતી મળી જશે અને તેનું રહેઠાણ રસ્તામાં આવતું હશે તો તેને મળતા જઈશું."

જપન સરકારે લૅપટૉપ શટડાઉન કરતા પહેલાં વિનિની વૉચમાંથી મળેલા ડેટાઓ સંગ્રહ કરી લીધા. તેણે બેત્રણ ફોન કર્યા. થોડી વારમાં સામેથી ફોન આવ્યા, જેમાં કુશાંગીનાં માતાપિતાની મહિતી

આપવામાં આવી હતી.

"ચાલો, આપણે જઈએ." જપને શિવાને સંબોધીને કહ્યું. વિનિ તરફ ફરી તેણે કહ્યું,

"વિનિતી તમે અહીં જ રહેજો. અત્યારે તમે આ બંગલે જ રહો, તમારે આરામ કરવો હોય તો ગેસ્ટ હાઉસમાં જઈ શકો છો. લંચ સમયે ફરી આવજો. તમને અમારા પરિવાર સાથે ભાષાની તકલીફ નહીં પડે કારણ કે દરેક સભ્ય અંગ્રેજી જાણે છે એટલે તમને કૉમ્યુનિકેશનમાં તકલીફ નહીં પડે."

"ડૉન્ટ વરી, જપનજી, મને ગઈકાલથી જ મારું ઘર હોય તેવું લાગી રહ્યું છે. મને શિવાની ચિંતા હોય પણ તમે સાથે છો એટલે મને કોઈ ચિંતા નથી. તમે તમારા કામ માટે નીકળો, મારી ચિંતા ના કરશો."

"વિનિ, તારે હવે મારી ચિંતા કરવાની ના હોય, મારી સાથે કોલકાતાની તાકાતવર શખ્સિયત છે. આજ હું દિલ્હીમાં હતો તેના કરતાં પણ વધારે સેઇફ છું. તું લેશમાત્ર પણ દુ:ખી ના થતી." શિવાએ કહ્યું. જપન સરકાર મોટેથી હસી પડ્યો.

"શિવા, તેં તો મને 'ડોન' બનાવી દીધો. ભઈ, અમે સિક્યોરિટીવાળા રહ્યા એટલે અમે ઘરેથી નીકળીએ અને પાછા ઘરે ના પહોંચીએ ત્યાં સુધી અમારા પરિવારને અમારી ચિંતા હોય, પણ આ તો રોજનું થયું તેથી સહુ ટેવાઈ ગયા હોઈએ."

* * *

કોલકાતાની સડકોને ક્યારેય નિરાંત હોતી નથી. કહેવાય છે કે કોલકાતા ક્યારેય ઊંઘતું નથી અને તેની સડકો કદી શાંત રહેતી નથી, દિવસરાત તે ધમધમતી રહે છે. બંદરગાહ હોય કે ઍરપૉર્ટ હોય, ચૌરંગી લેન હોય કે બડાબાજાર હોય, જ્યારે જુઓ ત્યારે વાહનો અને રાહદારીઓ દોડતા જ રહેતા હોય છે. અહીં માણસો કીડીઓની જેમ ઉભરાતા હોય છે. અહીંની વસ્તીના વીસ ટકા લોકો અમીર છે અને ઍંસી ટકા પ્રજાજનો મધ્યમવર્ગના અથવા આર્થિક રીતે નબળા છે. જમીનદારો, ઉદ્યોગપતિઓ સરકારી બાબુઓ ઉપરાંત તોફાની તત્ત્વોનું અહીં પ્રભુત્વ જોવા મળે છે. કોલકાતા ગરીબી પચાવી શક્યું છે.

કુશાંગીનાં માબાપ પણ ગરીબ હતાં. તેઓ હુબલી નદીના કિનારે આવેલી એક જ્યૂટ મિલના કમ્પાઉન્ડમાં રહેતા હતાં. જપન સરકારે ત્યાં પહોંચવા માટે ગાડી ડમડમ ઍરપૉર્ટ પાસેના બ્રિજ પરથી લીધી. એકાદ કલાકના ડ્રાઇવિંગ બાદ તેઓ કુશાંગીનાં માબાપ પાસે પહોંચ્યા. તેઓ છાપરામાં રહેતાં હતાં.

કુશાંગીના મૃત્યુના સમાચાર તેને પોલીસે પહોંચાડ્યા હતા, પરંતુ તેમની ગરીબીના કારણે લાશ લેવા જઈ શકે તેમ ના હતા. તેથી તેમણે પોલીસખાતાને કુશાંગીના મૃત શરીરનો અમદાવાદમા જ નિકાલ કરવાની વિનંતી કરતો પત્ર આપી દીધો હતો. કુશાંગીનાં માબાપ મિલમાં કામે જતાં પણ આજે તેમને કુશાંગીના અપમૃત્યુના સમાચાર મળ્યા હોઈ કામ પર ગયા નહોતાં, તેથી શિવાનું કામ સરળ થઈ ગયું. જપન સરકારે તેની પોતાની ઓળખાણ આપી અને કુશાંગીના અપમત્યુ માટે બંનેએ દિલસોજી વ્યક્ત કરી.

કુશાંગીના પિતાએ તેમની સાથે વાત કર્યા પ્રમાણે કુશાંગી તેમના ચાર સંતાનોમાં સૌથી નાની હતી. તેમના બે મોટા દીકરાઓ પરણીને જુદા રહેતા હતા અને એક દીકરીને પરણાવી દીધી હતી. કુશાંગી જ તેના કુટુંબમાં ભણેલી હતી અને ગ્રૅજ્યુએટ થયેલી હતી. પોતાની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે કુશાંગી અભ્યાસ સાથે નોકરી પણ કરતી હતી. સવારના સમયમાં કૉલેજમાં હાજરી આપતી અને ત્યારબાદ તે શેઠ હજારીમલની ઑફિસમાં રિસેપ્સનિસ્ટ તરીકે સાંજના સાત વાગ્યા સુધી કામ કરતી. ગ્રૅજ્યુએશનની સાથે તેણે ઇન્ફોર્મેશન ટૅક્નૉલૉજીમાં પણ સર્ટિફિકેટ કોર્ષ કર્યો હતો જેના કારણે તેને બીપીઓમાં નોકરી મળી અને તે અમદાવાદ પહોંચી હતી.

કૉલેજમાં તેની છાપ બિન્ધાસ્ત છોકરી તરીકેની હતી. તે છોકરાઓ સાથે મિત્રતા કરી પોતાનો વધારાનો ખર્ચ કાઢી લેતી હતી. તે કોલકાતામાં અંધારી આલમના સંપર્કમાં આવી હતી, તે તેનાથી દૂર જવા માંગતી હતી તેથી તેણે કોલકાતા છોડવા માટે જ અમદાવાદ આવવાનું સ્વીકાર્યું હતું.

અમદાવાદમાં પણ તે સ્વછંદી જીવન જીવતી હતી. તે દર મહિને તેના માબાપને ખર્ચ પેટે સારી રકમ મોકલતી હતી. અમદાવાદમાં છેલ્લાં બે વર્ષથી રહેતી હતી તેથી અમદાવાદની ભૂગોળથી પરિચિત હતી.

હજારીમલના ખૂન બાદ ધારીવાલનુ નામ તેમાં સંડોવાયેલું છે તે બહાર લાવવામાં ફક્ત શિવાનો જ હાથ છે, તે હત્યારાઓના જાણવામાં આવ્યું તેથી તેમણે શિવાનો ફોન પર સંપર્ક કરી વાતને ત્યાં જ પૂરી કરી દેવા કહેવામાં આવ્યું, પરંતુ જ્યારે શિવા પ્રલોભન કે ધાકધમકીને પણ વશ ના થયો ત્યારે તેના પર માનસિક દબાણ લાવવા કોલકાતામાં તેની પત્નીના અપહરણનો અને માનસિક ત્રાસ આપવાનો પ્લાન ઘડવામાં આવ્યો. શિવા ઘણો નામાંકિત પત્રકાર હોઈ તેનું ખૂન કરી શકાય તેમ નો'તું, કારણ કે તેમ કરવા જતાં બહુ ઊહાપોહ થાય અને હત્યારાને મોટી સજા ભોગવવી પડે તેથી તેને માનસિક ત્રાસ આપીને ચૂપ કરવાનો હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે શિવાની પત્ની વિનિતિ મોદી અમદાવાદમાં એકલી રહે છે અને કોઈ અખબારની તે ફાઇનાન્સ મૅનેજર છે. કુશાંગીને તેની દિનચર્યાની જાણ તથા તેના અપહરણ માટે આવતા બદમાશોની મદદ કરવાનું કહેવામાં આવ્યું. તે માટે તેને મોટી રકમની ઑફર કરવામાં આવી. કુશાંગી આવા કામમાં માહિર હતી, તે અખબારની ઑફિસે ગઈ અને વિનિતિના રહેઠાણનું સરનામું લીધું. સતત બે દિવસ સુધી તેણે વિનિતિની રેકી કરી. રવિવારે તેને ઉઠાવવાનો પ્લાન હતો પરંતુ વિનિતિ આખો દિવસ પ્રદર્શન અને ફંક્શનમાં હતી તેથી તે શક્ય નહોતું તેથી તેને રાત્રે ઘરેથી ઉઠાવવાનું નક્કી કર્યું હતું.

કુશાંગી હંમેશાં નાઇટ ડ્યૂટી જ કરતી હતી તેથી તે અઘરું હતું, પણ વિનિતિ જમવા માટે બહાર નીકળી અને તેણે તે કામ કરી આપ્યું અને વિનિનું અપહરણ થઈ ગયું. ઢાબામાં બેઠા કુશાંગીએ ઘણી હોંશિયારીથી કામ લીધું કે તેના પર તે કાવતરામાં સામેલ હોય તેવો શક પણ કોઈને ના આવે. કોલકાતાના તેના સંબંધોએ વિનિનું અપહરણ સરળ બનાવી આપ્યું. કામ પૂરું થતાં કોલકાતાથી તેનો કૉન્ટેકટ કાપી નાખવામાં આવ્યો.

કુશાંગીનાં માબાપને જપન સરકાર અને શિવાએ આશ્વાસન આપ્યું અને આર્થિક સહાય કરવાનું પણ વચન આપ્યું. એકબે દિવસમાં ફરીથી મળવાનું કહી બંને ઑફિસ જવા નીકળ્યા.

“શિવા, આ વસ્તી ઘણી ગરીબીમાં જીવતી હોય છે. ક્યારેક રોજીરોટી મળે તો પેટ ભરીને ખાય છે બાકી અર્ધા ભૂખ્યા પડી રહે છે. ગુનો કરવો આ લોકો માટે સામાન્ય વાત છે. ક્યાંયથી એક વખતની રોટી મળી જાય તો તેઓ ગમે તે કામ કરવા તૈયાર થઈ જાય છે. અહીં ગરીબીનું બીજું નામ ગુનાખોરી છે. તે શક્ય હોય કે કુશાંગી કોઈ ગુનાખોર ગેંગનો શિકાર બની ગઈ હોય અને વિનિતિના અપહરણમાં મદદ કરી હોય. કુશાંગીનાં માબાપ પાસે આ અંગે કોઈ માહિતી નહીં હોય. કુશાંગીનું મૃત્યુ પણ તેમના માટે એટલું પીડાકારક નહીં હોય. હા, તેના મૃત્યુથી તેમનો આર્થિક સહારો ચાલ્યો ગયો પરંતુ લાગણીઓનો સેતુ ઓછો હોય.” જપને કહ્યું.

“જપનજી, તમારી વાત સાચી છે. ગરીબી માણસને લાચાર અને નિર્બળ બનાવી દે છે. પોતાના પેટનું પૂરું ના થાતું હોય ત્યાં બીજાનો વિચાર પણ ક્યાંથી કરી શકે? અહીં પશુઓ જેવું જીવન જીવીને પોતાનો અવતાર પૂરો કરતા હોય છે. અહીં પ્રેમ, લાગણી, જવાબદારી વગેરેનો વિચાર પણ ના આવી શકે. યેનકેન પ્રકારે જીવી જીવન પૂરું કરતાં હોય છે. દેશની સાઈઠ ટકા આબાદી આવું જીવન જીવતી હોય ત્યાં ગુનાખોરી તો રહેવાની જ.”

“કુશાંગીનાં માતાપિતા પાસેથી આજે તો કોઈ માહિતી ના મળી, પરંતુ એકબે વખત આવીશું અને સહાનુભૂતિ દર્શાવીશું એટલે તેમને આપણા પર વિશ્વાસ બેસી જશે પછી કાંઈક જરૂર બોલશે.” જપન સરકારે કહ્યું.

કોલકાતાના રસ્તાઓ બેશુમાર વાહનોથી પૅક થઈ ગયા હતા. જેમ જેમ દિવસ ચઢતો જતો હતો તેમ તેમ ટ્રાફિકજામના અને અકસ્માતોના કિસ્સાઓ વધતા જતા હતા. વાહનો કાચબા ગતિથી આગળ વધતાં હતાં. જ્યારે તેઓ ઑફિસે પહોંચ્યા ત્યારે બપોર ઢળી ગઈ હતી. ઑફિસના કર્મચારીઓ

લંચઅવર પૂરો કરી ફરીથી કામે લાગી ગયા હતા. જપન તથા શિવાએ ચા અને સૅન્ડવિચ મંગાવી લંચબ્રેક લીધો ત્યારબાદ તેઓ હજારીમલની ઑફિસે જવા નીકળ્યા. સાંજના ચાર વાગ્યે હજારીમલની ઑફિસ પહોંચ્યા.

હજારીમલની ઑફિસમાં આદિત્ય હાજર હતો. શેઠની હત્યા પછી હજારીમલની ઑફિસની સિક્યોરિટી ટાઇટ કરી દેવામાં આવી હતી. પોતાની જ સિક્યોરિટી કંપનીનો કર્મચારી હોવા છતાં, આદિત્યની મુલાકાત માટે જપન સરકારે પોતાનું કાર્ડ ઑફિસમાં મોકલાવ્યું અને બંને રિસેપ્શન હૉલમાં બેઠા. થોડીવારમાં રિસેપ્સનિસ્ટ આદિત્યની ઑફિસમાંથી નીકળી અને બંનેને ઑફિસમાં દોરી ગઈ. આદિત્ય હવે હજારીમલની ચેમ્બરમાં બેસતો હતો. ચેમ્બરમાં જતાં પહેલા તેની સેક્રેટરીનું ટેબલ આવતું હતું. દરેક મુલાકાતીઓએ ત્યાં પોતાની માહિતી, ફિંગરપ્રિન્ટ અને ફોટોપ્રુફ આપવાના થતા અને જે કામ માટે આવ્યા હોય તે જણાવવું પડતું. સેક્રેટરીની ખુરશી પર આનંદી બેઠી હતી. આનંદીએ બંને સામે જોયું. છ ફૂટ, બે ઇંચની ઊંચાઈ અને સ્નાયુબદ્ધ દેહ ધરાવતા જપન સરકાર તથા પાંચ ફૂટ, દસ ઇંચની હાઇટ અને સપ્રમાણ બૉડીવાળા શિવાને જોઈને તે પહેલાં તો ડઘાઈ ગઈ અને તેના ચહેરા પર ભય ફેલાયો, પરંતુ તરત જ પોતાની જાતને સંભાળી લીધી અને બંનેની ઓળખાણ તથા અન્ય માહિતી માંગી.

જપન સરકાર આજે પહેલીવાર હજારીમલની ઑફિસે આવ્યો હતો. તેની કંપની સિક્યુરિટી પૂરી પાડતી હતી પણ તે જવાબદારી સુબ્રતોએ લીધી હતી એટલે સુબ્રતો અહીં અવારનવાર આવતો હતો. તેણે તથા શિવાએ ઍડ્રેસમાં 'કાલી સિક્યેરિટી'નું નામ આપ્યું. આનંદીએ તેઓને બેસાડ્યા અને આદિત્ય સાથે ઇન્ટરકોમથી વાત કરી અને ઓળખાણ આપી. આદિત્યએ તેઓને ચેમ્બરમાં બોલાવ્યા.

હજારીમલની ઑફિસ ખાસ્સી મોટી હતી. આશરે એક હજાર ફીટની ઑફિસમાં બરાબર વચ્ચે હજારીમલનું ટેબલ હતું. તેની પાછળની ચૅરમાં ગૉલ્ડન ફ્રેમમાં મઢેલો હજારીમલનો ફોટો રાખવામાં આવ્યો હતો. તેની બાજુમાં રહેલું ટેબલ આદિત્યનું હતું. બંને ટેબલ્સ સુંદર રીતે સજાવવામાં આવ્યા હતા. શિવા અને જપન સરકારનું આદિત્યએ ઊભા થઈ હાથ મેળવી સ્વાગત કર્યું અને તેની સામેની ખુરશીમાં બેસવા કહ્યું. જપન સરકારે ઑફિસમાં ચારે તરફ નજર દોડાવીને ઑફિસની સિક્યુરિટીનો અંદાજ કાઢ્યો. હજારીમલની ચેમ્બર સાદી પરંતુ ભવ્ય રીતે સજાવેલી હતી. એક તરફ ખૂણામાં ગણેશની પાંચ ફૂટ ઊંચી મૂર્તિ હતી અને બીજા ખૂણામાં મોટી ફૂલદાનીમાં તાજા ફૂલો ગોઠવેલા હતા. શેઠના ટેબલ પર એક પેનસ્ટૅન્ડ, એક ટેબલ કૅલેન્ડર અને એક લૅટરપેડ હતું. આદિત્યનું ટેબલ પણ તે જ રીતે સજાવેલું હતું.

"આ વ્યવસ્થા હાલ પૂરતી જ કરવામાં આવી છે." શિવા અને જપન સરકારને ઑફિસનું અવલોકન કરતા જોઈને આદિત્યએ કહ્યું. "પિતાજીના અચાનક અવસાનથી તેમની ચેમ્બરમાં મેં બેસવાનું ચાલુ કર્યું છે. મારી ચેમ્બર બાજુમાં જ છે. દરેક ચેમ્બરમાં અંદરથી બહાર જોઈ શકાય તેવા અર્ધ પારદર્શક કાચ નાખવામાં આવ્યા છે. પિતાજીની ચેમ્બરમાંથી બહાર બધું જોઈ શકાય પરંતુ બહારથી અંદર કાંઈ જોઈ ના શકાય, તેવી ઑફિસ આજથી પચાસ વર્ષ પહેલા બનાવવામાં આવી છે છતાં હાલ જ બનાવી હોય તેવી લાગે છે."

"ઘણી સુંદર અને વૈભવી છે." જપન સરકારે કહ્યું. શિવાએ પણ ચહેરા પર અહોભાવ વ્યક્ત કર્યો. આદિત્યના ચહેરા પર ખુશીના ભાવ આવ્યા.

"આદિત્યજી, આજની અમારી મુલાકાતનું પ્રયોજન ફક્ત આપની ઑફિસનું અવલોકન કરવાનું જ હતું તેથી તમને વધારે ડિસ્ટર્બ નહીં કરીએ. આપના ઑફિસ સ્ટાફમાંની એકબે વ્યક્તિઓની પૂછપરછ કરવાની સંમતિ આપો તેવી વિનંતી છે." શિવાએ વિનંતી કરી.

"જરૂર, આપ બાજુની મારી ચેમ્બરમાં બેસી જે વ્યક્તિની પૂછપરછ કરવી હોય તે કરી શકો છો. મારા દરેક કર્મચારીઓ તથા મારા PRO તમને સાથસહકાર આપશે."

"પરંતુ તે પહેલા આપની પાસેથી આપના પિતાજીની જીવન ઝરમર જાણવાની ઇચ્છા છે." શિવાએ કહ્યું.

"ઓહ, તમને હમણાં જ વ્યવસ્થા કરી આપું." આદિત્યએ આનંદીને ઑફિસમાં બોલાવી અને કહ્યું,

"આનંદીબહેન, આપણા શેઠસાહેબના જીવન ઝરમરની કિતાબ મિ. શિવાને આપો અને આપણામાંના કેટલાકની પૂછપરછ કરવાની છે, તેના માટે મારી ચેમ્બરમાં તેઓને બેસવાની વ્યવસ્થા કરી આપો."

"જી સર," કહી આનંદી બહાર ગઈ.

અમે અમારા પિતાજીને સાઈઠ વર્ષ પૂરાં થયાં ત્યારે તેમની ષષ્ટિપૂર્તિ ઊજવી હતી તે વખતે તે તૈયાર કરાવી હતી. તે તમે જોઈ જાઓ અને વધારે કોઈ માહિતી જોઈતી હશે તો તે હું તમને આપીશ." આદિત્યએ કહ્યું. "આભાર, આપનો" શિવાએ કહ્યું. "આપ જાઓ તે પહેલાં મને મળીને જજો." આદિત્યએ કહ્યું. જપન સરકાર અને શિવા ઑફિસની બહાર આવ્યા, આનંદીએ તેમને પુસ્તિકા આપી અને આદિત્યની ચેમ્બરમાં બેસાડ્યા. તેટલામાં ચા અને નાસ્તો આવી ગયાં હતાં. બંનેએ ચાનાસ્તો કરતા કરતા પુસ્તિકા વાંચી.

શેઠ હજારીમલ મૂળ બારમેડના હતા. તેના વડવાઓ અનાજ તથા તેજાનાના વેપારીઓ હતા. હજારીમલના બાપદાદાઓએ આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો. તેઓ ગાંધીજીના અનુયાયીઓ હતા અને દેશની સ્વતંત્રતાની લડાઈમાં ઘણી આર્થિક સહાય કરી હતી. હજારીમલનું બચપણ બારમેડમાં વીત્યું હતું અને તેમણે કોલકાતામાં તેમના ફોઈને ત્યાં રહી ગ્રેજ્યુએટ થયા હતા. તેમનાં ફોઈબાને શણનો મોટો વેપાર હતો. ગ્રેજ્યુએશન બાદ હજારીમલ તેમાં જોડાઈ ગયા હતા. હજારીમલ તેના પિતાનું ત્રીજું સંતાન હતા. એક ભાઈ અને એક બહેન તેનાથી મોટાં હતાં જ્યારે એક ભાઈ અને એક બહેન તેનાથી નાનાં હતાં. પાંચ ભાઈબહેનોમાં હજારીમલ ત્રીજા હતા. તેમના મોટા ભાઈ તેના બાપિકા ધંધામાં જોડાયા હતા અને નાનો ભાઈ મુંબઈમાં હીરા અને ઝવેરાતનો મોટો વેપારી હતો. બંને બહેનો રાજસ્થાનના ઉદ્યોગપતિઓના ઘરમાં હતી.

હજારીમલ વેપારમાં સાહસિક અને તરવરિયા હતા. તેમણે વેપારમાં સત્યનિષ્ઠા અને વચનબદ્ધતાનું સૂત્ર અપનાવ્યું હતું તેથી વેપારમાં આગળ આવવામાં તેને વાર લાગી નહીં અને થોડા સમયમાં તે વેપારમાં આગળ નીકળી ગયા. ત્રીસ વર્ષની ઉંમરે તો વેપાર જગતમાં તેનું નામ ગુંજતું થઈ ગયું હતું. તેમનો મુખ્ય વ્યવસાય શણ, લોખંડ અને કોલસો હતા. આ ઉપરાંત તે ઇમ્પોર્ટ એક્સપોર્ટના વેપાર સાથે પણ સંકળાયેલા હતા. નીતિમત્તાના આગ્રહી હતા તેથી ઉદ્યોગ જગતમાં તેમણે ઘણી નામના મેળવી હતી. પાંત્રીસમા વર્ષે તેઓ કોલકાતા ઉદ્યોગજગતના પ્રમુખ બની ગયા હતા. તેમની વ્યાપારિક કુશળતાએ તેમને ટૂંક સમયમાં જ કરોડોમાં આળોટતા કરી દીધા હતા.

વ્યાવસાયિક ઉપરાંત રાજકીય અને સામાજિક ક્ષેત્રે પણ તેમનું યોગદાન સારું હતું તેથી તેમની નામના ઘણી હતી. ગાંધીજીની સત્યાગ્રહની લડતમાં અને આઝાદીની ચળવળમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો અને આર્થિક સહાય પણ કરી હતી. અંગ્રેજ સરકાર સાથે તેના વ્યાપાર ઉદ્યોગના કારણે સારા સંબંધો હતા. દેશને આઝાદી મળી તેના આનંદમાં તેમણે કોલકાતામાં ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું અને ગાંધીજીના અભિનંદનને પાત્ર થયા હતા. ગાંધીજી પ્રત્યે તેને અપાર માનની લાગણી હતી. આઝાદી બાદ જ્યારે પશ્ચિમ બંગાળમાં સામ્યવાદનો ઉદય થયો ત્યારે કામદાર મંડળો ઉદ્યોગપતિઓને હેરાન કરતા પરંતુ હજારીમલને ક્યારેય તકલીફ પડી નહોતી કારણ કે તેમણે કામદારોનું હંમેશાં ભલું કર્યું હતું. તેમણે કામદારોના પરિવાર માટે આર્થિક તેમજ તબીબી સહાયભંડોળ બનાવ્યું હતું તેમાંથી કામદારોને જરૂર પડ્યે મદદ કરતા. તહેવારોની ઉજવણી પોતાના કર્મચારીઓ સાથે જ કરતા અને જમણવારનું આયોજન કરી દરેકને ભેટસોગાદો આપતા. ગરીબોને પણ તે છૂટા હાથે દાન આપતા. હજારીમલની જેવી વ્યવસાયિક રિયાસત હતી, તેવી જ સામાજિક અને કૌટુંબિક રિયાસત હતી. પત્ની અને બાળકો પ્રત્યે ઘણા પ્રેમાળ હતા તથા બાળકોના ઉછેરમાં અને તેઓના અભ્યાસમાં ઊંડો રસ લેતા. પોતાના સગાંસંબંધીઓને આગળ લાવવા મદદ કરતા. તેઓ ઘણી સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. વેપારમાં 'નીતિ એ જ ધર્મ' અને વહેવારમાં 'પરોપકાર એ જ પુણ્ય' તે માનતા હતા. કોઈ પણ ધાર્મિક વાડાઓમાં માનતા ન હતા. તેમના માટે 'સેવા' એ જ શ્રેષ્ઠ ધર્મ હતો. શિવા અને જપન સરકાર ઝડપથી હજારીમલની જીવનકથા વાંચી ગયા. આવા પરોપકારી, સહિષ્ણુ અને પ્રેમાળ ઉદ્યોગપતિના આકસ્મિક અને અકાળ અવસાનથી ઉદ્યોગ તથા વ્યાપારી જગતમાં ભય ફેલાઈ ગયો હતો. સહુ હતપ્રભ બની ગયા હતા. આવું બને જ કેમ? તેઓ આનંદીને પ્રશ્ન પૂછવા જતા હતા ત્યાં જ ચેમ્બરમાં પ્યૂન આવ્યો અને આનંદીને કહેવા લાગ્યો,

"આનંદીબહેન, કુશાંગીનાં માતાપિતાને મળવા ક્યારે જવાનું છે?" કુશાંગીનું નામ સાંભળતાં જ શિવાના કાન ઊંચા થઈ થયા અને આનંદીને પૂછ્યું,

"આનંદીબહેન, કુશાંગી કોણ છે?" જપન સરકાર ઝીણી આંખ કરી આનંદીને જોઈ રહ્યો હતો.

આનંદીના ચહેરા પર પરસેવો વળવા લાગ્યો હતો અને તેના હાથ ધ્રૂજતા હતા.

"કુશાંગી અહીં રિસેપ્સનિસ્ટ તરીકે નોકરી કરતી હતી. ગઈકાલે જ ગુજરાતમાં તેનું અકસ્માતે મૃત્યુ થયું છે. અમારી ઑફિસના રિવાજ મુજબ તેનાં માબાપને આશ્વાસન તથા આર્થિક સહાય પહોંચાડવા જવાનું છે." આનંદીએ કહ્યું.

શિવાએ આનંદીને જવાનું કહ્યું અને આનંદી ઝડપથી બહાર નીકળી ગઈ.

શિવાએ ઑફિસના બીજા બેત્રણ કર્મચારીઓને બોલાવીને પૂછપરછ કરી તેમાં તેને વિશેષ જાણવા મળ્યું નહીં. જપન સરકારે આનંદીને મળવા આવ્યો હતો તે પ્યૂનને બોલાવ્યો. તેમને તેની પાસેથી કાંઈક જાણવા મળશે તેવી આશા હતી.

"આપનું શુભનામ?" શિવાએ પૂછ્યું.

"આશુતોષ બેનરજી સર."

"આપ અહીં કેટલા સમયથી નોકરી કરો છો?" શિવાએ તેને માન વાચક શબ્દથી બોલાવ્યો તે તેને ગમ્યું.

"આ પેઢીની શરૂઆત થઈ ત્યારથી હું અહીં છું. હું સત્તર વર્ષનો હતો ત્યારથી શેઠસાહેબની સાથે જ છું. આજ મને સાઈઠ વર્ષ થયાં."

"શેઠનો સ્વભાવ કેવો હતો?" શિવાએ પ્રશ્ન કર્યો.

"શેઠસાહેબ, ભગવાનના ઘરનું માણસ હતા, મને તો તેમણે દીકરાની જેમ જ રાખ્યો હતો. મારી હાજરીમાં કેટલાય કર્મચારીઓ આવ્યા અને ગયા પણ કોઈને શેઠ સામે ફરિયાદ નહોતી. શેઠ કોઈ દિવસ કોઈને ખિજાયા હોય અથવા કોઈને નોકરીમાંથી કાઢી મૂક્યા હોય તેવું મારા ધ્યાનમાં નથી. અમારી પેઢીની ચઢતી જ થતી જતી હતી. શેઠસાહેબની હત્યાથી અમને ખૂબ આઘાત લાગ્યો છે." આશુતોષે કહ્યું.

"આશુતોષજી, શેઠજી કર્મચારીઓ સાથે સારી રીતે રહેતા તો કર્મચારીઓએ નોકરી છોડી દેવાનું કારણ શું?"

"અમારે ત્યાંથી બહુ ઓછા કર્મચારીઓ નોકરી છોડીને ગયા છે. જુઓને, આનંદીબહેન પચીસ વર્ષથી અહીં જ છે. અમારા એકાઉન્ટન્ટ પણ વીસ વર્ષથી છે. અહીંથી જનારાઓ ક્યાં તો સરકારી અથવા ઊંચા પગારની નોકરીમાં જતા કે પોતાનો ધંધો કરવા માટે છૂટા થતા હતા. શેઠસાહેબ તેમને પણ મદદ કરતા. કોઈ અહીંથી દુ:ખી થઈને ગયું હોય તેવું મારા ધ્યાનમાં નથી."

"આજે આનંદીબહેન જેમને ઘરે ગયાં તે કુશાંગીબહેન પણ અહીં નોકરી કરી ગયાં હતાં?"

"હા, કુશાંગી અહીં બે વર્ષ રિસેપ્સનિસ્ટ તરીકે રહી ગઈ. થોડા સમય પહેલા જ કોઈ બીપીઓમાં તેને નોકરી મળી અને તેને કોલકાતા છોડવું હતું તેથી તે ગુજરાતમાં ગઈ અને હાલ જ તેનુ આકસ્મિક મૃત્યુ થયું." આશુતોષે કહ્યું.

"આશુતોષજી, આપનો અભ્યાસ કેટલો?" શિવાએ પૂછ્યું.

"હું કોલકાતા યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ છું. હું જ્યારે શેઠસાહેબ સાથે રહ્યો ત્યારે તો હું હાયર સેકન્ડરી જ પાસ હતો. શેઠસાહેબના પટાવાળાથી માંડી સેક્રેટરી સુધી હું એક જ હતો. મને તેઓએ પ્રોત્સાહિત કર્યો અને આર્થિક સહાય આપી. હું સવારે કૉલેજ જતો અને પછી આખો દિવસ અહીં કામ કરતો. અમારી પેઢીનું કામકાજ જેમ વધતું ગયું તેમ તેમ નવા નિષ્ણાત કર્મચારીઓ આવતા ગયા. હું ગ્રેજ્યુએટ થયો એટલે મને પણ ઊંચી જગ્યા આપતા હતા, પરંતુ શેઠસાહેબને મારા પર એટલો વિશ્વાસ અને પ્રેમ હતો કે મને તેઓએ પોતાની પાસે જ રાખ્યો. આજે મારો પગાર પણ આનંદીબહેન જેટલો જ છે."

"આનંદીબહેનનો અભ્યાસ કેટલો છે?" શિવાએ કહ્યું.

"આનંદીબહેન કંપની સેક્રેટરીનું ભણ્યા છે. શેઠજીના જમાઈરાજ જિતેન્દ્ર ધારીવાલની સાથે જ

કૉલેજમાં હતાં. મારી નિમણૂક બાદ જિતેન્દ્રજી આ પેઢીમાં નોકરીએ રહ્યા હતા. તેનાં બે વર્ષ બાદ આનંદીબહેન આવ્યાં" આશુતોષે કહ્યું.

"ધારીવાલ શેઠ અહીં નોકરી કરતા હતા?" શિવાએ પૂછ્યું.

"જી, હા, ધારીવાલજી અહીં શેઠના સેક્રેટરી તરીકે જ નોકરીએ રહ્યા હતા. તેમણે આ પેઢીને આગળ લાવવા ઘણી મહેનત કરી. તે પ્રામાણિક અને શેઠને વફાદાર હતા. શેઠજીની નજરમાં તેના ગુણો વસી ગયા અને તેમને પોતાના જમાઈ બનાવ્યા. શેઠજીની હત્યાના ચાર દિવસ પહેલા જ અહીં આવ્યા'તા. તેણે પોતાનો વેપાર શરૂ કર્યો ત્યારે તો અઠવાડિયામાં એકબે વખત આવતા પણ હમણાંથી તે એકાદ બે મહિને આવતા હતા પરંતુ ઑફિસમાં શું થઈ રહ્યું છે તેના પર તેની નજર રહેતી જ."

"ધારીવાલ ક્યારેય પેઢીના વહીવટમાં દખલ કરતા? શેઠજી સાથે તેમના સંબંધો છેલ્લે કેવા હતા?"

"વાહ, તમે કેવી વાત કરો છો? શેઠજી તો ધારીવાલનું માન બહુ રાખતા. આદિત્યજીને ક્યારેક બે કડવા વચન કહ્યા હશે પરંતુ ધારીવાલજીને તો ક્યારે પણ કશું કહ્યું હોય તેવું સાંભળ્યું પણ નથી."

"શેઠજીની હત્યા પાછળ તમને કોનો હાથ લાગે છે?" શિવા ઔપચારિક વાતો બાદ મુખ્ય વાત પર આવ્યો.

"નક્સલવાદીઓ, અહીં સામ્યવાદ અને નક્સલવાદનું બહુ જોર છે. ક્યારે તેઓ શું કરી નાખે તેનું નક્કી ના હોય. જેઓ સમાજના સામાન્ય પ્રવાહથી તરછોડાયેલા હોય અને દારુણ ગરીબીમાંથી આવતા હોય, તેવા દિશાવિહીન લોકો આવા આંદોલનોમાં જોડાઈને સમાજમાં ત્રાસ ફેલાવતા હોય છે. શેઠજીની હત્યા પણ તેઓએ જ કરી હોય તેમ લાગે છે." આશુતોષે કહ્યું.

શિવા અને જપન સરકારને જે માહિતી મળી તેમાંથી એ સ્પષ્ટ થતું હતું કે કુશાંગી આ પેઢીમાં કામ કરી ગઈ હતી અને તે અમદાવાદમાં હતી. તેની આ પેઢીના દરેક સભ્યને જાણ હતી, તેથી નક્કી થતું કે અહીં કોઈ ખૂટેલ માણસે વિનિની માહિતી મેળવવા કુશાંગીનો ઉપયોગ કરેલો હતો. શિવાએ વિશેષ માહિતી મળવાની અપેક્ષાએ પૂછ્યું,

"કુશાંગીને આનંદીબહેન સાથે કેવા સંબંધો હતા?"

"કુશાંગી આનંદીબહેનનો આદર કરતી. કુશાંગી જ્યારે અહીં નોકરીએ રહી ત્યારે તે ઉચ્છ્રૃંખલ અને બિનધાસ્ત છોકરી હતી. ગરીબીમાંથી આવતી હતી તેથી કાયમ તેને નાણાંની ખંચ રહેતી. અવારનવાર તે આનંદીબહેન પાસેથી પૈસા ઉધાર લઈ જતી અને પાછા આપી જતી. તે માર્ગ ભૂલેલી હતી તેથી આનંદીબહેન તેને સમજાવતાં અને તેના પર ગુસ્સે પણ થતાં પરંતુ કુશાંગી પર તેની અસર નહોતી થતી અને પોતાની રીતે જ રહેતી હતી. તે પોતાના માબાપથી દૂર જવા માગતી હતી. શેઠસાહેબને તેની રીતભાત ગમતી નહોતી પણ તે ઑફિસ કામમાં હોંશિયાર અને નિયમિત હતી અને ઑફિસમાં તે મર્યાદામાં જ રહેતી હતી. તેની ગરીબી તથા તેનું કામ જોઈ શેઠસાહેબે તેને રાખી હતી. તેણે બે વર્ષ સુધી અહીં નોકરી કરી પરંતુ તેની સામે કોઈ ફરિયાદ ના હતી. હાલ થોડા સમય પહેલાં જ તેને બીપીઓમાં સારા પગારની નોકરી મળી તેથી તે ગઈ."

"આશુતોષજી, આપ તો આ પેઢીની રોજનીશી હોય તેટલી સરસ માહિતી આપી રહ્યા છો." શિવાએ આશુતોષના વખાણ કરતા કહ્યું. આશુતોષ પણ હવે રંગમાં આવી ગયો હતો.

"જી, સાહેબ, મને આ કંપનીની રજેરજની માહિતી હોય છે. કોણ ક્યારે આવે છે, ક્યારે જાય છે, ક્યાં જાય છે, કોણ કેટલા પાણીમાં રમે છે તે સઘળુ હું જાણુ છું. મારી શેઠજી પ્રત્યેની વફાદારી સો ટકા એટલે તેમને નુકસાન થાય તેવું કામ કોઈને ના કરવા દઉં. અહીંના દરેક કર્મચારી મારાથી ડરે, રખેને હું કોઈની ફરિયાદ શેઠજીને કરી દઉં તો? અમારા સેક્રેટરીબહેન પણ મારાથી ડરે છે." આશુતોષે હસતા હસતા કહ્યું.

"ઓહ, આનંદીબહેન પણ તમારાથી ડરે છે?" જપન સરકારે કહ્યું.

"હોવે, તે અંદરની વાત છે. કોઈને કહેવાય નહીં." આશુતોષે કહ્યું.

શિવાને લાગ્યું કે આશુતોષ પાસેથી આજે વધારે મહિતી મળી શકશે નહીં તેથી આજનું કામ અહીં પૂરું કરી આશુતોષનો આભાર માની ચેમ્બરની બહાર નીકળ્યા.

"થેંક્યુ, આશુતોષ, તમારો નિખાલસ સ્વભાવ અમને ગમ્યો. હવે જરૂર પડશે ત્યારે તમને ફરી મળવા આવીશું. તમે અમને મદદ કરશો ને?" શિવાએ આભાર માનતા કહ્યું.

"જી, હા. આપ શેઠજી માટે કામ કરી રહ્યા છો તો મારે સહકાર આપવો જ જોઈએ ને? હું આપને ઘણો ઉપયોગી થઈશ."

શિવા અને જપન સરકાર ફરીથી આદિત્યની ચેમ્બરમાં આવ્યા અને તેને કુશાંગી અંગે પૃચ્છા કરી. આદિત્યએ કુશાંગી માટે અફસોસ કર્યો અને કહ્યું,

"કુશાંગી ગરીબ હતી, હોંશિયાર અને પ્રામાણિક હતી. ઑફિસમાં તેનું વર્તન સારું હતું જોકે તેના અંગત જીવનમાં તેના સંબંધો અંડરવર્લ્ડ સાથે હતા તે અમારા ધ્યાનમાં આવ્યું હતું પરંતુ તેની સામે તેનું કામ વ્યવસ્થિત હતું તેથી તેને પિતાજીએ તેનું જીવન સુધારવાના પ્રયાસ રૂપે જ તેને ઑફિસમાં રાખી હતી. અહીં રહ્યા પછી તેના વ્યવહારમાં તથા વર્તનમાં ઘણો સુધારો જોવા મળ્યો હતો. નિયતિએ તેનો અંત આકસ્મિક લખ્યો હશે તેથી તે અકસ્માતનો શિકાર બની."

સાંજ થવા આવી હતી. જપન સરકારને તેના રૂટિન પ્રમાણે બીજા ક્લાયન્ટોની મુલાકાત લેવાની હતી, તેથી બંને આદિત્યનો આભાર માની પોતાની ઑફિસ જવા નીકળ્યા.

"કુશાંગીના અંડરવર્લ્ડ કનેકશન અને વિનિતિના અપહરણ સમયે કુશાંગીનું ત્યાં ઉપસ્થિત રહેવું, એ વાતનું સમર્થન કરે છે કે ક્યાં તો અપહરણકારો કોલકાતાથી અમદાવાદ ગયા હોવા જોઈએ અથવા તેઓનું અમદાવાદના ગેંગસ્ટરો સાથે કનેકશન હોવું જોઈએ." જપન સરકારે ગાડીમાં બેસતાં કહ્યું.

"અમદાવાદમાં અપહરણકારો કે શાર્પ શૂટરોની ગેંગ નથી તેથી અપહરણકારો બહારના હોવા જોઈએ અને અમદાવાદની ભૂગોળથી પરિચિત હોવા જોઈએ." શિવાએ કહ્યું.

"કુશાંગીના કોલકાતાના અંડરવર્લ્ડ સાથેના સંબંધોની તપાસ આપણે એકાદ દિવસમાં કરાવી લઈશું. તારે એકલાએ જ આવતીકાલે આનંદીને મળી જેટલી માહિતી મળે તેટલી મેળવી લેવાની રહેશે."

"જરૂર, હું આપના કહેવા પ્રમાણે આવતીકાલે આનંદીને મળી લઈશ. મારા ખ્યાલ મુજબ તેને ઑફિસમાં મળવા કરતાં તેના ઘરે મળી લઉં તે વધારે યોગ્ય રહેશે." શિવાએ કહ્યું.

"ના, એવી ભૂલ ના કરશો. તેને શંકા જશે કે આપણે તેના પર શક કરીએ છીએ કે તેની આ પ્રકરણમાં સંડોવણી હશે અને તે ચેતી જશે. શક્ય છે કે આપણા માટે તે કોઈ મુશ્કેલી પણ ઊભી કરી શકે." જપન સરકારે કહ્યું. તેણે ઉમેર્યું,

"હું આજે ઑફિસ જઈને અહીંની પોલીસને જાણ કરી અમદાવાદથી કુશાંગીનો સામાન, મોબાઇલ ફોન વગેરે મંગાવી તેનાં માબાપને વહેલાસર પહોંચાડે. આપણે તેનો ફોન ટ્રેસ કરીશું તો ઘણી માહિતી મળી જશે. હું માનું છું કે આ કામ એક દિવસમાં જ થઈ જશે."

"વાહ, જપનજી, તો આપણું કામ સરળ થઈ જશે. તેના ફોન પરથી કોલકાતાની કઈ ગેંગની આ ગુનામાં સંડોવણી છે તે જાણી શકીશુ." શિવાએ કહ્યું.

"જરૂર, આપણને તે માહિતી ઘણી ઉપયોગી થઈ શકશે."

બંને ઑફિસે પહોંચ્યા. જપન સરકારે ક્લાયન્ટોની માહિતી લીધી અને ઑફિસ સ્ટાફને તેનો સમય પૂરો થતાં રજા આપી અને કોલકાતાના ડીસીપીને ફોન જોડ્યો.

"નમસ્તે સર, ગુડ ઇવનિંગ, આપ કેમ છો?" જપન સરકારે ફોનમાં કહ્યું.

"બોલો, જપન સરકાર, મને કેમ યાદ કર્યો?" સામા છેડેથી અવાજ આવ્યો.

"સર, અમે જ્યાં ફસાઈએ ત્યાં તમને યાદ કરીએ. તમે અમારા તારણહાર છો ને?"

"બહુ લપેટા લ્યો છો તો કામ કંઈક અઘરું હશે."

"સર, છે તો કાંઈક એવું જ." અમારા એક મિત્રની દીકરીનું ગુજરાતમાં અકસ્માતે મૃત્યુ થયું છે તેવા

સમાચાર અમને પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી મળ્યા છે. મારે મૃતકનો જે કાંઈ સામાન હોય તે આપના ડિપાર્ટમેન્ટ થ્રુ મેળવવો છે. આપની તેમાં મદદ જોઈએ છે. તેમાં એકાદ અપરાધીની સંડોવણી પણ છે. આપને તેની માહિતી આપું છું."

જપન સરકારે કુશાંગીની માહિતી ફોન પર ડીએસપીને આપી.

"જરૂર આપને બેત્રણ દિવસમાં તે મળી જશે. અમને પણ જાણવા મળ્યું છે તે પ્રમાણે તેનું અકસ્માતે મોત થવા કરતાં તેનું ઠંડા કલેજે કાસળ કાઢી નાખવામાં આવ્યું છે. મૃતક અહીંની એક કુખ્યાત ગેંગ સાથે જોડાયેલી હતી તેથી તેના અકસ્માતના સમાચાર મળતાં જ ગુજરાત પોલીસને એલર્ટ કરી દીધી હતી. આપનું કામ થઈ જશે."

"થેંક્યુ, સર, આપનો ઘણો ઘણો આભાર. આપને આવતીકાલે ફરી ફોન કરીશ." જપન સરકારે ફોન મૂક્યો. શિવાને ફોન પર થયેલી વાત કહી. શિવાના ચહેરા પર પોતાનું કામ આગળ થઈ રહ્યું છે તેનો સંતોષ હતો.

...11...

શેઠ હજારીમલની હત્યાનો અને વિનિતિના અપહરણનો પડઘો સરકારમાં પડ્યો હતો. પશ્ચિમ બંગાળના અને ખાસ કરીને કોલકાતાના અગ્રગણ્ય ઉદ્યોગપતિની હત્યા કરનારાઓ હત્યા કર્યાના પંદર દિવસ બાદ પણ પકડાયા ના હતા તેની ચિંતા સરકારને હતી. ખાસ તો સરકારમાં રહેલા કેટલાક પ્રધાનો માટે પોલીસખાતાની ધીમી ગતિની કાર્યવાહી અને પુરાવાનો અભાવ માથાનો દુઃખાવો બની ગઈ હતી. કેવળ નક્સલવાદીઓને જ જવાબદાર ગણી કેસ આટોપી લેવામાં જોખમ ઘણું હતું. તેમ કરવા જતાં એક તો અપરાધીઓને મોકળું મેદાન મળે અને બીજું વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સરકારથી વિમુખ થઈ જાય. સરકાર ગમે તે પક્ષની હોય, રાજ્ય ચલાવવા માટે ઉદ્યોગપતિઓની જરૂર હોય છે. ચૂંટણીફંડમાં રૂપિયાની જરૂર હોય જ છે, ઉદ્યોગપતિઓ તેમાં કોથળા ભરીને નાણાં આપતા હોય છે. તેઓ વેપારીઓ છે, ફંડના બદલામાં જે આપ્યું છે તેના કરતાં વિશેષ લાભ લેવાની તેઓની અપેક્ષા હોય છે. તેઓ સરકાર પાસેથી ઉદ્યોગો માટે સગવડતા, પોતાના તથા ઉદ્યોગની સલામતી, કરવેરામાં રાહત જેવી તેઓની અપેક્ષાઓ સરકારે પૂરી કરવાની હોય છે. તેથી કોઈ પણ ઉદ્યોગપતિ નારાજ થાય અથવા તેને નુકસાન થાય તો સરવાળે સરકારને જ નુકસાન થતું હોય છે. સરકાર એટલે જ ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને અંધારી આલમના ખેરખાંઓને સાચવતી હોય છે.

હજારીમલ જેવા મોટા ગજાના ઉદ્યોગપતિની હત્યાના સમાચારે સંસદમાં પણ પડઘો પાડ્યો હતો. પશ્ચિમ બંગાળની ડાબેરી સરકાર ઉદ્યોગપતિઓને અને વેપારીઓને રક્ષણ આપવામાં નિષ્ફળ ગઈ છે અને સરકાર યુનિયન લીડરોને અને નક્સલવાદીઓને ડામવામાં આંખ આડા કાન કરે છે. પરિણામે ત્યાં કાયદો અને વ્યવસ્થા જળવાતા નથી તેથી બંગાળની પ્રગતિ રૂંધાઈ ગઈ છે. પ્રજામાં અસંતોષ વધતો જાય છે. ગરીબીરેખાની નીચે જીવનારા લોકોની સંખ્યા વધતી જાય છે. ઉપરાંત બીજા દેશોમાંથી આવતા ઘૂસણખોરોની સંખ્યા પણ મોટી છે, તેના કારણે ગુનાખોરી અને અરાજકતા ફૂલીફાલી છે. આવા આક્ષેપો સરકાર સામે થવા લાગ્યા હતા. વિરોધપક્ષનો અસહકાર વધતો જતો હતો. સરકાર પર હત્યારાને પકડી તેને ઝેર કરવા માટે વિરોધપક્ષ સતત દબાણ કરી રહ્યો હતો. તેમાં પણ મીડિયાના લોકોના સાથથી સરકારની પરેશાની ઘણી વધી ગઈ હતી. સરકારમાં બેઠેલા તથા વિરોધપક્ષના કેટલાક લોકો જિતેન્દ્ર ધારીવાલના વિરોધીઓ હતા, તેથી જ્યારે શિવાએ અખબાર મારફત, જિતેન્દ્ર ધારીવાલના નામની આ હત્યામાં સંડોવણી જાહેર કરી ત્યારે તેઓના હાથમાં સરકાર સામે લડવાનો મુસદ્દો મળી ગયો અને આ પ્રકરણ વધારે ચગી ગયું.

જિતેન્દ્ર ધારીવાલની સરકારમાં સારી પહોંચ હતી. સરકારી તંત્રના મોટાભાગના બાબુઓ સાથે તેને મીઠા સંબંધો હતા. જિતેન્દ્ર વેપારી હોવા ઉપરાંત મોટો કિંગમેકર પણ હતો. તેણે ઘણા રાજકારણીઓને ચૂંટણીમાં જીત મેળવવામાં અને સરકારમાં સ્થાન અપાવવામાં મદદ કરી હતી. તેથી સરકારે તેને ઘણી NGO અને બોર્ડ, નિગમોમાં સભ્ય બનાવ્યો હતો. જિતેન્દ્ર ધારીવાલ પાસે બુદ્ધિ ઉપરાંત ખટપટની કુનેહ પણ હતી. આથી તેના જેટલા મિત્રો હતા તેટલા જ સામે દુશ્મનો પણ હતા. તેઓ આ કેસમાં તેને ઘેરવા મેદાનમાં આવી ગયા હતા. ધારીવાલ કોઈથી ગાંઠ્યો જાય તેમ ના હતો કારણ કે તે ઘણા તડકાછાંયા જોયા બાદ અહીં પહોંચ્યો હતો.

શેઠ હજારીમલના એક સામાન્ય નોકર તરીકે તેણે કારકિર્દીની શરૂઆત કરી તે પહેલાં ઘણી ગરીબી તેણે જોઈ હતી. કોલકાતા બંદરની ગોદી પર મજૂરી પણ તેણે કરી હતી. ગરીબ માબાપના દીકરા તરીકે તેનો ઉછેર થયો હતો. બચપણથી જ તેને અભ્યાસમાં અભિરુચિ બહુ હતી તેથી હોટલ અને રેસ્ટોરાંમાં વધારાના સમયમાં કામ કરીને પણ ભણ્યો હતો અને કૉમર્સમાં ગ્રૅજ્યુએટ થયો હતો. ત્યારબાદ તે હજારીમલની પેઢીમાં સામાન્ય કર્મચારી તરીકે જોડાયો હતો. તેની કામ પ્રત્યેની ધગશ અને પ્રામાણિકતાથી સામાન્ય નોકરમાંથી શેઠના PAની જગ્યાએ પહોંચ્યો હતો. ધીમે ધીમે તે ઉદ્યોગપતિ

બની ગયો હતો ધારીવાલનું નામ હાલ રાજકારણીઓ માટે ગરમાગરમ સમોસા જેવું હતું.

* * *

કોલકાતાની સડકો પર શિવાના દિવસો ઘણા મુશ્કેલીથી પસાર થતા હતા. જે મિશનને તે સહેલું ધારીને અહીં આવ્યો હતો તે અઘરું થતું જતું હતું. એક તો હત્યારા સુધી પહોંચવાનો કોઈ રસ્તો હજુ સુધી જડ્યો ના હતો અને આવક થતી બંધ થઈ ગઈ હતી. તેને દરરોજ કોઈને મળવા જવાનું થતું જ, તેમાં ઘણો ખર્ચ આવતો. પોતાની બચત તો કાંઈ હતી નહીં અને વિનિની બચત હતી તે પણ વપરાવા લાગી હતી. જપન સરકારે રહેવા અને ખાવાપીવાની તેમજ વિનિ અને પોતાની સિક્યોરિટીની જવાબદારી તેના પર લઈ લીધી હતી તેથી તેટલી રાહત તેને મળી ગઈ હતી. ઘણી વખત તેને બાતમીદારને મળવા કે તેની પાસેથી માહિતી મેળવવા ઘણો ખર્ચ કરવો પડતો. બાતમીદારો પાસેથી માહિતી મેળવવામાં સો, બસો કે હજાર રૂપિયા પૂરા નહોતા થતા, તેની પાસેથી બાતમી ઓકાવવા માટે તેને ઘણી લાલચ આપવી પડતી હતી. ઘણા લોકો સાથે સંબંધો બાંધવા જરૂરી હતા તેના માટે પણ ખર્ચ કરવો પડતો હતો. શિવાની આર્થિક પરિસ્થિતિ નાજુક થવા લાગી હતી.

બીજી બાજુ વિનિ પણ કોઈ કામકાજ વિના કંટાળી હતી. તે પણ શિવાને હજારીમલના હત્યારાને શોધવાનું મિશન છોડી, કોઈ ન્યૂઝપેપરમાં નોકરી શોધી કોઈ સ્થળે સ્થિર થવા સમજાવતી હતી. શિવા તેને ધીરજ ધરવા કહેતો.

એક દિવસ જપન સરકાર ઑફિસે ગયો નહોતો અને શિવા એકલો ડ્રાઇવરને લઈ ગયો હતો. મોડી સાંજ સુધી તેણે પોતે ક્યાં છે તે માહિતી વિનિને આપી નહોતી અને તે રાત્રે તે મોડો આવ્યો. શિવા જેવો ગેસ્ટહાઉસમાં આવ્યો ત્યાં જ વિનિ તેને ગળે વળગીને રડવા લાગી.

"શિવા, તું હવે હજારીમલનો કેસ પડતો મૂકી મારી સાથે ગુજરાતમાં ચાલ." વિનિએ કહ્યું.

"વિનિ, આજે એક દિવસ મને આવવાનું મોડું થયું તેમાં તું આટલી ગભરાઈ ગઈ? જો આજનો દિવસ મારા માટે ઘણો અગત્યનો પુરવાર થયો."

"શિવા, તારો દરેક દિવસ અગત્યનો છે તે હું જાણું છું, પરંતુ અજાણ્યા પ્રદેશમાં મારા મન પર સતત બોજો રહેતો હોય છે. તું બહાર જાય અને જ્યાં સુધી તું પાછો ના ફરે ત્યાં સુધી મારા મનમાં તારા માટે કેવા વિચારો આવી જાય છે?"

"વિનિ, તમે સ્ત્રીઓ ખોટા વિચારો અને ખોટી માન્યતાઓમાં જ ખુવાર થઈ જાઓ છો. જે કાંઈ બનવાનું છે તે થઈને જ રહેવાનું છે. તમારા વિચારોથી તેમાં કોઈ ફર્ક પડવાનો નથી." શિવાએ થોડું ચીડિયાપણું બતાવ્યું.

"તારા પર સતત જોખમ રહેતું હોય અને હું શાંત રહી શકું? તારા સત્યશોધક પત્રકારત્વ પાછળ લોકો આદુ ખાઈને પડ્યા છે. તારા પર જીવનું જોખમ છે ત્યારે મને શાંતિ કેમ હોય? તારી જિંદગીની ચિંતા હું નહીં કરું તો બીજું કોણ કરશે?" વિનિએ અત્યંત દર્દભર્યા અવાજે કહ્યું.

"તું સાચી છે વિનિ, પરંતુ સત્યને શોધવું સહેલું નથી. આ મિશન મારા માટે તો તપ સમાન છે. સત્ય કદી સહેલાઈથી હાથ લાધતું નથી. સત્યના માર્ગમાં પથ્થરો, કંટકો અને હાદસાઓ પહેલા આવે છે. તે તમે પાર કરો તો જ તમને ફૂલોની પથારી મળે. તને ખબર છે કે મેં જે કામ હાથમાં લીધું છે તે સરળ નથી તેથી તારે હિંમત અને ધીરજ રાખવી પડશે. આપણે નસીબદાર છીએ કે આપણને સુબ્રતો અને જપન સરકાર જેવા મિત્રો મળ્યા છે, જેઓ આપણી સાથે ખભે ખભા મેળવીને ઊભા છે. તું તેથી ચિંતા ના કરીશ. કદાચ હું સત્યની શોધમાં હોમાઈ જાઉં તો તું મારું મિશન ચાલુ રાખજે. એક ડગલું આગળ ભર્યા બાદ હવે પાછા ફરવાનું ના કહીશ."

"તારી દરેક વાત સાચી છે. હું એક પત્ની તરીકે તારી પ્રગતિ કરતાં તારી સલામતી પહેલા ઇચ્છું. આર્થિક તથા સામાજિક પ્રતિષ્ઠા મારા માટે તારી સલામતીની ખાતરી મળે પછી આવે. એક સ્ત્રી તેના પતિ અને બાળકોના ઉત્કર્ષ માટે કાંઈપણ કરી છૂટવા તૈયાર હોય છે, તેમ હું પણ તારી સફળતા માટે તું

કહે તે કરવા તૈયાર છું. પારકા દેશમાં મોત માથે રાખીને ભમતું રહેવું પડે તે મને જરા પણ પસંદ નથી. એક તો અહીં કોઈ આપણને ઓળખતું ના હોય તેથી આપણે સલામત ના હોઈએ તેવી જગ્યાએ મારે તને રહેવા દેવો નથી. ચાલ, આપણે ક્યાંય દૂર ચાલ્યાં જઈએ." વિનિ તેના મનનો ઊભરો ઠાલવતી હતી.

"થોડી ધીરજ રાખ, આપણે ટૂંક સમયમાં જ આપણું મિશન પૂરું કરી સફળતા મેળવી ચાલ્યા જઈશું." શિવાએ વિનિના વાંસામાં હાથ પ્રસરાવતાં કહ્યું. વિનિતિ તેને વળગી પડી. શિવાએ તેને અળગી કરતાં કહ્યું,

"હું જપન સરકારને મળી હમણાં પાછો આવું છું." શિવા જપન સરકારને મળવા ગેસ્ટહાઉસની બહાર નીકળ્યો.

જપન સરકારના રૂમ અને ઘરની લાઇટો બંધ જોઈ તે પાછો ફર્યો. વિનિતિએ તેનું સાંજનું ખાણું અહીં જ લઈ રાખ્યું હતું. શિવાએ વૉશરૂમમાં જઈ શાવર લીધો અને બંને સાથે બેસી જમ્યાં. શિવા અને વિનિ આજ ઘણા દિવસો બાદ એકબીજાને વળગીને સૂતા. થોડીવાર પ્રેમની આપલે કરી. એકબીજાને પ્રેમમાં તરબોળ કરી ઊંઘી ગયાં. ઘણા દિવસો પછી તેઓ આવી રીતે નિરાંતે સૂઈ શક્યાં. જ્યારે તેઓ ઊઠ્યાં ત્યારે સવારના આઠ વાગી ગયા હતા. સવારે નવ વાગ્યે જપન સરકારને મળવાનું હતું. તેઓ ઝડપથી તૈયાર થઈ જપન સરકારને મળવા પહોંચી ગયાં.

જપન સરકાર ડ્રૉઇંગરૂમમાં બેસી કોલકાતા ન્યૂઝ અને હિન્દુસ્તાનના અન્ય નામાંકિત અખબારો જોઈ રહ્યા હતા. શિવાને આવતો જોઈ તેણે શિવાને આવકારતાં કહ્યું,

"આવ, શિવા, આવ. ગુડ મોર્નિંગ. ગઈકાલનો દિવસ કેવો રહ્યો?"

"ગુડ મોર્નિંગ, જપનજી, ગઈકાલનો દિવસ ફાઇન રહ્યો." શિવાએ સોફા પર બેસતાં કહ્યું.

"ગઈકાલ આખો દિવસ શેઠ હજારીમલની ઑફિસમાં ગાળ્યો. આનંદીબહેન તથા ત્યાંના સિક્યોરિટીની પૂછપરછ કરી. આનંદીબહેન તેની પૂછપરછ દરમ્યાન ઘણાં અસ્વસ્થ જણાતાં હતાં. આનંદીબહેનના કહેવા પ્રમાણે, જે દિવસે શેઠની હત્યા થઈ તે દિવસે તે લંચ અવર દરમ્યાન પોતાની સીટ પર જ બેઠાં હતાં.

સિક્યોરિટી પણ તેની જગ્યાએ જ બેઠો હતો. તે સમય દરમ્યાન બે અજાણી વ્યક્તિઓ આવી સીધી શેઠની ઑફિસમાં જ ઘૂસી ગઈ હતી અને એક જ મિનિટમાં ઑફિસની બહાર નીકળી ગઈ હતી. જે કાંઈ બન્યું તે આ સમયમાં જ બન્યું હતું." શિવાએ કહ્યું.

"સિક્યોરિટીએ અથવા આનંદીએ તેઓને ઑફિસની અંદર કેમ જવા દીધા હતા?" જપને પ્રશ્ન કર્યો.

"સિક્યોરિટીને પૂછ્યું તો તેણે કહ્યું કે તે સમયે જે સિક્યોરિટી હતી તેણે તેઓ પાસે ઓળખપત્ર માંગ્યું હતું, તેમાંનો એક ઓળખપત્ર આપતો હોય તેવો દેખાવ કરતો રોકાયો. તે દરમ્યાન બીજી વ્યક્તિ ઑફિસની અંદર ઘૂસી ગઈ અને એક જ મિનિટમાં પાછી ફરી ગઈ. તેણે તેઓને રોકવા પ્રયત્ન કર્યો તો તેને ધક્કો મારી બંને ઝડપથી નીકળી ગયા. તેણે જોયું તો આનંદીબહેન તેની સીટ પર શાંતિથી બેઠાં હતાં તેથી તેને થયું કે તે વાતનું કાંઈ મહત્ત્વ નહીં હોય તેથી તે પણ ત્યાં બેસી રહ્યો." શિવાએ કહ્યું.

"પરંતુ તારી સાથે જે માણસે વાત કરી તેને તો હાલમાં જ રાખવામાં આવ્યો છે અને તે આપણો કર્મચારી છે. તેને આ વાતની ક્યાંથી જાણ હોય? તને તે સિક્યોરિટીએ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. મારે તેને બરતરફ કરી દેવો પડશે બાકી તે અમારું નામ પણ ખરાબ કરશે." જપન સરકારે કહ્યું.

"આપની વાત સાચી છે." શિવાએ કહ્યું.

"આનંદી સાથે વાત થઈ હશે. તેણે શું માહિતી આપી?" જપન સરકારે શિવાને પૂછ્યું.

"આનંદીબહેનને પૂછ્યું ત્યારે તેના ચહેરા પર ભય છવાઈ ગયો તે હું જોઈ શક્યો, તે ગભરાયેલી લાગી. તેણે જે વર્ણન કર્યું તે પ્રમાણે, જે દિવસે શેઠની હત્યા થઈ તે દિવસે બે યુવાનો લંચ અવર

દરમ્યાન ઑફિસમાં આવ્યા હતા. તેમાંનો એક પાતળો, આશરે પાંચ ફૂટ આઠ ઇંચ લાંબો હતો. તેણે લાલ રંગનું ટી શર્ટ અને કાળા રંગનું જીન્સ પહેર્યું હતું અને આંખ પર કાળા રંગના ચશ્માં પહેર્યાં હતા. માથા પર હેટ પહેરેલી હતી. તેણે હેટ ચહેરા પર ઢળતી રાખી ચહેરો છુપાવ્યો હતો. બીજો યુવાન પણ તેના જેવડો જ લાગતો હતો. તેણે કાળું ટી શર્ટ અને કાળું જીન્સ પહેર્યું હતું અને તેણે પણ હેટથી ચહેરો છુપાવ્યો હતો. હું તેમને રોકવાનો પ્રયાસ કરું તે પહેલાં તેઓ શેઠની ઑફિસમાં ઘૂસી ગયા હતા અને એકાદ મિનિટમાં પાછા ફરી ગયા હતા. મેં માન્યું હતું કે આગળ સિક્યોરિટીની રજા લઈને જ શેઠને કાંઈ આપવા આવ્યા હશે, તેમ માની હું મારી જગ્યાએથી ઊઠી અને તેઓને કાંઈ પૂછું તે પહેલા તો તેઓ ઑફિસની બહાર નીકળી ગયા. મને શેઠે પણ અંદર બોલાવી નહીં એટલે આ વાતને બહુ મહત્ત્વ આપ્યું નહીં. ત્રણ વાગ્યે લંચ અવર પૂરો થયો એટલે મારા રોજના નિયમ પ્રમાણે હું શેઠની ચેમ્બરમાં પ્રવેશી. ત્યાં સામે જ મને શેઠ ખુરસી પર એક બાજુ માથું ઢાળેલા દેખાયા. તેમના કપાળમાંથી લોહી વહી જતું હતું. મારાથી મોટેથી બૂમ પાડી રડી જવાયું, તેટલામાં ઑફિસ સ્ટાફ અહીં આવી ગયો. અમે તરત ઍમ્બ્યુલન્સ અને આદિત્યજીને ફોન કર્યો અને પોલીસ સ્ટેશને જાણ કરી. અમારા ફોન કર્યાની પંદર મિનિટમાં આદિત્યજી અને પોલીસ આવી પહોંચી. અમે શેઠને ઍમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ લઈ જતા હતા ત્યાં ધારીવાલ પણ આવી ગયા. હૉસ્પિટલમાં ડૉક્ટરે શેઠને મૃત જાહેર કર્યા. તે પછીની વાત તો તમે જાણો છો.” શિવાએ આનંદીના શબ્દોમાં વાત કહી.

“આનંદીનાં વાણી અને તેના ચહેરા પર છવાયેલા ભયથી તો તેની આ કેસમાં સંડોવણી હોય તેવું લાગે છે, પરંતુ તેને આપણે સાબિત કરવું પડે અને તે બહુ અઘરું છે.” જપન સરકારે કહ્યું.

“આજે હું ફરીથી આનંદીબહેનને મળીશ અને તેની વાતોમાંથી એવો કોઈ અગત્યનો મુદ્દો મળી આવશે તો તે તમને જણાવીશ.” શિવાએ કહ્યું.

“જરૂર, ચાલ આપણે બ્રેકફાસ્ટ કરી ઑફિસ જવા નીકળીએ. તને હજારીમલની ઑફિસે ઉતારી હું મારી ઑફિસે જઈશ. તું આજે આખો દિવસ ત્યાં જ રહેજે. તું એકલો બહાર નીકળતો નહીં. જ્યારે તું ફ્રી થાય ત્યારે મને ફોન કરજે, હું તને લઈ જવાની વ્યવસ્થા કરીશ. તારે હવેથી એકલા બહાર જવાનું નથી.”

જપન સરકાર અને શિવા ઑફિસ જવા નીકળ્યા. શિવાને હજારીમલની ઑફિસે ઉતારી જપન સરકાર પોતાની ઑફિસે ગયો. હજારીમલને ત્યાં શિવાને જાણવા મળ્યું કે આનંદી બીમાર હોવાથી રજા પર હતી. શિવાને તે સાંભળી તેનું કામ અટકી ગયાનું દુ:ખ થયું, પરંતુ તેણે ત્યાં જ રહી અન્ય કોઈ પાસેથી માહિતી મળી શકે તે માટે પ્રયત્ન કરવા હજારીમલની ઑફિસમાં જ દિવસ પસાર કરવાનું નક્કી કર્યું.

હજારીમલની ઑફિસ સવારના દસ વાગ્યે શરૂ થઈ જતી. સવારના દસ વાગતાં બધા કર્મચારીઓ અને શેઠ હજારીમલ આવી જતા. આદિત્ય અગિયાર વાગ્યે આવતો પરંતુ હજારીમલના અવસાન બાદ તે હવે સવારના દસ વાગતા જ ઑફિસે આવી જતો. દરેક કર્મચારી સાંજના સાત વાગ્યે છૂટતો. ફક્ત આદિત્ય તથા તેનો PA રાતના નવ વાગ્યા સુધી રોકાતા અને આખા દિવસ દરમ્યાન થયેલા વેપારનું સરવૈયું કાઢતા અને બીજા દિવસે કરવાનાં કામોની યાદી કરતા. જે માલ ડિસ્પેચ કરવાનો હોય તેની તથા બૅંક વ્યવહારોની ચકાસણી કરવામાં આવતી. આ બધા કામમાં રાત્રીના દસ વાગી જતા ત્યારબાદ આદિત્ય ઘરે જવા નીકળતો હતો.

આજે પણ ઑફિસનું કામ પૂરું થતાં આદિત્ય ઘરે જવાની તૈયારી કરતો હતો ત્યાં ફોનની રિંગ વાગી. PAએ ફોન ઉપાડી વાતચીત કરી આદિત્ય સામે જોઈને બોલ્યો,

"આનંદીની તબિયત સારી ના હોવાથી, તેને હૉસ્પિટલમાં દાખલ કરી છે. જ્યારે તેની તંદુરસ્તી સારી થશે ત્યારે તે ઑફિસે આવશે તેમ તેના પતિનો ફોન હતો."

"વારુ, તમે આવતીકાલે હૉસ્પિટલ જઈ આનંદીની તબિયતની ખબર કાઢી આવજો અને તે ના આવે ત્યાં સુધી તેનું ટેબલ તમે સંભાળજો. તમારે હાલ પૂરતા બે ટેબલનું કામ કરવાનું રહેશે. તમને કામનો બોજ વધશે પરંતુ તે તો આપણે કરવું જ પડશે." આદિત્યએ કહ્યું.

"તેમાં કોઈ મુશ્કેલી નહીં, હું બંને ટેબલનું કામ સંભાળી લઈશ. આવતી કાલે હું આનંદીને હૉસ્પિટલે મળી આવીશ." PAએ કહ્યું.

બીજે દિવસે સવારે PAએ આવી આનંદીની તબિયતના સમાચાર આપ્યા. તેના પતિના કહ્યા પ્રમાણે આનંદી તે દિવસે ઑફિસેથી ઘરે ગઈ ત્યાં સુધી તેને કાંઈ જ ના હતું. જમ્યા બાદ તેને છાતીમાં દુ:ખાવો ઊપડ્યો હતો તેથી તેને નજીકના ડૉક્ટર પાસે લઈ જવામાં આવી હતી. ડૉક્ટરે તેને તપાસીને તેને હૉસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી હતી. તેને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હૉસ્પિટલમાં તેને હાર્ટઍટેક આવી ગયાનું નિદાન થતાં તેને ICUમાં રાખવામાં આવી છે. તેની તબિયત ગંભીર બતાવાય છે અને આવતા અડતાલીસ કલાક વધારે ગંભીર છે તેમ ડૉક્ટરનું કહેવાનું છે. હું હૉસ્પિટલ ગયો હતો પરંતુ તેને મળવા જવા રજા મળી ના હતી તેથી તેના પતિને મળી આવી ગયો છું."

"ઓહ, આનંદીને હાર્ટઍટેક આવી ગયો? ગજબ થયો. આનંદીને ઍટેક આવવાનું શું કારણ હોય શકે?" આદિત્યથી કહેવાઈ ગયું. તેના ચહેરા પર પ્રશ્નાર્થ જોવા મળ્યો.

"શા કારણે એ તો આપણે કેમ જાણી શકીએ, પરંતુ શેઠજીની હત્યા પછી આનંદીબહેન બહુ ઉદાસ રહેતાં હતાં. તે ત્યારબાદ હંમેશાં ડરી ડરીને રહેતી હતી. ગઈકાલે આદિત્યએ પૂછપરછ કરી ત્યારે પણ તે ઘણી ગભરાયેલી લાગતી હતી. શેઠજીની હત્યાનો આઘાત તે સહન કરી ના શકી હોય તેમ તેના ચહેરા પરથી લાગતું હતું." PAએ કહ્યું.

"ચોક્કસ, તેવું જ હશે. તે શેઠની બહુ માનીતી હતી અને શેઠ તેને દીકરીની જેમ જ રાખતા હતા. સ્વાભાવિક છે કે તેના મૃત્યુની આનંદીના મન પર અસર વધારે થઈ હોય." આદિત્યએ કહ્યું.

"શેઠજીની હત્યા આપણા સહુ માટે વજ્રઘાત સમાન છે. શેઠના જવાથી ઑફિસની રોનક ઓછી થઈ ગઈ છે, પરંતુ આપણે હવે તેમના વગર ચલાવવું પડશે ને? આપના ચહેરા પર પણ શેઠજીની ગેરહાજરીનો આભાસ દેખાય આવે જ છે. આનંદીને તો શેઠના મૃત્યુનો આઘાત કરતાં પણ જે બનાવ બની ગયો તેનો ડર તેના મનમાં રહી ગયો હોય તેવું વધારે લાગે છે. આટલા વરસમાં ક્યારેય આનંદીએ માંદગીના કારણે રજા લીધી હોય તેવું મને યાદ નથી. તમારી વાત સાચી છે." PAએ કહ્યું.

આદિત્ય અને તેનો PA વાત કરી રહ્યા હતા ત્યાં જ પ્યૂને આવી શિવાના આવવાના સમાચાર

આપ્યા. આદિત્યએ શિવાને ઑફિસમાં મોકલવા કહ્યું. શિવાએ આદિત્યની ઑફિસમાં પ્રવેશ કર્યો અને તેનો પી.એ. બહાર ગયો.

"આવો, આવો શિવા, આજે મારે તમને એક દુ:ખદ સમાચાર આપવાના છે કે અમારી સેક્રેટરી આનંદી બીમાર પડી ગઈ છે, તેથી આજે તમે તેને મળી નહીં શકો."

"શું, આનંદીબહેન બીમાર પડી ગયાં? હું ઑફિસમાં આવ્યો ત્યારે મને પ્યૂને કહ્યું, આનંદીબહેન આજે ગેરહાજર છે. કદાચ એ બીમાર હોઈ શકે." શિવાએ કહ્યું.

"આનંદીને હાર્ટઍટેક આવી ગયો છે. તેને હૉસ્પિટલમાં ઘનિષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે, અમારા PA તેમની ખબર પૂછવા ગયા હતા તેને જાણવા મળ્યું છે." આદિત્યએ કહ્યું.

"વેરી સેડ, આનંદીબહેન તો તંદુરસ્ત હતાં અને સ્ત્રીઓમાં તો હાર્ટઍટેકનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. બૅડ લક, બિચારીના નસીબમાં તે લખ્યું હશે."

"અમારી પેઢીની સૌથી સિનિયર કર્મચારી આનંદી છે. ઑફિસમાં તેની ગેરહાજરીના કારણે ઘણાં કામ અટકી પડે." આદિત્યએ કહ્યું.

"આજ મારું કામ પણ અટકી પડ્યું, કારણ કે આજે તેની પાસેથી આપણા કેસ માટે થોડી માહિતી લેવાની હતી જે અગત્યની હતી. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તે વહેલી સાજી થઈ જાય." શિવાએ કહ્યું.

"શિવા, તમને લાગે છે કે તમારી વાત સાચી પડશે? તમે શેઠજીના સાચા હત્યારાને પકડી શકશો?" આદિત્યએ સવાલ કર્યો.

"જી, હા. મને તે બાબત કોઈ શંકા જ નથી, પરંતુ તેને પકડવા માટે મારે મહેનત કરવી પડશે. આજે જ જુઓ, આનંદી પાસેથી ઘણી અગત્યની માહિતી લેવાની હતી ત્યાં તે બીમાર પડી ગઈ. આનંદી પાસેથી જરૂરી માહિતી મળી જાય તો મને હત્યારાને શોધવામાં બહુ મદદ મળી જાય. આ કેસમાં આનંદી જ એક એવી વ્યક્તિ છે જેણે શેઠજીના હત્યારાઓને નજીકથી જોયા છે. તેને સાચી માહિતી ના આપવા માટે કોઈ દબાણ કરતું હોય તેવું લાગે છે. પોલીસ તરફથી પણ આ કેસને માંડવાળ કરવા માટે પ્રયત્ન થઈ રહ્યો હોય તેવું લાગે છે. તેથી તો તમને અને મીડિયાને નકસલવાદીઓનું નામ આગળ કરી અવળા માર્ગે દોરી રહ્યા છે. મારી વાતને ઘણાં સમર્થન મળી રહ્યા છે, પરંતુ હવે આનંદીબહેન સાજાં થાય ત્યારબાદ કામ આગળ વધી શકે." શિવાએ કહ્યું.

આદિત્ય અને શિવા વાતો કરતા હતા ત્યાં આદિત્યને ફોન પર સમાચાર મળ્યા કે આનંદીનું મૃત્યુ થયું છે. તેણે શિવાને કહ્યું,

"આનંદી હવે આ દુનિયામાં નથી રહી." આ સમાચાર સાંભળતાં જ શિવા પર મોટો વજ્રઘાત થયો અને તે ડઘાઈ ગયો હોય તેમ બોલ્યો,

"ઓહ, આનંદી ડાઇડ? માય ગૉડ, વેરી પીટીફૂલ ડેથ. આટલી નાની ઉંમરમાં હાર્ટઍટેક અને મૃત્યુ? આનંદી ઇઝ લોસ્ટ"

"શેઠ હજારીમલની હત્યાનો આઘાત તેને ખૂબ લાગ્યો હતો. મારા પિતાજીની તે માનીતી કર્મચારી હતી. તેમના ગયા પછી તે ઉદાસ જ રહેતી હતી. હાલમાં તે કામમાં પણ ઘણી ભૂલો કરતી હતી. અમે તેના ચહેરા પર રહેલી ગમગીની જોઈ દુ:ખી થતા હતા અને તેને હિંમત રાખવા સમજાવતા હતા. તેની ભૂલોને લક્ષ્યમાં લેતા ના હતા. ગઈકાલે તમે પ્રશ્નો કર્યા તેથી તે વધારે દુ:ખી થઈ હોય અને તેના કારણે તેના હાર્ટ પર દબાણ વધી ગયું હોય તેવું બની શકે તેમ હું માનું છું." આદિત્યએ કહ્યું.

"મેં તો સામાન્ય પ્રશ્નો જ કર્યા હતા જેથી શેઠજીની હત્યા કેવી રીતે થઈ તે જાણી શકાય." શિવાએ કહ્યું.

"તમે સામાન્ય પ્રશ્નો જ પૂછ્યા હશે પરંતુ તેને તો શેઠજીની હત્યા થઈ તે દિવસથી દરેક વ્યક્તિને, જેઓ ઇન્કવાયરી કરવા આવતા હોય, ઉપરાંત અમારા સગાંસંબંધીઓને પણ જવાબ આપવા પડતા હોય, તેના મન પર બોજ વધતો જતો હતો. તેને કામ કરતાં, ઇન્કવાયરીનું ટૅન્શન વધારે રહેતું હતું.

આખરે તે માનસિક દબાણનો ભોગ બની ગઈ." આદિત્યએ કહ્યું.

"શેઠજીની હત્યાનો પ્રશ્ન તે તમારા ફૅમિલીને જ સ્પર્શે છે તેવું નથી. આ તો એક જઘન્ય કૃત્ય છે જે સમાજ અને રાજકારણીઓને પણ અસરકર્તા છે. ભવિષ્યમાં આવા નિંદનીય બનાવોનું પુનરાવર્તન ના થાય અને સામાજિક સુરક્ષા જળવાઈ રહે તે માટે સરકાર ચિંતિત હોય છે, તેથી તમારા સહુ પર પૂછપરછનો મારો તો રહેશે જ. શેઠ હજારીમલ એક કૌટુંબિક વ્યક્તિ મટી, રાષ્ટ્રિય વ્યક્તિત્વ બની ગયા હતા. તેનાં કાર્યોની નોંધ રાષ્ટ્રિય લેવલે લેવાતી હતી. જ્યારે આવા સદ્‌ગૃહસ્થની અકારણ નિર્મમ હત્યા થાય ત્યારે આખો દેશ ખળભળી ઊઠે. તેના હત્યારાને ઝેર કરી, સમાજમાં ઊભા થતા નાસૂરોનો નાશ કરી સામાજિક શાંતિ અને સુરક્ષા જાળવવાની સરકારની તેમજ દરેક જાગરુક નાગરિકોની ફરજ હોય છે. તેથી જ એક જાગરુક પત્રકાર તરીકે મેં આ કેસમાં સત્ય બહાર લાવવાનું બીડું ઝડપ્યું છે. સમાજના સફેદ રાક્ષસો અને મુફલિસો ફરી માથું ના ઊંચકે અને આવા ગુનેગારોથી સહુ ચેતતા રહે તે મારા કાર્યનું ધ્યેય છે. આનંદીબહેનનું મૃત્યુ મારા માટે એક મોટો આઘાત છે. તેની હાજરીથી મારા મિશનનો રસ્તો સરળ થઈ જતે પરંતુ તે હવે શક્ય નથી. મારે ફરીથી ઝીરો લેવલથી કામ કરવું પડશે." શિવાએ કહ્યું.

"શિવા, તમે તમારું કામ ચાલુ જ રાખજો કારણ કે અમારા પિતાજીના હત્યારાને પકડવો તે અમારા માટે પણ ઘણું જરૂરી છે. અમારે પણ આવતીકાલ માટે વિચારવું પડશે. આ કેસમાં હત્યારો જો ના પકડાય તો અમારા માથે ભયની તલવાર લટકતી જ રહે. અમારા પરિવારને પણ ભય નીચે જીવવું પડે. તમે તમારા મિશનમાં આગળ વધો, તમારે અમારો જે સહકાર અને સગવડતા જોઈતી હશે તે મળી જશે." આદિત્યએ કહ્યું.

"આપના તરફથી મને સાથ અને સહકાર મળી જ રહ્યો છે. તેના વગર તો હું આગળ વધી જ ના શકું. તમે મને આજે ફરીથી હિંમત આપી છે તે માટે આપનો આભાર. મારે આ કેસમાં હવે કેવી રીતે આગળ વધવું તે હવે પ્લાન કરીને જણાવીશ. આપણા કેસનો એક અગત્યનો પુરાવો આજ આપણે ગુમાવ્યો છે." શિવાએ કહ્યું.

શિવાએ ફોન કરી જપન સરકારને આનંદીના મૃત્યુના સમાચાર આપ્યા અને હાલ શું કરવું તે પૂછ્યું. જપન સરકારે શિવાને આદિત્યની ઑફિસમાં રહેવા અને ઑફિસની બહાર ના નીકળવા કહ્યું. તેણે આદિત્ય સાથે ફોન પર વાત કરી અને શિવાને તેની ચેમ્બરની બહાર ના જવા દેવા સૂચના આપી. જપન સરકારે શિવા સાથે વાત કરી.

"શિવા, તમે આદિત્યની ચેમ્બરમાંથી બહાર ક્યાંય જશો નહીં. હું એકાદ કલાકમાં ત્યાં આવું છું. તમે કોઈની સાથે પ્રશ્નોત્તરી ના કરશો."

જપન સરકારની ફોન પર વાત સાંભળી શિવાના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. તેને હવે બીક લાગવા લાગી હતી. જપન સરકારે આદિત્યને ફોન કરી આનંદીના પતિને તેનું પોસ્ટમૉર્ટમ કરાવવા ફોન કરવાનું કહ્યું. પાંત્રીસેક મિનિટ બાદ જપન સરકાર આદિત્યની ઑફિસે પહોંચી ગયો. આદિત્યની ઑફિસમાં શિવા, જપન સરકાર અને આદિત્યની મિટિંગ ચાલતી હતી.

"આનંદીની ઠંડા કલેજે હત્યા કરી નાખવામાં આવી છે." જપન સરકારે કહ્યું.

"મને તો તેની હત્યા કરાવવાનું કોઈ કારણ દેખાતું નથી" આદિત્યએ કહ્યું.

"આનંદી છેલ્લા કેટલાય સમયથી ભયભીત રહેતી હતી. તેના ચહેરા પરનું હાસ્ય વિલોપાઈ ગયું હતું. મારા સિક્યોરિટી સ્ટાફની નજરમાં તે આવી ગયું હતું. ઉપરાંત તેની પાછળ મારા બે માણસો તેની સલામતી માટે રાખ્યા હતા. તેઓએ મને ગઈકાલે જ રિપોર્ટ આપ્યો હતો, આનંદી કોઈ અજ્ઞાત ભય હેઠળ જીવી રહી છે. ગઈકાલે મેં પોલીસને પણ તેની નોંધ આપી દીધી હતી." જપન સરકારે કહ્યું. શિવાના ચહેરા પર આશ્ચર્યના ભાવ ઊપસી આવ્યા. તેને આનંદીના અવસાનને કારણે આવેલી હતાશામાંથી બહાર નીકળવાનું કારણ મળી ગયું. જપન સરકાર પણ આ કેસમાં રસ લઈ રહ્યા છે તે

તેના માટે સારા સમાચાર હતા.

"જપનજી, આપ આ કેસમાં આટલી દિલચસ્પી લઈ રહ્યા છો તે મારા માટે એક આશાનું કિરણ ઊગ્યું હોય તેવી વાત છે."

"શિવા, આદિત્યજીએ તેના પિતાના મૃત્યુના ત્રીજા જ કલાકે અમારી સિક્યોરિટી હાયર કરી લીધી હતી. અમારી જવાબદારી તે સમયથી જ શરૂ થઈ ગઈ હતી. તે ઉપરાંત તમે આ કેસ હાથ પર લીધો, વિનિતિનું અપહરણ થયું અને તમે અમારો સંપર્ક કર્યો, તે દરેક વાત અમારા માટે અગત્યની હતી.

તમારા અહીં આવવાથી અમને તમારો સહયોગ મળ્યો તેથી અમારે તમારી મદદ કરવાની અને તમારા પરિવારની રક્ષા કરવાની અમારી ફરજ બનતી હતી તેથી આપણી એક ટીમ બની ગઈ. આપણું ટીમવર્ક સત્ય બહાર લાવીને જ જંપશે." જપન સરકારે કહ્યું. તેણે આદિત્ય તરફ જોઈ કહ્યું,

"આદિત્યજી, હવે મને શિવાની વાત પર વિશ્વાસ વધતો જાય છે. આપણે ધારીવાલના ડ્રાઇવરને કોઈ પણ સંજોગોમાં શોધી કાઢવો પડશે, કારણ કે તે આ કેસમાં સાક્ષી અને આરોપી પણ છે."

"જપનજી, ધારીવાલનો ડ્રાઇવર બાંગ્લાદેશી હતો. તેનું નામ અબ્દુલ હતું. હમણાંથી તે દેખાતો નથી. હું માનું છું કે તેના વતનમાં ચાલ્યો ગયો હોવો જોઈએ. તે જે પરગણામાંથી આવ્યો હતો ત્યાં મારા વેપારી મિત્રો છે. તેમાંના એકને મેં અબ્દુલની તપાસ કરવાનું કહ્યું છે."

"આદિત્યજી, આવી તપાસ તમારા વેપારીઓથી ના થઈ શકે. તે માટે આપણે ડિટેક્ટિવ મારફત જ તપાસ કરાવવી પડે, જે તેના ઘરના સભ્યો પાસેથી માહિતી ઓકાવી શકે. એકબે દિવસમાં સુબ્રતો આવી જશે. તે કોઈ ડિટેક્ટિવને ત્યાં મોકલી આપશે." જપન સરકારે કહ્યું.

"સુબ્રતોજી હજી આવ્યા નથી? તેમણે તો મને બેત્રણ દિવસોમાં જ આવી જવા કહ્યું હતું." શિવાએ કહ્યું.

"અમારી ભાષામાં બેચાર દિવસ એટલે તેને આવવાનું નક્કી ના હોય. કામ પતી જાય તો બે દિવસમાં આવી જાય અને ના પતે તો કેટલાક દિવસો નીકળી પણ જાય. અમે ડિટેક્ટિવો માટે રાતદિવસ સરખા જ હોય છે. જ્યારે અમે કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને સેવા આપવા બંધાઈએ છીએ, ત્યારે અમારે માટે દરેક પળ તેને સમર્પિત હોય છે. જ્યાં સુધી કેસ પૂરો ના થાય ત્યાં સુધી અમારા દિવસ, રાત, મહિના કે વર્ષ ક્યાં ચાલ્યાં જાય છે તેની ખબર પણ નથી રહેતી. દિવસરાત અમારા દિમાગ પર તે વાત કબજો જમાવી દે છે, તેથી જ અમે બાજ પક્ષી જેવા થઈ ગયા હોઈએ છીએ. એક પળનો ફેરફાર અમારા માટે ઘાતક બની શકે. સુબ્રતો આવા જ એક અગત્યના કામમાં રોકાયેલો છે, જેમાં સફળતા મળી ગઈ છે અને તે એકાદ દિવસમાં કોલકાતા આવી જશે." જપન સરકારે કહ્યું.

જપન સરકારે આદિત્ય અને શિવાને સિક્યોરિટી સાથે જ બહાર જવા આવવાની સૂચના આપી. આદિત્ય અને શિવાની સિક્યોરિટી વધારવી જરૂરી હતી કારણ કે આનંદીના મૃત્યુથી હત્યારાને પકડવામાં વિલંબ થાય તેમ હતો અને પોલીસખાતા તરફથી તપાસનો દોર ફરી શરૂ થવાનો હતો. કોલકાતામાં શિવાની ઓળખ KSK સિક્યોરિટીના ઍમ્પ્લૉયી તરીકે આપી હતી. જપન સરકાર તેની સાથે જ રહેતો અથવા તેને સલામત સ્થળે જ રાખતો. આદિત્યને ઑફિસમાં તથા તેના જવા-આવવામાં સિક્યોરિટી વધારી આપવામાં આવી હતી.

આનંદીના અવસાનથી તે નક્કી થતું હતું કે હત્યારાઓ નજીકમાં જ છે અને તેઓને પકડાય જવાનો ડર છે તેથી એક પછી એક પુરાવાઓનો નાશ કરી રહ્યા છે. આનંદી પછી અબ્દુલના પણ તે હાલ કરે તે ચોક્કસ હતું, તેથી તેને પકડીને જીવતો પોલીસના હવાલે કરવો જરૂરી હતો.

બે દિવસ બાદ આનંદીના પોસ્ટમૉર્ટમનો પ્રાથમિક રિપોર્ટ પોલીસને મળી ગયો હતો. તેના આંતરડામાંથી ઊંઘની ગોળી તથા ઝીંક ફોસ્ફાઇડના અંશો મળી આવ્યા હતા, જે બતાવતા હતા કે આનંદીએ ક્યાં તો આત્મહત્યા કરી લીધી હોય અથવા તેને કાયમ માટે સુવડાવી દેવામાં આવી હોય.

આદિત્યના મનમાં હવે વધારે ભય પેસી ગયો હતો. તે જપન સરકાર પર હત્યારાઓને વહેલી તકે

પકડવા દબાણ કરી રહ્યો હતો. જપન સરકારે તેને આશ્વાસન આપતાં કહ્યું કે સુબ્રતો આવતાંની સાથે જ આ કેસમાં ગતિ આવશે અને સુબ્રતો એકવાર કેસ હાથમાં લેશે એટલે તે પૂરો થવામાં વાર નહીં લાગે. શિવાને પણ સુબ્રતો આવીને હજારીમલ હત્યા કેસ સંભાળશે તે જાણી આનંદ થયો.

જપન સરકારના કહેવા પ્રમાણે સુબ્રતોને હત્યારાને પકડવો અઘરો નહીં પડે. ત્રણેના મનમાં સુબ્રતો નામનું આશાનું કિરણ ઊગી નીકળ્યું હતું.

સુબ્રતો દત્ત 'ઓમાર કાલી'નો ચૅરમૅન એટલે ડિટેક્ટિવોનો ગુરુ. કોલકાતાની દરેક પ્રાઇવેટ અને સરકારી ઇન્વેસ્ટીવ એજન્સીઓ માટે તે નામ આદરભર્યું હતું. છ ફૂટ ચાર ઇંચની ઊંચાઈ, પહોળી છાતી અને એકસો ચાલીસ કિલો વજન ધરાવતો સુબ્રતો જ્યારે પોલીસ કમિશનરની ઑફિસમાં જતો ત્યારે કમિશનર પણ તેને માનભેર આવકારતા. સુબ્રતોનો ઇન્વેસ્ટિગેટિવ ડિટેક્ટિવ તરીકેનો અનુભવ એટલો હતો કે તેના તે બાબતોમાં કરેલા પ્રેડિકશન ક્યારેય ખોટા પડતા નહીં. અંધારી આલમમાં તેના નામની ધાક હતી. તેના ક્રાઇમ બ્રાંચના વડાઓ, રાજકારણીઓ, માફિયાઓ અને શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથેના સબંધોના કારણે તેનું કાંઈપણ કામ તેના નામ માત્રથી જ થઈ જતું. ક્યારેય કોઈ ઉદ્યોગપતિ અને મજદૂર યુનિયન વચ્ચે ગેરસમજ ઊભી થતી ત્યારે પણ સુબ્રતોની મધ્યસ્થીથી કામ પતી જતું. સુબ્રતો પાસે શામ, દામ, દંડ અને ભેદની નીતિની સમજ હતી જે તેને કોઈ પણ પ્રશ્નનો જવાબ શોધવામાં ઉપયોગી થતી.

"ઓમાર કાલી"માં ડિટેક્ટિવો, બાઉંસરો અને સિક્યોરિટી સ્ટાફ મળી આશરે બસ્સો માણસો તેના હાથ નીચે કામ કરતા હતા. પોલીસમાં તથા અંડરવર્લ્ડમાં તેના અંગત બાતમીદારો રહેતા. સુબ્રતોની તેના માણસો પર જબ્બર ધાક રહેતી. તે તેના માણસોની ઇજ્જત કરતો. તેના માણસો માટે તેણે કર્મચારી વેલફેર ફંડ ઊભું કર્યું હતું તેમાંથી તેના માણસોને જરૂરિયાત સમયે મદદ કરતો. વાર-તહેવારે તે તેઓને મિજબાની અને ભેટ આપતો. તેના કોઈ માણસ કોઈ જરૂરી માહિતી લાવી આપતો તો તેને ઇનામ આપી પ્રોત્સાહિત કરતો. તેથી તેના માણસો હંમેશાં તેને વફાદાર રહેતા અને તેનું કામ કરવા તત્પર રહેતા. જપન સરકારને ફક્ત સિક્યોરિટી પૂરી પાડવાની અને તેનું સંચાલન કરવાની જ જવાબદારી રહેતી જ્યારે સુબ્રતોને બંને કંપનીઓની આર્થિક અને સલામતીની વ્યવસ્થા કરવી પડતી. કોલકાતાના ઉદ્યોગપતિઓના કોલકાતાની બહાર રહેલા ઘણા ઉદ્યોગોની સિક્યોરિટી કે.એસ.કે. અને ઓમાર કાલી સંભાળતી હતી તેથી સુબ્રતોને ઘણીવાર બહાર જવાનું થતું ત્યારે બંને કંપનીઓનું કામ જપન સરકાર સંભાળતો, પરંતુ કોઈ ગૂંચવણ ઊભી થતી તો તેઓ બંને સાથે બેસીને કામ કરતા.

શેઠ હજારીમલ હત્યાનો કેસ ગૂંચવાતો જતો હતો. સુબ્રતો એક અઠવાડિયા પછી આવ્યો ત્યારે તેણે જોયું કે આનંદીનું મૃત્યુ શંકાસ્પદ સ્થિતિમાં થયું છે. તેના પોસ્ટમૉર્ટમ રિપોર્ટ પરથી લાગતું હતું કે હત્યારાઓ એક પછી એક સાક્ષી પુરાવાઓ નાશ કરવા માંડ્યા છે, તેથી આ કેસમાં તીવ્ર ગતિએ કામ કરવું જરૂરી છે. તેણે જપન સરકાર અને શિવા સાથે બેસી ચર્ચા કરી અને આ કેસને શક્ય તેટલો વહેલો પૂરો કરવાનો નિર્ણય કર્યો.

સવારના દસ વાગ્યા હતા. સુબ્રતો કોલકાતાના પોલીસ કમિશનરની ઑફિસમાં બેસી કમિશનર સાથે શેઠ હજારીમલ હત્યા કેસની ચર્ચા કરી રહ્યો હતો.

"સુબ્રતો, અત્યાર સુધી અમે એમ માનતા હતા કે શેઠની હત્યા નકસલવાદીઓએ કરી હોવી જોઈએ, પરંતુ તમે જે વાત કરી કે કુશાંગી અને આનંદીના અકાળ મૃત્યુ અને ધારીવાલના ડ્રાઇવરનું લાપત્તા થવું સહજ રીતે લઈ શકાય તેવી વાતો નથી. આ બંને ઘટનાઓ વિચાર માંગી લે તેવી છે. તમે ધારીવાલ તરફ શંકા કરો છો તેમાં મને તથ્ય લાગે છે."

"જે વ્યક્તિએ ધારીવાલ પર આક્ષેપ કર્યો છે તે વ્યક્તિ કોલકાતા બહારની છે. તેને તો શેઠ હજારીમલ કે ધારીવાલ સાથે કાંઈ લેવાદેવા નથી. તેની પાસે ચોક્કસ બાતમી છે. તેથી જ તે વ્યક્તિ છાતી ઠોકીને કહે છે કે હજારીમલની હત્યા ધારીવાલે જ કરાવી છે."

"તેમણે અમારી પાસે પુરાવાઓ રજૂ કરવા પડે."

"જે પુરાવાઓ પર તેનો આધાર હતો તે પુરાવાઓ એક પછી એક નાશ કરવામાં આવી રહ્યા છે. માટે જ આપને મારી વિનંતી છે. આપ આ કેસમાં રસ લઈ ધારીવાલ સામે ગુનો પુરવાર કરો. આપને

પણ તેમાં ફાયદો જ છે."
"મને શું ફાયદો? મારે તો એક રાજકારણી સાથે સંબંધ બગાડવા જેવું થશે." કમિશનરે કહ્યું.
"ધારીવાલનું રાજકારણમાં કાંઈ ઊપજતું નથી અને આર્થિક રીતે પણ ભાંગી ચૂકેલો છે, તેથી તેના સામે કેસ પુરવાર કરવામાં આપને નુકસાન કરતાં લાભ વધારે થશે. સરકારમાં આપનું માન વધશે અને પોલીસબેડામાં આપની પ્રતિષ્ઠા વધશે." સુબ્રતોએ કહ્યું.
"સારું, મારા પક્ષે મારે શું કરવાનું છે?"
"તમારે મને તમારા અંગત માણસો આપવાના છે જેમના હું કાયમી પરિચયમાં છું. મારે ધારીવાલના ડ્રાઇવરની શોધ કરી આપની સામે લાવવો છે. જો તેમાં આપણે સમય બગાડીશું તો તેની હત્યા થવામાં વાર નહીં લાગે. મને અત્યારે જ તમારા બે ઇન્સ્પેક્ટરોને લઈ જવાની પરમિશન આપવાની છે."
"વેલ, મને તમારી વાત પર વિશ્વાસ છે. તમે કહો તે બે ઇન્સ્પેક્ટરોને આજે જ ઑર્ડર આપી દઉં." કમિશનરે કહ્યું.
"PI ઝા અને PI મલેકને મને બે દિવસ માટે આપો અને તેમને શેઠ હજારીમલના હત્યારાઓને પકડવાનો ઑર્ડર કરી આપો એટલે અમારું કામ શરૂ થઈ શકે." સુબ્રતોએ કહ્યું.
"તમે PI ઝા અને PI મલેકને જ શા માટે માગી રહ્યા છો?"
"આપ બંને ઑફિસરોને ઓળખો છો. બંને જાંબાઝ અને તરવરિયા છે. તેઓ ગુનેગારને પકડવામાં બાજ પક્ષી જેવા છે. તેઓએ સી.બી.આઇ.માં કામ કરી ચૂક્યા છે. મારે તેઓને બાંગ્લાદેશ મોકલવા છે. મને મારા કર્મચારીઓએ માહિતી આપી છે કે હજારીમલની હત્યા બાદ ધારીવાલે તેના ડ્રાઇવરને બીજે દિવસે જ બાંગ્લાદેશ રવાના કરી આપ્યો હતો. તેનું નામ અબ્દુલ સતાર છે. બાંગ્લાદેશના મારા માણસે તેની તપાસ કરી રાખી છે. તે ડ્રાઇવર ખૂલના પાસે આવેલા ફકીરહટ ગામનો રહેવાસી છે અને હાલ તે ખૂલનામાં છે કે નહીં તે મારે તમારા અમલદારોને સાથે રાખીને તેને લૉકેટ કરવો છે. એકવાર તે હાથમાં આવી જાય પછી તેની પાસેથી માહિતી ઓકાવવી તે તમારા ઑફિસરો માટે રમત વાત છે. મારા માણસો પણ તેઓની સાથે જશે. તમે અહીંથી અબ્દુલને પકડવાનું વૉરંટ કાઢજો તેથી તેને લઈને તેઓ પાછા ફરે."
"સુબ્રતો, એ કેમ બની શકે? મારા પોલીસબેડામાંથી એકપણ વ્યક્તિ સરકારી પરમિશન વિના પરદેશ ના જઈ શકે અને તેમાં પણ આ કામ માટે ઉચ્ચ લેવલથી કાર્યવાહી કરવી પડે. મારા ઑફિસરોને આવા ગુના ના કરવા દઉં." કમિશનરે કહ્યું.
"કમિશનર સાહેબ, આપણે જે કાંઈ કરવું છે તે ઑફિસિયલી જ કરવું છે, પરંતુ તેને આપણે તમારા ડિપાર્ટમેન્ટના બીજા લોકોથી છાનું રાખવાનું છે. જો આમાંની જરાપણ વાત લીક થાય તો આપણો પ્લાન નિષ્ફળ જાય અને આપણે અબ્દુલને કોલકાતા લાવી ના શકીએ. ધારીવાલ આ કેસમાં સો ટકા સંડોવાયલો છે તે માહિતી મને પણ મળી છે અને તેના પુરાવા પણ મને મળ્યા છે. જ્યાં સુધી અબ્દુલ ના મળે ત્યાં સુધી આપણે કાંઈ કરી શકીએ તેમ નથી. કારણ કે હત્યા કરવા જે શૂટરો આવ્યા હતા તેઓ બાંગ્લાદેશી હતા અને તેઓને અબ્દુલ લઈ આવ્યો હતો. હત્યા કર્યા પછી તેઓને અબ્દુલ સાથે જ તે રાત્રે સરહદ પાર મોકલી આપવામાં આવ્યા છે. એટલું જ નહીં તેઓ ત્રણેયને સારી રકમ પણ આપવામાં આવી છે. તેઓ ફરી પાછા આ દેશમાં દેખાશે નહીં. તેઓને બાંગ્લાદેશની પોલીસ જ પકડીને ગુનો કબૂલ કરાવશે અને આંતરરાષ્ટ્રીય કરાર મુજબ બાંગ્લાદેશને આપણા ગુનેગારો સોંપવા પડશે. બાંગ્લાદેશની પોલીસ આ કામ ક્યારે કરે તે આપણે કહી ના શકીએ, તેથી આપણા ઑફિસરો જ ગુનેગારોને લૉકેટ કરી તાત્કાલિક પકડાવશે અને તમારો ઑર્ડર જોઈ તેઓનું પ્રત્યારોપણ કરવું પડશે જ. તેથી આ મિશન ગુપ્ત રીતે કરવાનું છે અને તેને પાર પણ પાડવાનું છે." સુબ્રતોએ ગુપ્ત મિશનની રૂપરેખા આપી.
"સુબ્રતો, તમે અત્યારે પુરાવા હાજર કરી શકો? તો મને પણ તમારા પર વધારે વિશ્વાસ બેસે."

"યસ સર, મારી પાસે જે પુરાવા છે તે ખાતરીબંધ છે, પરંતુ તું જાહેર ના થવા જોઈએ તેનું મને વચન આપો." સુબ્રતોએ કહ્યું.

"બાય ઓલ મીન્સ, તમે જેને લઈ આવશો તેને આ કેસમાં પ્રત્યક્ષ નહીં લાવવામાં આવે."

"તો આજે સાંજે ચાર વાગ્યે પુરાવા લઈને આપને મળવા આવીશ. ત્યારબાદ તમારે મારી માંગ પૂરી કરવી પડશે અને જરૂરી કાર્યવાહી કરી આવતીકાલ સવાર સુધીમાં મને બંને ઑફિસરોને સોંપવા પડશે."

"જરૂર, પણ પહેલાં તમે મને તમારી સચ્ચાઈ બતાવો." કમિશનરે કહ્યું.

સુબ્રતો કમિશનર ઑફિસની બહાર આવ્યો. તેણે કોઈને ફોન કરી માહિતી લીધી અને જપન સરકારને ફોન કરી કમિશનર ઑફિસમાં જે વાતો થઈ તેની વિગતો આપી અને જપન સરકારને શિવાને લઈ સાંજના ચાર વાગ્યે પુરાવા સાથે હાજર રહેવાનું સૂચન કર્યું. પોતે જલપાઈગુરી જઈ રહ્યો છે અને તેઓને સાંજના કમિશનર ઑફિસમાં મળશે. તેણે જલપાઈગુરી જવા માટે પ્લેનની ટિકિટ બુક કરાવી અને ઍરપૉર્ટ જવા નીકળ્યો.

...14...

હજારીમલની હત્યાના પંદર દિવસો પસાર થઈ ગયા હતા. જ્યાં સુધી હજારીમલની ઉત્તરક્રિયા પૂરી ના થઈ ત્યાં સુધી ધારીવાલ હજારીમલના બંગલે જ રહેતો હતો. તે આદિત્ય અને તેના કુટુંબીજનોની આસપાસ જ રહેતો હતો. તેના પર કોઈ શંકા કરી શકે તેવું તેનું વર્તન ના હતું. શેઠની હૈયાતીમાં પણ શેઠ સાથે બાહ્ય સંબંધો એવા રાખ્યા હતા કે તેઓ વચ્ચે કાંઈ અણબનાવ હોય. તેથી હજારીમલની હત્યાના ત્રીજા દિવસે સમાચારમાં શંકાની સોય ધારીવાલ તરફ કરવામાં આવી ત્યારે કોલકાતામાં કોઈ માનવા તૈયાર ના હતું કે તે સમાચાર સાચા હોય. દરેક વ્યક્તિ નકસલવાદીઓનું કૃત્ય ગણી શેઠની હત્યાનો દોષ સરકારની અરાજકતાને આપતા હતા. ધારીવાલ તેના વ્યવસાયને પણ માણસોના ભરોસે રાખી હજારીમલના કુટુંબીઓ સાથે જ સમય પસાર કરતો હતો. તેના વ્યાપારિક, સામાજિક કે અન્ય રોકાણો કેન્સલ કરાવી નાખ્યા હતા. તેથી તેની હિલચાલ પરથી પણ તેના તરફ કોઈ શંકા ઊભી થતી ન હતી.

તે દરરોજ સવારે પોતાના મૅનેજરને ત્યાં બોલાવી જરૂરી સૂચના આપતો અને સાંજે તેની પાસેથી વ્યાપારનો હિસાબ માંગી લેતો. શેઠની હત્યાથી પોતે ડઘાઈ ગયો હોય અને તેને પણ મનમાં ડર પેશી ગયો હોય તેવું તે બતાવતો. આમ ને આમ પંદર દિવસો નીકળી ગયા.

શેઠના સગાંસંબંધીઓએ વિદાય લીધી ત્યારબાદ ધારીવાલ તેની ઑફિસે જવા લાગ્યો. તે જ્યારે પોતાની ઑફિસે પહોંચ્યો ત્યાં પોલીસ તેની રાહ જોઈ રહી હતી. તેની સેક્યુરિટીએ બે PIO તેને મળવા આવ્યાની જાણ કરી. ધારીવાલે પોતાની ચેમ્બરમાં જતા જતા તેઓને હલો કર્યું અને તરત તેઓને ચેમ્બરમાં બોલાવ્યા.

"ગુડમોર્નિંગ, ધારીવાલ શેઠ, હું 'PI ઝા અને મારા સાથી PI મલેક.' PI ઝાએ ઓળખાણ આપી.

"બેસો, આપના માટે ચા અથવા કાંઈ ઠંડું પીણું મંગાવું?" ધારીવાલે કહ્યું.

"નો થૅંક્યુ." મલેકે કહ્યું.

"હું આપના માટે શું કરી શકુ?" ધારીવાલે કહ્યું.

"અમે શેઠ હજારીમલની હત્યા થઈ તે સંદર્ભમાં આપને મળવા આવ્યા છીએ." ઝાએ કહ્યું.

આ સાંભળી ધારીવાલ ચોંક્યો પરંતુ બીજી જ ક્ષણે તેણે તેની જાત પર કાબૂ મેળવી લીધો. તે સ્વસ્થતાથી બોલ્યો,

"આપ તે બાબત જરૂર પૂછી શકો છો."

"શેઠની હત્યા ત્યારે તમે ક્યાં હતા?"

"હું મારી ઑફિસમાં જ હતો."

"આપને શેઠની હત્યાની જાણ કોણે કરી હતી?"

"મને હજારીમલની હત્યાની જાણ તેમની સેક્રેટરીએ ફોન પર કરી હતી."

"આપ શેઠ હજારીમલની ઑફિસે પહોંચ્યા ત્યારે કેટલા વાગ્યા હતા?"

"મને ચોક્કસ યાદ નથી પરંતુ આશરે પાંચેક વાગ્યા હશે."

"આપે હજારીમલની ઑફિસમાં શું જોયું?"

"હું જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે શેઠને હૉસ્પિટલ લઈ જવાયા હતા અને ઑફિસમાં ફક્ત પટાવાળો જ હતો. હું પણ શેઠની ઑફિસની અંદર ગયો ના હતો અને બહારથી જ હૉસ્પિટલ જવા રવાના થયો હતો. શેઠની ઑફિસમાં શું થયું હતું તેનાથી હું ત્યારે અજાણ હતો."

"આપ શેઠની હત્યા બાદ તેમની ઑફિસે ક્યારે ગયા હતા?" 'શેઠની હત્યા પછી આજ દિવસ સુધી હું ત્યાં ગયો નથી.'

"આપ ડ્રાઇવિંગ જાતે જ કરો છો કે ડ્રાઇવર રાખો છો?"

"હું ડ્રાઇવિંગ જાતે કરતો નથી, હું ડ્રાઇવર રાખું છુ."

"આપનો ડ્રાઇવર આપની સાથે કેટલા સમયથી કામ કરે છે?"

"મારી સાથે કામ કરતો હતો તે છૂટો થયો છે અને આ ડ્રાઇવર કે.એસ.કે. તરફથી હમણાં જ આપવામાં આવ્યો છે તેને પંદર દિવસ જ થયા છે."

"આપનો જૂનો ડ્રાઇવર હાલ ક્યાં છે?" તે ક્યારે છૂટો થયો?"

"મારો આ પહેલાનો ડ્રાઇવર શેઠની હત્યાના આગલા દિવસે છૂટો થયેલો. હાલ તે ક્યાં છે તેની મને જાણ નથી."

"આપના એ ડ્રાઇવરનો ફોટો, ઓળખપત્ર અને તેના રહેઠાણનું એડ્રેસ આપશો?"

"મારો ડ્રાઇવર ઘણા સમયથી મારી સાથે હતો. તેનો ફોટોગ્રાફ મારી પાસે નથી. તેના રહેઠાણની માહિતી તમને મારી સેક્રેટરી આપી દેશે."

"તમારા ડ્રાઇવરની ડ્યૂટી કેટલા કલાકની રહેતી?"

"મારો ડ્રાઇવર સવારના આઠ વાગ્યે મારે ત્યાં આવી જતો અને રાત્રે મને ઘરે મૂકી તે જતો હતો."

"તેની ડ્યૂટીનો સમય ચોક્કસ ના હતો?"

"ના મારે જ્યારે તેની જરૂર હોય ત્યારે તે હાજર થતો અને મારે ક્યારેક રાત્રે મિટિંગ કે ફંક્શનમાં હાજરી આપવાની હોય, ત્યારે તે રાત્રે મને ઘરે મૂકીને જતો."

"તમે ડ્રાઇવરને પગાર શું આપતા?"

"હું મારા ડ્રાઇવરને ઓવરટાઇમ સહિત દસ હજાર રૂપિયા દર મહિને ચૂકવતો."

"તમે ડ્રાઇવરને પગાર તો સારો આપતા તો પણ કેમ તે છૂટો થયો?"

"તે તેની કૌટુંબિક મુશ્કેલીઓનું કારણ બતાવી છૂટો થયો."

"તે તમારી સાથે હતો તે સમય દરમ્યાન કોઈ અકસ્માત તેણે કર્યો હતો?"

"ના, ક્યારેય નહિ."

"આપ કહો છો તે પ્રમાણે આપની સાથે તેણે ઘણો સમય નોકરી કરી છતાં આપે તેનું એડ્રેસ કે તેના પરિવાર વિષે કાંઈ જાણ્યું નથી તે આપના જેવા ઉદ્યોગપતિ માટે યોગ્ય નથી, કારણ કે આવા લોકો તમને ક્યારેક મુશ્કેલીમાં મૂકી શકે."

"અમારું મોટાભાગનું કામ માણસ જોઈ તેના પર વિશ્વાસ રાખવાથી થતું હોય છે. આ ડ્રાઇવર પહેલાંથી જ વિનમ્ર અને નિયમિત હતો જ્યારે તેને નોકરીમાં રાખ્યો ત્યારે મારે ડ્રાઇવરની ખાસ જરૂર હતી અને ત્યારે સારા ડ્રાઇવરની અછત હતી. અબ્દુલ ત્યારે મારા સસરાના ગોડાઉનમાં મજૂરીએ આવતો હતો. તે ચુસ્ત મુસલમાન હતો અને દારૂ, જુગાર, બીડી, પાન કે બીજા કોઈ વ્યસન ના હતા. મને જાણવા મળ્યું હતું કે તે ડ્રાઇવિંગ સારું કરી જાણે છે તેથી તેને મજૂરી મુકાવી મેં ડ્રાઇવર તરીકે રાખ્યો હતો."

"શેઠ, તમારી પાસે તમારા જૂના ડ્રાઇવરની જે કાંઈ માહિતી હોય તે અમને આપશો."

"જી, હા." ધારીવાલે સેક્રેટરીને ચેમ્બરમાં બોલાવી અને અબ્દુલની જે કાંઈ માહિતી ઑફિસમાં હોય તે PIને આપવા કહ્યું. સેક્રેટરીએ અબ્દુલ સતારની માહિતી લાવીને આપી. PIએ તે ચેક કરી. તેમાં તેના રહેઠાણનું સરનામું ફક્ત ડાયમંડ હાર્બર જ લખેલું હતું. PIએ ધારીવાલને કહ્યું,

"શેઠ તમારા છૂટા થયેલા ડ્રાઇવરની તમારી પાસે કોઈ માહિતી નથી. તમારે જ્યારે ડ્રાઇવરને નોકરીમાં રાખ્યો હોય ત્યારે પોલીસ દફતરે તેની નોંધ કરાવવી જોઈએ તે પણ કરાવેલી નથી. તમે તે ગુનો કર્યો કહેવાય. તમે જાણો છો કે કોલકાતામાં પડોશી દેશોના નાગરિકો ઘૂસણખોરી કરી બીનભારતીય નાગરિકો તરીકે અહીં રહેતા હોય છે. અહીં અસામાજિક અને દેશદ્રોહી પ્રવૃત્તિઓ કરતા હોય છે. અમને તમારા ડ્રાઇવર પર શેઠ હજારીમલની હત્યામાં સંડોવાયલો હોય તેવી માહિતી મળી છે. તેના છાંટા તમને પણ ઊડી શકે છે. માટે તમારી પાસે તમારો ડ્રાઇવર હાલ ક્યાં છે તે માહિતી હોય તો

અમને આપી પોલીસની કામગીરીમાં મદદ કરો."

"મેં મારા ડ્રાઇવરની અંગત જિંદગીમાં ક્યારેય માથું માર્યું નથી. તે અહીંથી છૂટો થઈને ક્યાં ગયો તેની માહિતી મારી પાસે નથી. મારા સસરા શેઠ હજારીમલના હત્યારાઓને વહેલી તકે પકડી તેઓને સખ્ત સજા અપાવો તેવી મારી પણ ઇચ્છા છે."

"અમારી તપાસ ચાલુ જ છે. તમારે હાલ થોડી વધારે માહિતી આપવાની છે."

"જરૂર, આપ જે કાંઈ પૂછવું હોય તે પૂછી શકો છો."

"આપ શેઠજી સાથે નોકરીએ રહ્યા તે પહેલાં શું કરતા હતા?"

ધારીવાલના ચહેરા પર કાલીમા છવાઈ ગઈ. તેણે કહ્યું, "તમારે આ વાતો સાથે શું સંબંધ છે? આ મારી પચીસ વર્ષ પહેલાંની વાતો છે."

"જ્યારે કોઈ સંબંધ હોય ત્યારે જ પૂછી રહ્યા હોઈએ ને? અમારે તપાસ અધિકારી તરીકે તમારા જન્મથી માંડી કોઈ પણ વાત પૂછી શકીએ. હા, આપને તેનો વ્યવસ્થિત અને સાચો જવાબ આપવાનો હોય છે."

"શેઠજી સાથે નોકરીમાં રહ્યો તે પહેલાં મારો અભ્યાસ ચાલુ હતો અને અભ્યાસ સાથે હું કોલકાતા ઇમ્પેક્ષમાં ગોડાઉન કીપરની નોકરી કરતો હતો."

"શેઠ હજારીમલ સાથે આપને ક્યારે પણ અણબનાવ થયો હતો?"

"આપ કેવી વાત કરો છો? તેઓ મારા પૂજ્ય સસરા થતા હતા. વેપારમાં અને ઉદ્યોગમાં મારી ઉન્નતિનો શ્રેય કોઈને આપું તો તે તેઓને જાય છે. તેઓ મારા માટે ભગવાન રૂપે હતા. મારી તેઓના તરફની નિષ્ઠા અને મારી પ્રામાણિકતા જોઈને મને પોતાનો જમાઈ બનાવ્યો હતો."

"આપ ક્યારેય તો શેઠ સાથે વિવાદમાં આવ્યા હશો ને?"

"તેઓ મારા પિતાતુલ્ય હતા અને હું કદી પણ તેમના બોલ ઉથાપતો નહીં. મેં ક્યારેય તેઓની સાથે દલીલ કરી ન હતી."

"આપના સાળાઓ એટલે કે શેઠજીના પુત્રો માટે આપનો અભિપ્રાય કેવો છે?"

"મારા બંને સાળાઓ હોંશિયાર અને મહેનતુ છે. તેઓ તેમની પેઢીનો વિકાસ ચોક્કસ કરશે."

"આપને પેઢીમાંથી અલગ કરવાનું કારણ?"

"કોઈ પણ વ્યક્તિ પોતાના સસુરાલમાં કાયમ ના રહી શકે. જ્યાં સુધી મારા સાળાઓ નાના હતા ત્યાં સુધી પેઢીમાં મેં કામ કર્યું અને જ્યારે તેઓ વેપારને આગળ વધારી શકે તેવા થઈ ગયા ત્યારે મેં મારા વેપારમાં ધ્યાન આપ્યું. વેપાર ઉદ્યોગના વિકાસ માટે અલગ થવું જરૂરી હોય છે."

"કૉલ બ્લોકની ફાળવણી સમયે તમે શેઠ હજારીમલ સામે બોલીમાં ચઢાવો કર્યો હતો તે વાત સાચી છે.?" કૉલ બ્લોકની ફાળવણી સમયે આપના વર્તનથી શેઠ નારાજ થયા હતા તે વાત સાચી છે?'

"વેપાર ઉદ્યોગમાં દરેક વ્યક્તિ એકબીજાના પ્રતિસ્પર્ધી હોય છે. પછી તે બાપ–દીકરો, ભાઈ–ભાઈ હોય કે સસરા–જમાઈ હોય. જ્યારે કોઈ વ્યક્તિ પોતાનો સ્વતંત્ર બિઝનેસ કરે ત્યારે તે પોતાના વ્યવસાયની પ્રગતિ જોવા ઇચ્છતો હોય છે તેથી તે કોઈ પણ સાથે સ્પર્ધા કરી શકે. તેમાં મારા માનવા મુજબ મારા સસરાને ખરાબ લાગ્યું હોય તેમ હું માનતો નથી."

"છેલ્લા ઘણા સમયથી તમે વ્યાપારમાં પાછા પડી રહ્યા છો તથા તમારા સસરાની પેઢી વિકાસ કરી રહી છે તે વાત શું સાચી છે?"

"આ અમારો દરેકનો અંગત પ્રશ્ન છે તેથી તેનો જવાબ આપવો મુશ્કેલ બને, પરંતુ વેપારમાં ચઢાવ-ઉતાર તો આવતા રહેતા હોય છે. તેમાં કોઈને દોષ આપવામાં હું નથી માનતો."

"છતાં તમે તમારી પીછેહઠ માટે શેઠને દોષિત ઠરાવ્યા હતા અને તેની મિલકતમાંથી ભાગની માંગણી કરી હતી?"

"તે સવાલ શેઠ અને તેની દીકરી વચ્ચેનો છે. તેમાં મને કાંઈ ના પૂછો તો સારું."

"શેઠ હજારીમલ તરફથી આપને ઘણી સંપત્તિ આપવામાં આવી છે તેનો કાયદેસર ઉલ્લેખ છે, છતાં તેની પુત્રી એટલે કે આપની પત્નીએ શેઠની મિલકતમાં ભાગ માગ્યો તેની પાછળ આપનો દોરીસંચાર હોય શકે, બાકી તે દીકરી તેના ભાઈઓનું અહિત કરે તેવી નથી."

"જી, ના. તેમાં મને કાંઈ લાગેવળગે નહીં. તે મારી પત્નીનો અંગત પ્રશ્ન છે."

"શેઠની સેક્રેટરી આનંદી સાથે આપના સંબંધો કેવા હતા?"

"અમે એક જ પેઢીમાં નોકરી કરતા હતા તેથી એક કર્મચારીને અન્ય કર્મચારી સાથે હોય તેવા સામાન્ય સંબંધો હતા. મારે તેની સાથે કોઈ અંગત સંબંધ ન હતો."

"તમે શેઠના જમાઈ થયા તે પહેલાં તમે આનંદી સાથે લગ્ન કરવા ઇચ્છુક હતા તે વાત સાચી છે?"

"ના. આનંદી સાથેની મારી મૈત્રી સહજ હતી અને હજી પણ હું તેને મારી મિત્ર જ માનતો હતો. તેના અવસાનથી એક મિત્ર ગુમાવ્યાનું મને દુ:ખ છે."

"પરંતુ આનંદીની હત્યા કે આત્મહત્યા પાછળ પણ આપનો હાથ હોય તેવું માનવામાં આવી રહ્યું છે. તે બાબત આપનું શું કહેવું છે?"

ધારીવાલનો ચહેરો લાલઘૂમ થઈ ગયો, તેના હાથ પગ ધ્રૂજવા લાગ્યા, આંખમાં રતાશ ઊતરી આવી અને તેના હોઠ ફડફડવા લાગ્યા,

"તમે મને ખૂની માની રહ્યા છો? હું કોઈ લોહી તરસ્યો વરુ હોઉં તેમ મને સવાલ પૂછી રહ્યા છો. ઇન્સ્પેક્ટર, તમે તમારી હદ વટાવી રહ્યા છો. તમે કોની સામે બેસી પ્રશ્ન પૂછી રહ્યા છો તેનો તમારે વિવેક રાખવો જોઈએ. હું કોઈ રીઢો હત્યારો કે રસ્તા પરનો મવાલી નથી. તમે મને વાતવાતમાં આ પ્રકરણમાં સંડોવવાનો પ્રયત્ન કરી રહ્યા છો."

"જુઓ, ધારીવાલજી, અમારી ફરજમાં જે વાત આવતી હોય તે અમારે કરવી જ પડે અને જે પૂછવાનું હોય તે અમારે પૂછવું જ પડે. અમે તમારી ઇજ્જત કરીએ છીએ અને તમારા તરફ માનથી જ જોઈએ છીએ, બાકી તો અમે તમને પોલીસચોકીમાં બોલાવીને પણ પૂછી શક્યા હોત અને પોલીસસ્ટેશનમાં અમારા અમલદારોની માહિતી કઢાવવાની રીતથી તો આપ વાકેફ હશો જ. તેથી અમે જે પ્રશ્ન કરીએ તેનો આપને યોગ્ય લાગે જવાબ શાંતિથી આપો."

ધારીવાલનો ગુસ્સો ઓછો થયો હતો પરંતુ ભયથી તો હજી થરથરતો હતો અને તેની આંખમાંથી પાણી ચાલ્યા જતા હતા.

"ઇન્સ્પેક્ટર, મારી તબિયત અત્યારે સારી નથી તેથી આપના સવાલોના જવાબ હું આપી શકું તેમ નથી. તમે થોડા સમય બાદ આવી મને જે કાંઈ પૂછવું હોય તે પૂછી શકો છો."

ઇન્સ્પેક્ટરે પટાવાળા પાસે પાણીનો ગ્લાસ મંગાવ્યો અને ધારીવાલ સામે ધર્યો. ધારીવાલે પાણી પીધું.

"ધારીવાલજી, હવે તો એક છેલ્લો પ્રશ્ન છે."

"બોલો." ધારીવાલે ધીમેથી કહ્યું.

"શેઠ હજારીમલની ગેરહાજરીથી આપને આપના વેપારમાં ફાયદો થશે કે નુકસાન?"

"ઇન્સ્પેક્ટર, તમે કેવા વાહિયાત પ્રશ્નો પૂછી રહ્યા છો? મારા વ્યવસાયને મારા સસરાની હાજરી સાથે શું સંબંધ? તેઓના હોવા અથવા ના હોવાથી મને મારા વેપારમાં કોઈ ફરક પડતો નથી. હું મારા સ્વબળે આગળ આવેલો માણસ છું તેથી મારે મારા ધંધાને કેમ આગળ વધારવો તે આવડે છે. મને તેઓની ગેરહાજરીથી કોઈ અસર થવાની નથી."

"વારુ, ધારીવાલજી, તમારા સ્ટેટમેન્ટની આ એક નકલ છે તેમાં તમે સહી કરી આપો અને અમને આપો. હવે તમારી પાસેથી કોઈ માહિતીની જરૂર પડશે તો તમને પોલીસચોકીએ બોલાવીશું. આ સાથે પોલીસ કમિશનરશ્રીનો આપના માટે હુકમ છે, તમારે જ્યાં સુધી નવો હુકમ ના મળે ત્યાં સુધી પરમિશન વગર કોલકાતા છોડી શકશો નહીં. તેની એક નકલ તમારી પાસે રાખો અને એક કોપી તમારી સહી કરી પરત આપો."

ધારીવાલે સહી કરી પેપર્સની આપલે કરી બંને PI ધારીવાલની ઑફિસ છોડી બહાર નીકળ્યા. ધારીવાલ થાકી ગયો હોય તેમ પોતાનું માથું ટેબલ પર રાખી, આંખો બંધ કરી, થોડીવાર ગુમસૂમ પડ્યો રહ્યો. જ્યારે તેણે આંખ ખોલી ઊંચું જોયું ત્યારે, અબ્દુલ સતાર તેની નજર સામે ઊભો હતો.

સુબ્રતોએ કમિશનરની ઑફિસમાંથી નીકળી ટૅક્સી કરી ઍરપોર્ટ ગયો અને પ્લેનમાં તે જલપાઈગુરી પહોંચી તેણે ત્યાંના ડોન ચિત્તરંજન મુખર્જી પાસે પહોંચ્યો. તેણે તેને હજારીમલ ખૂન કેસની વિગતો આપી રાખી હતી. ચિત્તરંજન મુખર્જી બહુ પહોંચેલો માણસ હતો. તેનો મુખ્ય વ્યવસાય દેશની સરહદને અડીને આવેલા દેશોમાંથી આવતા ઘૂસણખોરોને આશરો આપવાનું અને તેમને નોકરીધંધા પર લગાવી દેવાનું હતું. તે તેના આવા કામના બદલામાં ઘૂસણખોરોની આવકના દર મહિને દસ ટકા કમિશન લેતો. તેના આશ્રિતોની તમામ વિગતો તેની પાસે રાખતો અને કોઈ ગદ્દારી કરે તો તેને પોલીસને સોંપી દેતો અથવા તેનો નિકાલ કરી દેતો. જલપાઈગુરીના લોકો તેને બડે ચાચા કહેતા હતા. સુબ્રતોએ આગલી રાત્રીએ જ મુખર્જીને અબ્દુલની વિગતો મેળવવા ફોન કર્યો હતો અને હાલ તે ક્યાં છે તેની માહિતી તૈયાર કરવાનું કહ્યું હતું. નસીબજોગે અબ્દુલ પણ ચિત્તરંજનનો આશ્રિત હતો તેથી તેની માહિતી મેળવવામાં વાર લાગી ન હતી અને તેણે સુબ્રતોને જલપાઈગુરી આવી જવા કહ્યું હતું. અબ્દુલની પૂરી માહિતી મળ્યા બાદ જ સુબ્રતો કમિશનરને મળવા ગયો હતો. હજારીમલની હત્યા થયા બાદ અબ્દુલ તેના આશ્રયદાતા પાસે જલપાઈગુરી પહોંચી ગયો હતો અને તેણે મુખર્જીને જે બન્યું હતું તે સત્ય હકીકત કહી દીધી હતી. મુખર્જીએ તેને જલપાઈગુરીમાં જ તેના એક સગાંને ત્યાં રહેવા એ બાંગ્લાદેશમાં જવા સલાહ આપી હતી તેથી તે ત્યાં જ છુપાયો હતો અને ચિત્તરંજન મુખર્જીની જ એક વસાહતમાં તે રહ્યો હતો.

સુબ્રતોને મુખર્જી સુબુ કહીને બોલાવતો. સુબુ માટે મુખર્જીએ લંચનું આયોજન કર્યું હતું. તેઓ બંને અબ્દુલ આવે ત્યાં સુધીમાં લંચ લેવા હોટલમાં ગયા. સુબ્રતો અને ચિત્તરંજન વ્યાવસાયિક રીતે મિત્રો ઉપરાંત કઝીન થતા હતા. લંચ લેતા તેઓ વાતોએ વળગ્યા.

“સુબુ, તારે આવા રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓનો જ પનારો વધારે લાગે છે. તેઓ તને તો ઊભા પગે રાખતા હશે.”

“ચિત્તુ, અમારે તો કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા માટે સિક્યોરિટી અથવા ઇન્વેસ્ટિગેશનનું કામ કરવાનું હોય તેમાં ગમે તે અમારા ક્લાયન્ટ હોય શકે. આ કેસ તો મારે મારા એક મિત્ર માટે હાથમાં લીધો છે.”

“હવે રાજકારણીઓ અને મલ્ટીમિલિયનરો પોતાના સ્વાર્થ અને પ્રભાવ માટે ખોટું કરવામાં જરા પણ અચકાતા નથી તેથી આવા ગુનાઓ સામાન્ય થઈ ગયા છે. તું તો જાણે જ છે કે બીજા દેશોમાંથી આવતા ઘૂસણખોરો ક્યાં તો ગુના કરીને ભાગીને આવતા હોય છે, અથવા તો દારુણ ગરીબીથી કંટાળી ઘર છોડી ભાગી આવતા હોય છે. રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ આવા લોકોની મજબૂરીનો લાભ લઈ તેના મારફત ગુના કરતા હોય છે. અબ્દુલ પણ આવો એક બાંગ્લાદેશનો ગુનેગાર છે. તેણે ત્યાં તેની પત્ની અને તેના પ્રેમીનું ખૂન કરીને ભાગી આવેલો છે. અબ્દુલ ખૂલનામાં જુગારની ક્લબ ચલાવતો હતો. તે તથા તેનો નાનો ભાઈ આ ક્લબ ચલાવતા હતા. ખૂલનામાં તેનું વર્ચસ્વ પણ સારું હતું. તેની બે દીકરીઓ અને ઘરડાં માબાપ અને તેની પત્ની તેના પરિવારમાં હતાં. તેનો નાનો ભાઈ જુદો રહેતો તે ત્યાં છે. એક રાત્રે તે ઓચિંતો ઘરે ગયો, ત્યાં તેણે તેની પત્ની અને તેના પ્રેમીને પોતાના ઘરમાં કઢંગી હાલતમાં સૂતેલા જોયાં અને તે બંનેનું ખૂન કરી ભાગી નીકળ્યો. ત્યાંની પોલીસ તો તેની હપ્તાદાર હતી જ, તેથી તેને સરહદ પાર ભરવામાં મુશ્કેલી ના પડી. પોતાની પાસે થોડા રૂપિયા હતા તે તેણે બૉર્ડર પાર કરવા માટે વાપર્યા અને સવાર થાય તે પહેલાં જ તે ભારતમાં ઘૂસી ગયો. અહીં આવીને તે મારા એક એજન્ટને મળ્યો, તેણે તેને જલપાઈગુરી મોકલી આપ્યો. બાંગ્લાદેશની પોલીસનો તે વૉન્ટેડ અપરાધી છે. અહીં આવતા દરેક ઘૂસણખોરની અમારી પાસે પૂરતી વિગત અમે લઈ લઈએ છીએ. અમારું નેટવર્ક અહીં તેમજ પડોશી દેશોમાં પણ ફેલાયેલું છે તેથી જે વ્યક્તિ અહીં આવે છે તેનો પૂરો

ઇતિહાસ અમને બીજા દિવસે જ મળી જાય છે, ત્યારબાદ તેને અમે તેને યોગ્ય જગ્યાએ ગોઠવી દઈએ. અબ્દુલ ખૂન કરીને ભાગ્યો તેનું ધરપકડનું વૉરંટ બાંગ્લાદેશની પોલીસે કાઢ્યું હતું અને કોલકાતાની પોલીસને પણ જાણ કરી હતી. અહીંના પોલીસખાતામાં અમારા પગારદાર માણસો હોય છે. તેઓ અમને આવી બાબતોની તરત જાણ કરી દેતા હોય છે. અમે અબ્દુલને એક મહિનો છુપાવીને રાખ્યો હતો અને તેના ચહેરાને પ્લાસ્ટિક સર્જરી કરી બદલાવી નાખ્યો હતો. તેનો શરૂઆતનો જે કાંઈ ખર્ચ આવ્યો હતો તે તેના ભાઈએ અમને મોકલી આપ્યો હતો. જ્યારે તેના માટે સબ સલામત થયું ત્યારે અમે તેને શેઠ હજારીમલના ગોડાઉનમાં મજૂરી કામે મોકલી આપ્યો હતો. તે જગ્યા તેને માટે સલામત હતી. જે ઘૂસણખોર પાસે શરૂઆતમાં પૈસાની સગવડ ના હોય તેને અમે અમારા કૉન્ટ્રાક્ટરોની દેખરેખ નીચે રાખીએ અને તેની માસિક આવકના દસ ટકા અમે લઈ લઈએ. અમે પણ તેઓને વધારે કમાણી થઈ શકે તેવા ફિલ્ડમાં જ રાખીએ જેથી અમારું વળતર પણ વધી જાય. અમે તેના નામનું બોગસ ચૂંટણી કાર્ડ અને રેશન કાર્ડ પણ કઢાવી લઈએ જેથી તે પકડાય તો છોડાવી લઈએ. અમારે ખાતાના હપ્તા, માણસોના પગાર, એજન્ટના કમિશન વગેરે મળી પાંચ ટકા જેટલો ખર્ચ આવે છે, બાકીના પાંચ ટકા અમારો ચોખ્ખો નફો રહે છે. મારી પાસે હાલ છત્રીસ હજાર ઘૂસણખોરો છે. મહિને મને ત્રીસ લાખ જેવી આવક થઈ જાય છે. મારું નેટવર્ક મને વફાદાર રહે છે. જો કોઈ ગદ્દારી કરે તો તેને ક્યાં તો ખાતાને સોંપી આપવામાં આવે અથવા તેનો નિકાલ કરી નાખવામાં આવે. મોટાભાગના આશ્રિતો સુખી હોય તેવા પ્રશ્ન ઉપસ્થિત થતા નથી. સુબુ, આમ અમારો આ ધંધો શરાફી છે. તને હું અબ્દુલ સોંપું છું પરંતુ તેની ખોટી કનડગત ના થાય તે જોજે. તારે મને આ કામના બદલામાં, મારે ભવિષ્યમાં તારી જરૂર પડે ત્યારે મને સાથ આપવાનો રહેશે તેનું તું વચન આપજે."

"ચિત્તરંજનજી, તમે નિશ્ચિંત રહો. અમારે અબ્દુલને જરા પણ અડકવું નથી. અમારે તો તેની પાસે જે માહિતી છે તે દ્વારા હજારીમલના હત્યારા સુધી પહોંચવું છે. અમારી પાસે સિક્યોરિટી અને ઇન્વેસ્ટિગેટિવ ટીમો છે તેથી અબ્દુલની સલામતીની ચિંતા ના કરશો. અમે પોલીસખાતા સુધી તેને પહોંચવા જ નહીં દઈએ અને કદાચ તે પહોંચે પણ તો તેને તાજનો સાક્ષી બનાવી છોડાવી લઈશું. તે બાંગ્લાદેશી છે તેવું પૂરવાર કરવાની ખાતાને તક પણ નહીં આપીએ."

"સુબુ, તને આ કામ માટે હજારીમલના વારસો તરફથી શું મળશે?"

"અમે તે માટે તેના દીકરા સાથે કોઈ નક્કી નથી કરી, પરંતુ મને જે મળશે તેમાં તમારો પાંચ ટકા ભાગ રહેશે."

"ના, સુબુ, મારે તારી પાસેથી કાંઈ જોઈતું નથી પરંતુ હું માનું છું, તારા બેત્રણ ખોખા તો ખરા જ."

"કહી ના શકાય પણ ખર્ચ ઉપરાંત અમને દોઢેક કરોડ આપશે."

"સુબુ, આવા કેસ ઓછા આવતા હોય છે અને આ શેઠિયાઓ પાસે અબજોની સંપત્તિ હોય છે, એટલે સૂડાની ચાંચમાં આવેલું મરચું પડી ના જાય તેનું ધ્યાન રાખી તેનો પૂરેપૂરો લાભ ઉઠાવજે."

ચાલીસેક મિનિટમાં લંચ પતાવી બંને મુખર્જીની ઑફિસે આવ્યા. અબ્દુલ ત્યાં આવી ગયો હતો.

સુબ્રતોએ ચિત્તરંજનની હાજરીમાં અબ્દુલની પૂછપરછ કરી. અબ્દુલ પોપટની જેમ હજારીમલનું ખૂન કેવી રીતે કરવામાં આવ્યું તેની સિલસિલાબંધ વાત કરી. સુબ્રતોએ પોતાના મોબાઇલ ફોનમાં ટેપ કરી લીધી. ચિત્તરંજને અબ્દુલને સુબ્રતોને સહકાર આપવા કહ્યું અને તેને સલામતીની ખાતરી આપી.

અબ્દુલે સુબ્રતોને પૂછ્યું: "મારી પાસે જે માહિતી હતી તે તમને આપી દીધી છે, પરંતુ આપને મારી સંડોવણીની ખબર કેવી રીતે પડી?' જે કાંઈ કરવામાં આવ્યું હતું તે મારા અને ધારીવાલ સિવાય કોઈ જાણતું ના હતું."

"તે દરેક વાત તને હું પ્લેનમાં કહીશ. આપણે અત્યારે કોલકાતા પહોંચવાની ઉતાવળ છે અને આપણી પાસે સમયની કટોકટી છે."

સુબ્રતો અબ્દુલને લઈ ચાર વાગ્યે કોલકાતાના ઍરપૉર્ટ પર ઊતર્યો. તેણે જપન સરકારને ફોન કરી

પોલીસ કમિશનરની ઑફિસે સાડા ચાર વાગ્યે શિવા સાથે પહોંચી જવા કહ્યું.

...16...

કોલકાતાના પ્રિન્ટ અને ઓડિયો–વિઝયુઅલ મીડિયા આજે ધમધમતા થઈ ગયા હતા. પ્રિન્ટ મીડિયાએ આજે તેના પહેલા પેજ પર 'શેઠ હજારીમલના હત્યારાઓ હવે હાથવેંતમાં 'ના મથાળા હેઠળ હજારીમલ હત્યા કેસની આખી સ્ટોરી છાપી હતી તો ઓડિયો વિઝયુઅલ મીડિયાએ તેના પ્રાઇમ ટાઇમના પહેલા અગત્યના ન્યૂઝમાં લીધા હતા. કોલકાતાના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રાજકારણીઓ અને અંધારી આલમના માફિયાઓ પણ આ સમાચાર વાંચી કે સાંભળીને આશ્ચર્ય પામ્યા હતા.

હજારીમલની હત્યા પહેલાં પણ ઘણી નામાંકિત વ્યક્તિઓની હત્યાઓ થઈ હતી, પરંતુ હરવખત જ્યારે હત્યાના સમાચાર તાજા હોય ત્યારે એક અથવા બે વાર તે સમાચારનો ઉલ્લેખ થતો. પરંતુ બેચાર દિવસ કે અઠવાડિયા બાદ તે સઘળું ભુલાઈ જવાતું અને પછી તે કેસમાં આગળ શું થતું તેની ભાગ્યે જ કોઈને જાણ થતી. હજારીમલની હત્યાના સમાચારનો બીજો દૌર શરૂ થયો તે સહુ માટે આશ્ચર્યજનક અને અસામાન્ય ઘટના હતી. હત્યારાઓ આટલા ટૂંક સમયમાં પકડાઈ જશે તે માનવા કોઈ તૈયાર ના હતું. સહુને મન ધરપત બંધાઈ કે હવે સરકાર નકસલવાદીઓ અને ઘૂસણખોરો તરફ સખ્ત પગલાં લઈ રહી છે. મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓમાં ખંડણીખોરોનો જે ફફડાટ ઊભો થયો હતો તેઓને માટે આ સમાચાર શાંતિદાયક અને આશ્વાસનદાયક હતા.

હજારીમલની હત્યા પછી દરેક વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ દુકાનોમાં, ફૅક્ટરીઓમાં, ઑફિસો, ગોડાઉનો અને ઘરોમાં સિક્યોરિટીના પગલાં લઈ લીધાં હતાં અને દરેક જગ્યાએ સીસીટીવી કૅમેરા પણ બેસાડી દીધા હતા. ઑફિસ અને બંગલાઓના ગેઇટ પર સિક્યોરિટીના માણસો ગોઠવી દીધા હતા. કોઈ પણ નવા આગંતુકને સિક્યોરિટી ચેક વિના પ્રવેશ આપવામાં ના હતો.

શેઠ હજારીમલની હત્યાથી તેઓમાં ઊભા થયેલા ભયમાં, તેમના હત્યારાઓની ધરપકડના સમાચારથી રાહત મળી હતી.

કોલકાતાના મીડિયામેન્સ હજારીમલની ઑફિસની આસપાસ એકઠા થઈ ગયા હતા. આજ દરેક મીડિયાવાળાઓ નવા સમાચાર આપવાની પહેલ કરવા માટે આદિત્યની મુલાકાત કરવા માગતા હતા. આશરે સો જેટલા ન્યૂઝમેકર્સ હજારીમલની ઑફિસની પાસે ઊભા હતા અને ઑફિસની અંદર જવા માગતા હતા. ઑફિસની સિક્યોરિટી વધારી દેવામાં આવી હતી. આદિત્ય તેની ઑફિસમાં સુબ્રતો અને તેના વકીલ સાથે ચર્ચા કરી રહ્યો હતો.

સુબ્રતોએ આદિત્યને પૂછ્યું: "શેઠ હજારીમલના હત્યારાઓ હવે હાથવેંતમાં જ છે. તેનું આપણે શું કરવાનું છે?"

"હું કાંઈ સમજી શક્યો નહીં. આપ શું કહેવા માગો છો?"

"આદિત્યજી, શેઠની હત્યા ખૂબ પ્લાનિંગ સાથે અંગત માણસો વડે કરવામાં આવી છે. આ ખૂન કોઈ એક વ્યક્તિ વડે નથી કરવામાં આવ્યું. અહીં એક ટીમ બનાવી કામ કરવામાં આવ્યું છે અને તેમાં તમારા કુટુંબીજનો સંડોવાયેલા છે. તમે તમારા પિતાજીના ખૂનકેસના ફરિયાદી થયા છો એટલે તમારે નક્કી કરવાનું છે કે આ હત્યારાઓને કેવી સજા અપાવવી છે. તમે કહો તો તેમને આ કેસમાં સંડોવીએ અને તમે ઇચ્છા ના રાખતા હોય તો હત્યાનો દોષ નકસલવાદીઓ પર મૂકી આ કેસ અહીં પૂરો કરી દઈએ."

"સુબ્રતોજી, અમારા વકીલ તમારી સાથે જ છે. તેનો શું અભિપ્રાય આવે છે તે પ્રમાણે આગળ વધીશું. તમારા કહેવા પ્રમાણે અમારા કુટુંબીજનની આ કેસમાં સંડોવણી પુરવાર થઈ શકે તેમ છે. તેનો અર્થ અમારા જમાઈરાજ આ ગુનામાં સામેલ છે તેથી મારે મારા કુટુંબના સભ્યોની સાથે વિચારવિમર્શ કર્યા બાદ જ આગળ વધી શકાય."

આદિત્યએ કહ્યું, "તમારે તમારી ફૅમિલી મિટિંગ કરી લેવી જોઈએ કારણ કે જે પુરાવાઓ મળી રહ્યા

છે તેમાં ધારીવાલની સંડોવણી સ્પષ્ટ થાય છે. આ તપાસ અમારી એજન્સીની છે, પોલીસ દફ્તરે તેની કોઈ નોંધ નથી. તમે કહો તે પ્રમાણે આપણે આગળ વધીએ. જો ધારીવાલને બાકાત રાખવા હોય તો આ કેસની તપાસ અહીં પૂરી કરી, કેસનું ફીંડલું વાળી, હત્યારાઓને નકસલવાદી તરીકે ઓળખાવી તેમને સજા કરાવીએ. જો ધારીવાલને સજા કરાવવી હોય તો આ પુરાવાઓને પોલીસમાં રજૂ કરી દઈએ.' સુબ્રતોએ કહ્યું.

"સુબ્રતોજી, તમારી વાત મને સમજાઈ ગઈ છે. મારે મારા નાના ભાઈ તથા મારાં મમ્મી સાથે બેસી નિર્ણય લેવો પડે તેથી તમને આવતીકાલે જવાબ આપીશ."

આદિત્ય સાથે મિટિંગ પૂરી કરી સુબ્રતો ઑફિસની બહાર નીકળ્યો. આદિત્ય અને તેનો વકીલ હજી ઑફિસમાં બેઠા હતા. સુબ્રતો બહાર આવતા જ પત્રકારોએ તેને ઘેરી લીધો અને પ્રશ્નોની ઝડી વરસાવી.

"સુબ્રતોજી, હજારીમલ ખૂનકેસમાં નવો વળાંક આવી રહ્યો છે. આ અંગે આપ માહિતી આપશો?" એક પત્રકારે પૂછ્યું.

"હજારીમલ હત્યાકાંડના આરોપીઓ હવે હાથવેંતમાં જ છે. અમારી પાસે જેઓ સંડોવાયેલા છે તેઓની સંડોવણીના પૂરતા પુરાવાઓ છે. પરંતુ આ કેસ અત્યારે કોર્ટમાં હોય, તમને વધુ માહિતી આપી શકીએ નહીં."

"અમારા એક પત્રકાર મિત્રે હજારીમલની હત્યા સમયે તેમની હત્યામાં તેના જમાઈ સામે આંગળી ચીંધી હતી. તે બાબત તમારું શું કહેવાનું છે?"

"સાંભળો, આ બાબત કોર્ટમાં હોય, આ કેસમાં હાલ કાંઈ કહી શકાય તેવું નથી."

"પણ તમે તો એમ કહો છો કે હત્યારાઓ હાથવેંતમાં જ છે તો તેનો અર્થ શું કરવો?"

"થોભો અને થોડી રાહ જુઓ. જે કાંઈ હશે તે બહાર આવી જશે. અત્યારે તો હું એટલું જ કહી શકું કે આ કેસમાં પોલીસને ધાર્યા પ્રમાણે સફળતા મળશે."

પત્રકારોના પ્રશ્નો ચાલુ જ હતા પરંતુ જપન સરકાર સુબ્રતોને તેડવા આવી ગયો અને સુબ્રતો ગાડીમાં બેસી ગયો. થોડીવાર પછી આદિત્ય અને તેનો વકીલ પણ રવાના થઈ ગયા.

...17...

હજારીમલના નિવાસ સ્થાને રાત્રે ફૅમિલી મિટિંગમાં આદિત્ય, તેનો નાનો ભાઈ, તેની મમ્મી તથા ધારીવાલ અને તેની પત્ની હાજર રહ્યાં હતાં. મિટિંગમાં તેના વકીલને સાથે રાખવામાં આવ્યા હતા. આદિત્યએ સુબ્રતો સાથે ઑફિસમાં થયેલી વાતોની વિગતો આપી અને કહ્યું:

"ધારીવાલજી, પિતાજીની હત્યા કરનારાઓ સુધી પોલીસ પહોંચી ગઈ છે. હજી પોલીસ દફતરે તેઓના નામ ચડ્યા નથી. હવે આપણે શું રસ્તો લેવો જોઈએ ?"

"આદિત્ય, તારે પોલીસ તપાસ ઝડપથી આગળ વધારવાની સૂચના આપવી જોઈએ." ધારીવાલે કહ્યું.

"મને આપણી પ્રાઇવેટ તપાસ એજન્સીએ જણાવ્યા પ્રમાણે આ હત્યામાં આપણા સંબંધીઓમાંનું કોઈ સંડોવાયેલું છે, તો આપણે હવે શું કરવું જોઈએ તે એક મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. એક તો આપણે તેનું નામ જાહેર થવા દઈ તેને જે સજા થાય તે થવા દઈએ અથવા તેનું નામ ના આવવા દઈને તેને બચાવી લઈ, નકસલવાદીઓ પર આરોપ મૂકવા વિનંતી કરીએ જેથી આપણામાંનું કોઈનું નામ ના આવે." આદિત્યએ કહ્યું.

"આદિત્ય, જે કાંઈ સત્ય છે તે બહાર આવવાનું જ છે, તેથી પોલીસ તપાસમાં આપણે સહકાર આપી જે કોઈ સંડોવાયેલું હોય તેને સજા અપાવવી જ જોઈએ."

"આપની વાત સાચી છે પરંતુ જો આપણા કુટુંબની કોઈ પણ વ્યક્તિનું નામ આવે તો તેના ફૅમિલીનું અને તેનું ભવિષ્ય ધૂંધળું થઈ જાય. અદાલત તેને કેવી સજા કરે તે આપણે જાણતા નથી. જો કોઈ આકરી સજા કરવામાં આવે તો તેના પરિવારની પરિસ્થિતિ વિકટ થઈ જાય. એટલે જે કાંઈ નિર્ણય આપણે લઈએ તે સાથે મળીને અને સો વાર વિચારીને લઈએ. વકીલ સાહેબ, આપનું કહેવાનું શું થાય છે ?" આદિત્યએ કહ્યું.

"આપણે જે વ્યક્તિ સંડોવાયેલી હોય તેનું નામ જાણવું જોઈએ અને તેને નિર્દોષ પુરવાર કરાવવા પોલીસ તંત્રને ફોડવું પડે." વકીલે કહ્યું.

"આપણે જાણવું શું જરૂરી છે કે હત્યામાં સંડોવાયેલી એ વ્યક્તિ કોણ છે ?" આદિત્યને તેના નાના ભાઈએ પ્રશ્ન કર્યો.

"કેવી વાત કરે છે ? આપણે પિતાજીના હત્યારાને બેનકાબ કરવો જ જોઈએ. ભવિષ્યમાં તે આપણા પર પણ હુમલો કરી શકે. આપણા કુટુંબને તે વ્યક્તિથી દૂર રાખી શકાય તે માટે જાણવું જરૂરી છે." આદિત્યએ કહ્યું.

"જો તેનું નામ બહાર પડશે તો તેને સજા મળવાની જ છે." ધારીવાલે કહ્યું.

"આપણે તેનું નામ જાણી લઈએ, ત્યારબાદ શું કરવું તે નક્કી કરીશું." આદિત્યએ કહ્યું.

"તેમાં નામ તો મારું જ આવશે કારણ કે પહેલેથી જ મારું નામ ઉછાળવામાં આવી રહ્યું છે. મને દોષિત ઠેરવવા માટે ઘણા પ્રયત્નો પણ કરવામાં આવશે અને મને આકરી સજા મળે તેના માટે કોશિશ કરવામાં આવશે. મને જે સજા થશે તે હું તો ભોગવવા તૈયાર છું, પરંતુ તેના છાંટા તમને પણ ઊડશે. તમારી પેઢીની શાખ ઘટશે તે ભવિષ્યમાં તમને જ નડશે." ધારીવાલે કહ્યું.

"આપ આપના પર દોષ ના લઈ લો, કારણ કે આપણે તે જાણતા નથી કે આપણામાંનું કોણ આ કાવતરામાં સંડોવાયેલું છે. પિતાજી તો હવે જીવિત થવાના નથી તેથી બાકીનાની જિંદગી સારી જાય તે આપણે જોવાનું છે. તેથી આપણે નિર્ણય પર આવીએ કે આપણા વચ્ચે તેનું નામ જાહેર થાય, પરંતુ પોલીસમાં તેના પર કાર્યવાહી ના થાય તેવું આપણે કરવું." આદિત્યએ કહ્યું.

"આપની વાત સાચી છે, આદિત્યજી. આપણે આપણી ફૅમિલી કોર્ટમાં તે નામ જાણી લેવાય, તેના પર પોલીસ કાર્યવાહી થવા ના દેવી અને તે વ્યક્તિને હંમેશાં માટે આપણાથી દૂર કરી દેવી." વકીલે કહ્યું.

આદિત્યનાં મમ્મી અત્યાર સુધી સાંભળતાં જ હતાં. તેઓ બોલ્યાં,

"મારે મારા પતિના હત્યારાને કોઈ મોટી સજા થાય તે કરવું નથી, મારા ભાગ્યમાં જે લખાયું હતું તે થયું છે. હત્યારાઓને તેના કૃત્ય માટે પશ્ચાત્તાપ થાય અને ભવિષ્યમાં ફરી આવો ગુનો કરે અને પ્રામાણિક જીવન જીવી સમાજના સારા માણસ બને તેવી સજા થાય તેવું કરવું છે. આપણે વેરના બીજ રોપવા નથી. આપણે પણ આપણી સલામતી વધારી અને કોઈ સાથે બદલાની ભાવના રાખ્યા વગર ગુનેગારોને સરકારને સોંપી દેવા છે. મારું આટલું સૂચન તમારે ધ્યાનમાં લેવાનું છે."

"મમ્મી, તમે જે વાત કરો છો તે આપણી નિર્બળતા અને આપણામાં રહેલી ભયની લાગણીને કારણે બોલી રહ્યાં છો. આવા ગુનેગારોને તો આકરી સજા જ કરાવવી જોઈએ, તેથી સમાજમાં આવા ગુના થતા અટકે અને સામાજિક શિસ્ત જળવાઈ રહે. ગુનેગારને માફી બક્ષવી એટલે ગુનેગારીને પ્રોત્સાહન આપવું. ગુનેગારોને પકડવા માટે ખાનગી તપાસ એજન્સી રાખી કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. આપણે હવે તેઓને માફી આપવાની વાત કરીએ તો આપણે કાયર કહેવાઈએ. મેં મારા પિતાજીનું જીવન જોયું છે. તેમણે હંમેશાં ન્યાયની તરફદારી કરી હતી અને હું પણ તે જ રસ્તે આગળ વધી રહ્યો છું. આપણામાંથી કોઈ દોષી હશે તો તેને, આપણા વકીલ સાહેબે કહ્યું તે પ્રમાણે તેને કુટુંબથી અળગા કરી દઈશું." આદિત્યએ કહ્યું.

"આપણા નિર્ણયની જાણ વહેલી તકે સુબ્રતોને કરવી જોઈએ. આપણામાંના કોની સંડોવણી આ કેસમાં છે તે જાણે છે. આપણે તેના પાસેથી નામ જાણી લેવું જરૂરી છે. તેના પરથી આપણે આગળ શું પગલાં લેવા તેનો નિર્ણય લઈ શકાય. શક્ય છે કે આપણી સાથે રહેનારામાંથી કોઈ દોષી હોય શકે. પરંતુ આપણે તો ડિટેક્ટિવની તપાસમાં જેનું નામ આવ્યું હોય તેને જ ગુનેગાર માનવાના છે. આપણે સુબ્રતોને તથા પોલીસખાતાને કેસ દાખલ કરતાં પહેલાં બે દિવસ થોભી જવા કહીએ. તમારી સંમતિ હોય તો હું સુબ્રતો પાસેથી નામ જાણી લઉં." વકીલે કહ્યું.

"વેલ, તમે આગળ વધો. અમારી તમને સંમતિ છે." આદિત્યએ કહ્યું.

"ઓમારકાલી"ની ઑફિસમાં સુબ્રતો, જપન સરકાર અને શિવા બેઠા હતા. હજારીમલ હત્યા કેસની તપાસ પૂરી થવામાં હતી. શિવાના ચહેરા પર ખુશી દેખાતી હતી. પોતાના પત્રકારિત્વનો વિજય થતો દેખાઈ રહ્યો હતો. સુબ્રતો અને જપન સરકાર રિલેક્સ મૂડમાં હતા. તેટલામાં હજારીમલ પરિવારના વકીલ આવ્યા. હજારીમલના વકીલે શિવાનું નામ સાંભળ્યું હતું પણ તેને કદી જોયો ના હતો. સુબ્રતોએ ઊભા થઈ વકીલનું સ્વાગત કર્યું. "આવો, વકીલસાહેબ, આપનું અમારી ઑફિસમાં સ્વાગત કરીએ છીએ. આપ આજ પ્રથમ વખત જ પધાર્યા છો, વેલકમ."

"યસ સર થૅંક્યુ. આપણાં કામ એવા હોય છે કે ક્યારે ક્યાં જવાનું થશે તે કહી શકતા નથી. ક્રિમિનલ કેસો લડતા વકીલો પણ ડિટેક્ટિવ જેવા થઈ ગયા હોય છે." વકીલે મજાક કરતા ખુરશીમાં જગ્યા લીધી.

"સ્યોર, સર, આપની વાત સાચી છે. આપણો પનારો જ ગુનેગારો સાથે જ હોય. આપણે સામાન્ય વ્યક્તિને પણ ડિટેક્ટિવ દૃષ્ટિથી જોવા લાગીએ છીએ. આપણે આ બધું કરવું જ રહ્યું." સુબ્રતોએ કહ્યું.

"જપન સરકારને તો હું એક વાર મળ્યો છું એટલે ઓળખું છું. તેની સાથે બેઠેલા ભાઈ કોણ છે?" વકીલે પૂછ્યું.

"તે મિસ્ટર શિવા છે, જેમણે આ કેસમાં રસ લઈ સાચા હત્યારા સુધી અમને પહોંચાડ્યા છે." ઇન્વેસ્ટિગેટિવ પત્રકાર છે અને સત્યના આગ્રહી છે.' સુબ્રુતોએ શિવાની ઓળખાણ આપી. વકીલસાહેબે શિવા સાથે હાથ મેળવ્યા, શિવાએ માથું નમાવી તેમનું અભિવાદન કર્યું.

"હું હજારીમલ કેસ બાબત જ આપને મળવા આવ્યો છું." વકીલે કહ્યું.

"બાય ઓલ મિન્સ, આપ અમારા સાથે તે કેસ સંબંધી કોઈ પણ વાત કરી શકો છો. અમે ત્રણેય સંયુક્ત રીતે તે કેસની તપાસ કરીએ છીએ." સુબ્રતોએ કહ્યું.

"ગઈકાલે અમે હજારીમલના નિવાસસ્થાને તેના ફૅમિલીની મિટિંગ રાખી હતી. હજારીમલનાં પત્ની, તેનાં પુત્રો, પુત્રી અને ધારીવાલ હાજર હતા. મિટિંગના અંતે તેઓ એવા નિર્ણય પર આવ્યાં છે કે આ ખૂનકેસમાં કુટુંબની કોઈ વ્યક્તિ સંડોવાયેલી હોય અને તે નજીકના જ સંબંધમાં હોય તો તેમના તરફથી કેસની માંડવાળ કરવી અને જો અન્ય વ્યક્તિ હોય તો તેને પોલીસને સોંપી, સરકારશ્રી તરફથી જે સજા થાય તે કરવા દેવી. હજારીમલનાં પત્ની તો આ કેસમાં તમના ફૅમિલીને વધારે રસ ના લેવા અને સરકારી ખાતા મારફત જે કાર્યવાહી થઈ રહી છે તેના મૂકપ્રેક્ષક બની રહેવાની સલાહ આપતાં હતાં પરંતુ તેના પુત્રોનો આગ્રહ ગુનેગારને સખ્ત સજા કરાવવાનો છે, તેથી મને આપની પાસે હત્યામાં સંડોવાયલી વ્યક્તિનું નામ જાણવા કહ્યું છે. જો આપ મને તે જણાવી શકો તો સારું."

"સામાન્ય રીતે અમે આવા કેસમાં જ્યાં સુધી ગુનેગારને મળી તેને સમજાવી તેની પાસે ગુનો કર્યાનું કબૂલ કરાવીએ છીએ, તે પણ પોલીસની જ હાજરીમાં. જો તે ના માને તો તેને પોલીસને તેની રીતે કબૂલાત માટે સોંપી દઈએ છીએ. પરંતુ આ કેસ હાઇ પ્રૉફાઇલ છે અને દોષિત વ્યક્તિ પણ ખૂબ પહોંચેલી છે તેથી અમે જ તે વ્યક્તિને મળી તેની પાસે ગુનો કબૂલ કરાવીશું, ત્યારબાદ તમને એ નામ આપી શકીશ. આપને આ માટે એક દિવસની રાહ જોવી પડશે. અમારી તપાસના અંતે તે વ્યક્તિની સંડોવણી પુરવાર થઈ ગઈ છે તે નિશ્ચિત છે." સુબ્રતોએ કહ્યું.

"મારી ધારણા પ્રમાણે પણ તમે જે વ્યક્તિને દોષિત જાણી છે તેનું નામ તો બહુ ગવાઈ ચૂક્યું છે. પરંતુ આપ મને આવતીકાલે તે જણાવશો તો ચાલશે."

"જરૂર, આજે રાત્રે જ મિટિંગ પૂરી થતાં જ આપને તેનું નામ જણાવી દઈશ."

કોલકાતાની વાહન વ્યવહારની ધોરી નસ જેવી ટ્રામ સર્વિસ આજે બપોર સુધી બંધ રહેવાની હતી. સવારથી જ શહેરના દરેક રસ્તા પર ટ્રાફિક જામ જોવા મળતો હતો. વાહનો કીડીની ગતિથી ચાલતા હતા. ક્યારેક તો એક કિલોમીટરનું અંતર કાપવામાં એક કલાક જેવો સમય લાગી જતો હતો. ટ્રાફિક

પોલીસ વ્યવસ્થા જાળવવા કોશિશ કરતી હતી પરંતુ તે કરી શકતી ના હતી. ક્યાંય અકસ્માત ના થાય કે ક્યાંય પબ્લિક હંગામો ના કરી બેસે તે માટે ચિંતિત હતી.

દૂર દૂરથી આવતા નાના વેપારીઓ અને રાહદારીઓ એકબીજાને ધક્કા મારી કે એકબીજાને ઘસાઈને આગળ વધતા હતા. લોકોનાં ટોળાં માનવ સુનામીનાં મોજાંઓ જેવાં લાગતાં હતાં. વાતાવરણના પ્રદૂષણ, માછલી અને માનવ પરસેવાની ગંધથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. દરેક વ્યક્તિ પરસેવાથી લથબથ થયેલી દુર્ગંધ મારતી જીવતી લાશ જેવી લાગતી હતી. આટલી ભીંસમાં પણ ધૂમ્રપાન કરનારાઓ બીડી અને સિગારેટના ઠૂંઠાઓ ચૂસતા હવામાં પ્રદૂષણમાં વધારો કરી રહ્યા હતા. આજનું અહીંનું વાતાવરણ જીવતા દોઝખ જેવું હતું.

સુબ્રતો અબ્દુલને લઈને પોતાની ઑફિસ તરફ આવી રહ્યો હતો. ટ્રાફિક જામના કારણે તે ઑફિસે મોડો પહોંચ્યો. આજે તેની પોલીસ કમિશનર સાથે સાંજના મુલાકાત થવાની હતી. આજે અબ્દુલને કમિશનરને સોંપવાનો હતો. ગઈકાલે જ તેણે સાંજની મુલાકાત વખતે કમિશનરને તેમની પાસે લાવવાનું વચન આપ્યું હતું. આગલા દિવસે તેણે જપન સરકાર અને શિવા સાથે સાંજના સાડાચાર વાગ્યે પોલીસ કમિશનરની મુલાકાત લીધી હતી અને અબ્દુલને પણ હાજર કર્યો હતો.

અબ્દુલે આખા ષડયંત્રની પૂરેપૂરી વિગત પોલીસ કમિશનરને આપી હતી. કમિશનર અબ્દુલની જુબાની લઈને પોતાની પાસે રાખી હતી. અબ્દુલના બયાન પરથી ધારીવાલની હત્યા કેસમાં સંડોવણી પુરવાર થતી હતી પણ તેની ધરપકડ કરવા માટે તે પૂરતી ના હતી. સુબ્રતોએ નક્કી કરેલ પ્લાન મુજબ અબ્દુલને ધારીવાલ પાસે લઈ જઈ તેની મુલાકાતને આધારે ધારીવાલને પકડવાની યોજના બનાવી હતી અને તે પ્લાન મુજબ અબ્દુલને ધારીવાલની સામે ઊભો રાખી દીધો. ધારીવાલને હજી તો PIOના સવાલોના જવાબ આપ્યાનું ટૅન્શન મગજને ચકરાવે ચડાવી ગયું હતું ત્યાં જ નજર સામે અબ્દુલને ઊભો જોઈ ચોંકી ઊઠ્યો.

"અબ્દુલ તું અહીં? તું અહીં ક્યાંથી આવ્યો?" ધારીવાલે તેના પર ગુસ્સો કરતાં કહ્યું.

"જલપાઈગુરીથી" અબ્દુલે ઠંડા કલેજે જવાબ આપ્યો.

"તને તો બાંગ્લાદેશ મોકલી આપ્યો હતો ને? તને મારા માણસો બૉર્ડર સુધી મૂકી ગયા હતા ત્યાંથી તું પાછો કેમ ફર્યો? મારા માણસો તો કહેતા હતા કે તું તે રાત્રીએ જ બાંગ્લાદેશ પહોંચી જવાનો હતો." ધારીવાલે ધૂંધવાતા ધૂંધવાતા પૂછ્યું.

"તમારા માણસો મને બૉર્ડર સુધી મૂકી ગયા હતા પરંતુ તે રાતે પેટ્રોલિંગ સઘન હતું તેથી હું જઈ શક્યો ના હતો અને હું જલપાઈગુરી મારા સંબંધીને ત્યાં ચાલ્યો ગયો હતો. જલપાઈગુરીમાં હું નામ બદલીને રહેતો હતો. ગઈકાલે હું પોલીસની નજરમાં આવી ગયો અને હું ત્યાંથી છટકી તમારી પાસે આવ્યો છું. હવે મને છુપાવાનું સ્થળ શોધી આપો."

"તને છુપાવવા જતાં મારા રામ રમી જાય અને તને બચાવવા જતાં મારી ધરપકડ થઈ જાય માટે તે હવે મારા માટે શક્ય નથી." ધારીવાલના શબ્દોમાં વ્યથા દેખાઈ આવતી હતી.

"તો હું મારી જાતને પોલીસના હવાલે કરી દઉં." અબ્દુલે ઠંડા કલેજે કહ્યું.

અબ્દુલના શબ્દો સાંભળતાં જ ધારીવાલના ચહેરાનો રંગ ફિક્કો પડી ગયો. તે સિયાવિયા થઈ ગયો.

"ના તે નથી કરવાનું. મારે તને છુપાવવા માટે શું કરવું તે વિચારવું પડશે. તારી સાથે તારા બે સાથીદારો હતા તે ક્યાં ગયા?" ધારીવાલના અવાજમાં ગભરાટ જોવા મળતો હતો.

"મારા બંને માણસો સરહદ ઓળંગવા જતાં પોલીસના હાથમાં આવી ગયા છે અને તેઓ હાવડા જેલમાં છે."

"અબ્દુલ, તું મને હવે જીવવા નહીં દે. મેં તારા પર ભરોંસો કરી તને કામ સોંપ્યું અને તું મારી સાથે બેઇમાની કરી છે. તું જાણે છે કે જો હું આ કેસમાં ફસાઈ જઈશ તો તમે બધા મોતને ઘાટ ઊતરી જશો. તારી પાસે હજી સમય છે. તું ભારત છોડીને ગમે ત્યાં ભાગી જા." ધારીવાલે કહ્યું.

"હું તો પોલીસની નજરે ચઢી ગયો છું તેથી ભાગીને ક્યાં જઈ શકું તેમ છું? તમારે જ મને છુપાવવાની અને સરહદ ઓળંગાવવાની વ્યવસ્થા કરી આપવી પડશે. મારી પાસે તો એક ટંક રોટી ખાવાના પણ પૈસા નથી." અબ્દુલે કહ્યું.

"તારા રોટલાની ક્યાં કરે છે. તેં તો મારા રોટલા પણ અભડાવી દીધા છે. તેં તો મારા માથા પર મોતને લાવીને ખડું કરી દીધું છે. તારું જે થવાનું હશે તે થશે પણ મારું મોત તો નિશ્ચિત જ છે, કારણ કે એકવાર હું ગુનેગાર સાબિત થઈશ તો હું જીવી નહીં શકું."

"શેઠ, તે તમારે જોવાનું છે. મને મારા ઘર ભેગો કરી આપો. તમારી વાતોમાં આવી મેં ના કરવાનું કામ કરી નાખ્યું. તમે આપેલા રૂપિયા તો મેં મારા સાથીદારોનાં માબાપને મોકલી આપ્યા. હું તો હવે ઠન ઠન ગોપાલ જ રહ્યો. મારા કુટુંબ માટે પણ તમારે ભરણપોષણની વ્યવસ્થા કરવાની રહેશે. એક વખત હું ગુનેગાર સાબિત થઈશ તો મારે ક્યાં તો આખી જિંદગી જેલમાં સબડવું પડશે અથવા મારે ફાંસીના માચડે ચડવું પડશે. એટલે પહેલાં મારા કુટુંબના નિભાવની વ્યવસ્થા કરો અને મારા છુપાવાની ગોઠવણ કરો. જો તમે તેમ નહીં કરો તો મારે ના છૂટકે તાજનો સાક્ષી બનવું પડશે." અબ્દુલે ધમકી ભર્યા અવાજે કહ્યું.

ધારીવાલ ઍરકંડીશન્ડ ઑફિસમાં બેસીને પણ પરસેવે નીતરવા લાગ્યો હતો. તેના હાથપગ ધ્રૂજતા હતા, હોઠ ફફડતા હતા અને તેની આંખો ઘુમરાઈ રહી હતી. તે ખુરશીમાંથી બેઠો થવા જતો હતો અને ફરી બેસી જતો હતો. અબ્દુલના છેલ્લા વાક્યે તેને પરસેવાથી નવડાવી દીધો હતો. તે થોડીવાર આંખો બંધ કરી બેસી રહ્યો.

"તને અહીં આવતા કોઈએ જોયો છે?" તેણે અબ્દુલને પૂછ્યું.

"હા, હું આવ્યો ત્યારે એક અજાણ્યો માણસ મારી પાછળ આવ્યો હતો અને તે તમારી ચેમ્બરની બહાર ઊભો છે."

"તારે તેની સાથે કોઈ વાત થઈ? તને કેમ ખબર પડી કે તે તારો પીછો કરી રહ્યો છે?"

"હું જલપાઈગુરીથી બુરખો પહેરીને ટૅક્સીમાં તમારી ઑફિસે આવ્યો. હું સિક્યોરિટીને આપને મળવાની વાત કરી અંદર આવી બુરખો કાઢતો હતો ત્યાં તે મને જોઈ ગયો. તે મારી પાછળ આવ્યો અને મને પકડવાની તૈયારી કરતો હતો ત્યાં હું ઑફિસમાં ઘૂસી ગયો અને તે ચેમ્બરની બહાર ઊભો રહ્યો."

"તું જો તે બહાર ઊભો છે?"

અબ્દુલ બહાર નીકળવા માટે પાછળ ફર્યો ત્યાં જ ધારીવાલે પોતાની પાસે રહેલી રિવૉલ્વરમાંથી અબ્દુલ પર ગોળી છોડી પરંતુ ત્યાં જ ધડામ કરતું બારણું ખૂલ્યું અને અબ્દુલ એક બાજુ ફેંકાઈ ગયો. ગોળી ઑફિસની લૉબીની દીવાલમાં ઘૂસી ગઈ. ચેમ્બરની બહાર ઊભેલ વ્યક્તિએ અબ્દુલને ઝડપથી બહાર ખેંચી લીધો અને તેને ગાડીમાં બેસાડી સુબ્રતોની ઑફિસ તરફ મારી મૂકી.

ધારીવાલ ચેમ્બરની બહાર આવે તે પહેલાં સુબ્રતોના બાઉન્સરો અબ્દુલને લઈને નીકળી ગયા હતા. ધારીવાલ ઑફિસમાં આવી માથું પકડીને તેની ઑફિસમાં મોડી રાત સુધી બેસી રહ્યો. તેને હવે તેનું મોત સામે દેખાતું હતું.

"વિનિ..., વિનિ..., વિનિ... માય ડાર્લિંગ, તું જાગે છે કે ઊંઘી ગઈ છો?"

શિવા મોડી રાત્રે જપન સરકારના બંગલે આવ્યો ત્યારે વિનિ તેના ગેસ્ટહાઉસમાં હતી. ગેસ્ટહાઉસનો દરવાજો બંધ હતો. શિવાએ ડૉરબેલ વગાડી. થોડીવાર સુધી ઊભો રહ્યો. અંદરથી કાંઈ જવાબ ના આવતા તેણે દરવાજાને ધક્કો માર્યો. જરા જોરથી ધક્કો લાગતાં જ દરવાજો ખૂલી ગયો. શિવાએ રૂમમાં જઈને જોયું તો વિનિ ઊંઘતી હોય તેમ તેના બેડ પર પડી હતી. શિવાએ વિનિને ઉઠાડવાની કોશિશ કરી.

"વિનિ જો, હું તારા માટે સારા સમાચાર લાવ્યો છું." કહેતા વિનિના શરીર પર હાથ મૂક્યો અને તે ચોંકી ઊઠ્યો. વિનિનું શરીર ભઠ્ઠા જેવું તપતું હતું. વિનિ ઊંઘમાં હતી. તેણે વિનિને હડબડાવીને ઉઠાડી. વિનિએ પરાણે આંખો ખોલતાં કહ્યું,

"શિવા તું આવી ગયો? મને આજ સખત તાવ આવી ગયો છે અને શરીર પણ ખૂબ કળે છે. હું તારી રાહ જોતી પલંગ પર બેઠી હતી. ક્યારે આંખો મીંચાઈ ગઈ તેની ખબર ના રહી."

"વિનિ, તને તાવ ઘણો છે. હું તને ઠંડા પાણીના પોતાં મૂકી આપું તેથી તારો તાવ હમણાં ઊતરી જશે. તું કાંઈ જમી છો?"

"હા, મેં પરાઠા, દહીં અને ચાવલ ખાધા છે."

"મારી પાસે તાવની ગોળી છે. જો તું જમી હોય તો તને તે આપી દઉં, તે લઈ લે."

શિવાએ વિનિને ગોળી આપી અને તેના આખા શરીર પર કોલ્ડ સ્પંઝિંગ કરતો રહ્યો. તેના ચહેરા પર હાથ ફેરવતો રહ્યો. વિનિને તે ગમ્યું. તેણે પોતાનું માથું શિવાના ખોળામાં રાખી દીધું. થોડીવારમાં જ તેનો તાવ ઊતરી ગયો. તેને સારું લાગતા શિવાને પૂછ્યું,

"શિવા, તું જમ્યો?"

"હા, વિનિ, હું અને જપન સરકાર હોટલમાં જમીને આવ્યા છીએ. આજે તને એક સારા સમાચાર આપવાના છે. હજારીમલનો હત્યારો હવે હાથવેંતમાં જ છે. ટૂંક સમયમાં જ હજારીમલના ખૂન કરાવવામાં ધારીવાલનો જ હાથ છે તે સાબિત થઈ જશે. હવે આપણે ઝાઝી રાહ જોવી નહીં પડે."

"વેરીગુડ, શિવા, હવે તો આપણા પ્રયાસોને વહેલી સફળતા મળે તો સારું. મને તો અહીં રહીને તારી જ ચિંતા થતી હોય છે કે તારા પર કોઈ મુશ્કેલી ના આવે."

"તું તે માટે ચિંતા ના કરીશ. જપન સરકાર મને એક પળ પણ છૂટો રાખતા નથી અને કેસની તપાસનો દોર સુબ્રતોએ પોતાના હાથ પર લઈ લીધો છે. મારે તે આખો દિવસ જપન સરકાર સાથે જ રહેવાનું હોય છે."

"તપાસ ક્યાં સુધી પહોંચી છે?"

"ધારીવાલે તેના જ ડ્રાઇવર સાથે મળીને ષડયંત્ર રચ્યું હતું તેની ભાળ મળી ગઈ છે. ડ્રાઇવરે સુબ્રતોને તે ષડયંત્રની દરેક વિગત આપી દીધી છે અને તેને રેકોર્ડ પણ કરી લીધી છે. હવે ધારીવાલને ગુનો કબૂલ કરાવવા માટે તૈયાર કરવાનો છે. તેના પર સખત દબાણ લાવવામાં આવ્યું છે જેથી તે તેનો ગુનો કબૂલ કરી લે." શિવાએ કહ્યું.

"શિવા, હવે આ કેસનો ઝડપી નિકાલ આવશે તેવું લાગે છે. ત્યારબાદ આપણે શું કરીશું?"

"હજુ તે અંગે કાંઈ કહેવું વહેલું ગણાશે. જ્યાં સુધી ધારીવાલ ગુનો ના કબૂલ કરે ત્યાં સુધી આ પ્રકરણ અધૂરું રહેશે. એકવાર તે ગુનો કબૂલ કરી લે તે પછી આપણે ચિત્રમાં આવીશું. ધારીવાલની ખૂનકેસમાં સંડોવણી મેં જ પ્રકાશમાં લાવી હતી તેથી આ સફળતા આપણા નામે ગણાશે."

"શિવા, તું સાચા અર્થમાં બ્રેવો છે. તારી પાસે શરૂઆતમાં કોઈ સપોર્ટ નહોતો છતાં તું તારી હિંમત અને ધગશના કારણે જ આગળ વધી શક્યો અને તને સહુનો સાથ મળી રહ્યો, બાકી તો

નકસલવાદીઓના નામે આ ગુનો ખતવાય જાત અને સાચા અપરાધીઓ કદી પકડાત જ નહીં."

"તારા સહકારથી આ શક્ય બન્યું છે. તારી કુરબાની અને તારી પ્રેરણાથી જ મારું કામ આગળ વધી રહ્યું છે. તારા સાથથી હું નવા નવા સાહસ ખેડી શકું છે. તું ના હોત તો મારાં કાર્યો અધૂરાં રહેત."

"હા, એ વાત સાચી કરી. તું જરૂર એકાદ વર્તમાનપત્રનો ખબરપત્રી બની કોઈ શહેરમાં બચરવાળ જિંદગી જીવતો હોત અને તારી પત્નીનો મરો થઈ ગયો હોત. તું તો સમાચાર માટે બહાર રખડતો ફરત અને તારી પત્ની તારા બાળકોને સાચવવામાંથી નવરી ના થતી હોત." વિનિએ તેની મજાક ઉડાડતાં કહ્યું.

શિવાએ વિનિના માથા પર હાથ પ્રસરાવ્યો, તેનું ટેમ્પરેચર નોરમલ થઈ ગયું હતું. વિનિને હવે સારું લાગતું હતું. શિવાએ વિનિને તેની નજીક ખેંચી. વિનિએ પોતાના બે હોઠ, શિવાના હોઠ પર ચીપકાવી દીધા. વર્ષાઋતુમાં સંવનન કરતા નાગ–નાગણીની જેમ બંનેના શરીર સળવળાટ કરતા ડોલી રહ્યા. થોડીવાર માટે બંનેએ અધરામૃત પીધા કર્યું. ધીરે ધીરે શિવાના હાથ વિનિના અંગ-ઉપાંગો પર ફરતા રહ્યા અને તેને નિર્વસ્ત્ર કરતા રહ્યા. વિનિએ પણ પોતાના બંને હાથોને કામે લગાડ્યા. થોડીવારમાં તેઓ એક બીજામાં સમાઈ જવા માટે તૈયાર થઈ ગયા. લાંબા સમયગાળા બાદ વિનિ અને શિવાએ કામદેવની આજ્ઞા માની. અડધા કલાક બાદ બંને નિંદ્રાવશ થયા.

રાત હવે ટૂંકી થવામાં હતી.

સુબ્રતોની ઑફિસના કૉન્ફરન્સ રૂમમાં છ વ્યક્તિઓ વચ્ચે અગત્યની મિટિંગ ચાલી રહી હતી. આ છ વ્યક્તિઓમાં, સુબ્રતો, જપન સરકાર, શિવા, આદિત્ય, તેનો નાનો ભાઈ અને જિતેન્દ્ર ધારીવાલ હતા. સુબ્રતોની ઑફિસનો સમય સવારે દસ વાગ્યાથી શરૂ થતો હતો તે પહેલાં આ મિટિંગ પૂરી કરી દેવાની હતી. સવારના આઠ વાગતા જ દરેક આવી ગયા હતા. ઑફિસના અન્ય સ્ટાફને મિટિંગ દરમ્યાન કૉન્ફરન્સ રૂમમાં આવવાની મનાઈ કરવામાં આવી હતી. આજે અન્ય મુલાકાતીઓને મુલાકાત માટે સમય ફાળવવામાં આવ્યો ના હતો. અગત્યના ફોન સિવાયના ફોન ડાઇવર્ટ કરવાની ના પાડવામાં આવી હતી. મિટિંગમાં હાજર રહેલી વ્યક્તિઓ માટે સવારના નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જે વ્યક્તિઓને મિટિંગમાં હાજર રહેવાનું હતું તેઓને પણ આજની મિટિંગના એજન્ડાની જાણ કરવામાં આવી ના હતી.

ચાનાસ્તા બાદ મિટિંગની શરૂઆત કરવામાં આવી. સુબ્રતોએ મિટિંગની શરૂઆત કરતાં કહ્યું:

"શેઠ હજારીમલ ખૂનકેસની અમને સોંપાયેલી જવાબદારીનો રિપોર્ટ તૈયાર થઈ ગયો હોય, તે અંગે તમને સહુને વાકેફ કરવા તમને અહીં બોલાવવામાં આવ્યા છે. શેઠ હજારીમલ ખૂનકેસની તપાસ પૂરી થઈ છે અને હત્યારાઓની જાણ થઈ ગઈ છે. આપણે આ રિપોર્ટ પુરાવાઓ સાથે પોલીસને સોંપવો છે અને તેના માટે આવતીકાલનો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. જે કોઈ દોષિત હશે તેને પોલીસને સોંપી આપવામાં આવશે, પરંતુ અમારી સંસ્થાની પ્રણાલિકા પ્રમાણે અમને જેમના મારફત કામ સોંપવામાં આવ્યું હોય તે વ્યક્તિ અથવા સંસ્થાને પ્રથમ જાણ કરવાની અમારી ફરજ છે તેથી આપણે મળ્યા છીએ. અમારી સંસ્થા વતી હું સુબ્રતો, જપન સરકાર અને શિવા નારંગ હાજર રહ્યા છે અને શેઠ હજારીમલ પરિવાર તરફથી તેમના પુત્રો અને જમાઈ એટલે કે આદિત્યજી, તેના નાના ભાઈ અને શેઠ ધારીવાલજીને બોલાવવામાં આવ્યા છે. અમારી એજન્સી દ્વારા થયેલી તપાસનો ખાનગી રિપોર્ટ નીચે પ્રમાણે છે:

"શેઠ હજારીમલની હત્યા આજથી એક માસ પહેલાં એટલે કે જાન્યુઆરી માસની એકત્રીસમી તારીખે બપોરના બેને પંદર કલાકે તેમની ઑફિસમાં પૉઇન્ટ બ્લેંક રિવૉલ્વર વડે તેના માથામાં ગોળી મારીને કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે કોઈ બે અજાણી વ્યક્તિઓએ તેમની ઑફિસમાં ઘૂસી જઈ શેઠના લમણા પર રિવૉલ્વર રાખી ફાયરિંગ કર્યું હતું જેનાથી શેઠનું તત્કાળ મૃત્યુ થયું હતું. હત્યાના એક કલાક પછી તેની સેક્રેટરીને હત્યાની જાણ થઈ હતી. ત્યારબાદ તેમને હૉસ્પિટલ લઈ જવાયાં હતાં જ્યાં તેમને મૃત ઘોષિત કરવામાં આવ્યાં હતાં. સરકારી હૉસ્પિટલના તેના પોસ્ટમૉર્ટમ રિપોર્ટ પ્રમાણે શેઠનું મૃત્યુ તેના મગજમાં ગોળી લાગવાથી થયું હતું. તેના મૃત્યુ સમયે તેમણે ખાણું લીધેલું હતું તેવું તેના આંતરડાની તપાસમાં જાણવા મળ્યું હતું. શેઠનો પોસ્ટમૉર્ટમ રિપોર્ટ પોલીસને મોકલી આપવામાં આવ્યો હતો.

હત્યાના ત્રીજા કલાકે જ તેમના ફૅમિલીએ અમારો સંપર્ક કર્યો હતો અને અમને પ્રાઇવેટ ડિટેક્ટિવ તરીકે વહેલી તકે હત્યારાને શોધવાની વિનંતી કરવામાં આવી હતી. અમારી સહયોગી એજન્સી દ્વારા શેઠ હજારીમલના પરિવારને વ્યાવસાયિક સ્થળોએ, રહેઠાણનાં સ્થળોએ તથા મુસાફરી દરમ્યાન સિક્યોરિટી પૂરી પાડવામાં આવે છે. અમારી એક મહિનાની તપાસના અંતે શેઠ હજારીમલના હત્યારાઓની માહિતી અને તે કામ કરવા માટે થયેલા ષડયંત્રની તમામ વિગતો આજ અમારી એજન્સીના ટેબલ પર હાજર છે, જે આપને વાંચી સંભળાવું છું:

"શેઠ હજારીમલ ઉદ્યોગપતિ, વ્યાપારી તેમજ સમાજશ્રેષ્ઠી હતા. તેઓ સહિષ્ણુ, પ્રામાણિક અને ઉદારમનની વ્યક્તિ વિશેષ હતી. તેઓ કોઈના પ્રતિસ્પર્ધી કે અમિત્ર નહોતા. તેઓ સરળ જીવન જીવતા હતા એટલે તે નિશ્ચિંત રહેતા હતા, પરંતુ તેના તરફ કોઈને અવમાનના થઈ અને તેમની હત્યા કરવામાં

આવી. હત્યાના પ્રથમદર્શી હત્યારા તરીકે નકસલવાદીઓ અથવા કોઈ ખંડણીખોરોને માનવામાં આવતા હતા. તેવું પહેલા બે દિવસ માનવામાં આવતું હતું અને સરકારીતંત્રની તપાસની ગતિ તે તરફની હતી. પરંતુ હત્યાના ત્રીજા દિવસે ન્યૂઝ મીડિયામાં શેઠની હત્યામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણીની શંકા કરવામાં આવી અને શેઠના જમાઈ જિતેન્દ્ર ધારીવાલ સામે શંકા કરવામાં આવી ત્યારે તપાસના પ્રકારમાં ફેરફાર કરવામાં આવ્યો.

અત્યાર સુધી જે તપાસ સમાજના વિદ્રોહીઓ અને દેશદ્રોહીઓ તરફ મંડાઈ હતી તેમાં શેઠના નજીકના પાત્રનો ઉમેરો થયો. તપાસનો દોર હવે નવી દિશામાં વળ્યો. અમારી સતત અને સખત મહેનતના પરિણામ અમે દોષિત પાત્રોને પુરાવા સાથે પકડવામાં સફળ થયા છીએ. અમે અમારો તપાસ રિપોર્ટ એક ઇન્વેસ્ટિગેટિવ એજન્સી તરીકે પોલીસખાતાને સોંપીએ તે પહેલાં અમારા ક્લાયંટને તે રિપોર્ટની જાણ કરીએ છીએ. આજની આપણી મિટિંગ એ ખાનગી મિટિંગ છે તેથી તેમાં આપણે હત્યાના આરોપી તરીકે પોલીસખાતામાં કોને રજૂ કરવા અને ગુનેગારોને આકરી સજા અપાવવા માટે કેવી રીતે કેસ રજૂ કરવો તેનો નિર્ણય લેવાનો છે.

પુરાવાના આધારે આ પ્રથમદર્શી કેસ બનતો હોય, ગુનેગારો સખત સજાને પાત્ર થઈ શકશે.

અમારા ઘનિષ્ઠ પ્રયાસો અને સાચી દિશાની તપાસના કારણે અમે કેસના સાચા ગુનેગારોને શોધવામાં સફળ થયા છીએ. આ કેસનાં તમામ આરોપીઓએ વ્યવસ્થિત ષડયંત્ર રચી શેઠની ઠંડા કલેજે હત્યા કરાવી છે. આ હત્યા કરાવવા પંદર લાખ રૂપિયા જેવી રકમ ખર્ચવામાં આવી છે. જેમાં પાંચ લાખ રૂપિયા શૂટરોને, પાંચ લાખ બાતમીદારો અને પાંચ લાખ રૂપિયા ગુનેગારોને દેશમાંથી બહાર મોકલવા માટે ખર્ચ કરવામાં આવી છે. આટલી મોટી રકમ ખર્ચ કરનારાએ શેઠની હત્યાથી તે પોતાને કેટલો ફાયદો થશે તેનું ગણિત પણ તેણે માંડ્યું હશે. તે પરથી આપણે જાણી શકીએ કે ષડયંત્રનો મુખ્ય સૂત્રધાર સામાન્ય વ્યક્તિ નથી પણ કોઈ આર્થિક અને રાજકીય રીતે પહોંચેલી વ્યક્તિ છે. આ વ્યક્તિ શેઠની હત્યા બાદ પોતાને આ હત્યાથી ખૂબ દુ:ખ થયું હોય તેવું નાટકીય વાતાવરણ ખડું કરી શેઠના પરિવારની આસપાસ જ ઘૂમે છે, જેથી તેના પર કોઈ શક ના કરી શકે અને જે કાંઈ તપાસ થતી હોય તેની માહિતી તે મેળવતો રહે. શેઠની હત્યા પાછળનાં કારણો:

(1) શેઠથી તે ખૂબ ડરતો હોય,

(2) શેઠ તેની એવી નબળી કડી જાણતા હોય જેથી તેનું ભારે નુકસાન શેઠ કરી શકે તેમ હોય,

(3) શેઠની સર્વાંગી પ્રગતિ તેને ખૂંચતી હોય અને

(4) શેઠને પોતાના ધંધામાં આડખીલીરૂપ ગણતો હોય.

ઉપરોક્ત કારણોમાંના કોઈ કારણને અથવા કારણોને લઈને તે વ્યક્તિ માનસિક સમતુલા ગુમાવી બેઠી હોય અને આવેશમાં આવી શેઠની હત્યાનો નિર્ણય લઈ બેઠો હોય તેવું લાગે છે. અમે એ વ્યક્તિને શોધવા માટે શેઠના પુત્રો, તેના નજીકના સગાંસંબંધીઓ, તેમના અન્ય વારસદારો, શેઠના વેપાર ઉદ્યોગના અને સામાજિક તથા રાજકીય હરીફો અને શુભેચ્છકો, શેઠની ઑફિસના પટાવાળાથી માંડી ઑફિસરોની જાસૂસી કરી. કોલકાતાથી માંડી શેઠના જ્યાં જ્યાં વ્યાપારિક અને સામાજિક સંબંધો હતા તેવાં સ્થળોની મુલાકાત લઈ તેમના સંપર્કોની માહિતી લેવામાં આવી.

અમારી તપાસના ફળરૂપે અમને જે પરિણામ મળ્યું તે ચોંકાવનારું અને આઘાતજનક છે. તેનું નામ આપ સૌ વચ્ચે લેતાં મને સંકોચ થાય છે.” સુબ્રતો કહેતા કહેતા અટક્યો. આદિત્ય અને તેના નાનાભાઈના ચહેરા પર ભય અને નામ જાણવાની ઉત્સુકતા જોવા મળતી હતી, જપન સરકાર અને શિવાની આંખોમાં ચમક દેખાતી હતી જ્યારે ધારીવાલ આંખો બંધ કરીને બેઠો હતો.

પળવારના વિરામ બાદ સુબ્રતો બોલ્યો, “મને હજારીમલ શેઠની હત્યામાં જે વ્યક્તિ સંડોવાયેલી છે તેનું નામ લેતા શરમ આવે છે તે આપણી વચ્ચે છે – જિતેન્દ્ર ધારીવાલ.

સુબ્રતોએ હત્યામાં સંડોવાયેલી વ્યક્તિનું નામ લીધું અને રૂમમાં સન્નાટો છવાઈ ગયો. આદિત્ય અને

તેના ભાઈના ચહેરા પર ગુસ્સો છલકાતો હતો જ્યારે ધારીવાલનું મોં કાળું સાહી જેવું થઈ ગયું હતું. તેના પર જાણે વીજળી પડી હોય તેવો તેનો ચહેરો થઈ ગયો હતો અને આખું શરીર ધ્રૂજવા લાગ્યું હતું. તેની આંખોમાંથી ચોધાર આંસુઓ ચાલ્યાં જતાં હતાં.

એકાદ મિનિટમાં તેણે સ્વસ્થતા મેળવી લીધી અને સુબ્રતો પર ગુસ્સે કરતો હોય તેમ મોટા અવાજથી બોલવા લાગ્યો,

"તમે મને આ હત્યા કેસમાં ખોટો ફસાવી રહ્યા છો. શેઠ મારા સસરા થતા હતા જે મારા પિતાતુલ્ય હતા. મારા ઉત્કર્ષ માટે તેઓએ આર્થિક સાથ-સહકાર અને પ્રોત્સાહન આપ્યા. તેઓ મારા પૂજનીય હતા. તેઓની હત્યા તો શું, તેમને જરા સરખી ઈજા થતી તોપણ હું સહન ના કરી શકતો. તમે મને ખોટી રીતે આ કેસમાં સંડોવી મને બરબાદ કરવા માંગો છો. મને તો તમારી વાતોમાં જ કોઈ ષડયંત્રની ગંધ આવે છે. તમે મને મારા સસરાના કુટુંબીજનો પાસે હલકો પાડવાની કોશિશ કરી રહ્યા છો. તમે મને ખૂની જાહેર કરો તે પહેલાં જ મને મોતને ઘાટ ઉતારી દ્યો. મારા માટે હવે જીવવું જ બેકાર છે.

તમારા પત્રકાર મિત્રે મીડિયામાં લખ્યું ત્યારે જ મને થઈ ગયું હતું કે મારી આજુબાજુ જૂઠની જાળ બિછાવી મને આ ખૂનકેસમાં ફીટ કરી દેવાશે અને થયું પણ તેવું જ. મને અને મારા પરિવારને બરબાદ કરી તમે શું મેળવશો? મારી બરમાદી મારા સસરાની બદનામી કરશે અને ભવિષ્યમાં તેઓને પણ સહન કરવાનું આવશે માટે તમે આ કેસને ખોટા માર્ગ પર લઈ જવાનું બંધ કરો." ધારીવાલ રડી રહ્યો હતો.

"ધારીવાલ, તમારી વાતો પૂરી થઈ હોય તો હું મારી વાત આગળ વધારું." સુબ્રતોએ આદિત્ય તરફ જોયું.

"સુબ્રતોજી, આપની વાત આગળ વધારો." આદિત્યએ કહ્યું. તેના ચહેરા પર દુ:ખ અને ગુસ્સાના મિશ્રિત ભાવો હતા.

"શેઠના ખૂનની તૈયારી આજથી છ મહિના પહેલાં શરૂ થઈ હતી. કૉલબ્લોકની સરકારશ્રી તરફથી ફાળવણી કરવામાં આવી ત્યારે ધારીવાલ અને શેઠજી સામસામા આવી ગયા હતા. ધારીવાલે કૉલબ્લોક મેળવવા માટે સરકારના અધિકારીઓ અને રાજકારણીઓને અગાઉથી જ મોટી લાંચ આપી હતી. જ્યારે તેની ફાળવણી થઈ ત્યારે સમય બદલાઈ ગયો હતો અને મુખ્યમંત્રીશ્રીએ શેઠ હજારીમલની તરફેણ કરી તેણે ઊંચા ભાવ ભર્યા હોય તેમને ફાળવવામાં આવી હતી. આ સોદામાં ધારીવાલને રૂપિયા ત્રણ કરોડ ગુમાવવા પડ્યા હતા જે તેણે લાંચ પેટે આપ્યા હતા. કૉલબ્લોકની ફાળવણી બાદ લાંચિયા અધિકારીઓ શેઠ હજારીમલ પાસે, ધારીવાલ પાસેથી લીધેલા પૈસા પાછા વાળવા માટે રૂપિયા માગવા ગયા હતા, ત્યારે શેઠને તેની જાણ થઈ હતી. શેઠે ધારીવાલને એકલા બોલાવીને આવા કામ માટે ઠપકો આપ્યો ત્યારથી જ ધારીવાલને શેઠ પ્રત્યે નફરત થઈ ગઈ હતી. તેના લાંચના આપેલા રૂપિયા પાછા ના આવતા તેને ત્રણ કરોડ ગુમાવવાનો વખત આવ્યો અને કૉલબ્લોક હાથમાંથી જતાં વર્ષે આઠ-નવ કરોડની આવક થવાની હતી તે પણ ગુમાવવી પડી. ધારીવાલને આ ત્રણ કરોડ ગુમાવવાથી મૂડીમાં ઘાટો પડ્યો અને તેની અસર તેના વેપાર પર પડી. વેપારમાં નુકસાની થતાં ધારીવાલ ગિન્નાયો અને પોતાની નિષ્ફળતાનો સઘળો દોષ શેઠને આપ્યો. શેઠ હવે તેના દુશ્મન બની ગયા. શેઠ તેને વેપારમાં આડખીલી લાગ્યા અને શેઠનો કાંટો કાઢી નાખવાનું નક્કી કર્યું. તેણે શેઠ સાથે સપાટી પરના સંબંધો રાખ્યા પરંતુ અંદરખાનેથી તેમને હટાવવાનો પ્લાન કરતો રહ્યો. આ ષડયંત્ર રચતાં તેને છ મહિના લાગ્યા.

શેઠનો નિકાલ કરવામાં તેણે આનંદી અને તેના ડ્રાઇવર અબ્દુલનો સાથ લીધો. આનંદી તેની જૂની મિત્ર હતી તેને તેણે સાચી હકીકત બતાવી નહોતી, પરંતુ તેને હત્યારાઓની સાચી માહિતી ના આપવા અને ખૂન જેવી બાબતોમાં જુબાનીથી ના ફસાવા માટે મૌન રહી. જે થતું હોય તેની મૂક પ્રેક્ષક બની રહેવા સમજાવી હતી. આનંદીને તે શું કરી બેઠી હતી તેનું ભાન થયું હતું અને તે હતપ્રભ બની ગઈ હતી.

શિવાએ જ્યારે તેનું ઇન્ટરવ્યૂ લીધું ત્યારે તેના મન પર બોજ વધી ગયો હતો અને ધારીવાલને ફોન કરી તેણે હવે શું કરવું તે પૂછ્યું હતું પણ ધારીવાલે ઉદ્ધત જવાબ આપ્યો હતો. આ હતાશામાં તેણે આત્મહત્યા કરી લીધી હતી.

અબ્દુલના ભૂતકાળની ધારીવાલને ખબર હતી તેથી તેને ધાકધમકી અને પ્રલોભનથી આ કાવતરામાં ફસાવાયો હતો. અબ્દુલે ખૂન કરવાની ના પાડી હતી પણ શૂટરોની વ્યવસ્થા કરવા તૈયાર થયો હતો. શેઠના ખૂન માટે એક માસ સુધી રેકી કરવામાં આવી હતી. હત્યા કરનારા શૂટરો કોઈ પણ બહાના કાઢી અવારનવાર ઑફિસમાં આવી અંદરની વ્યવસ્થા જોઈ જતા હતા.

એક મહિનાની રેકી બાદ લંચ અવર દરમ્યાન શેઠનું કામ પૂરું કરી નાખવાનું નક્કી કર્યું હતું અને મોકો મળવાં જ શેઠને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. શેઠની હત્યા પછી બીજા જ દિવસે બંને શૂટરોને પાંચ પાંચ લાખ રૂપિયા આપી બાંગ્લાદેશમાં ઉતારી આપ્યા હતા. અબ્દુલ પોતાનો જ માણસ છે તેમ માની તેને કાંઈ આપવામાં આવ્યું ના હતું. અબ્દુલે પોતાના માટે રૂપિયા માગ્યા ત્યારે તેને બીજા બે દિવસ બાદ આપવાનો વાયદો કરી તેને ટાળવામાં આવ્યો હતો, તેથી અબ્દુલને ધારીવાલ પર ગુસ્સો આવ્યો હતો. તેનો ધારીવાલ પરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. તે ધારીવાલને છોડી જવાનો હતો. ખૂનના બીજા દિવસે જ્યારે શિવા આ ખૂન પ્રકરણની માહિતી લેવા આવ્યો ત્યારે તેના એક પત્રકાર મિત્ર વિભાકર મિત્રાનો અચાનક ભેટો થઈ ગયો જે આ ખૂનની તમામ હકીકત જાણતો હતો. વિભાકર એક સામાન્ય પત્રકાર છે તે પીકડ હોવાના કારણે હંમેશાં નાણાંની તંગીમાં રહે છે. વિભાકર અબ્દુલનો મિત્ર હતો તેથી તેની પાસે ખૂનની માહિતી હતી. શિવાએ વિભાકરને સારી રકમની ઑફર કરી અબ્દુલને મેળવી આપવા કહ્યું. વિભાકરે અબ્દુલ સાથે શિવાને મેળવી આપ્યો. અબ્દુલને પણ શિવાએ તગડી રકમની ઑફર આપી. અબ્દુલ ધારીવાલથી દૂર જવા માંગતો હતો. તેણે શિવાને આખા કાવતરાની વિગતો આપી જે શિવાએ રેકોર્ડ કરી લીધી હતી, જે અમારી પાસે છે. શિવાએ હત્યાના ત્રીજા દિવસે જ હજારીમલ ખૂનકેસના ગરમાગરમ સમાચાર મીડિયાને આપ્યા અને તે આરોપીને પકડાવીને જ રહેશે તેવી માહિતી આપી. શિવાના આ પગલાંએ ધારીવાલની ઊંઘ હરામ કરાવી નાખી. તેણે અમારી પ્રતિસ્પર્ધી ઇન્વેસ્ટિગેટિવ એજન્સીનો સંપર્ક સાધ્યો, કારણ કે અમારી એજન્સીને તો શેઠ હજારીમલના પરિવારે રોકી લીધી હતી તેથી ધારીવાલ અમારી પાસે આવી શકે તેમ નહોતા. ઉપરાંત અમારી સંસ્થા ગુનેગારોને છાવરતી નથી તે અમારી પ્રતિષ્ઠાને કારણે પણ ધારીવાલ અમારી પાસે આવી શકે તેમ ના હતો. તેણે શિવાની પૂરી માહિતી દિલ્હીથી મેળવી લીધી. વિનિનું અપહરણ અને શિવાની નોકરીમાંથી હકાલપટ્ટી પણ ધારીવાલની ધમકીના કારણે કરવામાં આવી હતી. શિવા પર આવેલી મુશ્કેલીએ તેને અમારો મેળાપ કરવ્યો અને અમારું કામ પણ સરળ થઈ ગયું.

શિવાની પાસે જે માહિતી હતી તે મને શિવાએ દિલ્હીથી જ આપી દીધી હતી, તેથી જ્યારે શિવા કોલકાતા આવ્યો ત્યારે હું બાંગ્લાદેશ પહોંચી ગયો હતો અને બંને શૂટરોને બૉર્ડર સિક્યોરિટી ફોર્સની મદદથી પકડાવી દેવામાં આવ્યા હતા. મને મારા બાંગ્લાદેશના એજન્ટોને બૉર્ડર સિક્યોરિટી ફોર્સને જ્યાં સુધી આ ખૂનકેસની તપાસ પૂરી ના થાય ત્યાં સુધી તેઓની ધરપકડની માહિતી લીક ના કરવા વિનંતી કરવામાં આવી છે.

અમદાવાદમાં વિનિની રેકી કુશાંગી નામની છોકરી મારફત કરાવવામાં આવી હતી જેનો સંપર્ક અમારી પ્રતિસ્પર્ધી એજન્સીના એક એજન્ટ સાથે હતો. ભવિષ્યમાં પોતાના કાવતરાનો ભાંડો ફૂટી ના જાય તે માટે પુરાવાનો નાશ કરવા માટે તેની હત્યા કરાવી નાખી હતી. અબ્દુલને ધારીવાલ રૂપિયા ના આપી બાંગ્લાદેશ ભાગી જવાનું કહ્યું હતું. પરંતુ અબ્દુલ ત્યાં વૉન્ટેડ હોય, ત્યાં જઈ શકે તેમ ન હતો તેથી તે જલપાઈગુરી ભાગી ગયો હતો. જલપાઈગુરીનો ડૉન ચિત્તરંજન મુખર્જી, અબ્દુલનો ઇન્ડિયામાં ગૉડફાધર હતો. તેની સહાયથી તે ત્યાં સ્થિર થઈ નવું ઘર વસાવવા માગતો હતો પરંતુ શિવાએ જે માહિતી આપી તે માટે અબ્દુલને પકડવો જરૂરી હતો. જે અમારી એજન્સીએ કર્યું છે. હવે અબ્દુલને

પોલીસ કમિશનર પાસે લઈ જવાનો છે. અબ્દુલને પહેલાં ધારીવાલ પાસે લઈ જવામાં આવ્યો હતો. તેની સાથે ગુસ્સામાં આવી ધારીવાલ કાવતરાની અંગત બાબતો બોલી ગયો. તે ઉપરાંત તેણે અબ્દુલથી પીછો છોડાવવા માટે તેની હત્યા કરવા તેના પર ફાયરિંગ કર્યું પરંતુ અમારા બાઉન્સરોની ચપળતાથી તે બચી ગયો. અબ્દુલ સાથે ધારીવાલે જે વાર્તાલાપ કર્યો તે અમે રેકોર્ડ કરી રાખ્યું છે. બાંગ્લાદેશમાંથી બંને શૂટરોને પકડીને અહીં લાવવામાં આવી રહ્યા છે. અમારી પાસે અમારી એજન્સી વડે કરવામાં આવેલી તમામ કાર્યવાહીનું વીડિયો રેકોર્ડિંગ અમારી પાસે છે જે તમારા માટે અહીં પ્રસ્તુત કરું છું.

સુબ્રતોએ વીડિયો રેકોર્ડિંગ બતાવ્યું જેમાં શેઠ હજારીમલની હત્યા પછી 'ઓમારકાલી'એ જે ઇન્વેસ્ટિગેટિવ અને સિક્યોરિટીના કરેલા કામના અંશો, અબ્દુલ અને ધારીવાલની છેલ્લી મુલાકાતનું અને અબ્દુલ પર ધારીવાલે કરેલા ફાયરિંગનું સંપૂર્ણ વીડિયો રેકોર્ડિંગ હતું. વીડિયો રેકોર્ડિંગ પૂરું થતાં જ સુબ્રતોએ ધારીવાલ સામે વેધક નજરથી જોયું અને પૂછ્યું, 'બોલ, ધારીવાલ હવે તારે કશું કહેવું છે?'

"ધારીવાલ સાવ ભાંગી પડ્યો અને બે હાથ જોડી બોલવા લાગ્યો,

"મારા સસરા શેઠ હજારીમલ મારા અન્નદાતા હતા. મારા પર તેમની ઘણી કૃપા હતી. હું તેના મારા પરના ઉપકારોનું વર્ણન પણ કરી શકું તેમ નથી. મઝગાંવની ખાડીમાંથી ઉપાડી મને કોલકાતાના પ્રતિષ્ઠિત ગૃહસ્થોની વચ્ચે માનભેર બેસાડી દીધો હતો. તેટલું જ નહીં મારી પ્રામાણિકતા અને મારી વફાદારીની કદર કરી મને પોતાનો જમાઈ બનાવી મને તેમના પુત્રોથી પણ વિશેષ પ્રેમ આપ્યો હતો. મારા લગ્ન પણ શાહી ઠાઠથી કરાવ્યા હતા. તેઓએ મને તેમના ધીકતા વેપારમાં પણ ભાગ આપ્યો હતો અને સામાજિક, રાજકીય અને ધાર્મિક સંસ્થાઓમાં મહત્ત્વના સ્થાન અપાવ્યા હતા. મને તેઓએ સમાજની અગ્રીમ હરોળમાં બેસાડી દીધો હતો. મેં પણ મારી તમામ શક્તિ પેઢીના ઉત્કર્ષ માટે કામે લગાડી દીધી હતી. મારા સસરાના વેપારને જોઈ હું હવે તેના જેવો થવા કોશિશ કરતો હતો, પરંતુ હું તેઓને આર્થિક અને સામાજિક રીતે આંબવાના પ્રયત્નો કરી રહ્યો હતો. મારી વધતી જતી મહત્ત્વાકાંક્ષાઓને લઈને હું તેઓની ઈર્ષા કરવા લાગ્યો હતો. મારી બુદ્ધિ કુંઠિત થઈ ગઈ હતી. મને હવે સંબંધો કરતાં પૈસો વધારે વહાલો લાગતો હતો. મારા સસરા સાથે મારા બંને સાળાઓ વેપારમાં જોડાતા તેઓએ વેપારમાં હરણફાળ ભરવા માંડી હતી અને મારો સમય હું ઈર્ષા કરીને બરબાદ કરતો હતો. મારું તેઓના તરફનું વલણ બદલાયું હતું. કૉલબ્લોકની ફાળવણી માટે મેં મોટી રકમની લાંચ આપી હતી પરંતુ કૉલબ્લોક મને ના ફાળવાતાં મારું અધધ આર્થિક નુકસાન થયું હતું. શેઠ પાસે પણ મારું માન ઓછું થઈ ગયું હતું. મારા સસરા હવે મને મારા દુશ્મન લાગવા માંડ્યા હતા. તે આગમાં જ મેં મારા સસરાને મારા માર્ગમાંથી હટાવવા ષડયંત્ર ઘડ્યું અને મેં જ મારા જીવનદાતાનું જીવન છીનવી લીધું. સુબ્રતોજીએ જે વાત કરી તે સંપૂર્ણ સાચી છે. મેં જ મારા સસરાની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. હું મારો ગુનો કબૂલ કરું છું અને મારી જાતને કાનૂનને હવાલે કરવા તૈયાર છું. મને જે સજા કરાવવી હોય તે તમે કરાવી શકો છો."

ધારીવાલ વાત કરતાં અટકી ગયો અને પળવાર માટે થંભી ગયો. સુબ્રતોએ તેની સામે જોયું ત્યાં તેણે ટેબલ પર માથું ઢાળી દીધું. સુબ્રતો પોતાની ખુરશીમાંથી ઊભો થઈ ધારીવાલ પાસે પહોંચ્યો અને તેને જમીન પર પડતાં બચાવી લીધો. ધારીવાલ બેહોશ થઈ ગયો હતો. સુબ્રતોએ તરત ઍમ્બુલન્સ બોલાવી અને તેને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયો. ધારીવાલને માસિવ હાર્ટઍટેક આવ્યાનું નિદાન થયું. તેના પર બાયપાસ સર્જરી કરવામાં આવી. સુબ્રતો, શિવા અને જપન સરકાર સતત બે દિવસ આદિત્યની સાથે હૉસ્પિટલમાં રહ્યા. એક અઠવાડિયા બાદ ધારીવાલની તબિયત સ્થિર થતાં તેને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

હજારીમલ ખૂનકેસમાં વળી નવો વળાંક આવ્યો હતો. પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. આદિત્ય હજારીમલની જવાબદારીઓ અનેક ગણી વધી ગઈ હતી. ધારીવાલની તબિયતનું ધ્યાન રાખવું બહુ જરૂરી હતું. પોતાનો વ્યાપાર અને પેઢીના કામકાજ, ધારીવાલની પેઢીનું તમામ કામકાજ, પોતાના અને ધારીવાલના પરિવારની દેખભાળ વગેરે જવાબદારીઓ તેના શિરે આવી ગઈ હતી.

ધારીવાલને એક અઠવાડિયાના રોકાણ પછી હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી પરંતુ તેને આવેલા હાર્ટઍટેકની તીવ્રતા એટલી હતી કે બાયપાસ સર્જરી પછી પણ તેનું હાર્ટ વીસથી પચીસ ટકા જ કામ કરી રહ્યું હતું. તેના હાર્ટના ધબકારા અનિયમિત હતા. તેને નિયમિત કરવા માટે પૅસમેકર મૂકવામાં આવી હતી. ડૉક્ટરોના નિદાન પ્રમાણે તેનું જીવન હવે પાણીના પરપોટા જેવું હતું જે ગમે તે સમયે ફૂટી શકે તેમ હતો. એક અઠવાડિયા બાદ સુબ્રતોએ આદિત્યને કેસના ફાઇનલ નિર્ણય માટે બોલાવ્યો. આદિત્ય તેની ઑફિસે મળવા માટે ગયો. સુબ્રતો, શિવા, જપન સરકાર અને આદિત્ય વચ્ચે મિટિંગ થઈ અને હત્યા કેસમાં હવે કેવી રીતે આગળ વધવું તેની વિચારણા થઈ. આદિત્યએ સુબ્રતોને જણાવ્યું,

"સુબ્રતોજી, આપની ટીમે મારા પિતાજીના હત્યારાઓને શોધી આપ્યા છે. મારા જીજાજી એટલે ધારીવાલ આ કેસના મુખ્ય કલપ્રીટ–આરોપી છે. અમારા માટે તમે કરેલી મહેનત અને ખૂબ જ ટૂંક સમયમાં આરોપીઓને પકડી અમને સોંપી આપ્યા છે તે માટે તમારા માટે ઘણું માન ઊપજે છે. મારા પિતાજીનો હત્યારો હવે હરતીફરતી લાશની જેમ જીવી રહ્યો છે. અમે તેને હત્યારા તરીકે પોલીસમાં સોંપી અમારા ફૅમિલી પર એક વધારે ડાઘ લગાવવા માગતા નથી. ઈશ્વરે તેને તેના કાર્યની સજા આપી દીધી જ છે. મારે હવે મારા પરિવાર ઉપરાંત ધારીવાલના પરિવારની જવાબદારી ઉપાડવાની છે અને તેના બાળકો જ્યાં સુધી વેપાર સંભાળવા લાયક ના થાય ત્યાં સુધી તેનો બિઝનેશ પણ સંભાળવાનો છે. મારા પરિવારની ઇચ્છા એવી છે કે જે થઈ ગયું છે તેને આપણે જમીનમાં દાટી દઈ અને ભૂતકાળને ભૂલી જઈએ. આ હત્યાકાંડની વાતો અહીં જ સમાપ્ત કરીએ. આપની તપાસ એજન્સીના બીલની જે ફી થઈ હોય તે અને શિવાને આપવાના થતા એક કરોડ રૂપિયાની રકમ આપને આપી દઉં છું. આ હત્યા કેસમાં અમારા પરિવારનું નામ ના આવે તેવો વળાંક આપવા તમને વિનંતી કરું છું. હવે આ કેસમાં આપના માર્ગદર્શન પ્રમાણે હું આગળ વધવા માંગું છું."

આદિત્યની વાતથી સુબ્રતો અને જપન સરકારને તેના તરફ સહાનુભૂતિ થઈ આવી, પરંતુ શિવાની આંખમાં પોતે કેસ હારતો હોય તેવો ભાવ પેદા થયો. છેલ્લા ત્રણ માસથી તે આ એક કેસ પાછળ રઝળપટ્ટી કરી રહ્યો હતો. આ એ જ કેસથી તે ઇન્વેસ્ટિગેટિવ પત્રકાર ક્ષેત્રે છવાઈ જવાનો હતો અને પોતે એક તે ક્ષેત્રના મોટા માથા તરીકે પ્રસ્થાપિત થઈ જવાનો હતો તેથી આદિત્યની વાતોથી તેને નિરાશા થઈ હતી. ધારીવાલને હત્યાકાંડનો સૂત્રધાર રજૂ કરવામાં આવે તો જ તેણે કરેલું નિવેદન સત્ય ઠરે અને તેની ક્રેડિટ તેને મળે બાકી તો તેની પત્રકાર તરીકેની વિશ્વનિયતા ગુમાવી બેસે તેમ હતો. ધારીવાલને બચાવવા જતાં શિવાનો ભોગ લેવાતો હતો. શિવાની કારકિર્દી અહીંથી જ પૂરી થઈ જતી હતી. શિવાએ પોતાને થતા નુકસાનને ધ્યાનમાં લઈ પ્રશ્ન કર્યો,

"આદિત્યજી, શું સરકાર તેમના સામે ક્યારેય પગલાં નહીં લઈ શકે? આપ જાણો છો કે હત્યારાને મેં હત્યાના ત્રીજા દિવસે જ પકડી પાડ્યો હતો અને તેની પાછળ થયેલી તપાસની નોંધ સરકાર પણ ક્યાંક લેતી હશે. ધારીવાલની નાદુરસ્તીના કારણે આપણે આ કેસને નવો વળાંક આપવા ઇચ્છીએ છીએ પરંતુ સરકાર ગમે તે સમયે આ કેસ ફરીથી ખોલી શકે અને ત્યારે તમને પણ હેરાનગતિ વધી જાય માટે આપણે કેસને એવી રીતે રજૂ કરીએ કે તેની સામે ગુનો નાનો બને અને તેની તબિયતને ધ્યાનમાં લઈ સજાની જોગવાઈ પણ ઓછી રહે."

"શિવા, હું તમારું દર્દ સમજી શકું છું. તમે આ કેસના મુખ્ય આરોપીને ત્રીજે દિવસે જ પકડી પાડ્યો હતો. તમારી એ વાત પણ સત્ય છે કે આ કેસની સફળતાનો યશ તમને પણ મળવો જ જોઈએ. તમારું નામ પણ પ્રકાશમાં આવવું જ જોઈએ પરંતુ ધારીવાલની તબિયત જોતાં અને તેના પરિવારના ભવિષ્યનું વિચારતાં એવું લાગે છે કે જો ધારીવાલનું કાંઈ થશે તો અમારી બહેનનું અને તેની પાછળ અમારા પરિવારનું ભવિષ્ય ધૂંધળું થઈ જશે. મારી તમને નમ્ર વિનંતી છે કે આ કેસની પતાવટ કોઈ બીજી રીતે થતી હોય તો કરી લઈએ. મને તમારી કર્તવ્યનિષ્ઠા અને સત્યપ્રિયતા ખૂબ ગમી છે. મને પણ અખબારની દુનિયામાં પ્રવેશ કરવાની ઇચ્છા છે. જો તમારી તૈયારી હોય તો તમારી રાહબરી નીચે એક અખબાર પ્રગટ કરવા માગું છું, જેમાં તમામ મૂડી રોકાણ મારું રહેશે અને તેનું મૅનેજમૅન્ટ તમારું રહેશે. આપણી ભાગીદારીનો હિસ્સો સરખો રહેશે. હું તો સુબ્રતોને પણ આ સાહસમાં જોડાવાનું આમંત્રણ આપું છું. જો તેઓ સાથ આપે અને અખબારના સ્ટાફનું મૅનેજમૅન્ટ અને અખબારની સિક્યોરિટીની જવાબદારી તેમની રહેશે અને આપણે બંને ભાગીદારીના વીસ ટકા તેમને ફાળવી આપણે ચાલીસ ચાલીસ ટકાના હિસ્સેદાર રહીશું. મારા પ્રસ્તાવને આપ બંનેની સંમતિ મળશે તો વહેલી તકે આ પ્રોજેક્ટ આગળ વધારીશું. મારું તમને આ વચન છે." આદિત્યએ કહ્યું.

"આપની ઑફર માટે આપનો આભાર. આપની ઑફર ઘણી આવકાર્ય છે પરંતુ અમારે વિચાર કરીને આપને જવાબ આપવો જોઈએ. અમને બે દિવસનો સમય આપો. આપણે બે દિવસ બાદ આ સમયે પૉઝિટિવ રિસ્પોન્સ સાથે ફરી અહીં મળીશું. શિવા તરફથી હું પ્રૉમિસ આપું છું કે શેઠ હજારીમલ હત્યા કેસને તમે કહેશો તે પ્રમાણે તમારા પરિવારને અસર ના થાય તે રીતે પતાવટ કરી આપવામાં આવશે." સુબ્રતોએ કહ્યું.

આદિત્યએ સુબ્રતો પાસે તેમની એજન્સીને આપવાના થતી રકમનું બીલ માંગ્યું. સુબ્રતોએ બે કરોડ રૂપિયાનું બીલ આપ્યું. આદિત્યએ તે રકમમાં શિવાને દેવાના થતા એક કરોડ ઉમેરી ત્રણ કરોડ રૂપિયાનો ચેક આપ્યો. હળવો નાસ્તો કરી આદિત્યએ તેઓની વિદાય લીધી.

...22...

એક વર્ષ બાદ, પચીસમી જાન્યુઆરીના રોજ હજારીમલ ગ્રુપ દ્વારા ભારતનું પ્રથમ નેશનલ ઇન્વેસ્ટિગેટિવ સમાચારપત્ર "ક્રાઇમ એન્ડ કલપ્રિટ"ની પ્રથમ એડિશન પ્રકાશિત થઈ રહી હતી. આજે હજારીમલ ગ્રુપ તરફથી કોલકાતાના રવીન્દ્ર ઑડિટોરિયમમાં અખબારની પ્રથમ આવૃતિનું પ. બંગાળના મુખ્યમંત્રીના વરદ હસ્તે લોંચિંગ થઈ રહ્યું હતું. દેશના અગ્રગણ્ય રાષ્ટ્રીય અખબારોના તંત્રીઓ, CEO અને આમંત્રિતો ઉપસ્થિત હતા. અખબારના એડિટર ઇન ચીફ શિવા થોમસ અને અખબારના મૅનેજિંગ ડિરેક્ટર સુબ્રતો દત્ત મહેમાનોને હરખથી આવકારતા હતા. અખબારના ચૅરમૅન આદિત્ય હજારીમલ મુખ્યમંત્રીશ્રીને મંચ સુધી લીડ કરીને લઈ ગયા. અખબારના સિક્યોરિટી ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર જપન સરકાર મુખ્યમંત્રીશ્રીની પાછળ ચાલી રહ્યા હતા. અખબારની ચીફ ફાઇનાન્સ મૅનેજર વિનિ શિવા થોમસ કાર્યક્રમનું સંચાલન કરી રહી હતી. મુખ્યમંત્રીશ્રીએ આમંત્રિતોની હાજરીમાં અખબારની પ્રથમ આવૃત્તિનું વિમોચન કર્યું અને સહુએ તાળીઓથી તેને વધાવી લીધું. અખબારના પ્રથમ પાને મુખ્ય સમાચાર હતા,

"કોલકાતામાંથી થશે હવે ક્રાઇમનો અંત" મથાળા નીચે શિવા થોમસનો પ્રથમ એડિટોરિયલ લેખ હતો.

અખબારના તંત્રીએ એ લેખ મારફત દેશવાસીઓ પાસે અખબારની સફળતા માટે આશીર્વાદ માગ્યા હતા અને સત્ય અને ઈમાનદારીથી આમ આદમીની પડખે રહેવાનું વચન આપ્યું હતું.

સમારંભના મુખ્ય મહેમાનો સાથે હજારીમલ પરિવાર, સુબ્રતો અને જપન સરકારનો પરિવાર, ધારીવાલ પરિવાર આગલી હરોળમાં બેસી અખબારને શુભેચ્છાઓ પાઠવતો હતો. સમારંભ બાદ ભોજન લઈ સહુ વિદાઈ થયા હતા. સમારંભને જ્વલંત સફળતા મળી હતી. શિવા અને વિનિ જપન સરકાર સાથે તેના ગેસ્ટહાઉસ પાછા ફર્યાં હતાં. વિનિની તપસ્યા અને શિવાનું નીડર પત્રકારિત્વ આજે નવી રાહ કંડારી રહ્યું હતું.

શેઠ હજારીમલ હત્યા કેસને નવો વળાંક આપી દેવામાં આવ્યો હતો. શેઠની હત્યા કરનાર બંને શૂટરોને કોલકાતા લાવવામાં આવ્યા હતા અને બંનેને નકસલવાદી ઠરાવી આજીવન કારાવાસની સજા કરવામાં આવી. અબ્દુલને પોલીસને સોંપી દેવામાં આવ્યો. તે બાંગ્લાદેશનો ગુનેગાર હોય બાંગ્લાદેશમાં તેને દસ વર્ષની સખત સજા થઈ હતી અબ્દુલના પરિવારને હજારીમલ પરિવાર તરફથી આર્થિક સહાય કરવામાં આવી. થોડા સમયમાં જ શિવા અને વિનિ કોલકાતાના પોશ એરિયામાં પોતાના ફ્લૅટમાં રહેવા ગયાં. 'ક્રાઇમ એન્ડ કલપ્રીટ'ની અંગ્રેજી ઉપરાંત બાંગ્લાભાષામાં પણ આવૃત્તિ નીકળવા માંડી. અખબારનું વેચાણ કૂદકે ને ભૂસકે વધતું જતું હતું. શેઠ હજારીમલ ગ્રુપ અને ધારીવાલ એન્ટરપ્રાઇઝ કોલકાતાના આર્થિક ક્ષેત્રમાં નંબર વન બની ગયા હતા.

●●